

દૈશિક શાસ્ત્ર

# બાળ ગંગાધર ટિળક સ્મારક

# દૈશિક શાસ્ત્ર

બદ્રીશાહ ટુલધરિયા

યદ્યપિ જગ દુઃખ દારુણ નાના
સબતેં કઠિન જાતિ અપમાના
તુકારામ

અનુવાદ
સુધા કરંજગાંવકર

**દૈશિક શાસ્ત્ર** (મૂળ હિન્દી પુસ્તક 'દૈશિક શાસ્ત્ર'નો ગુજરાતી અનુવાદ)

**મૂળ હિન્દી લેખક**
બદ્રીશાહ ટુલધરિયા
અલ્મોડા - હિમાલય
ઉત્તરાંચલ

**અનુવાદક**
સુધા કરંજગાંવકર
૨, મયૂર અપાર્ટમેન્ટ્સ
બળિયાકાકા માર્ગ
જૂનું ઢોર બજાર,
કાંકરિયા,
અમદાવાદ - ૩૮૦ ૦૨૮

**પ્રકાશક**
ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત.
૨૬,શ્રી રામેશ્વર સોસાયટી, ઈસનપુર,
અમદાવાદ-૩૮૨૪૪૩

**મુદ્રક**
ગુજરાત ઓફસેટ, વટવા.

**સર્વાધિકાર**
ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત.

**મૂલ્ય : ૭૫/-** રૂપિયા

**પ્રત**
૧૦૦૦

પ્રકાશન તિથિ
વિજયા દશમી, યુગાબ્દ ૫૧૦૮
૨ ઓક્ટોબર, ૨૦૦૬

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ● ભૂમિકા | પૃષ્ઠ ક્રમાંક |
| ● ગુજરાતી આવૃત્તિની પ્રસ્તાવના | |
| ● અનુવાદકનું મનોગત | |
| **૧. દેશભક્તિ વિભૂતિ** | |
| ૧. સુખ વિવેચન | ૧ |
| ૨. દેશભક્તિ વિભૂતિઓનું પ્રતિપાદન | ૫ |
| **૨. દૈશિકધર્મ વ્યાખ્યાન** | |
| ૧. 'દેશ' શબ્દનો અર્થ | ૧૧ |
| ૨. 'જાતિ' શબ્દનો અર્થ | ૧૪ |
| ૩. 'દૈશિક ધર્મ'નો અર્થ | ૨૪ |
| **૩. સ્વતંત્રતા** | |
| ૧. 'સ્વતંત્રતા'નો અર્થ | ૨૯ |
| ૨. શાસનિક સ્વતંત્રતા | ૩૨ |
| ૩. આર્થિક સ્વતંત્રતા | ૩૬ |
| ૪. સ્વાભાવિક સ્વતંત્રતા | ૪૭ |
| ૫. યૂરોપીય સ્વતંત્રતા | ૫૩ |
| **૪. વિરાટ** | |
| ૧. રાજ્ય વિભાગ | ૫૯ |
| ૨. વર્ણાશ્રમ વિભાગ | ૮૪ |
| ૩. અર્થાયામ | ૧૦૦ |
| ૪. વ્યવસ્થા ધર્મ | ૧૧૩ |
| ૫. દેશકાળ વિભાગ | ૧૨૨ |
| **૫. દૈવી સંપદ યોગક્ષેમ** | |
| ૧. અધિજનનન | ૧૨૭ |
| ૨. અધ્યાપન | ૧૩૯ |
| ૩. અધિલવન | ૧૪૬ |

# ભૂમિકા

''यद्यपि जग दुःख दारुण नाना
सबतें कठिन जाति अपमाना''

જાતિ અપમાનને પરિણામે ઉદ્ભવતું અસહ્ય દુઃખ એવે સમયે વધારે દારુણ લાગે છે જ્યારે આપણા જ લોકો દ્વારા આપણી જાતિનું અપમાન થતું હોય છે. કોઇ પણ જાતિનું અપમાન તે જાતિના લોકો દ્વારા ત્યારે થતું હોય છે જ્યારે તેના વિનાશનો સમય નજીક આવે છે, અથવા તે જાતિમાં દૈશિકબુદ્ધિ રહેતી નથી. દૈશિકબુદ્ધિથી માત્ર જાતિનો અભ્યુદય જ થાય છે એવું નથી પરંતુ અધઃપતનના સમયમાં પણ તે વીરશય્યામાં સૂતેલા ભીષ્મ જેવી શોભાયમાન હોય છે. દૈશિક બુદ્ધિહીન જાતિ ઉદયના સમયે પણ દ્રૌપદીનાં ચીરહરણ કરતા દુઃશાસન જેવી ઘૃણાસ્પદ હોય છે. નિંદનીય અભ્યુદય કરતાં પ્રશંસનીય અધઃપતન શતધા, સહસ્રધા અભીષ્ટ હોય છે. આવી પ્રત્યેક જાતિ માટે દૈશિકબુદ્ધિની વિશેષ આવશ્યકતા હોય છે, પરંતુ દૈશિકબુદ્ધિરૂપી દીપક દૈશિકશાસ્ત્રરૂપી તેલ સિવાય પ્રજળી શકે નહીં.

અત્યારે ભારતવર્ષનું દિશામંડલ ઉદયમાન દૈશિકબુદ્ધિરૂપી તિમિરારિનાં કિરણોથી દીપ્તિમાન થઇ રહ્યું છે. ભારતનાં સંતાનોની રુચિ સ્વશાસ્ત્ર, સ્વસાહિત્ય, સ્વશુદ્ધિકરણ પ્રત્યે વધી છે. સર્વત્ર જાતિઉપકાર અને દેશોત્કર્ષનાં કાર્યો થઈ રહ્યાં છે. અનેક ભાગ્યશાળી માતાઓનાં સંતાનો ભારતની દિશા ભૂલેલી નાવડીને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. આવો પ્રયત્ન વીર પુરુષરત્નોનું શ્રેષ્ઠ કાર્ય છે. આવાં કાર્યોમાં દૈશિકશાસ્ત્ર રૂપી ધ્રુવની આગેવાની હોવી જોઇએ, પરંતુ આપણું કોઇ દૈશિકશાસ્ત્ર જ નથી અને આ શાસ્ત્રના વિષયનું જ્ઞાન આપણે પાશ્ચાત્યો પાસેથી લેવાનું છે એવા ભ્રમરૂપી ધુમ્મસ આપણા દૈશિકશાસ્ત્ર રૂપી ધ્રુવને પ્રકાશિત થવા દેતું નથી. જ્યાં સુધી આ ભ્રમરૂપી ધુમ્મસ દૂર થાય નહીં ત્યાં સુધી આપણા દૈશિકબુદ્ધિરૂપી દિવાકરનો પ્રકાશ પૂર્ણપણે અનુભવી શકાય નહીં.

આ કારણોને ધ્યાનમાં રાખીને આપણા લોકોને આપણા પ્રાચીન દૈશિકશાસ્ત્રનું સ્મરણ કરાવવા માટે આપણા પ્રાચીન આચાર્યોના દૈશિક સિદ્ધાંતો રૂપી વિખરાયેલાં ફૂલોને આ પુસ્તકમાં એકત્ર ગૂંથવાની ધૃષ્ટતા અને ઉતાવળ કરવામાં આવી છે. એ વાતનું સ્મરણ રહેવું જોઇએ કે ભારતનો પ્રાચીન દૈશિકશાસ્ત્રરૂપી અગાધ સાગર મારા અલ્પબુદ્ધિ રૂપી.પાત્રમાં સમાઇ શકે નહીં. અને જે સમાયેલું છે તે પણ અનેક કારણોથી પૂર્ણતયા લખી શકાતું નથી. આ પુસ્તકમાં વિષય તો બધો પ્રાચીન છે, માત્ર ભાષા અને શૈલી અર્વાચીન છે.

આ પુસ્તક વેદ પુરાણોના લેખન સમયની શોધ કરનારા પુરાતત્ત્વ જિજ્ઞાસુઓના મનોરંજન માટે નહીં પણ દેશભક્તો માટે લખવામાં આવ્યું છે. આ પુસ્તકનો ઉદ્દેશ્ય આપણા લોકોને આપણા દૈશિકશાસ્ત્રનું સ્મરણ કરાવવાનો છે, નહીં કે માત્ર વિદ્વદ્વિલાસ; આથી આ પુસ્તકમાં કઈ વાત ક્યાંથી લેવામાં આવી છે કે ક્યા આધારે લખવામાં આવી છે તેવું દર્શાવ્યું નથી. વળી તેમ કરવાથી પુસ્તકનો વિસ્તાર અનાવશ્યક રીતે વધી જાત.

ભગવાન પાણિનીના "રક્ષતિ" સૂત્ર અનુસાર "દેશ" શબ્દને "ઠક" પ્રત્યય લગાડવાથી "દૈશિક" શબ્દ બને છે, જેનો અર્થ થાય છે દેશની રક્ષા કરનાર. આથી "દૈશિકશાસ્ત્ર"નો અર્થ થાય છે, "દેશની રક્ષા કરનારું શાસ્ત્ર."

આ દૈશિકશાસ્ત્રનો થોડો ભાગ પહેલાં લખાયો હતો જે લોકમાન્ય બાળ ગંગાધર ટિળક મહારાજને મોકલવામાં આવ્યો હતો, જે વાંચીને તેઓ ખૂબ પ્રસન્ન થયા હતા. આ પુસ્તકના વિષયમાં તેમણે લખ્યું, "I have read your દૈશિકશાસ્ત્ર with great pleasure. My view is entirely in accord with yours and I am glad to find that it has been so forcibly put forward by you in Hindi."

લોકમાન્યના હસ્તે આ પુસ્તકની ભૂમિકા લખાવાની હતી. પરંતુ અચાનક તેમનું દેહાવસાન થવાથી તેમ થઇ શક્યું નહીં. આથી આ પુસ્તકને તેમના સ્મારકરૂપે પ્રકાશિત કરવાનું યોગ્ય માનવામાં આવ્યું.

આ દૈશિકશાસ્ત્રમાં ચાર ખંડ છે. આ પ્રથમ ખંડમાં સરળ દૈશિક સિદ્ધાંત દર્શાવવામાં આવ્યા છે. નિદાન, ચિકિત્સા અને ચર્યા સંબંધિત જટિલ સિદ્ધાંત પછીના ત્રણ ખંડોમાં દર્શાવ્યા છે, જે હજી છપાયા નથી.

આ પુસ્તક લખવામાં શ્રીયુત લાલા સિદ્ધદાસ શાહની ઘણી સહાયતા મળી. તેમણે ઘણી આવશ્યક અને મહત્ત્વની વાતો જણાવી. શ્રીયુત પંડિત દેવકીનંદન પાંડેયજીએ આ ખંડની વિષય સૂચિ બનાવવાની ખાસ મહેનત લીધી, જે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તકના પહેલા અધ્યાયનું દ્વિતીય પ્રકરણ "देशभक्तिसे दोनों लोक" નામના પુસ્તકરૂપે પ્રકાશિત થયું હતું. જેમાં આ પુસ્તક લેખનનો સંકેત થયો હતો ,જેને હવે શ્રીયુત લોકમાન્યના મિત્ર શ્રીયુત નરહર જોષીને ચિત્રશાળા પ્રેસમાં છપાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે.

અંતમાં વાચકોને નિવેદન છે કે તેઓ આ પુસ્તકને ધ્યાનપૂર્વક વાંચે અને એ વિશે મનન કરે. જો આ પુસ્તક તેમને મનમાં જચે અને લાગે તો તેઓ શ્રીયુત લોકમાન્ય બાળગંગાધર ટિળકના આ સ્મારકનો પ્રચાર કરીને દેશસેવામાં સહયોગ કરે.

ઇતિ શુભમ્.

બદ્રીશાહ ટુલધરિયા
અલ્મોડા, હિમાલય
કાર્તિક શુક્લ ૬, સં. ૧૯૭૮.

## પ્રસ્તાવના

'દૈશિક શાસ્ત્ર' એ ગંભીર વાચન માટેનું પુસ્તક છે. એની ભાષા, એની શૈલી લાઘવપૂર્ણ અને વિદ્વદ્ભોગ્ય છે. પુસ્તક વિચારકો માટે છે, પંડિતો માટે છે, બૌદ્ધિકો માટે છે.

અંગ્રેજોની પકડ જ્યારે સહુથી વધુ મજબૂત બની ગઈ હતી, મેકોલેએ શરૂ કરેલા શિક્ષણમાં ભણેલા લોકોની ત્રણેક પેઢી થઈ ગઈ હતી, દેશ ચલાવનારાઓને મદદ કરનારા, એ વ્યવસ્થા સમજનારા લોકો ઉપર અંગ્રેજોની વૈચારિક પકડ પણ જામવા માંડી હતી ત્યારે જાગૃત, દેશભક્ત, વિદ્વાન લોકોમાં મંથન પણ ચાલતું હતું. ભારતીય વિચારના પરિપ્રેક્ષ્યમાં યુરોપીય વિચારને મૂલવવાનો પ્રયાસ થતો હતો. તો સાથે સાથે ભારતીય વિચારને નવેસરથી સમજવાનો પ્રયાસ થતો હતો. તેનું ઉદાહરણ આ પુસ્તક છે.

દેશ, રાષ્ટ્ર, જાતિ, રાજ્ય વગેરે સંકલ્પનાઓના મૂળ અર્થ સમજવાની આજે તો ખાસ જરૂર છે કારણ કે આજના વૈચારિક જગતમાં એવો ગોટાળો જોવા મળે છે કે આપણે શબ્દો તો ભારતીય ભાષાના પ્રયોજીએ છીએ પરંતુ તેનો અર્થવિસ્તાર યુરોપીય થતો હોય છે.

અધ્યાત્મનિષ્ઠ વ્યાવહારિક ચિંતન કઈ રીતે ચાલે એનો પણ આ નમૂનો છે. આ પુસ્તકમાં પ્રયોજાયેલા 'ચિતિ' અને 'વિરાટ' શબ્દોને આધારે જ પંડિત દીનદયાળ ઉપાધ્યાયે 'ચિતિ' આધારિત એકાત્મ માનવ દર્શનનું પ્રતિપાદન કર્યું.

પુસ્તક આજથી એંશીએક વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલું છે. એથી પણ પૂર્વે એ લખાયું છે. લેખકે નોંધ્યું છે કે લોકમાન્ય ટિળક એની પ્રસ્તાવના લખવાના હતા પરંતુ એ વિચાર ક્રિયાન્વિત થાય એ પૂર્વે એમનું અવસાન થયું. લેખક એમ પણ કહે છે કે હિમાલયના યોગી શ્રી સોમબારી બાબાનો આ પ્રસાદ છે, અર્થાત્ લેખક પોતે તો એમાં નિમિત્ત છે. મૂળ હિન્દી પુસ્તક તો આજે અપ્રાપ્ય છે. રાજસ્થાનના ડીડવાણામાં છોટી ખાટૂ નામના નાના ગામના પુસ્તકાલયમાં આની કેટલીક પ્રતો સચવાયેલી પડી છે. એ પૈકીની જ એક પ્રત લઈને આ અનુવાદ કરવામાં આવ્યો છે.

ભલે ગંભીર અને અઘરું છતાં પુસ્તક વાંચવા સમજવા જેવું છે એમાં બે મત નથી.

હરિભાઉ વઝે

ચૈત્ર સુદ ૧, યુગાબ્દ ૫૧૦૮ — સંગઠન મંત્રી

૯ એપ્રિલ ૨૦૦૬ — અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના

# અનુવાદકનું નિવેદન

'દૈશિક શાસ્ત્ર' વિશે પ્રથમ સાંભળ્યું ત્યારે રોમાંચ થયો. એ જોયું ત્યારે વિસ્મય અને અહોભાવ થયાં કારણ કે એ અત્યંત પુરાણું પુસ્તક હતું. એ વાંચ્યું ત્યારે ગંભીરતા લાગી. આપણે ત્યાં કેવું મૂલ્યવાન જ્ઞાન છે પરંતુ આપણને એની કેટલી હદે વિસ્મૃતિ થયેલી છે એ વિચારે ગ્લાનિ પણ થઈ.

તેથી જ એનો ગુજરાતી અનુવાદ કરવાનું સૂચન કર્યું. પણ જેવું સૂચન કર્યું કે તરત જ મને જ એ કામ કરવાનું કહેવામાં આવ્યું. હું ગભરાઈ ગઈ. ગભરાવાનું કારણ પુસ્તકની કિલષ્ટ ભાષા અને શૈલી. છતાં હિંમત કરી અને કામ પૂર્ણ કર્યું.

અનુવાદ કરતી વખતે અનેક વખત શબ્દકોશ જોવાની આવશ્યકતા લાગી, અનેક વખત શબ્દોના અર્થ અંગે ચર્ચા કરવાની જરૂર લાગી. એમ લાગ્યું કે આ પુસ્તકમાં પુરવણી રૂપે શબ્દના અર્થસંદર્ભોની સૂચિ આપવી જોઈએ. આ પુસ્તકમાં જો કે એ આપી નથી. પરંતુ જો થાય તો હવે પછીની આવૃત્તિમાં આપી શકાશે.

અત્યારે તો પુસ્તકની સહુથી વધુ લાભાર્થી હું જ છું એમ લાગે છે.

બસ એટલું જ.

સુધા કરંજગાંવકર

મહા સુદ પૂર્ણિમા
યુગાબ્દ ૫૧૦૭
૧૩ ફેબ્રુઆરી ૨૦૦૬

### પ્રથમ અધ્યાય

# દેશભક્તિ વિભૂતિ

## ૧.

## સુખનું વિવેચન

જે યુરોપે સમસ્ત ભૂમંડળમાં અખંડ શાંતિ પ્રસરાવવાનું બીડું ઉઠાવ્યું હતું એણે જ કેમ આજે સમસ્ત સંસારમાં ઘોર અશાંતિ ફેલાવી ? જે ભારત દિગ્વિજયને ચાહનારું હતું તે આજે કેમ નિઃસ્તબ્ધ અને નિશ્ચેષ્ટ છે ? જે યુરોપ એક ગાલને બદલે બીજો ગાલ ધરવાનો ઉપદેશ કરતું હતું તે જ આજે કેમ નિઃશસ્ત્ર લોકો પર ગોળીઓ વરસાવે છે? જે ભારતનો મંત્ર "हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्" હતો તે જ આજે કેમ સત્યાગ્રહનો આશ્રય લે છે ? જે ઇંગ્લેંડ દેશ જર્મનીને ભાઇ કહેતો હતો તે આજે કેમ એ જ જર્મનીનો નાશ કરવાના હેતુથી પોતાના જ દુશ્મન એવા રશિયાનો સાથ લે છે અને પાછળથી તે જ ઇંગ્લેંડ કેમ રશિયા વિરુદ્ધ તલવાર તાણે છે ? જે ફ્રાંસે રાજા લૂઇને સિંહાસન પરથી ઉતાર્યો તેણે જ નેપોલિયન આગળ કેમ મસ્તક નમાવ્યું ? જે દુર્યોધન પાંડવોને સોયની અણી જેટલી ભૂમિ આપવા પણ ઇચ્છતો નહોતો એણે જ કેમ કર્ણને આખો અંગ દેશ આપી દીધો ? જે મારીચ રામચંદ્રજીને શત્રુ સમજતો હતો તે કેમ એમ કહેવા લાગ્યો કે :

> "मम पाछे धर धावत धरे शरासन बाण
> फिरि फिरि प्रभुहिं बिलोकिहुं, धन्य न मो सम आन ।।"

આ એકમેકથી વિપરીત વાતો સુખ માટે થઇ. જયાં સુધી મનુષ્યને કોઇ કાર્યમાં સુખ મળે છે ત્યાં સુધી જ તે તે કાર્ય કરતો હોય છે. પછી તે એનો ત્યાગ કરી દે છે. પ્રાણી જે કંઇ કરે છે તે સુખની ઇચ્છાથી જ કરે છે. એની બધી જ ગતિવિધિ સુખ માટે હોય છે. એ સુખ પ્રાપ્ત કરવા માટે કોઇ ગિરિકંદરામાં સમાધિનો અભ્યાસ કરે છે, તો કોઇ રણક્ષેત્રોમાં વીરગતિ પ્રાપ્ત કરે છે. એ માટે કોઇ દેશભક્તિના રંગમાં રંગાઇને

સર્વસ્વનો ત્યાગ કરે છે, તો કોઇ સ્વાર્થમાં ભાન ભૂલીને પોતાના દેશનો જ સર્વનાશ કરે છે. આ માટે જ મકદનનું મેદાન રશિયા અને જાપાની વીરોના રુધિરથી રંગાઇને લાલ થયું. આ માટે જ બેલ્જિયમના સુપુત્રો રાખમાં મળી ગયા. વિભિન્ન ભાવનાઓ સાથે, વિભિન્ન માર્ગે બધા એ જ સુખ રૂપી પ્રિયતમને મળવા જઇ રહ્યા છે.

હવે મીમાંસા એ વાતની છે કે સુખ શું છે ? આ બાબતમાં અનેક મતાંતરો છે. પણ એ બધામાં માત્ર આપણા આચાર્યોનો મત જ વિચારણીય છે. એમના મત અનુસાર સુખ બે પ્રકારનું હોય છે. એક પાશવ, બીજું માનવ.

આહાર, નિદ્રા, મૈથુનથી તત્કાળ જે અનુકૂળ સંવેદના અનુભવાય છે તેને પાશવ સુખ કહે છે. આવા સુખમાં પશુઓ અને પશુઓની વિશેષતાવાળા મનુષ્યો રમમાણ થાય છે. આ સુખ ક્ષણિક હોય છે. અને એમાં રત રહેવાથી મનુષ્યનું અધ:પતન થાય છે.

સ્વલક્ષ્યસિદ્ધિથી જે અનુકૂળ સંવેદના થાય છે તેને માનવ સુખ કહે છે. આ સુખમાં મનુષ્ય અને મનુષ્યની વિશેષતા ધરાવતાં પ્રાણીઓ રમમાણ થાય છે. આ સુખ ચિરસ્થાયી હોય છે અને એમાં રત રહેવાથી મનુષ્યની ઉન્નતિ થતી હોય છે.

મનુષ્ય અને પશુમાં ફરક એટલો જ છે કે મનુષ્યનું કોઇ ને કોઇ લક્ષ્ય હોય છે. જ્યારે પશુઓનું કોઇ લક્ષ્ય હોતું નથી. લક્ષ્ય એ જ મનુષ્યનું મનુષ્યત્વ મનાય છે. લક્ષ્ય જ મનુષ્યને પશુઓથી ભિન્ન બનાવે છે. લક્ષ્યહીન માનવ પશુસમાન ગણાય છે. લક્ષ્યહીન હોવું તે માનવીના અધ:પતનની પરાકાષ્ઠા ગણાય છે. લક્ષ્યહીન માનવમાં સુધારણા થવાની કોઇ આશા રહેતી નથી. તે એક પ્રકારે મનુષ્યત્વથી જ ભ્રષ્ટ થાય છે. મનુષ્યનું જેવું લક્ષ્ય હોય છે તેવો જ તે પોતે બની જાય છે. ઉત્તમ લક્ષ્યથી મનુષ્ય ઉત્તમ, મધ્યમ લક્ષ્યથી મધ્યમ, અધમ લક્ષ્યથી અધમ અને લક્ષ્યહીન થવાથી તે પશુવત્ થઈને પાશવી સુખમાં રમમાણ રહે છે. આહાર, નિદ્રા, મૈથુન માટે જ તે પ્રાણ ધારણ કરે છે. એને માટે જ એની બધી ચેષ્ટાઓ થાય છે.

પરંતુ મનુષ્ય પ્રાણ ધારણ કરે છે પોતાના લક્ષ્યના સાધન તરીકે. પ્રાણ ધારણ કરવા માટે જ તે આહાર કરે છે. જો નિરાહાર રહેવાથી તેનું લક્ષ્ય સિદ્ધ થતું હોય તો તે આહારનો ત્યાગ પણ કરે છે. લક્ષ્યસિદ્ધિ માટે આહાર તો શું પ્રાણત્યાગ માટે પણ તે તત્પર હોય છે. અઘરામાં અઘરું અને આકરામાં આકરું કાર્ય પણ મનુષ્ય લક્ષ્યસિદ્ધિ માટે કરતો હોય છે. તે માટે જ તેની બધી ગતિવિધિ હોય છે. જેમ જેમ લક્ષ્યસિદ્ધિ નજીક દેખાય છે તેમ તેમ તેના સુખમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. જ્યાં સુધી તેનું લક્ષ્ય સિદ્ધ થતું નથી ત્યાં સુધી તેને પૂર્ણ સુખ પ્રાપ્ત થતું નથી. લક્ષ્ય સિદ્ધ થઇ જતાં જ તે કૃતાર્થ થઇ જાય છે અને તેના આનંદની કોઇ સીમા રહેતી નથી.

લક્ષ્ય ત્રણ પ્રકારનું હોય છે

(૧) સાત્ત્વિક (૨) રાજસિક (૩) તામસિક

બુદ્ધિગ્રાહ્ય લક્ષ્ય સાત્ત્વિક હોય છે.

ઈંદ્રિયગ્રાહ્ય લક્ષ્ય રાજસ હોય છે.

પ્રમાદગ્રાહ્ય લક્ષ્ય તામસ હોય છે.

આ અનુસાર સુખ પણ ત્રણ પ્રકારનું હોય છે. (૧) સાત્ત્વિક (૨) રાજસ (૩) તામસ.

જે સુખ બુદ્ધિની પ્રસન્નતાથી પ્રાપ્ત થાય છે તે સાત્ત્વિક કહેવાય છે. તે પ્રારંભે વિષ સમાન અને પરિણામમાં અમૃતતુલ્ય હોય છે.

જે સુખ ઈંદ્રિયો અને તેમના વિષય સંયોગથી પ્રાપ્ત થાય છે તે રાજસ કહેવાય છે. તે પ્રારંભમાં અમૃતસમાન અને પરિણામમાં વિષસમાન હોય છે.

જે સુખ પ્રમાદથી ઉત્પન્ન થાય છે તે તામસ કહેવાય છે. તે પ્રારંભ અને પરિણામ બંનેમાં ભ્રામક હોય છે.

માનવ સુખની પ્રાપ્તિ માટે મુખ્ય ચાર બાબતો આવશ્યક છે : (૧) સુસાધ્ય આજીવિકા (૨) શાંતિ (૩) સ્વતંત્રતા (૪) પૌરુષ. આનો અભાવ અર્થાત્ કષ્ટસાધ્ય આજીવિકા, ચિંતા, પરતંત્રતા અને પૌરુષહીનતા માનવસુખનાં મુખ્ય વિઘ્નો હોય છે. કારણ કે કષ્ટસાધ્ય આજીવિકા હોવાથી મનુષ્ય સદા જીવનયાત્રાના ગોરખધંધામાં વ્યસ્ત રહે છે. તેમાં જ તેનો બધો સમય વીતી જાય છે. ચિંતાને કારણે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. પરતંત્રતાને કારણે તે અસમર્થ થઈ જાય છે. પૌરુષહીનતાને કારણે તે નિરુત્સાહ થઈ જાય છે. એ વાત સિદ્ધ છે કે સમયહીન, બુદ્ધિહીન, સામર્થ્યહીન અને ઉત્સાહહીન મનુષ્યથી લક્ષ્ય સિદ્ધ થઇ શકતું નથી, અર્થાત્ તેને માનવસુખ પ્રાપ્ત થતું નથી.

જે મનુષ્યને ભોજન મેળવવા આખો દિવસ તનતોડ મહેનત કરવી પડે છે, જે સદા ચિંતાગ્રસ્ત હોય છે, જે પરતંત્ર અને પૌરુષહીન થઇ જાય છે તેને પાશવસુખ પણ પ્રાપ્ત થતું નથી, કારણ કે આહાર, નિદ્રા, મૈથુન વગેરેથી અનુકૂળ સંવેદના ત્યારે જ પ્રાપ્ત થાય છે જયારે તે અલ્પ પરિશ્રમથી, શાંતિથી અને સ્વતંત્રતાપૂર્વક પ્રાપ્ત થાય અને તે જ પ્રકારે તેનો ઉપભોગ પણ લઇ શકાય.

પરંતુ સુસાધ્ય આજીવિકા, શાંતિ, સ્વતંત્રતા અને પૌરુષ જ્યાં સુધી સમાજમાં સમષ્ટિગત થતાં નથી, ત્યાં સુધી તે સાંગોપાંગ વ્યક્તિગત પણ થતાં નથી. અને સંજોગોવશાત્ તે વ્યક્તિગત થાય તો પણ સાર્થક કે ચિરસ્થાયી થતાં નથી. શરીરમાં

પ્રાણ સમષ્ટિગત ન હોય તો જે દશા અંગોની થાય છે, વૃક્ષમાં રસ સમષ્ટિગત ન થાય તો જે દશા પાંદડાંની થાય છે તેવી દશા સમાજમાં સુસાધ્ય આજીવિકા વગેરે સમષ્ટિગત ન થાય તો વ્યક્તિની થાય છે. કારણ કે મનુષ્ય સામાજિક જીવ હોવાથી મનુષ્યનો તેના સમાજની સાથે એવો જ સંબંધ હોય છે, જેવો અંગોનો શરીરની સાથે અને પાંદડાંનો પોતાના વૃક્ષની સાથે હોય છે. આથી જ ગાયત્રી વગેરે વેદમંત્રોમાં જ્યાં સવિતા વગેરે દેવતાઓ પાસેથી કંઇ અભીષ્ટ પદાર્થ માગવામાં આવ્યો ત્યાં તે સમષ્ટિ માટે જ માગવામાં આવ્યો.

આ પ્રકરણમાં વિચારણીય વાતો આ છે :

(૧) મનુષ્યની બધી જ પ્રવૃત્તિ માત્ર સુખ માટે જ છે.

(૨) સુખ બે પ્રકારનું હોય છે, (૧) પાશવ (૨) માનવ.

(૩) આહાર, નિદ્રા, મૈથુન દ્વારા જે અનુકૂળ સંવેદના થાય છે તે પાશવ સુખ કહેવાય છે.

(૪) સ્વલક્ષ્યસિદ્ધિ દ્વારા જે અનુકૂળ સંવેદના થાય છે તેને માનવ સુખ કહેવાય છે.

(૫) માનવ સુખ પણ ત્રણ પ્રકારનું હોય છે.

(૧) સાત્ત્વિક (૨) રાજસ (૩) તામસ

(૬) જે સુખ બુદ્ધિની પ્રસન્નતાથી પ્રાપ્ત થાય છે તે સાત્ત્વિક કહેવાય છે.

જે સુખ ઇંદ્રિયો અને તેમના વિષયસંયોગથી પ્રાપ્ત થાય છે તે રાજસ કહેવાય છે.

જે સુખ પ્રમાદથી પ્રાપ્ત થાય છે તે તામસ કહેવાય છે.

(૭) માનવ સુખ માટે ચાર બાબતો આવશ્યક હોય છે.

(૧) સુસાધ્ય આજીવિકા (૨) શાંતિ (૩) સ્વતંત્રતા (૪) પૌરુષ.

(૮) પાશવ સુખ માટે પણ ઉપરોક્ત ચાર બાબતો આવશ્યક છે.

(૯) જ્યાં સુધી ઉપરોક્ત ચાર બાબતો સમાજમાં સમષ્ટિગત થતી નથી ત્યાં સુધી તે વ્યક્તિને પણ પ્રાપ્ત થતી નથી, અને જો સંજોગવશાત્ થાય તો પણ સાર્થક અને ચિરસ્થાયી હોતી નથી.

## ૨.

## દેશભક્તિ વિભૂતિઓનું પ્રતિપાદન

આગળ કહેવાયું છે કે સુસાધ્ય આજીવિકા, શાંતિ, સ્વતંત્રતા અને પૌરુષ એ બધાં સમષ્ટિગત થયા વગર સમાજમાં કોઇ સુખી થઇ શકે નહીં. પરંતુ સુસાધ્ય આજીવિકા વગેરે જ્યાં સુધી વ્યક્તિગત હિતની ઉપેક્ષા કરીને જાતિગત હિતનો વિચાર ન કરે ત્યાં સુધી સમષ્ટિગત થઇ શકે નહીં. આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે ભારત. એ સ્પષ્ટ છે કે વર્તમાનમાં સુજલા, સુફલા, શસ્યશ્યામલા ભારતભૂમિનાં સંતાનો અન્ન માટે ખૂબ દુઃખી થાય છે. આજે માતા અન્નપૂર્ણાના પ્રિય પ્રમોદવન જેવા ભારતમાં ઉદરભરણ એ જ શ્રેષ્ઠ પૌરુષ ગણાવા લાગ્યું છે.

આજે વસુમતી, બુદ્ધિમતી આ ભૂમિનું મુખારવિંદ ચિંતારૂપી ઝાકળથી આચ્છાદિત છે. આજે રત્નાકરરૂપી મેખલા અને હિમગિરિ મુગટ ધારણ કરેલી આ ભૂમિ ઉપર મહાદૈન્ય છવાયેલું છે; આજે સાહિત્યધનમાં અગ્રેસર એવા ભારતમાં સાહિત્યરૂપી માનપતાકા તેનાં જ સંતાનો દ્વારા ઉદ્ધ્વસ્ત થઈ રહી છે, આજે એની કીર્તિરૂપી ઉજ્જવળ કૌમુદી અસ્તાચળ તરફ જઇ રહી છે; આજે ભારતનાં સંતાનોને કંઇ ને કંઇ દુઃખ અને કંઇ ને કંઇ ચિંતા વળગેલી છે, પછી તે રાજા હોય કે રંક, મહાપંડિત હોય કે નિરક્ષર, યોગી હોય કે ભોગી. રાજાઓને કદાચ અન્નનું દુઃખ નહીં હોય પરંતુ તેમને એવું મહાદુઃખ અને દારુણ ચિંતા છે જેનું અનુમાન કરી શકાય એમ નથી. નિર્ધનોને કદાચ રાજા મહારાજાઓ જેવું દુઃખ નહીં હોય પરંતુ પાપી પેટની ચિંતા હંમેશાં તેમના હોશકોશ ઉડાવી દે છે, વિદ્વાનોના વાણીવિલાસ અને મૂર્ખાઓનાં અવિદ્યાનાં ગીતો ત્યાં સુધી જ હોય છે જ્યાં સુધી પેટ ભરેલાં છે અને શરીર ઢંકાયેલાં છે. યોગીઓના યોગ અને ભોગીઓના ભોગ પણ ત્યાં સુધી જ હોય છે જ્યાં સુધી સમાજમાં અન્ન સુલભ અને આહાર વિહાર સ્વચ્છંદ હોય છે. મધ્યમમાર્ગી ભારતનાં સંતાનો પણ સુખી નથી કારણ કે વર્તમાનમાં તેમને માટે આજીવિકાના લગભગ બધા જ રસ્તા બંધ છે, માત્ર એક સેવાવૃત્તિનો રસ્તો ખુલ્લો છે જેને કારણે તેઓ જનમેજયના યજ્ઞકર્તાઓના મંત્રોથી મુગ્ધ થયેલા સર્પોની જેમ અવશપણે પરતંત્રતામાં ડૂબી રહ્યા છે. આ રસ્તે પ્રવેશવા સિવાય તેમને બીજી કોઇ ઇચ્છા જ બચી નથી. એક વાર તેમાં પ્રવેશ્યા પછી તેમને બીજા કોઇ કાર્ય માટે સમય મળવો દુષ્કર થાય છે. આ વૃત્તિમાં તેઓ એવા ફસાઈ જાય છે કે તે સિવાય તેમનું કોઇ લક્ષ્ય જ રહેતું નથી અને ધીરે ધીરે તેઓ લક્ષ્યહીન થઈ જાય છે. એટલું જ નહીં તેમનો આહાર વિહાર પણ સ્વાધીન રહેતો નથી. ધૈર્યથી ભોજન કરવું અને આરામથી નિદ્રા કરવી પણ તેમને માટે દુર્લભ થાય

છે. અર્થાત્ માનવસુખ તો દૂર પાશવસુખ પણ તેમને માટે દુર્લભ થઇ જાય છે. ગમે તે દિશામાં જુઓ ભારતમાં સર્વત્ર આવી જ દશા છે. લગભગ પ્રત્યેકની આજીવિકા કષ્ટસાધ્ય છે, પ્રત્યેકને કોઇને કોઇ પ્રકારની ચિંતા છે, કોઇ સ્વતંત્ર નથી અને બધા જ પૌરુષહીન થઈ ગયા છે.

પરંતુ ભારતમાં અત્યારે પણ એ જ ઉપજાઉ ભૂમિ છે, એવાં જ અનુકૂળ જળ વાયુ છે, પૂર્વ અને પશ્ચિમમાં એ જ અગાધ સમુદ્ર છે, ઉત્તરમાં આજે પણ એ જ ગિરિરાજ હિમાલય છે.

**यं सर्व शैलाः परिकल्प्य वत्सं मेरौ स्थिते दोग्धरि दोहदक्षे ।**

**भास्वन्ति रत्नानि महोदधीश्च पृथूपदिष्टां दुदुहुर्धरित्रीम् ॥**

તો શું કારણ છે કે આજે ભારતનાં સંતાનોને અન્ન માટે આવું ઘોર દુઃખ પડે છે? શા માટે સુખ એમનાથી વિમુખ થયેલું છે ?

શું એનું કારણ એ છે કે એ લોકો બુદ્ધિહીન છે ? વર્તમાન યુરોપના ગુરુ એવા યૂનાને જે દેશમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું તેનાં સંતાનો મૂર્ખ હોઇ શકે નહીં.

તો શું તેઓ આળસુ છે ? જેમના શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલા અન્ન વડે દેશદેશાંતરોનું પાલન પોષણ થઇ રહ્યું છે, જેમના પરસેવાથી અનેક દેશોમાં અનેક કારખાનાં ચાલે છે, તેઓ આળસુ હોઇ શકે નહીં.

તો શું તેઓ વિલાસી અને ઉડાઉ છે ? બે પૈસા દરરોજ એવી જેમની સરેરાશ આવક છે, જેઓ મહિને આઠ-દસ રૂપિયામાં પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે, પચ્ચીસ ત્રીસ રૂપિયાની બાબુગીરી માટે જેઓ લાળ ટપકાવે છે, મહિને સો રૂપિયા જેમને માટે કુબેરના ભંડાર જેવા ગણાય છે તેમનાં વિલાસ અને ઉડાઉગીરી કેટલાંક હોઇ શકે ?

તો શું તેઓ ભીરુ છે ? જે જાતિમાં અનેક કર્ણ અને અનેક અભિમન્યુ ઉપજ્યા છે, જે જાતિનો કેસરિયો રંગ હજી સુધી પ્રસિદ્ધ છે, જે જાતિ આ નશ્વર શરીરને તુચ્છ સમજે છે તે ભીરુ હોઇ શકે નહીં.

આ નહીં, તે નહીં, તો કયું કારણ છે કે અન્નપૂર્ણાની વિહારભૂમિ, શ્રી સરસ્વતીનું પ્રમોદવન, વીરતાના રંગસ્થળ એવા આ ભારતમાં સુખને ક્ષયરોગ લાગુ પડ્યો છે ? એનું કારણ છે ભારતનાં સંતાનોનું જાતિગત હિતની ઉપેક્ષા કરીને વ્યક્તિગત સ્વાર્થસાધનમાં લિપ્ત રહેવું. સમસ્ત ગુણોનો નાશ કરનાર આ એક દોષે ભારતના અનંત ગુણોને ધૂળમાં મેળવ્યા છે.

આનાથી વિપરીત ગુણોને કારણે, અર્થાત્ વ્યક્તિગત હિતની ઉપેક્ષા કરીને જાતિગત હિતનું ધ્યાન રાખવાથી ઇંગ્લેંડ આજે ક્યાંથી ક્યાં પહોંચી ગયું છે.... આ બન્યું છે ચિતિના પ્રકાશ અને વિરાટની જાગૃતિને કારણે. આ સમયે ચિતિ પ્રકાશ અને વિરાટજાગૃતિનો અર્થ સમજી લેવો જોઇએ. એ અર્થ છે કોઇ નિત્ય ઓજસ્વી અને જાતિગત અર્થનું મહાત્મ્ય વધવું.

કોઇ નિત્ય અર્થનું મહત્ત્વ વધવાથી મનુષ્ય હંમેશાં એની સાધનામાં રત રહે છે. એ નિત્ય અર્થ ઓજસ્વી હોવાથી મનુષ્ય સ્વાભાવિક રીતે જ પોતાના ક્ષુદ્ર અર્થોની હંમેશાં ઉપેક્ષા કરતો હોય છે, એ નિત્ય અને ઓજસ્વી અર્થ જાતિગત હોવાથી મનુષ્ય જાતિગત હિત માટે વ્યક્તિગત હિતની હંમેશાં ઉપેક્ષા કરવા લાગે છે.

જાતિગત હિત માટે વ્યક્તિગત હિતની ઉપેક્ષા કરવી તે ભારતની આધુનિક ભાષાઓમાં દેશભક્તિ કહેવાય છે. આથી દૈશિકશાસ્ત્રના અદ્વિતીય આચાર્ય એવા પ્રાચીન ભારતનો ઉક્ત સિદ્ધાંત દૈશિકશાસ્ત્રને મૂર્ખતાપૂર્ણ માનનાર એવા અર્વાચીન ભારતની ભાષામાં એવી રીતે કહી શકાય કે દેશભક્તિ વિના મનુષ્ય સુખી થઇ શકે નહીં. દેશભક્તિ વિભૂતિનું પ્રતિપાદન ઐતિહાસિક દૃષ્ટિએ થઇ ચૂક્યું છે.

આધિજીવિક દૃષ્ટિએ પણ મનુષ્ય માટે દેશભક્તિ ખૂબ આવશ્યક છે, કારણ કે મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી મનુષ્યનો પોતાની જાતિ સાથે એ જ સંબંધ હોય છે જે કોઇ ઇંદ્રિયનો પોતાના શરીરની સાથે અથવા કોઇ પર્ણનો પોતાના વૃક્ષ સાથે. પરંતુ પ્રત્યેક ઇંદ્રિયે પોતાના શરીર માટે કંઇ ને કંઇ કાર્ય કરવું પડે છે. જ્યાં સુધી તે પોતાના શરીર માટે કાર્ય કરતી રહે છે ત્યાં સુધી શરીર નિરામય રહે છે. પરિણામે બધી જ ઇંદ્રિયો, અંગો પણ સારાં રહે છે. જ્યારે તે પોતાના કર્તવ્યથી વિમુખ થઇને સ્વાર્થી બને છે ત્યારે શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થાય છે, જેને લીધે તેનો વિનાશ આરંભાય છે. એ જ પ્રમાણે પ્રત્યેક પાંદડા વગેરેને પણ પોતપોતાના વૃક્ષ માટે કંઇને કંઇ કાર્ય કરવું પડે છે. જ્યાં સુધી તે પોતાના વૃક્ષ પ્રત્યેનું કર્તવ્ય કરતા રહે છે ત્યાં સુધી તે આખું વૃક્ષ હર્યુંભર્યું રહે છે. જ્યારે તે સ્વકર્તવ્યચ્યુત થાય છે ત્યારે તે વૃક્ષ સૂકાવા લાગે છે અથવા તેમાં સડો પેસે છે. એ જ રીતે મનુષ્યોએ પણ પોતાની જાતિ માટે કંઇ ને કંઇ કામ કરતા રહેવું પડે છે. જ્યાં સુધી તેઓ પોતાની જાતિ પ્રત્યેના પોતાના કર્તવ્યનું પાલન કરતા રહે છે ત્યાં સુધી તેમની જાતિનું શ્રેયસ્ થાય છે, જેથી તે જાતિની પ્રત્યેક વ્યક્તિ સુખી રહે છે. જ્યારે તે પોતાના જાતિધર્મથી ભ્રષ્ટ થઇને સ્વાર્થસાધના તરફ વળે છે ત્યારે તેમનો દરેક પ્રકારે વિનિપાત થાય છે.

મનુષ્યની જેમ જ પશુ અને કીટક પણ સામાજિક છે. એમનામાં જે સામાજિક નિયમ પ્રવર્તે છે તે જ મનુષ્યો માટે પ્રાકૃતિક નિયમ સમજવો જોઇએ; કારણ કે પ્રકૃતિના નિયમોને પશુ અને કીટકો મનુષ્ય કરતાં વધારે સારી રીતે સમજે છે. આવા સામાજિક કીટકોમાં આપણો સૌથી વધારે પરિચય ભ્રમરો સાથે છે, જેમાં જોઇ શકાય છે કે પોતાના સામાજિક હિત સિવાય અન્ય કોઇ વાત પ્રત્યે તેમનું ધ્યાન હોતું જ નથી. પ્રત્યેક ભ્રમર પોતાના બળબુદ્ધિ અનુસાર નિત્ય પોતાના સમાજની હિતસાધના માટે કાર્યરત હોય છે. કોઇ મીણનો સંચય કરે છે, કોઇ કેસરકુંજોમાં ભ્રમણ કરતો રહે છે, કોઇ મધપૂડો બનાવવામાં વ્યસ્ત હોય છે, કોઇ તેમાં મધ ભરવાનું કાર્ય કરે છે, કોઇ કોષની રક્ષા કરે છે. એ પ્રમાણે કોઇ ને કોઇ સામાજિક કાર્ય કરવામાં નિમગ્ન રહે છે. કીડીઓમાં પણ આ જ વાત જોવા મળે છે. વિશેષરૂપે એ સમયે જ્યારે બે ભિન્ન જાતિઓની કીડીઓ વચ્ચે યુદ્ધ થઇ જાય છે. અન્ય સામાજિક પશુઓમાં પણ આ નિયમ જોઇ શકાય છે. આથી આધિજીવિક રીતે સિદ્ધ થાય છે કે મનુષ્ય માટે દેશભક્તિ પરમ આવશ્યક કર્મ છે.

ઉપયોગિતાની દૃષ્ટિએ પણ દેશભક્તિ પરોપકારનો સુગમ અને સરળ માર્ગ છે. વધારે લોકોનું વધારે સુખ જે રીતે દેશભક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે એવું બીજી કોઇ રીતે થતું નથી, કારણ દેશભક્તિનો ઉદ્દેશ્ય જ સમષ્ટિહિતની સાધના છે. જે રીતે ઘણી ગાયોના દાન કરતાં એક એવું કાર્ય વધારે ઉપયોગી અને શ્રેયકર હોય છે જેનાથી ગાયો સુલભ અને સુપાલનીય બને છે; જેવી રીતે ઘણી શાળા, મહાશાળાઓ કરતાં જે દ્વારા લોકોનું દૈન્ય અને અજ્ઞાન દૂર થાય એવું એક કાર્ય વધુ હિતકર હોય છે; જે રીતે જુદાં જુદાં ખેતરોની સિંચાઇ માટે જુદા જુદા ઘડાથી પાણી લાવવા કરતાં એકી સાથે બધાંની સિંચાઇ માટે નહેર બનાવવી વધારે ઉપયોગી હોય છે એ જ રીતે નાનાં નાનાં પરોપકારનાં કાર્યો કરતાં એક દેશભક્તિ અનેક રીતે શ્રેયસ્કર હોય છે.

આમુષ્મિક દૃષ્ટિથી પણ દેશભક્તિ પરમ પુણ્યકાર્ય મનાય છે, કારણ હમણાં જ કહેવાયું છે તેમ દેશભક્તિનો ઉદ્દેશ્ય છે જાતિગત સુખ અને જે કાર્ય "बहुजन हिताय बहुजन सुखाय" કરવામાં આવે છે. તેનો કર્તા ઘણા સમય સુધી સ્વર્ગમાં રહે છે. જે કાર્યથી જેટલાં વધારે પ્રાણીઓનું હિત થાય છે એટલા વધારે સમય માટે કર્તા સ્વર્ગમાં રહે છે.

તેથી જ એમ કહેવાયું છે કે "अन्ते या मतिः सा गतिः" અર્થાત્ મનુષ્યના ચિત્તમાં મૃત્યુ સમયે જેવા સંસ્કાર હોય છે તેવી તેની ગતિ થાય છે. અને એ સ્વાભાવિક છે કે અંતકાળે દેશભક્તના હૃદયમાં વીર સંસ્કાર હોય છે. આપણા આચાર્યોના કથન

અનુસાર અંતકાળે વીર સંસ્કાર અત્યુત્તમ મનાય છે, એટલા ઉત્તમ કે અંધ મુનિએ તેમના પ્રિય પુત્ર શ્રવણને વિદાય આપતાં એ જ આશીર્વાદ આપ્યા કે

"यां हि शूरा गतिं यान्ति सहग्रामेस्वानिवर्तिनः
हतास्त्वमभिमुखाः पुत्र गतिं तां परमां व्रज ।।"

પરંતુ જે મહાત્મા સંસારને અસાર, મમતાને માયા, વિષયસુખોને તુચ્છ, સ્વર્ગને અનિત્ય સમજે છે, જેમણે પોતાના સચ્ચિદાનંદ રૂપમાં રહેવાનો જ સંકલ્પ કરી લીધો છે તેમને દેશભક્તિથી શું લાભ થઇ શકે ? આવા ત્યાગી મુમુક્ષો લોકોને તો દેશભક્તિ મોહનો ક્ષય અને સત્વનો વિકાસ કરનારી મહૌષધિ, મનુષ્યને આત્મજ્ઞાનનો અધિકારી બનાવતી યુક્તિ, મોક્ષનું દ્વાર ખોલવાની ચાવી છે. દેશભક્તિ વિના મોક્ષ જો જન્મ જન્માંતર પછી પ્રાપ્ત થતો હોય તો પ્રખર દેશભક્તિ વડે તે એક જન્મમાં જ પ્રાપ્ત થઇ શકે છે. કારણ કે મોક્ષ પ્રાપ્ત થાય છે માત્ર આત્મજ્ઞાન દ્વારા, આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે યોગાભ્યાસ દ્વારા. પરંતુ યોગ ઘણું અઘરું કાર્ય છે,

"क्षुरस्य धारा निशिता दुरत्यया । दुर्गं पथस्तत् कवयो वदन्ति ।।"

છરાની ધાર જેવા આ યોગમાર્ગ પર ચિત્તશુદ્ધિ વિના ચાલી શકાતું નથી. ચિત્ત શુદ્ધ થાય છે સત્વવિકાસથી, સત્વવિકાસ થાય છે રજોગુણ દૂર થવાથી. પરંતુ રજોગુણનું દમન કરવાથી તે દબાતો નથી. કર્મ કરવાથી તેને ક્ષીણ કરી શકાય છે.

હવે વિચારણીય વાત એ છે કે કર્મ તો બધા જ કરે છે. કર્મ કર્યા વગર તો કોઇ રહી જ શકે નહીં. તો બધાના ચિત્તમાંથી રજોગુણ કેમ ક્ષીણ થતો નથી. રજોગુણ દૂર ન થવાનું કારણ એ છે કે સામાન્ય કર્મો કરવાથી રજોગુણ ક્ષીણ થવાને બદલે વધતો જાય છે. તે ક્ષીણ થાય છે એવાં કર્મો કરવાથી જેમાં ઓજસ, ત્યાગ અને વિવેકનો સાથ હોય છે. ઓજસ્વી કર્મો કરવા માટે સ્વભાવગત રજોગુણની આવશ્યકતા હોય છે. જે કામમાં જેટલું ઓજસ હોય છે તેમાં એટલા જ રજોગુણની આવશ્યકતા હોય છે, આથી ઓજસ્વી કર્મો કરવાથી વ્યક્ત-અવ્યક્ત રીતે ચિત્તમાં રહેલો રજોગુણ બહાર આવીને એકત્રિત થાય છે, ત્યાગને લીધે ચિત્તમાં તૃષ્ણા અને આસક્તિ ઉત્પન્ન થતાં નથી. તૃષ્ણા અને આસક્તિ ન હોવાથી ચિત્ત પર કોઇ સંસ્કાર થતા નથી. ચિત્તમાં સંસ્કાર ન પડવાથી રજોગુણ નિરાધાર થઇને ક્ષીણ થઇ જાય છે. આથી ઓજ અને ત્યાગનો સાથ મળવાથી રજોગુણ બહાર નીકળીને ક્ષીણ થઇ જાય છે. રજોગુણ ક્ષીણ થવાથી સત્ત્વ અને તમસ બન્નેને ઉદિત થવાનો અવસર સાંપડે છે. પરંતુ વિવેકના અભ્યાસથી જ્ઞાન નાડી જાગૃત થતી જાય છે જેથી સત્ત્વ પ્રબળ થાય છે, સત્ત્વ પ્રબળ થવાથી તમોગુણનો ઉદય થઇ શકતો નથી. આથી કોઇ કાર્યમાં ઓજ, ત્યાગ અને વિવેકનો સંગમ થવાથી

રજોગુણનો ક્ષય થઇને સત્ત્વનો વિકાસ થાય છે. આ સંસારમાં કર્મો અનેક પ્રકારનાં હોય છે. કેટલાંકમાં ત્યાગની, કેટલાંકમાં વિવેકની, કેટલાંકમાં બેની તો કેટલાંકમાં ત્રણેની શોધ કરતાં કરતાં એવું કોઇ કર્મ મળી પણ જાય કે જેમાં ઉપરોક્ત ત્રણેય વાતો હોય. તે કર્મ નીરસ હોવાને કારણે તેની પ્રત્યે મનુષ્યની પ્રવૃત્તિ સહેલાઇથી થતી નથી. દેશભક્તિ જ એક એવું કર્મ છે જેમાં આ ત્રણેય વાતો પ્રચુર માત્રામાં હોય છે અને રસપૂર્ણ હોવાથી તેના પ્રત્યે મનુષ્યની પ્રવૃત્તિ અનાયાસ થતી હોય છે.

આ રીતે અધ્યાત્મમાર્ગમાં જે પરવૈરાગ્યની આવશ્યકતા હોય છે તે અરુંધતી દર્શન ન્યાય પ્રમાણે દીર્ઘાભ્યાસ વિના પ્રાપ્ત થઇ શકતો નથી. અર્થાત્ પરવૈરાગ્ય પ્રાપ્ત કરવા માટે પ્રથમ વ્યક્તિગત સ્વાર્થ તરફથી મન વિમુખ કરીને જાતિગત સ્વાર્થ પ્રત્યે વાળવું જોઇએ. પછી જાતિગત સ્વાર્થમાંથી દૂર કરીને લોકોપકાર પ્રત્યે વાળવું જોઇએ. પછી લોકોપકારમાંથી પણ દૂર કરીને આત્મા પ્રત્યે વાળવું જોઇએ. પરવૈરાગ્ય પ્રાપ્ત કરવા માટે રજોગુણને ઉર્ધ્વ કરવો પડે છે. અર્થાત્ મનને એક એવા વિષયમાં વ્યસ્ત રાખવું પડે છે જેના આસ્વાદમાં મનુષ્ય પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને વિષયભોગને ભૂલી જાય. દેશભક્તિ જ એક એવું કાર્ય છે જેનું એક વાર રસાસ્વાદન થઇ જતાં મનુષ્યના મનમાંથી વ્યક્તિગત સ્વાર્થ અને વિષયભોગોની લાલસા દૂર થઇ જાય છે, પર વૈરાગ્યરૂપી જળ માટે જાણે નહેર તૈયાર થઇ જાય છે.

સાચા દેશભક્તને વારંવાર લોભ અને ભયનો પ્રતિકાર કરવો પડે છે. વારંવાર આમ કરવાથી તે સત્યસંકલ્પ અને નિશ્ચયાત્મક બુદ્ધિ થઇ જાય છે. આમ થવાથી યોગમાર્ગમાં આવતાં વિઘ્નોને દૂર કરીને તે અનાયાસે જ અધ્યાત્મમાર્ગે ચાલી જાય છે.

અધ્યાત્મની દૃષ્ટિએ પણ દેશભક્તિની ઉપયોગિતા સિદ્ધ થઇ ગઇ. કોઇ પણ દૃષ્ટિકોણથી જોતાં દેશભક્તિ મનુષ્ય માટે કામધેનુ સાબિત થાય છે. વાસ્તવમાં આ જ દેશભક્તિરૂપી યજ્ઞ માટે બ્રહ્માએ મનુષ્યને કહ્યું કે

"अनेन प्रसविष्यध्वं एष वोऽस्त्विष्ट कामधुक् ।"

## દ્વિતીય અધ્યાય
# દૈશિકધર્મ વ્યાખ્યાન
## ૧.
## 'દેશ' શબ્દનો અર્થ

આપણા પ્રાચીન સાહિત્યમાં દેશભક્તિ શબ્દ ક્યાંય જોવા મળતો નથી. આ તદ્દન નવો શબ્દ છે. એની રચના પણ એવી છે જેમાંથી વિદેશીયતા સ્પષ્ટ વિદિત થાય છે. જ્યારે આપણા દેશમાં આપણી પ્રાચીન વિદ્યા અને સાહિત્યરૂપી ભગવાન ભાસ્કર અંતર્ધાન થઇ ગયા, સર્વત્ર અંધકાર છવાઈ ગયો, સાથે સાથે જ અંગ્રેજી વિદ્યા અને સાહિત્યરૂપી ચંદ્રમાનો ઉદય થયો, લોકો આનંદથી ફૂલ્યા ન સમાયા, એ આનંદમાં તેમને સર્વ દુરિતોનો નાશ કરનાર આપણા સાહિત્યસૂર્યની વિસ્મૃતિ થઇ ગઈ, તેઓ અંગ્રેજી રંગમાં રંગાવા લાગ્યા, તેમનામાં અંગ્રેજી ભાવનાનો પ્રચાર થવા લાગ્યો, પરંતુ અંગ્રેજી ભાષાનો તત્કાલ સાર્વજનિક પ્રચાર ન થઇ શકવાથી અંગ્રેજી શબ્દોનો બધી પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ થવા લાગ્યો, ત્યારે આપણી ભાષાઓમાં અનેક નવા શબ્દો બની ગયા. 'દેશભક્તિ' શબ્દ પણ આ રીતે જ બનેલા શબ્દો પૈકી એક છે. એ અંગ્રેજી "પેટ્રિઓટીઝમ" patriotism શબ્દનો અનુવાદ જણાય છે.

પરંતુ આ ઉપરથી એમ ન સમજી લેવું જોઇએ કે આપણા પ્રાચીન સાહિત્યમાં આવો કોઇ શબ્દ હતો જ નહીં. આપણા દૈશિકશાસ્ત્રમાં આવા બે શબ્દો હતા. એક "દૈશિકધર્મ" અને બીજો "જાતિધર્મ". પહેલો શબ્દ હવે ક્યાંય જોવામાં આવતો નથી. હા, બીજો શબ્દ ક્યાંક ક્યાંક જોવા મળે છે. જેમ કે ભગવદ્‌ગીતામાં -

"उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥"

હવે પ્રશ્ન એ થાય છે કે આપણી ભાષામાં આ શબ્દો હતા તો આ પુસ્તકના પૂર્વાધ્યાયમાં આ શબ્દો ન લેતાં દેશભક્તિ શબ્દ કેમ ઉપયોગમાં લેવામાં આવ્યો ? એનો જવાબ એ છે કે આ શબ્દની વ્યાખ્યા કર્યા વગર એનો અર્થ ભાગ્યે જ કોઇ

સમજે. પરંતુ દેશભક્તિ શબ્દ બધા સમજી લે છે. આથી પૂર્વાધ્યાયમાં 'દેશભક્તિ' શબ્દ ઉપયોગમાં લેવાયો છે.

આ પુસ્તકમાં આપણા પ્રાચીન દૈશિકશાસ્ત્રનું અવલંબન કરવામાં આવ્યું છે. આથી આ પુસ્તકમાં વ્યાખ્યા પણ તે શાસ્ત્રમાં ઉપયોગમાં લેવાયેલા દૈશિકધર્મ અને જાતિધર્મ એ શબ્દોની જ થશે. દેશ અને જાતિનો અર્થ જાણ્યા વગર દૈશિકધર્મ અને જાતિધર્મનો અર્થ સમજી શકાય નહીં. આથી પ્રથમ વિચાર 'દેશ' અને 'જાતિ' શબ્દોના અર્થનો કરવામાં આવ્યો છે.

સાધારણ રીતે દેશ શબ્દના અનેક અર્થ હોય છે. આ શબ્દ ક્યાંક સ્થાનવિશેષનો દ્યોતક હોય છે. જેમ કે

"केयूर कोटिक्षततालुदेशा शिवा भुजच्छेदमपाचकार ।।"

ક્યાંક સ્થાન દર્શાવવા માટે કામમાં આવે છે. જેમ કે

"तं देशमारोपितचारुचापे रतिद्वितीये मदने प्रपन्ने"

ક્યાંક પ્રદેશ દર્શાવવા માટે, જેમ કે

"अन्यत्र शुभ्रा शरदभ्रलेखा रन्ध्रेष्विवालक्ष्य नभः प्रदेशाः ।।"

ક્યાંક પ્રાન્ત દર્શાવવા માટે; જેમ કે

"युधाजितस्य सन्देशात् देशं सिन्धु नामकम् ।
ददौ दत्तप्रभावाय भरताय भृतप्रजः ।।"

ક્યાંક રાષ્ટ્ર માટે, જેમ કે

अन्योन्य देश प्रविभाग सीमां
वेलां समुद्रा इव न व्यतीयुः ।।

દેશ શબ્દના આ અર્થોમાંથી એક પણ દૈશિકશાસ્ત્ર અનુસાર નથી, પરંતુ વાલ્મિકી રામાયણમાં એક જગ્યાએ દેશ શબ્દ આ પ્રકારે આપ્યો છે -

गोब्राह्मणहितार्थाय जहि दुष्टपराक्रमाम्
नहि ते स्त्रीवधकृते घृणा कार्या नरोत्तम
चातुर्वर्ण्यहितार्थं हि कर्तव्यं राजसूनुना
नृशंसमनृशंसं वा प्रजारक्षणकारणात्
सोऽहं पितुर्वचः श्रुत्वा शासनाद्ब्रहमवाथनः
करिष्यामि न सन्देहः ताटकावधमुत्तमम्
गोब्राह्मणहितार्थाय देशस्य च हिताय य ।।

અહીં નિશ્ચિતરૂપે દેશ એવી ભૂમિના અર્થમાં કહેવાયો છે કે જ્યાં ગોભક્તિ અને બ્રાહ્મણપ્રતિષ્ઠા હોય અને જ્યાં બ્રાહ્મણાદિ ચાર વર્ણો રહેતા હોય, અર્થાત્ જ્યાં આર્યજાતિ રહેતી હોય. આપણા દૈશિકશાસ્ત્રમાં પણ આ શબ્દ આ રીતે જ વપરાયો છે. દિશ્ ધાતુને ઘઞ પ્રત્યય લગાડતાં દેશ શબ્દ બને છે. दिशतीति देशः અર્થાત્ જે ભૂમિ પોતાની આશ્રિત જાતિને સૂચિત કરે છે તે દેશ કહેવાય છે. દેશ અને જાતિ વચ્ચે સમવાય સંબંધ હોય છે; જેમ કે તાંતણા વગર વસ્ત્ર હોઇ શકે નહીં પરંતુ વસ્ત્ર સિવાય પણ તાંતણા હોય છે, તે જ પ્રમાણે જાતિ ન હોય તો કોઇ ભૂમિ દેશ કહેવાતી નથી પરંતુ દેશ વગર પણ જાતિ તો હોય છે જ. દૈશિકશાસ્ત્ર અનુસાર દેશ શબ્દનો અર્થ થાય છે પૃથ્વીનો એવો ભાગ જ્યાં કોઇ જાતિ સંતાનરૂપે વસેલી હોય અર્થાત્ એવા સંબંધે કે જે ભૂમિ સિવાય અન્ય કોઇ ભૂમિ સાથે સંભવી શકે નહીં. કોઇ ભૂમિ ત્યાં સુધી દેશ કહેવાતી નથી જ્યાં સુધી તેમાં કોઇ જાતિનું માતૃકમમત્વ, અર્થાત્ પુત્રનું માતા પ્રત્યે હોય છે તેવું મમત્વ હોય નહીં. આથી સહરાના રણ માટે દેશ શબ્દ વાપરી શકાય નહીં કારણ કે તે ભૂમિમાં કોઇ જાતિ સંતાનરૂપે વસેલી નથી; પૃથ્વીના અન્ય ભાગોમાં અને ઘણા ટાપુઓ પર પણ આપણા ભારતીય લોકો રહે છે પરંતુ તે તેમના દેશ કહેવાતા નથી કારણ કે તેમના ચિત્તમાં ભારત પાછા ફરવાની ઇચ્છા હજુ સુધી જીવંત છે. હજુ સુધી તેમનો ભારત સાથેનો માતૃવત્ સંબંધ યથાવત્ છે. જ્યાં સુધી ભારત સાથેના તેમના આ સંબંધનો વિચ્છેદ થતો નથી ત્યાં સુધી તે ભૂભાગ અથવા ટાપુ તેમના દેશ કહેવાતા નથી. તે જ રીતે ભારત પણ અંગ્રેજોનો દેશ કહી શકાય નહીં, ભલે ત્યાં તેમનું રાજ્ય હોય; કારણ કે એ લોકો ત્યાં સંતાનરૂપે વસેલા નથી. જે કોઇ થોડા અંગ્રેજો ત્યાં રહે છે તેઓ પણ સંતાનરૂપે રહેતા નથી. તેમના મનમાં ઇંગ્લેંડ પાછા જવાની ઇચ્છા જેમની તેમ છે. કદાચ ભારતના કોઇ થોડા ભાગમાં અંગ્રેજોનો વસવાટ થઇ જાય તો પણ ભારતનો તે ભાગ ત્યાં સુધી એમનો દેશ કહેવાય નહીં જ્યાં સુધી ત્યાં વસેલા લોકો ઇંગ્લેંડની સાથે તેમનો સંબંધ વિચ્છેદ કરીને અહીં સંતાનરૂપે રહેવાની શરૂઆત ન કરે અને આપણે તે ભાગથી આપણો સંબંધ છોડી ન દઇએ. એ વાતનું સ્મરણ રહેવું જોઇએ કે જો ભારતમાં વસવાટ કરતા અંગ્રેજ લોકો ઇંગ્લેંડ સાથેના સંબંધનો ત્યાગ કરીને તે વસાહતને પોતાની માતૃભૂમિ સમજે અને આપણે પણ એ સ્થાનને આપણો જ દેશ ગણીએ તો કેટલાક સમય સુધી અંગ્રેજો અને આપણી વચ્ચે ખેંચતાણ થતી રહેવાની. અંતે એક સમય એવો આવશે કે કાં તો વસાહતી અંગ્રેજ લોકો પોતાનું જાતિત્વ ભૂલીને આપણામાં વિલીન થઇ જાય અથવા આપણે આપણું જાતિત્વ ભૂલીને અંગ્રેજોમાં વિલીન થઇ જઇએ. ત્યારે જે જાતિનો હાથ ઉપર હશે તે તે સ્થાનને પોતાનો

દેશ કહી શકશે. ભગવતી પ્રકૃતિનો સનાતન નિયમ છે કે એક જ ભૂમિ બે જાતિનો દેશ હોઇ શકે નહીં. એક જાતિને પોતાનું જાતિત્વ ત્યાગીને બીજી જાતિમાં વિલીન થઇ જવું પડે છે અથવા તેની ભોગ્યવસ્તુ થઇને રહેવું પડે છે.

## ૨.
## 'જાતિ' શબ્દનો અર્થ

આ અધ્યાયપૂર્વે 'દેશ' શબ્દનું વિવરણ કરવામાં આવ્યું હતું. પરંતુ 'જાતિ' શબ્દનો અર્થ સારી રીતે સમજ્યા સિવાય 'દેશ' શબ્દનો અર્થ સારી રીતે સમજી શકાતો નથી. આથી આ પ્રકરણમાં 'જાતિ' શબ્દનું નિરૂપણ કરવામાં આવશે.

આજે 'જાતિ' શબ્દનો અર્થ અંગ્રેજી શબ્દ 'નેશન' પરથી કરવામાં આવે છે અને તે અનુસાર જ જાતિની પરિભાષા આપવામાં આવે છે. આથી કેટલાકના મત પ્રમાણે

"એક મત અને એક રિવાજને માનનાર, એક ભાષા બોલનાર એક રાજ્યને અધીન રહેનાર જનસમુદાય 'જાતિ' કહેવાય છે.

આપણા દૈશિક શાસ્ત્ર અનુસાર આ યોગ્ય નથી, કારણ કે

૧. સંસ્કાર અને પરિવેશ અનુસાર મનુષ્યનાં વલણો હોય છે, વલણ અનુસાર રુચિ હોય છે, રુચિ અનુસાર મત હોય છે. પરંતુ બધાના સંસ્કાર અને પરિવેશ એક સરખાં હોતાં નથી. આથી ભિન્ન ભિન્ન મનુષ્યોના ભિન્ન મત હોવા સ્વાભાવિક છે. કોઈને જ્ઞાનમાર્ગ, કોઈને યોગમાર્ગ, કોઈને ભક્તિમાર્ગ, કોઈને કર્મમાર્ગ, કોઈને ઉપાસના માર્ગ તો કોઈને બીજો જ કોઈ માર્ગ સારો લાગે છે. કોઈના ઈષ્ટદેવનું એક રૂપ તો કોઈનું બીજું હોય છે. આથી કોઈ પરિષ્કૃત અને ઉન્નતિશીલ સમાજમાં બધાનો એક મત હોઈ શકે નહીં. શું બધા જ અંગ્રેજોનો એ જ મત છે જે મિલનો હતો? અથવા જે મત શોપેનહોએરનો હતો એ જ મત શું બધા જર્મનોનો છે? શું સમસ્ત અમેરિકનો અને બધા ફ્રેન્ચ લોકોનો એક જ મત છે? આથી વિરુદ્ધ કૈલાસ પ્રાંતના વનવાસી અને અસભ્ય જમ્પા લોકોમાં બધાનો એક જ મત જોઈ શકાય છે. કોઈ સભ્ય સમાજમાં સમસ્ત વ્યક્તિઓમાં સમષ્ટિરૂપે એક મતનો પ્રચાર થાય તે તદ્દન અપ્રાકૃતિક વાત છે. ઉદાર અને પરિષ્કૃત સમાજનો મત સંબંધી સિદ્ધાંત સ્વભાવતઃ એવો હોય છે કે,

"रुचीनां वैचित्र्यात् ऋजुकुटिलनाना पथजुषां
नृणामेको गम्यस्तवमसि पयसामर्णव इव ॥"

પ્રથાઓ બને છે દેશ, કાળ, નિમિત્ત અનુસાર. જેવાં દેશ, કાળ અને નિમિત્ત હોય છે તેવી પ્રથા પ્રચલિત હોય છે, પરંતુ આ વિશ્વમાં દેશ, કાળ, નિમિત સર્વત્ર એક સમાન હોતાં નથી. આથી પ્રથાઓ પણ સર્વત્ર એક સમાન હોઈ શકે નહીં. ઉદાહરણ

તરીકે શિવપૂજનની જે પ્રથા રામેશ્વરમાં છે તે કૈલાસમાં હોઈ શકે નહીં અથવા દુર્ગાપૂજાની જે પ્રથા નેપાળમાં છે તે કાશી અને મથુરામાં હોઈ શકે નહીં. આપણી શસ્ત્રપૂજનની જે રીત પહેલાં હતી તે આજે સંભવી શકે નહીં. જે ભારતમાં ક્ષત્રિય અને વૈશ્ય ઋષિ બનવા માટે પ્રયત્નશીલ રહેતા હતા ત્યાં આજે બ્રાહ્મણો રાય સાહેબ બનવાની ચેષ્ટા કરે છે. વળી સંબંધ હોતો નથી એવા દૂર રહેતા લોકોમાં પણ સમાન પ્રથાઓ જોવા મળે છે. તો ક્યાંક એક જ જાતિના લોકોમાં જુદી જુદી પ્રથાઓ જોવા મળે છે. ઈંગ્લેન્ડમાં અંગ્રેજો અને ભારતના ઈસાઈઓમાં ઘણી સમાન પ્રથાઓ જોવા મળે છે તે શું આ સમાન પ્રથાઓ મળી આવવાથી અંગ્રેજ અને હિંદુસ્તાની ઈસાઈઓ એક જાતિના લોકો કહેવાશે ? કૂર્માચલના પંત બ્રાહ્મણોમાં અનેક પ્રથાઓ એવી છે જે એમના સગોત્રી મહારાષ્ટ્રીય પંત બ્રાહ્મણોથી તદ્દન અલગ છે. તો શું પ્રથાઓ ભિન્ન હોવાથી તેમનું જાતિત્વ પણ ભિન્ન થઈ ગયું ? આથી પ્રથાઓનું સમાન હોવું જાતિત્વ માટે કોઈ આવશ્યક બાબત નથી.

(૩) ભાષાનો પણ જાતિત્વ સાથે કોઈ સંબંધ હોતો નથી. કારણ કે ભાષા રાજ્ય, કાળ અને સાહિત્યના પ્રભાવને લીધે નિરંતર બદલાતી હોય છે. જે લોકોનું રાજ્ય હોય છે, મોટે ભાગે તે જ લોકોનાં ભાષા અને સાહિત્યનું ગૌરવ થાય છે. હવાના ઝપાટા સાથે ઉડનારા નિઃસત્વ લોકો એ જ ભાષા અને એ જ સાહિત્યમાં રંગાઈ જાય છે અને પોતાની ભાષા તથા પોતાના સાહિત્યનો ત્યાગ કરીને એ ભાષા અને સાહિત્યને અપનાવી લે છે. જેવો સમય હોય છે તેવાં જ મનુષ્યનાં ભાવના, વલણ અને પરિવેશ હોય છે, જેવાં મનુષ્યની ભાવના, વલણ અને પરિવેશ હોય છે તેવી જ તેમની ભાષા હોય છે. આથી સમય પરિવર્તનની સાથે ભાષામાં પણ પરિવર્તન થતું હોય છે.

સાહિત્ય અને ભાષાનો પણ પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. જે સાહિત્યનો જેટલો પ્રચાર થાય છે તેટલો જ તેની ભાષાનો પણ પ્રચાર થાય છે. આથી ક્યારેક અનેક જાતિના લોકોમાં એક ભાષા એવું થઈ જાય છે. જાતિના શ્રેય માટે એક ભાષાનું હોવું ભલે આવશ્યક હોય પણ જાતિત્વ સાથે એનો કોઈ સંબંધ નથી.

(૪) રાજ્યનો પણ જાતિત્વ સાથે કોઈ સંબંધ નથી. કારણ કે રાજ્ય અત્યંત અનિશ્ચિત વસ્તુ છે. એ નક્કી કહી શકાય નહી કે કયું રાજ્ય, કઈ ભૂમિ પર કેટલા સમય સુધી રહેશે. સમયરૂપી સમુદ્રમાં રાજ્યરૂપી પરપોટા ઉદ્‌ભવતા અને ફૂટતા રહે છે. ક્યારેક એક જાતિ અનેક રાજ્યોમાં વિભક્ત થઈ જાય છે તો ક્યારેક અનેક જાતિઓ એક રાજ્યને આધીન થઈ જાય છે. પરંતુ આ ક્ષણભંગુર રાજ્યરૂપી પરપોટાઓને જાતિત્વ સાથે કંઈ લાગતું વળગતું નથી; જેમ કે કલકત્તા અને

ચંદ્રનગરના બંગાળીઓ બે જુદાં રાજ્યોની પ્રજા હોવાને કારણે બે ભિન્ન જાતિના લોકો કહેવાતા નથી અને અંગ્રેજો અને આપણે એક રાજ્યની પ્રજા હોવાને કારણે એક જાતિના લોકો કહેવાઈએ નહીં. માની લઈએ કે આ મહાયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોનો વિજય થયો અને તેમણે જર્મનીના ટૂકડા કરીને આપસમાં વહેંચી લીધા. તો તેમની આ કૃતિને લીધે શું એક જર્મન જાતિની એટલી જાતિઓ બની જશે ? અથવા સમસ્ત યુરોપમાં જો એક છત્ર રાજ્ય થઈ જાય તો શું યુરોપની સમસ્ત જાતિઓ એકત્રિત થઈને એક જાતિ બની જશે ? રાજ્યના એકીકરણથી જાતિની શક્તિ અવશ્યમેવ વધે છે, પરંતુ જાતિત્વનું મૂળ રાજ્યને કહી શકાય નહીં.

જો એમ કહેવાય કે ઉપરોક્ત વાતો એક એક કરીને જાતિત્વનું મૂળ હોઈ શકે નહીં તો પણ તેમનો સંયોગ જાતિત્વનો આધાર હોય છે. પરંતુ કોઈ વિશાળ અને પરિષ્કૃત જનસમુદાયમાં આવો સંયોગ થવો ઘણો મુશ્કેલ છે; કારણ કે વિચારસ્વાતંત્ર્ય હોવાથી કોઈ સભ્ય જનસમાજના મતસંબંધી વિચાર સમાન હોઈ શકે નહીં. દેશ કાળ નિમિત્તમાં પણ ફેર હોવાથી રીતરિવાજોમાં પણ નિત્ય સાર્વત્રિક સમાનતા હોવી મુશ્કેલ છે, ભાષા અને રાજ્યમાં પણ નિત્ય પરિવર્તન થતું જ હોય છે. તેથી તેમનો સંયોગ હોવા છતાં પણ કેટલાક જનમસમુદાયોમાં જાતિત્વનો અભાવ હોય છે. આપણા અનેક ઈસાઈઓ એવા છે જે અંગ્રેજોનો મત માન્ય રાખે છે, તેમના રીતરિવાજો પાળે છે, તેમના રાજ્યની પ્રજા છે, એમની ભાષા બોલે છે. તો શું આ ચાર વાતોનો સંયોગ થવાથી અંગ્રેજો અને હિન્દુસ્તાની ઈસાઈ એક જાતિના લોકો કહેવાશે ? અથવા કૂર્માચલી પાંડેય અને એમના સગોત્રી નેપાલી પાંડેય એટલા માટે બે જાતિના લોકો કહેવાશે કારણ કે તેમનું રાજ્ય અને ભાષા તથા રિવાજો ભિન્ન છે?

આથી મતસંબંધી, રીતિસંબંધી, ભાષાસંબંધી અને રાષ્ટ્રસંબંધી એકતા જાતિત્વનો આધાર માની શકાય નહીં.

કેટલાકના મત પ્રમાણે જે જનસમુદાયની અધિકાંશ વ્યક્તિઓમાં દૈશિક વિચારોમાં સમાનતા હોય છે તેને જાતિ કહે છે.

પરંતુ કેટલાક જનસમુદાયની અધિકાંશ વ્યક્તિઓમા દૈશિક બુદ્ધિ માત્ર અભ્યુદયકાળે જ ઉત્પન્ન થાય છે. અધઃપતનના સમયે અધિકાંશ વ્યક્તિઓમાં સ્વાર્થબુદ્ધિને કારણે દૈશિક વિચાર દબાયેલા હોય છે. આથી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આવો દૈશિક વિચારશૂન્ય જનસમાજ જાતિ કહેવાય કે નહીં ? તેથી ઉલટું નિમિત્ત વિશેષને પરિણામે ક્યારેક ભિન્ન ભિન્ન જાતિઓની અધિકાંશ વ્યક્તિઓમાં દૈશિક વિચારોમાં ભેદ પ્રવર્તે છે. આ મહાયુદ્ધમાં અધિકાંશ અંગ્રેજ અને અધિકાંશ ફ્રેન્ચ લોકોના વિચારો ઘણા સમાન થઈ ગયા છે તો શું એને લીધે અંગ્રેજ અને ફ્રેંચોમાં એક

જાતિત્વ ઉત્પન્ન થઈ ગયું ? અથવા જુદા જુદા દેશોના સામ્યવાદીઓ અર્થાત્ સોશ્યાલિસ્ટ માત્ર એક પ્રકારના દૈશિક વિચાર હોવાથી શું એક જ જાતિના લોકો કહેવાશે ? આમ દૈશિક વિચારોનું ઐક્ય પણ જાતિત્વનું મૂળ હોઈ શકે નહીં.

કેટલાકના મતાનુસાર એક અર્થસૂત્રમાં ગૂંથાયેલો જનસમુદાય જાતિ કહેવાય છે.

પરંતુ મહંદેશ એવું જોવામાં આવ્યુ છે કે મનુષ્યોના અર્થો અસંખ્ય હોય છે, અને દેશ કાળ નિમિત્ત પ્રમાણે હંમેશાં બદલાતા રહે છે. આથી જ્યાં સુધી એ નિશ્ચિત ન થઈ જાય કે તે અર્થ કયા છે જે એક સૂત્રમાં ગૂંથાયેલા રહેવાથી મનુષ્યનું જાતિત્વ હોય છે, ત્યાં સુધી જાતિ શબ્દની વ્યાખ્યા બરાબર સમજી શકાતી નથી. એક અઘરા શબ્દને સ્થાને અનેક અઘરા શબ્દો મૂકી દેવાથી કોઈ વ્યાખ્યા બની શકે નહીં. જો ઉક્ત 'અર્થ' શબ્દનું તાત્પર્ય મત, રીત, ભાષા અને રાજ્ય મનાય તો એ પહેલાં સિદ્ધ થઈ ચૂક્યું છે કે તેનો જાતિત્વ સાથે કોઈ સંબંધ હોતો નથી. જો તેનું તાત્પર્ય શાસન હોય તો જાતિ એક ભીની માટીના લોંદો બની જાય. જેમ ભીની માટીના જોઈએ તેટલા ટુકડા બની શકે અને જોઈએ તેટલા ટુકડા જોડીને એક મોટો ટુકડો બની શકે તે જ રીતે એક જાતિની અનેક જાતિઓ અને અનેક જાતિઓની એક જાતિ બની શકે છે, કારણ કે કંઈક નીતિ, કંઈક શક્તિ અને કંઈક ચાતુર્યથી એક શાસન સંબધી અર્થના અનેક અર્થો અને અનેક શાસન સંબંધી અર્થોનો એક અર્થ થઈ શકે છે. અકબરના ચાતુર્યે રાજસ્થાનના કેસરિયા વીરોના શાસન સંબંધી એક અર્થને અનેક નાના નાના અર્થોમાં વિભક્ત કરી દીધો હતો અને બિસ્માર્કની કુશળતાથી અનેક જર્મન રિયાસતોના નાના નાના શાસનસંબંધી અર્થોને જોડીને એક અર્થ બનાવ્યો હતો.

પહેલાં કહેવાઈ ગયું છે કે, દેશ કાળ નિમિત્ત અનુસાર મનુષ્યોના અર્થ હોય છે, પરંતુ બધા મનુષ્યનાં દેશ કાળ નિમિત્ત હંમેશાં એક રહી શકતાં નથી. બે સગાભાઈઓનાં દેશ કાળ નિમિત્તમાં પણ ઘણે ભાગે ઐક્ય રહેતું નથી તો બીજાની તો વાત જ શું કરવી? આથી કોઈ જનસમુદાયની બધી વ્યક્તિઓનું હંમેશા એક અર્થસૂત્રમાં ગૂંથાયેલા રહેવું તે અશક્ય બાબત છે. ઉલટું તેમનામાં અર્થવૈપર્યય એ જ સ્વાભાવિક છે. કુરુક્ષેત્ર તરફ જુઓ જ્યાં કુરુનું કુરુથી, ગુરુનું શિષ્યથી, પિતામહનું પૌત્રથી, મામાનું ભાણિયાથી, યદુનાથનું યાદવ સેનાથી અર્થવૈપર્યય થયું છે. સને ૧૮૫૭ની જ વાત લો. ક્યાંક હિન્દુ અને મુસલમાન એક મન બે શરીર થઈને કંપનીના વાવટાને નીચે પાડી રહ્યા છે. તો ક્યાંક એ વાવટાને ઊંચો રાખવા હિન્દુ વિરૂદ્ધ હિંદુ અને મુસલમાન વિરદ્ધ મુસલમાન તલવાર તાણી રહ્યા છે, યુરોપમાં જુઓ તો ત્યાં પણ ક્યાંક તો પોપના આધિપત્ય નીચે દક્ષિણના અનેક રાષ્ટ્રો એક અર્થસૂત્રમાં ગૂંથાઈ રહ્યા છે તો ક્યાંક એક રાષ્ટ્રમાં જ બહેન વિરૂદ્ધ બહેન સૈન્યની જમાવટ કરી રહી છે. ફ્રાંસની

વધતી જતી શક્તિને રોકવા માટે ક્યારેક જર્મનીની ટિડ્ડીદલ સેના ઈંગ્લેન્ડની મદદે આવી રહી છે તો ક્યારેક જર્મનીનો નાશ કરવા માટે ઈંગ્લેન્ડ ફ્રાંસની મદદ કરી રહ્યું છે. એક સમય એવો હતો કે જ્યારે ઈસાઈ રાષ્ટ્રો એક થઈને મહમ્મદી વાવટાને ઉખાડી નાખવા ઈચ્છતાં હતાં અને આજે એ સમય છે કે જ્યારે એક ઈસાઈ રાષ્ટ્ર મુસલમાન રાષ્ટ્રની સહાયતાથી બીજા ઈસાઈ રાષ્ટ્રને નીચું દેખાડવા ઈચ્છે છે.

આમ અર્થૈક્યને પણ જાતિત્વનું આધાર સમજી શકાય નહીં.

જાતિની આ પ્રકારે બીજી અનેક પરિભાષાઓ આપવામાં આવી છે જેમનું વિવેચન અહીં થઈ શકે નહીં. પરંતુ અપાયેલી કે અહીં ન અપાયેલી બધી જ પરિભાષાઓનો સાર એ છે કે જાતિત્વ એ કૃત્રિમ પદાર્થ છે, બનાવવાથી બની શકે છે, બગાડવાથી બગડી શકે છે. વધારવાથી વધી શકે છે, ઘટાડવાથી ઘટી શકે છે. શક્ય છે કે નેશનાલિટી (Nationality) આવો જ કૃત્રિમ પદાર્થ હોય. નેશન (Nation) શબ્દની આ પરિભાષાઓ સાચી હશે; પરંતુ આપણે નેશન શબ્દ સાથે કંઈ લેવા દેવા નથી, આપણે નેશન શબ્દની વ્યાખ્યા કરવી નથી, આપણું પ્રયોજન છે 'જાતિ' શબ્દ સાથે.

આપણા દૈશિક શાસ્ત્ર અનુસાર જાતિ સહજ, સાવયવ, આધિજીવિક સૃષ્ટિ છે. અર્થાત્ મનુષ્યોના કૃત્રિમ ઉપાયોથી ન તો જાતિ બને છે કે ન તો નષ્ટ થાય છે. એનાં ઉત્પત્તિ અને વિનાશ ભગવતી પ્રકૃતિની ઈચ્છાનુસાર થતાં હોય છે. જે શીલ, જે વલણો જીવધારી પદાર્થોનાં હોય છે તે જ શીલ, તે જ વલણો જાતિઓનાં પણ હોય છે. જે કારણો અને જે રીત વડે સજીવ પદાર્થોનો આર્વિભાવ અને તિરોભાવ થાય છે તે જ કારણો અને તે જ રીતોથી જાતિઓનો પણ આર્વિભાવ અને તિરોભાવ થાય છે. જે માટે થઈને જીવધારી પદાર્થોની સૃષ્ટિ હોય છે તેને માટે જ જાતિઓની પણ સૃષ્ટિ હોય છે. એ કલ્પના તદ્દન મિથ્યા છે કે સૃષ્ટિના આરંભે એક જ પ્રાણી અથવા મનુષ્ય સ્ત્રી પુરુષનું એક જ મિથુન હતું. એ જ એક મિથુનમાંથી અસંખ્ય સ્ત્રી પુરુષ ઉત્પન્ન થતાં ગયાં. ધીરે ધીરે તે એટલા વધી ગયા કે સમસ્ત ભૂમંડલમાં તેમનો પ્રસાર થયો. કાળાંતરે એ જ એક મૈથુનિક સૃષ્ટિના વિભાગમાંથી ભિન્ન ભિન્ન જાતિઓ બનતી ગઈ. આપણા આચાર્યોના સિદ્ધાંત અનુસાર સૃષ્ટિના આરંભમાં વિશેષ પ્રકારની માનસિક પ્રવૃત્તિ ધરાવતા ભિન્ન ભિન્ન અમૈથુનિક જનસમુદાય ઉત્પન્ન થયા, કેટલાક સમય સુધી આવી અમૈથુનિક સૃષ્ટિ સર્જાતી રહી. આ અમૈથુનિક સૃષ્ટિમાં જેમની માનસિક પ્રવૃત્તિ એક પ્રકારની હતી તે સ્વાભાવિક રીતે એક સાથે રહેવા લાગ્યા. કાલાંતરે સૃષ્ટિક્રમ બદલાયો. એ એક પ્રકારની માનસિક પ્રવૃત્તિ ધરાવતા અમૈથુનિક લોકોના મિથુનમાંથી એવી જ માનસિક પ્રવૃત્તિ ધરાવતા લોકો ઉત્પન્ન થવા લાગ્યા.

સ્વેદજ નામના અનેક જીવોની સૃષ્ટિ હજુ સુધી આ રીતે જ થાય છે. યૂકા અર્થાત જૂ આનું ઉદાહરણ છે. વાયુમાં રહેનારા વિશેષ પ્રકારના અણુજીવોને સ્વેદ મળે છે ત્યારે તેમના શરીરમાં અમૈથુનિક જૂ ઉત્પન્ન થાય છે. પછી તે અમૈથુનિક જૂઓના મિથુનમાંથી એ જ પ્રકારની, તેવા જ ગુણ ધરાવતી મૈથુનિક યૂકા ઉત્પન્ન થવા લાગે છે. આ રીતે જ મનુષ્યની પણ ઉત્પત્તિ થઈ. પરંતુ અનેક પ્રાકૃતિક નિમિત્તોને કારણે મનુષ્યોની તે આદિમ માનસિક પ્રવૃત્તિઓમાં કેટલુંક પરિવર્તન થઈ જાય છે. જે એક પ્રકારની માનસિક પ્રવૃત્તિ ધરાવતા લોકોને એક પ્રકારના પ્રાકૃતિક નિમિત્તો મળ્યાં તેમનું એ આદિમ માનસિક પ્રવૃત્તિમાં પરિવર્તન પણ એક જ પ્રકારે થયું. અર્થાત્ તેમની પરિવર્તિત માનસિક પ્રવૃત્તિ પણ એક જ પ્રકારની રહી. આ રીતે ઉત્પન્ન થયેલી માનસિક પ્રવૃત્તિ ધરાવતા જે જનસમુદાયને એક જ પ્રકારનાં પ્રાકૃતિક નિમિત્ત મળ્યાં તેને આપણા દૈશિક શાસ્ત્રમાં જાતિ નામ અપાયું.

જેમ વ્યક્તિઓમાં અનેક તત્ત્વો હોય છે તે જ પ્રમાણે જાતિઓનાં પણ અનેક તત્ત્વો હોય છે. તેમાં બે તત્ત્વો મુખ્ય મનાય છે. એક ચિતિ અને બીજું વિરાટ.

સૃષ્ટિના આરંભે પ્રત્યેક અમૈથુનિક જનસમુદાયની જે વિશેષ પ્રકારની માનસિક પ્રવૃત્તિ હોય છે અને વંશાનુક્રમે વારસા રૂપે જેને એની મૈથુનિક સંતતિ પ્રાપ્ત કરે છે તે ચિતિ કહેવાય છે. આ ચિતિ જાતિની પ્રત્યેક વ્યક્તિમાં પરમ સુખની ભાવનારૂપે રહે છે, આ સુખની તુલનામાં તે બધાં સુખોને તુચ્છ ગણે છે, આ સુખ માટે તે અન્ય બધાં જ સુખોનો ત્યાગ કરવા તત્પર હોય છે. પરંતુ આ ચિતિ બધી જ વ્યક્તિઓમાં હંમેશાં એક જ પ્રકારે વ્યાપ્ત રહેતી નથી. અભ્યુદયકાળમાં ચિતિ જાતિની સમસ્ત અથવા અધિકાંશ વ્યક્તિઓમાં વ્યાપ્ત રહે છે અને અધઃપતનના સમયમાં માત્ર શુદ્ધવંશની કુલની વ્યક્તિઓની હૃદયરૂપી ગુફામાં આશ્રય લે છે. જે વ્યક્તિમાં જેટલું શુદ્ધ જાતીય રક્ત અસ્તિત્વમાં હોય છે તેમાં તેટલો ચિતિનો પ્રકાશ હોય છે, જે વ્યક્તિમાં જેટલી સંકરતા હોય છે તેમાં તેટલો ચિતિનો અભાવ હોય છે. આ ચિતિની ઝલક જાતિની પ્રત્યેક બાબતમાં દેખાઈ આવે છે. એના સમસ્ત વ્યાપાર, સર્વે ગતિવિધિ, અખિલ કર્મો આ ચિતિના પ્રકાશથી ચૈતન્યમય રહે છે. ચિતિ વડે જાતિના ચારિત્ર્યનું પણ અનુમાન થઈ શકે છે. જેવી ચિતિ હોય છે તેવા જ જાતિમાં ગુણ પણ હોય છે. જ્યાં સુધી ચિતિ જાગૃત અને નિરામય રહે છે ત્યાં સુધી જાતિનો અભ્યુદય થતો રહે છે. ચિતિનું તિરોધાન થતાં અથવા તેમાં કોઈ પ્રકારની અવ્યવસ્થા પેદા થતાં જાતિનું અધઃપતન થવા માંડે છે. ચિતિનો લોપ થઈ જતાં જાતિ નિશ્ચેતન શરીર પ્રમાણે નિષ્પ્રાણ, નિષ્ક્રિય બની નષ્ટ થઈ જાય છે. આવી ચિતિશૂન્ય જાતિ માટે બીજાની ભોગ્ય વસ્તુ થવા સિવાય અન્ય કોઈ માર્ગ રહેતો નથી. જ્યારે કોઈ જાતિની ચિતિ અંતર્હિત થવા લાગે છે ત્યારે

અનાયાસે જ એ જાતિના અધઃપતનનું અનુમાન થઈ જાય છે. ત્યારે એ સમજી લેવું જોઈએ કે તે જાતિનું કાર્ય પૂર્ણ થયું છે. હવે ભગવતી પ્રકૃતિને તેની આવશ્યકતા રહી નથી અને જયારે કોઈ પતિત જાતિમાં અંતર્લીન થઈ ચૂકેલી ચિતિનો પુનઃ આવિર્ભાવ થવા માંડે ત્યારેં એ સમજી લેવું જોઈએ કે તે જાતિનો પુનરોદય થાય છે. આ ચિતિ જાતિરૂપી શરીરમાં ચૈતન્ય છે. આથી આપણા આચાર્યોના મતાનુસાર એક ચિતિ અને એક પ્રકારના પ્રાકૃતિક નિમિત્તવાળો જનસમુદાય જાતિ કહેવાય છે.

ચિતિ દ્વારા જાગૃત અને એકીભૂત થયેલી સમષ્ટિની પ્રાકૃતિક ક્ષાત્રશક્તિ અર્થાત અનિષ્ટોથી રક્ષણ કરવાની શક્તિ વિરાટ કહેવાય છે. જે રીતે પ્રકૃતિએ શાકાહારી જીવોને ચાવવા માટે ચપટા દાંત અને માંસાહારી જીવોને નખોરિયાં ભરવા માટે અણીદાર તીણા નખ અને તીક્ષ્ણ દાંત આપ્યા છે, તેમ જ તેણે આત્મરક્ષા માટે એકાકી જીવોને વિશેષ શારીરિક ક્ષમતા આપી છે અને સામાજિક જીવોને એક વિશેષ પ્રકારનું સહાનુભૂતિ યુક્ત તેજ આપ્યું છે, જે વ્યક્તિને સમાજના હિત માટે આત્મત્યાગ કરવા પ્રેરિત કરે છે. જેથી વ્યક્તિઓમાં પરસ્પર સહાનુભૂતિ રહે છે અને સમષ્ટિના રક્ષણાર્થે વ્યક્તિગત શક્તિ ઓછા વધતા પ્રમાણમાં એકીભૂત થઈને કેન્દ્રસ્થ રહે છે. આ વિરાટ વ્યક્તિઓના હૃદયમાં ચિતિના પ્રકાશથી જ જાગૃત થાય છે. ચિતિ અદશ્ય થતાં જ વિરાટનો પણ ક્ષય થવા લાગે છે. આ વિરાટ જાતિરૂપી શરીરનો પ્રાણ છે. જેમ મનુષ્ય શરીરમાં સમસ્ત માનસિક અને શારીરિક શક્તિઓ એક જ પ્રાણનું રૂપાંતર હોય છે તે જ પ્રમાણે જાતિની સમસ્ત દૈશિક ગતિવિધિઓ તે એક જ વિરાટનું રૂપાંતર હોય છે, જેમ શરીરમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી જ તેમાં અન્ન દ્વારા શક્તિસંચય થતો હોય છે, પરંતુ પ્રાણ નીકળી ગયા પછી જેમ શરીરનાં તત્ત્વો તે શરીરને માટે ઉપોયગી ન રહેતાં કોઈ બીજા શરીરના કામમાં આવે છે તે જ પ્રમાણે જ્યાં સુધી જાતિમાં વિરાટ રહે છે ત્યાં સુધી દેવો તેને પોતપોતાની શક્તિ આપતા રહે છે, પરંતુ વિરાટના ચાલી જવાથી તે જાતિ શક્તિહીન થઈ જાય છે, તેનાં બળ બુદ્ધિ પોતના કામમાં આવવાને બદલે કોઈ બીજી જાતિના કામમાં આવે છે. જ્યાં સુધી વિરાટ હોય છે ત્યાં સુધી તે જાતિનું સ્વાસ્થ્ય પણ ઠીક રહે છે અને જયારે મિથ્યા આચાર વિચારને કારણે અથવા તેનો પ્રલય સમય ઉપસ્થિત થવાને કારણે વિરાટમાં ગરબડ થવાની શરૂઆત થાય છે ત્યારે જાતિરૂપી શરીરમાં સ્વાર્થરૂપી મહાવ્યાધિ ઉત્પન્ન થઈ જાય છે. તેનાં બધાં અંગો નિસ્તેજ અને સહાનુભૂતિ વગરનાં થઈ જાય છે. બધા પોતપોતાનો જ વિચાર કરે છે. તે એકદમ નિર્બળ થઈ જાય છે. તેની પ્રતિકાર શક્તિ નાશ પામે છે. પ્રતિકાર શક્તિ નાશ પામવાથી તે અનાયાસે જ અનેક દોષોનો શિકાર બને છે. તેમાં અનેક વ્યાધિઓ ઉત્પન્ન થવા લાગે છે. નિરંતર તેનું પતન થતું રહે છે.

જેમ જુદાં જુદાં કાર્યો માટે પ્રાણ શરીરમાં જુદા જુદા પ્રકારની ઇંદ્રિય, ઉપઈન્દ્રિય, અવયવ અને ઉપઅવયવ ઉત્પન્ન કરીને તેમના દ્વારા ભિન્ન ભિન્ન રૂપે પોતે જ કાર્ય કરે છે તે જ પ્રમાણે જુદાં જુદાં કાર્યો માટે વિરાટ જાતિમાં જુદાં જુદાં પ્રકારના વર્ણ ઉપવર્ણ અર્થાત્ જુદી જુદી પ્રવૃત્તિના લોકોને ઉત્પન્ન કરીને તેમના દ્વારા જુદા જુદા રૂપે પોતે જ કાર્ય કરતો રહે છે. જ્યાં સુધી જાતિના ઉપરોક્ત અવયવ પોતપોતાના કાર્યમાં તત્પર હોય છે ત્યાં સુધી તે અનામય રહે છે. પ્રતિકૂળ કારણોથી તેમાં વિપર્યાસ થઈ શકતો નથી. પરંતુ સ્વાર્થવશાત જ્યારે તે અંગો પોતપોતાના કર્તવ્યથી વિમુખ થવા માંડે છે ત્યારે તેની એ જ દશા થાય છે જે ઈંદ્રિયો કામ કરતી બંધ થતાં શરીરની થાય છે. વિરાટના તેજને લીધે જ વર્ણ અને ઉપવર્ણ પોતપોતાનાં કાર્યોમાં તત્પર રહે છે. તેના અદશ્ય થવાની સાથે જ તેમાં સ્વાર્થ આવી જાય છે. પ્રત્યેક વર્ણ પોતાના ધર્મનો ત્યાગ કરીને બીજા વર્ણોની વિભૂતિને અપનાવવા ઈચ્છે છે.

પ્રત્યેક જાતિ ભગવતી પ્રકૃતિના કોઈને કોઈ કાર્યવિશેષ માટે ઉત્પન્ન થાય છે. જ્યારે તે કાર્ય પૂર્ણ થઈ જાય છે અને પ્રકૃતિને તેની આવશ્યકતા રહેતી નથી ત્યારે તે અંતર્ધાન થઈ જાય છે, અથવા તેનો લોપ થઈ જાય છે. જેમ આપણે જાણતા નથી એવા જેને કોઈ જગતની અભ્યુન્નતિ તો કોઈ પુનરાવૃત્તિ કહે છે એવા કોઈ કાર્ય વિશેષ માટે મહામાયાએ પશુ,પક્ષી અને વનસ્પતિની જુદી જુદી જાતિઓ ઉત્પન્ન કરી છે; તે જ રીતે એણે કાર્ય વિશેષ માટે મનુષ્યોની પણ ભિન્ન ભિન્ન જાતિઓ ઉત્પન્ન કરી છે. જ્યારે કોઈ જાતિનું કાર્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે તે અંતર્ધાન થઈ જાય છે અથવા તેનો લોપ થઈ જાય છે.

હવે પ્રશ્ન એ છે કે ક્યારે કઈ જાતિ અંતર્ધાન થાય છે અને ક્યારે કઈ જાતિનો લોપ થઈ જાય છે. જ્યારે કોઈ જાતિનું કાર્ય એક વાર પૂર્ણ થઈ જાય છે પરંતુ ભવિષ્યમાં અનેક વાર તેની આવશ્યકતા રહેવાની હોય છે તે જાતિ અંતર્ધાન થઈ જાય છે, તો જ્યારે કોઈ જાતિનું કાર્ય એકવાર પૂર્ણ થઈ જાય છે અને ભવિષ્યમાં તેની આવશ્યકતા પણ રહેતી નથી તેનો નાશ થઈ જાય છે. તેમાં શુદ્ધવંશના લોકો રહી શકતા નથી, તેમાંથી સંકર જાતિઓ ઉત્પન્ન થવા માંડે છે. જેમ વિશ્વમાં અનેક ઔષધિઓ એવી હોય છે જેની આવશ્યકતા પ્રકૃતિને વચ્ચે વચ્ચે હોય છે, પરંતુ નિરંતર નથી હોતી. જ્યારે જ્યારે પ્રકૃતિને તેની આવશ્યકતા હોય છે ત્યારે ત્યારે તેમનામાં પ્રાણ જાગૃત હોય છે જેથી તે હરીભરી રહે છે અને જ્યારે પ્રકૃતિને તેની આવશ્યકતા રહેતી નથી ત્યારે તેનું ઓજ તેમાં અંતર્લીન થઈ જાય છે જેથી તે નીરસ અને ઠૂંઠા જેવી થઈ જાય છે. એ જ રીતે અનેક જાતિઓ એવી હોય છે જેમનો વારવાંર ઉદય અને વારંવાર અવપાત થતો રહે છે. જ્યારે પ્રકૃતિ તેમની પાસેથી કોઈ કાર્ય કરાવવા ઈચ્છે છે ત્યારે તેમનામાં

ચિતિ અને વિરાટ જાગૃત થઈ જાય છે, જેને પરિણામે તેમનામાં અનેક રથી અને મહારથી ઉત્પન્ન થાય છે, તેથી તે જાતિઓ ઘણી પ્રતાપી થઈ જાય છે, સર્વત્ર તેની યશપતાકા લહેરાવા લાગે છે, અને જ્યારે જેને માટે તે જાતિઓ ઉત્પન્ન થઈ હતી તે કાર્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે પ્રકૃતિને તેની આવશ્યકતા રહેતી નથી. આથી તે દરમિયાન તે જાતિઓની ચિતિ અને વિરાટ અંતર્લીન થવા માંડે છે. જેથી તે જાતિઓમાં મહાપુરુષો ઉત્પન્ન થતા અટકી જાય છે અને જે ઉત્પન્ન થઈ જાય છે તે અલ્પાયુ હોય છે અથવા અનુકૂળ નિમિત્ત ન મળવાથી તે પ્રયાસ હંમેશાં નિષ્ફળ રહે છે. વીર, મનસ્વી અને કુલીન લોકો પાછા પડી જાય છે, ભીરુ (છદ્મચારી) અને (પાખંડી) નીચ લોકો અગ્રેસર થઈ જાય છે, જેથી જાતિ નિસ્તેજ અને છિન્નભિન્ન થઈ જાય છે, શુદ્ધવંશની શ્રેષ્ઠ વ્યક્તિઓમાં ચિતિ ભસ્મથી આચ્છાદિત સ્ફુલિંગની જેમ અસ્તિત્વમાં તો રહે જ છે. અનુકૂળ નિમિત્ત ઉપસ્થિત થતાં જ આ જ ચિનાગરી વડે સમસ્ત જાતિ ફરીથી તેજોમય થઈને જાગૃત થઈ જાય છે. તેમાં વિરાટનો પુનઃસંચાર થવા લાગે છે. તેમાં ફરીથી એવા જ મહાત્માઓ જન્મ લે છે. જાતિમાં તેમને માન પ્રાપ્ત થવા માંડે છે અને તેઓ જ અગ્રેસર મનાય છે. પરંતુ એવી જાતિઓ વિશ્વમાં ઘણી ઓછી હોય છે જેની આવશ્યકતા પ્રકૃતિને વારંવાર પડે છે. વધારે તો એવી જ જાતિઓ હોય છે જેમની આવશ્યકતા પ્રકૃતિને એક જ વાર હોય છે. જેને માટે આવી જાતિઓ ઉત્પન્ન થાય છે તે કાર્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે તેમનામાં અત્યંત કામુક દુર્બળતા આવી જાય છે. જેને કારણે તેમનામાં અન્ય જાતિઓના સંસર્ગથી સંકર, એ જાતિઓનો અન્ય સંકર જાતિઓ સાથે સંસર્ગ થવાથી બીજી નવી જ સંકર જાતિ ઉત્પન્ન થાય છે. આવું અનેકવાર થવાથી કાલાંતરે તેમનામાં આદિ જાતિના ચિતિ, ગુણ અને પિંડનો પૂર્ણતયા અભાવ થઈને ભિન્ન ચિતિ, ભિન્ન ગુણ અને ભિન્ન પિંડ ધરાવતી એક તદ્દન નવીન જાતિ ઉત્પન્ન થઈ જાય છે.

ભગવતી મહામાયાના રાજ્યમાં નિરંતર પરિવર્તન થતું રહે છે, કોઈ બે પળ પણ એવી નથી હોતી જે એક સમાન હોય. નિત્ય નવી સૃષ્ટિ, નવી વાત, નવા નવા જીવોની ઉત્પત્તિ અને જૂનાનો લોપ થતો રહે છે. એ જ રીતે નવીન માનવ જાતિઓનો આર્વિભાવ અને પ્રાચીનોનો તિરોભાવ થતો રહે છે. આ ભગવતી પ્રકૃતિનો સનાતન નિયમ છે.

જાતિઓના ઉદય કે અવપાતની પૂર્વે વિરાટનો ઉદય કે અવપાત થતો હોય છે. વિરાટનો ઉદય કે અવપાત થાય છે ચિતિના આર્વિભાવ કે તિરોભાવ દ્વારા. આ જ ચિતિ દ્વારા વ્યક્તિનાં સુખ દુઃખનો જાતિનાં સુખ દુઃખ સાથેનો સંબંધ હોય છે. કોઈ જાતિની શુદ્ધ વંશ ધરાવતી કોઈ બે વ્યક્તિઓ જ લો. પછી ભલે એક રાજા હોય ને

બીજી રંક, તે બન્નેનાં વલણ, માનસિક અવસ્થા અને સુખ દુઃખ સમાન જોવા મળશે, ભલે એકને અનાયાસ દિવ્ય ભોજન મળતું હોય અને બીજીને મહેનત કરીને લૂખોસૂકો રોટલો ભોજનના તફાવતને કારણે તેમની પ્રવૃત્તિ અને માનસિક અવસ્થાઓમાં કોઈ ભેદ હોતો નથી. ભોજન પર પશુઓનાં સુખ દુઃખ નિર્ભર હોય છે, મનુષ્યનાં સુખદુઃખ નિર્ભર હોય છે ચિતિ પર.

ચિતિ અનુસાર જાતિના ગુણ હોય છે. જે પ્રકારની ચિતિ હોય છે તે જ પ્રકારની જાતિની કામના, તે જ પ્રકારનો તેનો સ્વભાવ, તેવું જ તેમનું આયુષ્ય અને એવો જ તેનો પ્રભાવ હોય છે.

ચિતિ બે પ્રકારની હોય છે, એક દૈવી અને બીજી આસુરી.

વિષયસુખો કરતાં શ્રેષ્ઠ સુખોવાળી ચિતિ દૈવી ચિતિ કહેવાય છે. વિષય સુખવાળી ચિતિ આસુરી ચિતિ કહેવાય છે.

દૈવી ચિતિવાળી જાતિના ગુણ સાત્ત્વિક, કામના વિશ્વજન્ય બુદ્ધિ, સ્વભાવ ઉમદા, આયુ દીર્ઘ, પ્રભાવ શ્રેષ્ઠ ગુણોત્પાદક હોય છે. આવી જાતિની આવશ્યકતા પ્રકૃતિને વારંવાર પડતી હોય છે. આવી જાતિમાં નિમ્ન લિખિત વિશેષતા હોય છે.

(૧) ખરાબ સમય આવતાં કે વિકાર ઉત્પન્ન થતાં પોતાની જાતિશુદ્ધિ જાળવી રાખવી.

(૨) અન્ય જાતિઓ સાથે હંમેશાં ભેદભાવ સાચવી રાખવો. શ્રેષ્ઠ જાતિઓમાં આ ગુણ મુખ્ય હોય છે. આથી દિગ્વિજય માટે જ્યારે સિકંદરે પૂર્વ તરફ પ્રસ્થાન કર્યું ત્યારે એરિસ્ટોટલે તેને અન્ય જાતિઓ સાથે ભેદભાવ સાચવી રાખવાનો મુખ્ય ઉપદેશ આપ્યો હતો.

(૩) શુદ્ધ વંશના લોકોનું આધિકય હોવું અર્થાત્ એવા લોકોની સંખ્યા વધારે હોવી જેમનામાં અંતર્લીન થયેલી ચિતિના સંસ્કાર અસ્તિત્વમાં હોય

(૪) જાતિસંકરો કરતાં કુલીન લોકોનું વધારે સદ્‌ગુણી હોવું.

(૫) અભ્યુદય કાળમાં દૈવીસંપદા અને સમીકરણ શક્તિનું હોવું.

(૬) અવપાત કાળમાં તિતિક્ષા અને પ્રતિરોધ શક્તિનું હોવું.

(૭) સમૃદ્ધિ અથવા વિપત્તિમાં ચિતિનું વિકૃત ન થવું.

(૮) વિજાતીય ઉત્કર્ષથી ચિતિનું દૂષિત ન થવું.

આસુરી ચિતિવાળી જાતિના ગુણ રાજસ, કામના વિષયભોગ, સ્વભાવ નીચ, આયુ અલ્પ, અને પ્રભાવ નીચ ગુણોત્પાદક હોય છે. આવી જાતિઓમાં નિમ્નલિખિત વિશેષતાઓ હોય છે.

(૧) જાતિશુદ્ધિ સાચવી રાખે તેવી શક્તિનું ન હોવું.

(૨) અન્ય જાતિઓ સાથે ભેદભાવ જાળવી રાખવાની શક્તિ ન હોવી.
(૩) જાતિસંકરોનું આધિક્ય હોવું, અર્થાત્ એવા લોકોની સંખ્યા વધારે હોવી જેમનામાં ચિતિનો લોપ થઈ ગયો છે.
(૪) કુલીન લોકો કરતાં જાતિસંકરોનું વધારે સદ્‌ગુણી હોવું.
(૫) અભ્યુદયકાળમાં આસુરી સંપદા અને પ્રત્યાકરણનું હોવું.
(૬) અવપાતકાળમાં અતિતિક્ષા અને પ્રતિરોધ શક્તિનો અભાવ હોવો.
(૭) સમૃદ્ધિ અને વિપત્તિમાં ચિતિનું વિકૃત થઈ જવું.
(૮) વિજાતીય ઉત્કર્ષથી ચિતિનું દૂષિત થવું.

એક સમયે તો બધાનો જ ઉદય થાય છે, આથી આવી જાતિનો પણ એક સમયે ઉદય થવો સામાન્ય છે, પરંતુ તેનો ઉદય ઉલ્કાની જેમ સંસારને દુઃખ આપવા માટે થતો હોય છે. આવી જાતિનો ઉદય એક જ વાર થાય છે. તે પણ થોડા સમય માટે જ. ભગવતી પ્રકૃતિ આવી જાતિનો વિનાશ ક્યારેક તેની પ્રતિસ્પર્ધક જાતિને પ્રબળ બનાવીને કરે છે, ક્યારેક તેની બુદ્ધિ ભ્રષ્ટ કરીને, ક્યારેક તેની વ્યક્તિઓને નિઃસત્વ અને અલ્પાયુ બનાવીને, ક્યારેક તે જાતિની કુલીન વ્યક્તિઓને વંધ્ય બનાવીને, ક્યારેક બીજી જાતિના સમાગમ દ્વારા તેમાં જાતિસંકરો ઉત્પન્ન કરીને, તો ક્યારેક કોઈ બીજા ઉપાયથી.

આપણા દૈશિકશાસ્ત્ર અનુસાર દેશ અને જાતિના અર્થોનું મનન કરવાથી એ તાત્પર્ય મળે છે કે દેશરૂપી વસ્ત્ર ધારણ કરેલા જાતિરૂપી શરીરનો આત્મા ચિતિ છે. સંક્ષેપમાં જાતિનું વિવેચન થઈ ગયું છે. વિશેષ વિવેચન ઉત્તરાર્ધમાં કરવામાં આવશે.

## ૩.
## દૈશિક ધર્મનો અર્થ

આ પહેલાં કહેવાઈ ગયું છે કે દેશનું રક્ષણ અથવા જાતિની ધારણા કરનાર કર્મ દૈશિક ધર્મ અથવા જાતિ ધર્મ કહેવાય છે. કોઈ જાતિ સાથે માતૃક સંબધ વિના કોઈ ભૂમિ દેશ કહેવાતી નથી. ચિતિ અને વિરાટના જાગૃત થયા વગર કોઈ પણ જાતિનો અભ્યુદય થઈ શકતો નથી. આથી તાત્પર્ય એ છે કે ચિતિ અને વિરાટની ધારણા જે કર્મથી થાય છે તે જ સાચી રીતે દૈશિક ધર્મ અથવા જાતિ ધર્મ છે, નહીં કે જડ ભૂમિ પ્રત્યે પ્રેમ અથવા તેની હિતેચ્છા.

લાંબા સમય સુધી કોઈ સ્થાને રહેવાથી તેના પ્રત્યે પ્રેમ થવો સ્વાભાવિક છે. મનુષ્યોની તો શી વાત કરવી, પશુપક્ષીઓમાં પણ આવો પ્રેમ જોવા મળે છે. સ્વાભાવિક અવસ્થામાં બધાં પ્રાણીઓને પોતાના દેશ, પોતાની જાતિ પ્રત્યે પ્રેમ હોય

છે. તેમના હિતની ઈચ્છા પણ સ્વાભાવિક હોય છે, પરંતુ આ પ્રેમ, આ હિતેચ્છા દૈશિક ધર્મ અથવા જાતિ ધર્મ ન કહી શકાય. નહીં તો કાગડા અને બિલાડી પણ આદર્શ દેશભક્ત ગણી શકાય. કારણ કે એમના જેવો સ્થાનપ્રેમ બીજા કોઈ પ્રાણીમાં જોવા મળતો નથી. એ જ રીતે જો નેપાળમાં ચીનનો અધિકાર થઈ જાય અને ચીનાઓ ત્યાંથી આપણા નેપાળી લોકોને હાંકી કાઢીને તેઓ નેપાળને ભોગવતી માનીને તેને રમણીય બનાવવાનો પ્રયાસ કરે અને કોઈ નેપાળી આ કામમાં ચીનાઓની સહાયતા કરે તો શું તેનું આ કાર્ય દૈશિક ધર્મ કહી શકાશે ? અથવા કોઈ અંગ્રેજ ઈંગ્લેન્ડના નંદનવન જેવા બગીચાઓને ઉજાડીને, તેના કુબેર જેવા ભંડારને ખાલી કરીને, વિશ્વકર્મા જેવા ત્યાંનાં કારખાનાંઓ બંધ કરીને પણ પોતાની જાતિની ચિતિ અને વિરાટની રક્ષા કરે તો શું કોઈ તેને દેશદ્રોહી કહી શકે ખરું ?

જાતિને માટે ભોગવિલાસોની પ્રાપ્તિ પણ દૈશિક ધર્મ અથવા જાતિ ધર્મ કહેવાતી નથી. કારણ કે ભોગવિલાસોથી કોઈ દેશનું રક્ષણ અથવા જાતિની ધારણા થઈ શકતી નથી. તદુપરાંત વિરાટહીન જાતિને ભોગ પ્રાપ્ત થઈ શકતા નથી, ભાગ્યવશાત્ જો પ્રાપ્ત થઈ પણ જાય તો તે તેનું ક્ષેમકલ્યાણ કરી શકતા નથી, અને જો તેવું થઈ પણ જાય તો તેના વડે જાતિમાં તમોગુણ ઉત્પન્ન થઈ જાય છે. વિરાટનો ઉદય થતાં ભોગ વિલાસ સ્વંય ઉત્પન્ન થઈ જાય છે. વિરાટની ઉપેક્ષા કરીને જાતિનું હિત સાધવું એ પ્રાણની ઉપેક્ષા કરીને શરીરને નિરામય રાખવા જેવી અશક્ય વાત છે.

શાસનપદ્ધતિની ખેંચતાણથી પણ જાતિનું યથાર્થ હિત થઈ શકતું નથી; કારણ કે દેશનું હિત શાસકો પર નિર્ભર હોય છે નહીં કે શાસનપદ્ધતિ પર. બધા જ એ વાત માનશે કે રામનું રાજસત્તાક રાજ્ય રાવણના પ્રજાસત્તાક રાજ્ય કરતાં સોગણું, હજારગણું શ્રેયસ્કર હશે. ચિતિ અને વિરાટના જાગ્રત થવાથી શાસકો હંમેશાં યોગ્ય હોય છે, ભલે શાસનપદ્ધતિ કોઈ પણ પ્રકારની હોય. તેથી વિપરીત અવસ્થામાં શાસક હંમેશાં અયોગ્ય હોય છે, શાસન ભલે વારસાપદ્ધતિથી હોય કે પ્રાતિભાવિક પદ્ધતિથી.

કોઈ અન્ય વિકસિત જાતિનું અનુકરણ કરવું પણ દૈશિક ધર્મ કહેવાતો નથી. આ અપ્રાકૃતિક ઉપાયથી તો ઉલટી હાનિ થાય છે. કારણ કે તેનાથી આપણી જાતિ બીજી જાતિની ચિતિ દ્વારા આક્રાંત થઈ જાય છે અને આપણો વિરાટ નિરાધાર થઈને ત્વરિત ગતિથી શિથિલ થવા માંડે છે. પ્રાકૃતિક રીતે ખૂબ લાંબા સમયે થનારું અધઃપતન ત્વરિત ગતિથી થવા લાગે છે. મોટે ભાગે એ જોવામાં આવ્યું છે કે અભ્યુદળકાળમાં કોઈ જાતિ બીજાના રંગમાં રંગાતી નથી, માત્ર પતનના કાળમાં કચડાયેલી જાતિ બીજી ઉન્નત જાતિઓનું અનુકરણ કરે છે, જ્યારે તે પતનશીલ જાતિમાં પ્રતિભાહીન,

વ્યવસાયશૂન્ય, આક્રાન્તબુદ્ધિ, ઢોંગી (છદ્મચારી), સ્વાર્થપરાયણ લોકાચારના લોકો પવન અનુસાર વહેતા ઉત્કર્ષ પ્રાપ્ત કરવા લાગે છે.

આપણા આચાર્યો અનુસાર દેશ અથવા જાતિનું શ્રેય થાય છે માત્ર ચિતિ અને વિરાટની ધારણાથી અને તેને પ્રતિકૂળ કારણોનો નાશ કરવાથી, પરંતુ ચિતિ પ્રત્યે માત્ર પ્રેમ હોવાથી આમ થઈ શકે નહીં. તે થાય છે માત્ર કર્મ કરવાથી. એ સ્મરણ રહેવું જોઈએ કે ધર્મ શબ્દથી કર્મ પ્રવૃત્તિની સૂચના મળે છે, નહીં કે માનસિક અવસ્થાની, અર્થાત્ માત્ર દેશહિતની ઈચ્છા હોવી તે દૈશિક ધર્મ કહેવાતો નથી, દૈશિક ધર્મ ઉચ્ચકોટિનો કર્મયોગ છે.

કર્મયોગ કોને કહેવાય છે ? ફળની ઈચ્છા ન રાખતાં જે કર્મ કરવામાં આવે છે, તેને સાધારણ રીતે તેને કર્મયોગ કહે છે. પરંતુ વિક્ષિપ્ત માણસનાં બધાં જ કાર્યો કોઈ પણ ફળની ઈચ્છા વગરનાં હોય છે. તો શું તે કર્મયોગી કહેવાશે ? અથવા ફળની ઈચ્છા રાખ્યા વગર ખાલી અહીં તહીં ફરવું, અથવા "ओम तत् सत्"કહેતાં આખો દિવસ દેવાર્ચન અને સ્વાધ્યાયમાં વીતાવવો એને કર્મયોગ કહી શકાય ખરો ? ગીતામાં શું આવાં જ કર્મો માટે કહેવાયું છે કે

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥

કર્મયોગ એવાં કર્મોને કહે છે કે જેના દ્વારા સંચિત સંસ્કારોનો નાશ થાય અને નવા સંસ્કાર બને નહીં. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે રજોગુણનો નાશ કરવામાં આવે. રજોગુણનો હ્રાસ થાય એવાં કર્મો કરવાથી તેમનામાં ત્યાગ, ઓજ અને વિવેકનો સંયોગ થયેલો હોય છે. ત્યાગથી અર્થાત્ ફલેચ્છારહિત કર્મો કરવાથી ચિત્તમાં રાગ ઉત્પન્ન થતો નથી, તે નિરાધાર થવાથી રજોગુણનો હ્રાસ થવા માંડે છે. તદુપરાંત આવાં કર્મો કરવાથી ચિત્તમાં નવીન સંસ્કાર પણ ઉત્પન્ન થતા નથી. જ્યારે મનુષ્ય કોઈ પણ કર્મ કરે છે ત્યારે તેમાં કોઈ ને કોઈ સંચિત સંસ્કાર વપરાઈને નાશ પામે છે. જે પ્રકારનું કર્મ હોય છે તે અનુસાર સંચિત સંસ્કાર પણ નષ્ટ થાય છે; અર્થાત્ નિસ્તેજ કર્મો કરવાથી ખૂબ ઓછા સંચિત સંસ્કાર નષ્ટ થાય છે અને અત્યંત તેજસ્વી કર્મો કરવાથી જન્મજન્માંતરના સંસ્કાર ઉજાગર થાય છે. આથી ઓજસ્વી કર્મો કર્યા સિવાય કર્મયોગ થઈ શકે નહીં. વિવેકની આવશ્યકતા એટલા માટે હોય છે કે અવિક્ષિપ્ત મનુષ્યનું કોઈ પણ કામ ભલે તેમાં ફલાશા હોય કે ન હોય, ઉદ્દેશ કે વિધાન વગરનું હોઈ શકે નહીં. ઉદ્દેશ અને વિધાન બે પ્રકારનાં હોય છે.

જેમાં સાધુઓનું પરિત્રાણ, દુષ્ટોનો નાશ, ધર્મની સંસ્થાપના અને અધર્મનો વિનાશ હોય તેને દૈવી ઉદ્દેશ કહે છે.

દૈવી વિધાનથી દૈવી ઉદ્દેશની સાધનામાં રત રહેવાથી સત્ત્વવિકાસ થાય છે.

દૈવી ઉદ્દેશ અને દૈવી વિધાનથી વિપરીત લક્ષણ ધરાવતા ઉદ્દેશ અને વિધાનને આસુરી ઉદ્દેશ અને આસુરી વિધાન કહે છે.

આસુરી ઉદ્દેશ અને આસુરી વિધાનથી સત્ત્વસંકોચ થાય છે.

વિવેક વગર ઉદ્દેશ્ય અને વિધાનની પરીક્ષા થઈ શકતી નથી. આથી વિવેક વિના કર્મયોગ થઈ શકતો નથી.

પરંતુ યથાર્થ દૈશિક ધર્મમાં પણ ત્યાગ, ઓજ અને વિવેકની આવશ્યકતા હોય છે. કારણ કે જ્યારે ચિતિ અને વિરાટ ક્ષીણ થવાથી ધર્મની ગ્લાનિ, જાતિનું પતન, સાધુઓને કષ્ટ ને દુષ્ટોનો ઉદય થવા લાગે છે, રાજાથી રંક સુધી બધાની પ્રવૃત્તિ નિમ્નતર થતી જાય છે, ત્યારે આવા સમયરૂપી પ્રવાહની સામે, અનેકોની અપ્રસન્નતારૂપી તોફાનની પરવા ન કરતાં, કંઈ પણ બદલો મેળવવાની આશા વગર, સમજી વિચારીને, પોતાને દુષ્ટ, નીચ લોકો રૂપી મગરો અને સુસવાટોની વચમાં નાખીને અચેત, નિદ્રાધીન અથવા ઉન્મત્ત લોકોથી ભરેલી જાતિરૂપી નાવને સંશયરૂપી વમળોમાંથી બચાવીને પાર ઉતારવાની ચેષ્ટા કરવી એ કેટલું ત્યાગ, ઓજ અને વિવેકનું કાર્ય છે. આથી જ કહેવાયું છે કે દૈશિક ધર્મ ઉચ્ચ કોટિનો કર્મયોગ છે.

દૈશિક ધર્મ માટે બીજી બે વાતો આવશ્યક છે. એક સ્વચિતિપ્રકાશ અને બીજી દૈશિક શાસ્ત્રનું જ્ઞાન. જ્યાં સુધી મનુષ્યમાં ચિતિનો પ્રકાશ હોતો નથી ત્યાં સુધી તેનામાં વિરાટની જાગૃતિ થઈ શકતી નથી. વિરાટની જાગૃતિ થયા વગર કયારેય કોઈ જાતિનું હિત થઈ શકતું નથી. સંભવ છે કે ઓજ અને વિવેકના સંયોગથી ચિતિશૂન્ય મનુષ્યનો સ્વાર્થ સિદ્ધ થઈ જાય પરંતુ એનાથી જાતિનું કોઈ શ્રેય થતું નથી, ઉલટી હાનિ થવાની જ સંભાવના હોય છે.

જેમ શારીરિક નિરામય માટે વૈદકશાસ્ત્રની આવશ્યકતા હોય છે તે રીતે જાતીય નિરામય માટે દૈશિક શાસ્ત્રની પણ આવશ્યકતા હોય છે. આ શાસ્ત્રના જ્ઞાન સિવાય દૈશિક વિષયોમાં હાથ નાખવો એ એવું કાર્ય હોય છે જેવું વૈદકશાસ્ત્રના જ્ઞાન સિવાય કોઈની ચિકિત્સા કરવી. નિદાન અને નિઘંટુનાં જ્ઞાન વગર માત્ર શુભેચ્છાથી કોઈ ઔષધ આપી દેવાથી કામ ચાલી શકે નહીં. આવી ચિકિત્સાથી રોગીને લાભને બદલે હાનિ થવાની સંભાવના જ વધારે હોય છે. તે જ રીતે દૈશિક શાસ્ત્ર જાણ્યા વગર કેવળ હિતકામનાથી કોઈ દેશ સંબંધી કાર્ય કરવાથી દેશને લાભ થવાને બદલે નુકસાન જ થાય છે. ફેર માત્ર એટલો જ કે આયુર્વેદના જ્ઞાન વિના ચિકિત્સા કરવાથી બે ચાર વ્યક્તિઓની જ હાનિ થાય છે; પરંતુ દૈશિક શાસ્ત્રના જ્ઞાન વિના દૈશિક વિષયમાં માથું મારવાથી સમસ્ત જાતિનું અહિત થાય છે.

આથી જ આપણાં શાસ્ત્રોમાં દૈશિકશાસ્ત્ર સૌથી વધારે મહત્ત્વનું ગણાતું હતું. આપણી ભિન્ન ભિન્ન સ્મૃતિરૂપી નદીઓ ભિન્ન ભિન્ન માર્ગે દૈશિકશાસ્ત્રરૂપી સાગરમાં જઈને મળતી હતી. આથી પ્રાચીનકાળમાં આ શાસ્ત્ર સૌને ભણવું પડતું હતું. એનું અધ્યયન અનિવાર્ય મનાતું હતું. એનો સમષ્ટિગત પ્રચાર કરવા માટે અનેક ઉપાયો યોજવામાં આવતા હતા. આ શાસ્ત્રના પ્રભાવે જ આપણે યૂનાનમાં જ્ઞાનજાગૃતિ થવાના ઘણા સમય પહેલાં જ આ વિશાળ ભારતમાં એવી સમાજ રચના કરી બતાવી હતી જેને પ્લેટો અને એરિસ્ટોલ આદર્શરૂપ માનતા હતા, જે રચના તેઓ નાનકડા યુનાનમાં કરી શક્યા નહોતા, જે માટે વર્તમાન સમાજવાદીઓ લાળ ટપકાવી રહ્યા છે. આ જ શાસ્ત્રની કૃપાને કારણે અનાદિકાળથી આપણે દૈશિક સિદ્ધાંતો પ્રમાણે વર્તતા આવ્યા છીએ, જેને શતાબ્દીઓનું અનુભવી, ચતુર ઈંગ્લેન્ડ આજે આ મહાયુદ્ધમાં શીખી રહ્યું છે. આવું સુંદર દૈશિક શાસ્ત્ર કાં તો લાખો કરોડો વર્ષોના અનુભવનું પરિણામ અથવા સમાધિજન્ય જ્ઞાનનું સુફળ હોવું જોઈએ; કારણ કે બહુધા એમ કહેવાય છે કે દૈશિક શાસ્ત્રનો આધાર હોય છે ઈતિહાસ. અનેક વર્ષોમાં જ્યારે વિશેષ કારણ ઉત્પન્ન થાય છે ત્યારે કોઈ ઐતિહાસિક ઘટના ઘટે છે. આવી અનેક ઘટનાઓના મંથનમાંથી કોઈ ઐતિહાસિક સિદ્ધાંત સ્થપાય છે અને પછી આવા અનેક સિદ્ધાંતોના મંથનમાંથી કોઈક દૈશિક સિદ્ધાંત પ્રાપ્ત થાય છે. આવા અનેક સિદ્ધાંતોના સંગ્રહથી દૈશિક શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે અને તે શાસ્ત્રના સિદ્ધાંતોને વ્યવહારમાં લાવવામાં અનેક શતાબ્દીઓ વીતી જાય છે, અને અનેક વર્ષો પછી તે વ્યવહારમાં નિષ્ઠા હોય છે. આ પરથી અનુમાન થઈ શકે છે કે આપણું દૈશિકશાસ્ત્ર કેટલી શતાબ્દીઓનો અનુભવ હશે. જો એમ કહેવામાં આવે કે આપણા દૈશિક શાસ્ત્રનો આધાર ઇતિહાસ હોઈ શકે નહીં, કારણ કે આપણા પૂર્વજોમાં ઈતિહાસ લખવાની પ્રથા નહોતી, તો એ માન્ય કરવું પડશે કે એનો આધાર સમાધિજન્ય જ્ઞાન હતું. જે શાસ્ત્રનો આધાર સમાધિજન્ય જ્ઞાન હોય તેનાથી શ્રેષ્ઠ અન્ય કોઈ શાસ્ત્ર હોઈ શકે નહીં. એનો આધાર ઇતિહાસ હોય કે સમાધિજન્ય જ્ઞાન, બન્ને રીતે એ જ સિદ્ધ થાય છે, કે આપણા દૈશિક શાસ્ત્ર કરતાં ઉત્તમ દૈશિક શાસ્ત્ર હોવું લગભગ અસંભવ છે. આપણા દેશમાં લાંબા સમય સુધી આ શાસ્ત્ર પ્રચારમાં રહ્યું. કાલાંતરે એ શાસ્ત્રની વિસ્મૃતિ થઈ ગઈ, એની શાખા અને પ્રશાખા રૂપી અન્ય શાસ્ત્રોમાં વિખરાયેલા તેના સિદ્ધાંતો દેખાતા રહ્યા. આમ થવું તે કોઈ અસામાન્ય બાબત નથી. ભગવતી પ્રકૃતિનો આ સનાતન નિયમ છે.

એ યાદ રાખવું જોઈએ કે આ શાસ્ત્ર અનુસાર ચિતિ અને વિરાટની ધારણા તથા તેને પ્રતિકૂળ કારણોનો નાશ કરવાના કર્મને દૈશિક ધર્મ અથવા જાતિ ધર્મ કહે છે.

# તૃતીય અધ્યાય
# સ્વતંત્રતા

## ૧.
## સ્વતંત્રતાનો અર્થ

પૂર્વ અધ્યાય અનુસાર દૈશિકધર્મ કોઈ સામાન્ય વાત નથી. આ ઘણું મહાન કાર્ય છે જેના દ્વારા આધ્યાત્મિક, આમુષ્મિક અને ઐહિક એમ બધા અર્થો સિદ્ધ થાય છે. પરંતુ કોઈ મોટું કાર્ય સ્વતંત્રતા વિના થઈ શકતું નથી. જે કોટિનું કાર્ય હોય તે કોટિની સ્વતંત્રતા પણ હોવી જોઈએ. મનુષ્ય જેટલો સ્વતંત્ર હોય તેટલું તેનામાં પૌરુષ અને યોગ્યતા હોય છે, અને જેટલો તે પરતંત્ર હોય તેટલો તે પુરુષાર્થહીન અને અયોગ્ય હોય છે. સાંખ્યાચાર્યોના મતાનુસાર બધા પુરુષો મોટાં કાર્યો કરી શકતા નથી. ન્યાયાચાર્યોના મત અનુસાર કર્તા સ્વતંત્ર હોવો જોઈએ ; યવનાચાર્ય એરિસ્ટોટલના મત પ્રમાણે પરતંત્ર મનુષ્ય દૈશિક બુદ્ધિશૂન્ય હોય છે, તે બીજા કોઈની સહાય વગર પોતે કોઈ સારું કાર્ય કરી શકતો નથી. જર્મન આચાર્ય નિત્શેની કલ્પના અનુસાર પણ વિશ્વના ભાવિ સંચાલકો, જેમને તે અતિમાનવ કહે છે, સ્વતંત્ર જીવો હશે. કર્મવાદની દૃષ્ટિથી પણ સ્વતંત્રતા વિના કોઈ મોટું કાર્ય થઈ શકતું નથી.

આનંદવાદ પ્રમાણે પણ સ્વતંત્રતા વિના ક્યારેય કોઈને આનંદ હોતો નથી. સ્વતંત્રતામાં જેવી વધ ઘટ થતી રહે છે તેવી જ વધ ઘટ આનંદમાં પણ થતી રહે છે. અર્થાત્ આનંદ અને સ્વતંત્રતા એક જ પદાર્થ છે. જ્યાં પૂર્ણ સ્વતંત્રતા ત્યાં પૂર્ણ આનંદ અને જ્યાં પૂર્ણ પરતંત્રતા ત્યાં પૂર્ણ દુઃખ. વેદાંતાચાર્યોના મત અનુસાર માયાથી સ્વતંત્ર થવું તે જ સચ્ચિદાનંદભાવ કહેવાય છે. યોગાચાર્યોના સિદ્ધાંત અનુસાર પણ પુરુષનું પ્રકૃતિથી મુક્ત થઈ જવું તે કૈવલ્યપદ કહેવાય છે.

આમ કર્મવાદ અને આનંદવાદ બન્ને રીતે દૈશિકધર્મ માટે સ્વતંત્રતા અનિવાર્ય છે તેમ સિદ્ધ થાય છે.

એમ ન સમજશો કે અંગ્રેજી શિક્ષણના પ્રભાવથી આપણી દૃષ્ટિ સ્વતંત્રતા પ્રત્યે વળી. જે જાતિ ભગવતી પ્રકૃતિને પણ અધીન રહેવા નથી ઈચ્છતી, જે જાતિનું લક્ષ્ય સર્વે બંધનોથી મુક્ત થઈને કૈવલ્યપદ પ્રાપ્ત કરવાનું છે, એ જાતિને વિશ્વમાં કોણ સ્વતંત્રતાનું શિક્ષણ આપી શકે ? આપણા પૂર્વજો જેટલું સ્વતંત્રતાને નથી તો આજ સુધી કોઈ સમજી શક્યું અને નથી શતાબ્દીઓ સુધી કોઈ સમજવાની સંભાવના દેખાય છે.

હવે મીમાંસા એ વાતની છે કે સ્વતંત્રતા શું ચીજ છે ? આપણા આચાર્યોના મતાનુસાર સ્વતંત્રતા એ અવસ્થા છે જ્યાં પોતાનું હિત કોઈ પણ પ્રકારે અન્ય કોઈના હાથમાં ન રહેતાં સર્વત્ર અને સર્વથા આપણા જ હાથમાં હોય. પરંતુ મનુષ્ય જન્મમાં આવી અવસ્થા પૂર્ણરૂપે પ્રાપ્ત થઈ શકતી નથી ; કારણ કે ભગવતી પ્રકૃતિએ મનુષ્યને દેવ અને પશુની વચ્ચેની અવસ્થા આપી છે. દેવાવસ્થામાં માત્ર સંકલ્પ કરવાથી પ્રકૃતિ ભોગોને ઉપસ્થિત કરી દે છે, અને પશુ અવસ્થામાં પ્રકૃતિદત્ત ભોગ ભોગવવા માટે પણ બીજા પર આધાર રાખવો પડે છે. આ બે અવસ્થાઓની મધ્ય કોટિ એ મનુષ્યની પ્રાકૃતિક અવસ્થા કહેવાય છે, જ્યારે મનુષ્ય આ અવસ્થાથી ઊંચો જાય છે ત્યારે તે દેવત્વને અને ત્યાંથી નીચે જવા લાગે તો પશુત્વને પ્રાપ્ત કરે છે. દેવાવસ્થા અને પાશવાવસ્થાની મધ્યવર્તી મનુષ્યની ઉક્ત પ્રાકૃતિક અવસ્થા, કે જેમાં તેના પ્રાકૃતિક હિતમાં કોઈ પણ પ્રકારે બાહ્યાભ્યંતરિક હસ્તક્ષેપ થતો નથી, તે માનવી સ્વતંત્રતા કહેવાય છે.

હવે પ્રશ્ન એ છે કે મનુષ્યનું પ્રાકૃતિક હિત શું છે ? એ સમજવા માટે ચાર બાબતો યાદ રાખવી જોઈએ.

(૧) જગજ્જનની પ્રકૃતિએ મનુષ્યને સામાજિક જીવ બનાવ્યો છે. અર્થાત્ એવો જીવ જે એકલો રહી શકતો નથી. એક સાથે રહ્યા વગર તેનો નિર્વાહ થઈ શકતો નથી. પરંતુ ચિતિભેદ દ્વારા તેમને એવી રીતે વિભક્ત પણ કરી દીધા કે બે ભિન્ન જાતિઓ એક સાથે નિશ્ચિંત અને સુખેથી રહી શકતી નથી. તેમાંથી એક ભોક્તા અને બીજી ભોગ્ય બની જાય છે. એકનો ઉદય બીજીના પતન પર નિર્ભર થઈ જાય છે.

(૨) ચિતિનો વિરાટ સાથે, વિરાટનો જાતિ સાથે અને જાતિનો વ્યક્તિ સાથે એ જ સંબંધ હોય છે જે ચૈતન્યનો પ્રાણ સાથે, પ્રાણનો શરીર સાથે, અને શરીરનો અંગો સાથે હોય છે ; જેમ ચૈતન્ય અને પ્રાણ સ્વસ્થ ન હોય તો શરીર સ્વસ્થ રહેતું નથી,

અને શરીર સ્વસ્થ ન હોય તો તેનાં કોઈ અંગ સ્વસ્થ રહી શકે નહીં. તે પ્રમાણે ચિતિ અને વિરાટની જાગૃતિ સિવાય જાતિનું શ્રેય થઈ શકે નહીં, અને જાતિ શ્રેય વિના વ્યક્તિગત શ્રેય થઈ શકતું નથી, અને જેમ પ્રાણ સ્વસ્થ હોય તો કદાચ કોઈ અંગમાં ક્ષતિ ઉત્પન્ન થાય અથવા તેમાં કોઈ રોગ ઉત્પન્ન થાય તો ક્ષતિની ભરપાઈ થઈ જાય છે અને રોગ દૂર થાય છે, જો પ્રાણક્રિયા વ્યવસ્થિત ન હોય તો તે ક્ષતિ અને રોગ દિન પ્રતિદિન વધતાં રહે છે. આમ ચિતિ અને વિરાટના ઉદય કે પતનની સાથે જાતિ અને વ્યક્તિના સુખ:દુખનો પણ ઉદય કે અસ્ત થતો રહે છે.

(૩) પ્રાક્તન સંસ્કારોનું પ્રતિબિંબ મનુષ્યોમાં અન્ય પ્રાણીઓની સરખામણીમાં અધિક વ્યક્ત હોય છે જેને લીધે તેઓમાં અન્ય પ્રાણીઓ કરતાં ગુણભેદ અને અર્થવૈષમ્ય વધારે હોય છે. તેથી તેમનામાં સર્વથા એકરસવાહિતા રહી શકતી નથી.

(૪) મનુષ્યોમાં અન્ય પ્રાણીઓ કરતાં ઇચ્છા વધુ પ્રબળ હોય છે, જે સમુદ્રની જેમ કદી ભરાતી નથી, પવનની જેમ કદી શાંત થતી નથી. તદુપરાંત પ્રકૃતિએ તેની પ્રત્યે એવી ઉદારતા રાખી નથી જેવી તેણે અન્ય જીવો પ્રત્યે દર્શાવી છે. આથી અન્ય જીવો કરતાં મનુષ્યોમાં પંચેન્દ્રિય અને કામાદિ ષડવિકાર વધુ પ્રબળ હોય છે.

આ ઉપરોક્ત ચાર પ્રાકૃતિક નિયમોને એકત્ર કરતાં એ સિદ્ધાંત બની શકે છે કે આપણી ચિતિ અને વિરાટનું યોગક્ષેમ કરવું, દૈશિક ધર્મનું પાલન કરતાં બીજાને હાનિ કર્યા વગર પોતાનું વ્યક્તિગત હિત સાધ્ય કરવું અને ઉક્ત બે કાર્યોમાં આવતાં વિઘ્નો દૂર કરવાં તે મનુષ્યનું પ્રાકૃતિક હિત કહેવાય છે.

મનુષ્યના પ્રાકૃતિક હિતની વ્યાખ્યાથી માનવી સ્વતંત્રતાનો અર્થ સારી રીતે ધ્યાનમાં આવી શકે છે. અને એ પણ સિદ્ધ થાય છે કે મનમાં જે ઈચ્છા થાય અને આપણી માન્યતા પ્રમાણે જે સારી વાત હોય તેની સાધનામાં કોઈનો હસ્તક્ષેપ ન હોવાથી હંમેશા મનુષ્યનું પ્રાકૃતિક હિત થતું નથી, અને પોતાની ઇચ્છા અને હિતને પાછળ રાખીને અન્યની ઇચ્છા અને હિત પ્રમાણે ચાલવાથી હંમેશાં મનુષ્યના પ્રાકૃતિક હિતમાં અંતરાય થાય છે તેમ પણ નથી.

માનવી સ્વતંત્રતાનાં ત્રણ અંગો છે.

(૧) શાસનિક (૨) આર્થિક અને (૩) સ્વાભાવિક.

શાસન દ્વારા પ્રજાના પ્રાકૃતિક હિતમાં કોઈ પ્રકારનો હસ્તક્ષેપ ન થવો અને સદા તેના હિત માટે અનુકૂળ રહેવું શાસનિક સ્વતંત્રતા કહેવાય છે.

અર્થના ભાવરૂપે કે અભાવરૂપે મનુષ્યના પ્રાકૃતિ કહિતમાં વિઘ્ન ઉત્પન્ન કરવું તે

આર્થિક સ્વતંત્રતા કહેવાય છે.

જે કાર્ય કોઈના પ્રાકૃતિક હિતને પ્રતિકૂળ ન હોય તે કામ કરવા માટે કોઈનો કોઈ પણ પ્રકારે હસ્તક્ષેપ ન થવો તે સ્વાભાવિક સ્વતંત્રતા કહેવાય છે.

માનવી સ્વતંત્રતાનાં આ ત્રણે અંગો એ રીતે ગૂંથાયેલાં છે કે શાસનિક સ્વતંત્રતા વિના અન્ય બે સ્વતંત્રતા હોઈ શકે નહીં ; મનુષ્યની આર્થિક સ્વતંત્રતા વિના સ્વાભાવિક સ્વતંત્રતા નભી શકે નહીં, અને સ્વાભાવિક સ્વતંત્રતા વિના અર્થ મનુષ્યને તેના ભાવ કે અભાવ બંને રૂપે મહા પરતંત્ર બનાવી દે છે. સ્વાભાવિક અને આર્થિક સ્વતંત્રતા સિવાય મનુષ્યનું ધ્યાન શાસનિક સ્વતંત્રતા તરફ જતું નથી અને જો જાય તો પણ તેની પ્રાપ્તિ માટે તે કંઈ પણ કરી શકતો નથી.

## ૨.
## શાસનિક સ્વતંત્રતા

શાસનિક સ્વતંત્રતા પુરુષાર્થરૂપી શરીરનો પ્રાણ મનાય છે. જેમ પ્રાણ સિવાય શરીર એક ક્ષણ પણ રહી શકે નહીં તેમ જ શાસનિક સ્વતંત્રતા વિના પુરુષાર્થ પણ હોઈ શકે નહીં, અને જેમ પ્રાણક્રિયાના અભાવે બધાં અંગો નિષ્ફળ અને ક્રિયાશૂન્ય થઈ જાય છે તેમ શાસનિક સ્વતંત્રતા વિના આર્થિક અને સ્વાભાવિક સ્વતંત્રતાઓ ક્રિયાશૂન્ય થઈ જાય છે. આથી જ બધા વિદ્વાનોના મતાનુસાર મનુષ્ય માટે શાસનિક સ્વતંત્રતા પરમ આવશ્યક વસ્તુ મનાય છે, પરંતુ તે સાધ્ય કરવાના ઉપાય ભિન્ન જાતિઓમાં ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે.

શાસન બે પ્રકારનું હોય છે. (૧) સ્વજાતીય (૨) પરજાતીય

આપણા આચાર્યોના મતાનુસાર પરજાતીય શાસનમાં શાસનિક સ્વતંત્રતા સચવાઈ શકે નહીં કારણ કે શાસક અને શાસિતોની જાતિઓ અલગ હોવાથી તેમનામાં સ્વાભાવિક પણે ચિતિવૈપર્ય હોય છે. ચિતિવૈપર્યને કારણે શાસકનું પ્રજાના પ્રાકૃતિક હિત સાથે પ્રતિઘાતી હોવું સ્વાભાવિક હોય છે. યવનચાર્ય એરિસ્ટોટલ અનુસાર પણ પરજાતીય શાસન અપ્રાકૃતિક શાસન મનાય છે. અંગ્રેજ લોકો પણ આ સિદ્ધાંત સારી રીતે સમજે છે. આથી જ તેઓ મહાયુદ્ધમાં તનતોડ મહેનત કરી રહ્યા છે. આપણા આચાર્યોએ પરજાતીય શાસનને અપ્રાકૃતિક ગણીને તે વિષે વધારે કહ્યું નથી. સ્વજાતીય શાસન વિષે એમણે ઘણું કહ્યું છે. તેમના મતાનુસાર પૂર્ણ શાસનિક સ્વતંત્રતા ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે રાજ્યરૂપી રથના સારથીરૂપે એવા મનુષ્યને યોજવામાં આવે જે વંશપરંપરાથી

દૈવીસંપદાયુક્ત હોય, જેનાં જન્મ, સંસ્કાર અને પરિવેશ દૈવી સંપદાને અનુકૂળ હોય અને જેને સંસ્કાર અને સંનિકર્ષોને અનુકૂળ શિક્ષણ મળ્યું હોય, અને આવા જ મનુષ્યોને તે રથના ધુરીણો પણ બનાવવામાં આવે. આથી આપણા ઋષિગણો એવા ઉપાયોની શોધ કરવા લાગ્યા જેથી યથેષ્ટ સંતાન ઉત્પન્ન થાય અને તેમને યથેષ્ટ બનાવી શકાય. તેને પરિણામે આધિજનનિક અને આધ્યાપનિક શાસ્ત્રોની ઉત્પત્તિ થઈ. આધિજનનિક શાસ્ત્ર દ્વારા જેવું સંતાન જોઈએ તેવું ઉત્પન્ન કરી શકાતું હતું. ભગવાન પરશુરામ અને ભગવાન વિશ્વામિત્રની ઉત્પત્તિ આ જ શાસ્ત્ર અનુસાર થઈ હતી. હવે આ શાસ્ત્રનો તદ્દન લોપ થઈ ગયો છે. માત્ર ક્યાંક ક્યાંક પ્રસંગવશાત્ તેના કોઈ પારિભાષિક શબ્દો જોવા મળે છે. આધ્યાપનિક શાસ્ત્રના પ્રભાવથી વૈજ્ઞાનિક રીતે મનુષ્ય જેવો જોઈએ તેવો બનાવી શકાય છે. પ્રાચીનકાળમાં આ શાસ્ત્રનો આપણા દેશમાં ઘણો પ્રચાર હતો. પરંતુ હવે આનો પણ લોપ થઈ ગયો છે. છતાં પણ અસ્તાચળે જતા સૂર્યની લાલિમાની જેમ એની આભા હજુ વિદ્યમાન છે. બ્રહ્મચર્ય આશ્રમ આ શાસ્ત્ર અનુસાર રચવામાં આવ્યો હતો જેના પુનરુદ્ધાર અર્થે વારંવાર પ્રયત્ન કરવામાં આવે છે. આ જ બે શાસ્ત્રોના પ્રભાવથી એવા શાસકોનું નિર્માણ કરવામાં આવતું જે આપણા આચાર્યોના નરરૂપ વિષ્ણુ, યવનાચાર્ય અરસ્તુના શ્રેષ્ઠગુણસંપન્ન વ્યક્તિ (men of transcendent virtue), જર્મન આચાર્ય નિત્શેના અતિમાનવ (abermensh or superman) હતા, અને તેઓ એવા હતા કે..

येनार्थवान लोभपराङमुखेन, येन घ्नता विघ्नभयेन क्रियावान्

येनास लोकः पितृवान विनेत्रा येनैव शोकापनुदेव पुत्री ॥

કોણ આવો શાસક ન ઇચ્છે ? આવો શાસક અરાજકવાદ અને અશાસકવાદ બંન્નેનાં લક્ષ્ય સિદ્ધ કરતો હતો. લોકોને આવા શાસકને દૂર કરવાની આવશ્યકતા રહેતી નહીં. આવા શાસનકાળમાં શાસનિક સ્વતંત્રતા સોળે કળાએ પ્રતિષ્ઠિત રહેતી હતી.

આપણા આચાર્યો અનુસાર શાસનિક સ્વતંત્રતાનું મૂળ કારણ છે રાજાનું ત્યાગી હોવું. આ જ સિદ્ધાંતને આચાર્ય પ્લેટો એ રીતે કહે છે કે સ્વતંત્રતા ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે શાસક શાસન કરવાની ઇચ્છા ન રાખે. પ્લેટોના આ સિદ્ધાંતને અનુસરીને યુરોપમાં રાજ્યાસનોને કંટકમય બનાવવાનો પ્રયત્ન થવા લાગ્યો જેથી શાસક શાસન કરવા ન ઇચ્છે. તેથી ક્રમશઃ રાજાઓનું બળ ઓછું થતું ગયું અને તેમની પદચ્યુતિ થવા લાગી. ટારકીન અને જુલિયસ સીઝરના વધથી શરૂ થઈને સુલતાન અબ્દુલ હમીદની પદચ્યુતિ અને ઝાર નિકોલસ દ્વિતીયના અદશ્ય થવા સુધીનાં બધાં શાસનો પ્લેટોના આ સિદ્ધાંતનાં પરિણામો છે. અરાજકવાદનાં અને અશાસકવાદનાં પણ આ જ પરિણામો

છે. પરંતુ પ્લેટોના ઉક્ત સિદ્ધાંતોના તાત્પર્ય વિશે શંકા ઉઠે છે. જો તેમનું અને આપણા આચાર્યોનું તાત્પર્ય એક જ હતું તો એમ કહેવું પડે કે યુરોપમાં ઉક્ત સિદ્ધાંતનો દુરુપયોગ થઈ રહ્યો છે. જો તેનું એ જ તાત્પર્ય હતું જે આધુનિક યુરોપ સમજી રહ્યું છે તો પ્રશ્ન એ ઉદભવે છે કે શાસક શબ્દનો અર્થ શું છે ? જો તેનો અર્થ 'રાજા' એમ હોય તો એક રાજાનું બળસંહરણ કરીને અથવા તેને પદચ્યુત કરીને શું થાય, જયારે નાના મોટા રાજકર્મચારીઓનો ઉત્પાત તો યથાવત રહે છે. કારણ કે પ્રજાના દુઃખ માટે મોટેભાગે આ જ લોકો જવાબદાર હોય છે નહીં કે રાજા. જો શાસક શબ્દનો આશય સમસ્ત અધિકારીવર્ગ હોય તો પ્રશ્ન એ થાય છે કે શું કોઈ અસાત્ત્વિક કાળમાં શાસક વિના કોઈ સમાજ રહી શકે ખરો ? અથવા એ વાતની શું ખાત્રી કે જે બીજા અધિકારીઓ ચૂંટાય તેઓ બધા મહાત્મા જ હશે, અથવા તેઓ શાસન કરવા નહીં ઇચ્છે, અથવા તેમના સમયમાં પૂર્ણ શાસનિક સ્વતંત્રતા રહેશે ? કારણ કે જે સમાજમાં દૈવીસંપદા નથી હોતી એની ધુરા બહુધા એવા લોકોના હાથમાં રહે છે જેમનામાં ઘણું કપટ હોય છે. આ કારણે જ પ્લેટો તેમના સમયની ડેમોક્રેસીથી અપ્રસન્ન હતા. આ કારણે જ તેમને પોતાના દેશમાં પોતાની રાજયકલ્પના અસંભવ જણાઈ. આ કારણે જ રશિયન રીપબ્લિકમાં હંમેશાં ધરપકડ અને મારપીટ થતી રહી. આ કારણે જ યુરોપમાં પહેલાં કેથોલિક અને પ્રોટેસ્ટંટો વચ્ચે લોહી રેડાયું, પછી રાજા અને પ્રજા વચ્ચે તલવારો તણાઈ, અત્યારે ત્યાં માલિક અને મજૂરો વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. અને આગળ તો શું શું થશે ! બિચારું યુરોપ સ્વતંત્રતા માટે પરિવર્તનરૂપી સમુદ્રમાં વારંવાર ડૂબકી લગાવતું રહ્યું પરંતુ ઇચ્છિત મોતી તેને ક્યારેય ન મળ્યું. જેટલું તે સ્વતંત્ર થવાનો વધુ પ્રયત્ન કરતું રહે છે તેટલું જ તે પરતંત્રતાના કાદવમાં વધુ ધસતું જાય છે, તેટલું તે ભ્રામક સુખોની જાળમાં ગૂંચવાતું જાય છે, તેટલી જ તેની જીવનયાત્રા કષ્ટસાધ્ય બની રહી છે. ભૂતિવિજ્ઞાન વિશારદ યુરોપની અવૈજ્ઞાનિક દૈશિકનીતિનું પરિણામ આવું જ થવાનું છે એ વાત ઘણા લોકો ખૂબ પહેલેથી જાણતા હતા. હવે આ મહાયુદ્ધોએ બધાની આંખો ખોલી નાખી છે. જેમની આંખો અત્યારે પણ નથી ખૂલી તે હવે ક્યારેય નહીં ખૂલે.

આ ઉપરોક્ત વાતોથી એ સિદ્ધ થાય છે કે દૈવીસંપદા સમષ્ટિગત થયા વિના કોઈ પણ શાસકહીન સમાજ ચાલી શકે નહીં. પરંતુ સમસ્ત સમાજને દૈવીસંપદાયુક્ત બનાવવા કરતાં એક શાસક દૈવીસંપદાયુક્ત બનાવવો વધુ સરળ અને સુસાધ્ય છે. પરિણામે એ સિદ્ધ થાય છે કે શાસનિક સ્વતંત્રતા પ્રાપ્તિની પાશ્ચાત્યોની રીત કરતાં આપણા આચાર્યોની રીત હજારગણી શ્રેષ્ઠ અને સુકર છે. આચાર્ય એરિસ્ટોટલના મત અનુસાર પણ રાજયના ગુણદોષ શાસક પર નિર્ભર હોય છે. જેવો શાસક હોય છે, તેવું રાજય હોય છે પરંતુ

ચારિત્ર્યનું આવાહન કરવાથી, શિક્ષણ આપવાથી શાસકને શ્રેષ્ઠ બનાવી શકાય છે. જ્યારે આપણા આચાર્યોના મત અનુસાર દૈવીસંપદાહીન મનુષ્યમાં ચારિત્ર્ય પાંગળું અને શિક્ષણ વાંઝિયું હોય છે.

આપણા અને પાશ્ચાત્યોના ઉપાયોમાં ભલે ભેદ હોય પરંતુ બંને મત અનુસાર મનુષ્યો માટે શાસનિક સ્વતંત્રતા પરમાભીષ્ટ પદાર્થ છે. જેટલી શાસનિક સ્વતંત્રતા અભીષ્ટ છે તેટલી જ શાસનિક પરતંત્રતા અનભીષ્ટ છે. આવી પરતંત્રતા ત્રણ બાબતોના સંયોગથી થાય છે : સમષ્ટિગત તમસ, સત્સંસ્કારોનો અભાવ, અને વિપરીતાર્થી રાજ્ય.

**સમષ્ટિગત તમસ**

સમષ્ટિગત તમસને લીધે આખી જાતિની બુદ્ધિ વિપરીત થઈ જાય છે. તેને બધી ઉલટી વાતો જ સૂઝે છે. તેની બધી જ પ્રવૃત્તિ વિપરીત થવા લાગે છે. પરિણામે નીચ લોકોનો અભ્યુદય અને મહાત્માઓનું અધઃપતન થવા લાગે છે. જેમ જેમ પરતંત્રતાનો પાશ ઘટ્ટ થતો જાય છે તેમ તેમ લોકો પોતાને સ્વતંત્ર સમજવા લાગે છે. આસુરી બાબતો આસુરી સંપદા માટે અનૂકુળ થવા લાગે છે. જોતજોતામાં દૈવી સંપદાનો ક્ષય અને આસુરી સંપદાની વૃદ્ધિ થવા લાગે છે. જેમ જેમ આસુરી સંપદાની વૃદ્ધિ થાય છે તેમ તેમ બંધનોની વૃદ્ધિ પણ થતી જાય છે. કારણ કે "दैवीसम्पद् विमोक्षाय निबन्धायासुरी मता ।"

**સત્સંસ્કારોનો અભાવ**

સત્સંસ્કારોના અભાવને કારણે લોકોમાં મહાન કાર્યો કરવાની રુચિ અને યોગ્યતા તેમ જ તેને પ્રતિકૂળ કારણોનું નિવારણ કરવાની શક્તિ રહેતી નથી. તામસી સુખ પ્રત્યે તેમની પ્રવૃત્તિ થવા લાગે છે. તેમનામાં એક પ્રકારે સહિષ્ણુતા આવી જાય છે. આ બધાં કારણોને લીધે તેમનામાં કોઈ પણ બંધનો તોડવાની રુચિ અને શક્તિ રહેતાં નથી.

**વિપરીતાર્થી રાજ્ય**

જો રાજ્ય વિપરીતાર્થી ન હોય તો માત્ર સમષ્ટિગત તમસ અને સત્સંસ્કારોના અભાવને લીધે શાસનિક પરતંત્રતા સંભવી શકે નહીં. કારણ કે પ્રજા ભલે તામસી તથા સત્સંસ્કારહીન હોય પરંતુ જ્યાં સુધી રાજ્યનું પ્રજા સાથે અર્થવૈપર્ય થતું નથી ત્યાં સુધી રાજ્ય પ્રજાના પ્રાકૃતિક હિતમાં હસ્તક્ષેપ કરતું નથી. પ્રજાના પ્રાકૃતિક હિતમાં હસ્તક્ષેપ ન થવાથી શાસનિક પરતંત્રતા થઈ શકતી નથી. જ્યારે રાજ્યનું પ્રજાથી અર્થવૈપર્ય થઈ જાય છે ત્યારે રાજ્ય પોતાના સ્વાર્થના રક્ષણ માટે પ્રજાના પ્રાકૃતિક અર્થનો નાશ કરવા સ્વાભાવિક રીતે તૈયાર થઈ જાય છે. આથી રાજ્ય પ્રજાના પ્રાકૃતિક હિતમાં હસ્તક્ષેપ કરતું રહે છે. પરંતુ જ્યાં સુધી પ્રજા બધી રીતે દીન હીન ન થઈ જાય ત્યાં સુધી અલ્પવ્યક્તિ

રાજ્યનું બહુવ્યક્તિ પ્રજા સામે કંઈ ચાલતું નથી, આથી વિપરીતાર્થી રાજ્ય વડે પ્રજાને દીનહીન બનાવવા માટે શાસનિક પરતંત્રતાની ધુરા અત્યંત આવશ્યક હોય છે, જેથી પ્રજા રાજ્યને પ્રતિકૂળ બને તે રીતે માથું ઊંચું ન કરી શકે. આથી વિપરીતાર્થી રાજ્ય શાસનિક પરતંત્રતાનો મુખ્ય હેતુ મનાય છે.

આપણા આચાર્યો અનુસાર શાસનિક સ્વતંત્રતાના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

(૧) ઉત્તમ કુળના, ઉત્તમ વારસો ધરાવતા અને ઉત્તમ પરિવેશજન્ય સંસ્કારવાળા ઉત્તમ પુરુષોના હાથમાં શાસન આપવું. આવા ઉત્તમ શાસકો આધિજનનિક અને આધ્યાપનિક શાસ્ત્રો દ્વારા બનાવી શકાય છે.

(૨) શાસકના હાથમાં, ભલે તે ગમે તેટલો શ્રેષ્ઠ કેમ ન હોય, સ્મૃતિરચનાનું કાર્ય ન રહેવું. તે બ્રહ્મપરાયણ, ઉત્તમ, ત્યાગી, બ્રાહ્મણોના હાથમાં હોવું. આપણી જેટલી સ્મૃતિઓ છે તે બધી ઋષિ મુનિઓ દ્વારા રચાયેલી છે.

(૩) શાસકનું મુખ્ય કર્તવ્ય વર્ણાશ્રમનું પાલન હોવું.

(૪) સમસ્ત સંન્યાસી, વાનપ્રસ્થ, બ્રાહ્મણ અને બ્રહ્મચારીઓ કરતાં શાસકનું ગૌરવ ઓછું હોવું. આને લીધે શાસકને અભિમાન અને આસક્તિની ભાવના થતી નથી. આચાર્ય પ્લેટોના મત અનુસાર પણ આસક્તિ ન થવાથી શાસક ઉત્તમ હોય છે.

(૫) બ્રહ્મચર્યાશ્રમ પ્રથાથી પ્રજાને તેજસ્વી બનાવવી, કારણ કે તેજસ્વી પ્રજાની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરવાનું સાહસ કોઈ પણ શાસકમાં હોતું નથી.

આ ઉપરોક્ત ઉપાયો દ્વારા રાજ્યવાદી અને અરાજ્યવાદી બન્નેનો અર્થ સિદ્ધ થાય છે. રાજ્યવાદીઓને આદર્શરૂપ રાજા અને અરાજ્યવાદીઓને પૂર્ણ શાસનિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જાય છે.

## ૩.
## આર્થિક સ્વતંત્રતા

જે પૌરુષરૂપી શરીરનો શાસનિક સ્વતંત્રતા એ પ્રાણ છે, તે શરીરની આર્થિક સ્વતંત્રતા કરોડરજ્જુ છે. જે રીતે કરોડરજ્જુ વિના શરીર ઉભું રહી શકે નહીં તે રીતે આર્થિક સ્વતંત્રતા વિના કોઈ મનુષ્ય પુરુષાર્થ કરી શકતો નથી. આર્થિક રીતે પરતંત્ર રહેવાથી મનુષ્યનું ધ્યાન પુરુષાર્થ તરફ જતું નથી. અને જો જાય તો પણ તેમાં હાથ નાખવાનું સાહસ તેનામાં હોતું નથી. અન્નવસ્ત્રની ચિંતા અથવા ભોગવિલાસોની આસક્તિ તેને એક પ્રકારે નપુંસક બનાવી દે છે. તદુપરાંત આર્થિક પરતંત્રતાને કારણે કોઈ પણ સમાજની શાસનિક સ્વતંત્રતા લાંબો સમય નભી શકે નહીં. પ્રતિક્ષણ તેની

પ્રાકૃતિક સ્વતંત્રતાનો પ્રપાત થવાનો અંદેશો રહે છે. એમ કહેવાય છે કે આવી આર્થિક પરતંત્રતાને કારણે જ એક વાર મેવાડરત્ન મહારાણા પ્રતાપ પણ મોગલ બાદશાહ સામે મસ્તક નમાવવા તૈયાર થઈ ગયા હતા. આ કારણે જ આપણા અનેક યુવકો જે શાળા કોલેજમાં સિંહબાળ જેવા દેખાય છે, તેઓ ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરતાં ગાડું ખેંચતા બળદ બની જાય છે. આને કારણે જ મનુષ્યની પ્રવૃત્તિ નીચ કાર્યો તરફ વળે છે. વ્યભિચાર બાદ કરતાં જેટલાં પણ નીચ કર્મો હોય છે તે બધાનું કારણ પ્રાયઃ આ પરતંત્રતા જ છે. આથી સમષ્ટિરૂપે અને વ્યક્તિરૂપે પ્રજાની આર્થિક સ્વતંત્રતા જાળવી રાખવી તે રાજ્યનો પરમધર્મ મનાય છે. આ માટે જ આપણા અર્થશાસ્ત્રની ઉત્પત્તિ થઈ હતી. કાળક્રમે આપણા આ શાસ્ત્રનો પણ લોપ થઈ ગયો છે. આ શાસ્ત્ર અનુસાર આપણા સમાજની રચના એવી કરવામાં આવી કે જેના પ્રભાવથી વર્ષોથી વિવિધ પ્રતિકૂળ કારણો હોવા છતાં પણ આપણા દેશની આર્થિક અવસ્થા હજુ સુધી મહદંશે યથાવત રહી છે, જેનો હવે દિનપ્રતિદિન ત્વરિત ગતિથી લોપ થઈ રહ્યો છે.

આ સ્વતંત્રતાનું તાત્પર્ય સમજવા માટે અર્થનું તત્ત્વ સમજવું આવશ્યક છે. સાધારણ રીતે અર્થ એ વસ્તુને કહે છે જે મનુષ્યના જીવન માટે આવશ્યક હોય; પરંતુ અર્થશાસ્ત્રમાં સ્વચ્છંદરૂપે અનાયાસે પ્રાપ્ત થનારી વસ્તુ અર્થ કહેવાતી નથી. જેમ કે વાયુ, જળ, પ્રકાશ વગેરે. અર્થશાસ્ત્રમાં માત્ર એ જ વસ્તુ અર્થ કહેવાય છે જે સામાન્ય રીતે ઉદ્યમથી પ્રાપ્ત થાય છે અને જે મનુષ્યના જીવન માટે આવશ્યક અથવા આવશ્યક વસ્તુઓને પ્રાપ્ત કરાવી આપનાર હોય છે. જે વસ્તુ ઉદ્યમથી પ્રાપ્ત થતી ન હોય તે વસ્તુ અર્થ કહેવાતી નથી. જેમ કે મિસરના પિરામીડ. હા, જો તે પિરામીડની ઇંટો વેચાય તો તે અર્થ કહેવાય. જે વસ્તુ મનુષ્ય જીવન માટે આવશ્યક હોય પરંતુ કોઈ મનુષ્યને ઉદ્યમ વગર જ પ્રાપ્ત થઈ શકે તો તે પણ અર્થ કહેવાતી નથી, જેમ કે જળ. જો તે જ જળ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરવો પડે તો તે અર્થ ગણાય છે ; જેમ કે મારવાડ પ્રદેશમાં.

અર્થ બે પ્રકારનું હોય છે.

(૧) મુખ્ય અર્થ અથવા ધન (૨) ગૌણ અર્થ અથવા દ્રવ્ય.

જે વસ્તુ મનુષ્યજીવનનો આધાર હોય છે, અથવા એવી વસ્તુને ઉત્પન્ન કરે છે તે મુખ્ય અર્થ અથવા ધન કહેવાય છે. જેમ કે અન્ન, વસ્ત્ર, ગાય, ભૂમિ વગેરે.

(૨) જે વસ્તુ મુખ્ય અર્થના વિનિમયનું માત્ર સાધન હોય છે તે ગૌણ અર્થ અથવા દ્રવ્ય કહેવાય છે. જેમ કે સોનામહોર, રૂપિયા વગેરે.

અર્થનું કોઈ પણ રૂપે માનવી સ્વતંત્રતા માટે પ્રતિઘાતી ન હોવું તે આર્થિક સ્વતંત્રતા કહેવાય છે. આપણા દૈશિકશાસ્ત્ર અનુસાર મુખ્ય અર્થસંબંધી સ્વતંત્રતા સિવાય, માત્ર

ગૌણ અર્થના પ્રાચુર્યથી આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી.

અર્થ માનવી સ્વતંત્રતાનું ત્રણ પ્રકારે પ્રતિઘાતી હોય છે.

(૧) અભાવરૂપે (૨) સંગોત્પાદક રૂપે (૩) નિમિત્તરૂપે.

જ્યારે અર્થાભાવને કારણે મનુષ્યને અન્નવસ્ત્રની ચિંતા વળગેલી રહે છે, આજીવિકા પ્રાપ્તિમાં તેનાં સમય અને પ્રાણશક્તિનો મોટો ભાગ વેડફાય છે, અન્નવસ્ત્ર માટે તેને પારકાના ભરોસે રહેવું પડે છે, પોતાના વિચારો દબાવીને બીજાની હા એ હા કરવી પડે છે, ત્યારે અર્થનું અભાવરૂપે સ્વતંત્રતાનું પ્રતિઘાતી હોવું કહેવાય છે. અર્થનું આ પ્રકારે સ્વતંત્રતાનું પ્રતિઘાતી હોવું તે અભાવજ પરતંત્રતા કહેવાય છે. તે મનુષ્યની મહાશત્રુ હોય છે. તે તેને મનુષ્ય શરીરનો ધર્મ નિભાવવા દેતી નથી, તેને ઘાણીનો બળદ બનાવી દે છે. આ કારણે જ આચાર્ય દ્રોણને કૌરવોના દરબારમાં રહેવું પડ્યું હતું.

આવી પરતંત્રતાનાં મુખ્ય કારણો આ છે.

**(૧) કૃષિ અને ગોરક્ષાની ઉપેક્ષા**

મનુષ્યનું જીવન મુખ્યત્વે અથવા ગૌણરૂપે કૃષિ અને ગોરક્ષા પર નિર્ભર હોય છે. જ્યારે કોઈ કારણસર અર્થ નાશ પામે છે ત્યારે આ જ બે વસ્તુઓ તેની ભરપાઈ કરે છે. તેમના દ્વારા બધા જ પ્રકારનાં અન્નાદિ પ્રાપ્ત થાય છે. તેમને ખરીદવા માટે મનુષ્યને દ્રવ્યની આવશ્યકતા હોય છે. જો આનો જ અભાવ થઈ જાય તો દ્રવ્ય તદ્દન નિરર્થક થઈ જાય છે, કારણ કે દ્રવ્ય ખાવાપીવાની વસ્તુ તો છે નહીં. અભાવજ પરતંત્રતાની સાથે જ જ્યાં કૃષિ અને ગોરક્ષાની ઉપેક્ષા થવા લાગે ત્યાં રાજા અને પ્રજા બન્નેની ઇતિશ્રી થયેલી સમજવી જોઈએ.

**(૨) નોકરીનું ચલણ વધવું**

આ કુચલણને કારણે બધાનું ધ્યાન નોકરી તરફ જાય છે. પરિણામે કૃષિ ગોરક્ષા અને અન્ય આવશ્યક વ્યવસાયોની ઉપેક્ષા થઈ જાય છે, જેથી અન્નવસ્ત્રાદિનું ઉત્પાદન આવશ્યકતા કરતાં ઓછું થવા માંડે છે, આથી વસ્ત્રો વગેરેનો ભાવ હંમેશાં ઊંચો રહે છે, તેમ જ સમાજમાં સદા અભાવજ પરતંત્રતા ચાલુ રહે છે.

**(૩) ભોગવિલાસના પદાર્થોનું આધિક્ય**

મનુષ્યમાં ઇંદ્રિયો સ્વભાવતઃ પ્રબળ હોય છે. અનુકૂળ પદાર્થોના સન્નિકર્ષને પરિણામે તે વધુ પ્રબળ થઈ જાય છે. કોઈ કોઈ લોકો આ કારણે ભોગવિલાસના પદાર્થો

પ્રત્યે ખેંચાય છે. તો કોઈ તેનું ચલણ હોવાથી તેના પ્રત્યે ખેંચાય છે. આથી આવા પદાર્થોની ખપત વધારે થવા લાગે છે, જેથી તેનું ઉત્પાદન પણ વધવા લાગે છે. અને આ પદાર્થોના ઉત્પાદનમાં વધારે મનુષ્યો સંકળાયેલા રહે છે. પરિણામે કૃષિ અને ગોરક્ષા જેવાં આવશ્યક કામો માટે પર્યાપ્ત માનવબળ ન રહેતાં સમાજમાં અન્નની ખોટ પડે છે.

**(૪) કુરાજ્ય અને કુશાસન**

આ કારણે લૂંટફાટનું બજાર અલગ અલગ રીતે સદા ગરમ રહે છે, જેથી પ્રજાને એક પ્રકારે આર્થિક અતિસાર થઈ જાય છે.

**(૫) પોતાની આર્થિક અવસ્થા કરતાં ચઢિયાતું કામ કરવું**

આ કામ કરનારને હંમેશાં દેવું કરવું પડે છે. ઋણની શીઘ્ર ભરપાઈ ન થવાથી તે વ્યાજમાં ડૂબતો જાય છે, તેમ જ તેની આર્થિક અવસ્થા દિનપ્રતિદિન કથળતી જાય છે. એક બે વાર આ કામો કર્યા પછી તેનું અભાવજ પરતંત્રતાના પાશમાંથી મુક્ત થવું મુશ્કેલ થઈ જાય છે.

**(૬) કુસંગ**

આને લીધે મનુષ્ય દ્યૂત વગેરે અનેક દુર્વ્યસનો શીખી લે છે જેનું અવશ્યંભાવી પરિણામ દારિદ્ય હોય છે.

**(૭) આળસ અને ઈંદ્રિયપરતા**

આળસને કારણે મનુષ્ય કંઈ ઉપાર્જન કરી શકતો નથી અને ઈંદ્રિયપરતાને કારણે તે અપવ્યયી થઈ જાય છે. આમ આળસ અને ઈંદ્રિયપરતાના સંયોગથી શીઘ્ર દારિદ્ય ઉપસ્થિત થાય છે.

**(૮) સ્ત્રીમાં રજોગુણ અને પુરુષમાં તમોગુણનું આધિક્ય હોવું**

આ વિપરીત સંયોગથી સ્ત્રી તેના પતિને ઘાણીનો બળદ બનાવી દે છે, અથવા ઘરમાં કંકાસ કરે છે. એ રીતે પુરુષ નિસ્તેજ અને શ્રીહીન થઈ જાય છે. આવા ઘરમાં લક્ષ્મીનો વાસ થતો નથી.

**(૯) પરિવારના સભ્યોમાં ઐક્ય ન હોવું**

આ કારણે કમાનાર વ્યક્તિઓ પોતાની કમાણી કુટુંબના એકત્રિત ભંડારમાં જમા ન કરાવતાં પોતાની પાસે જુદી રાખે છે. પરિણામે કુટુંબના સભ્યોમાં વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. બધા અલગ અલગ થઈ જાય છે. બધાને પોતાપોતાના ગુજરાનની ચિંતા થવા લાગે છે. જીવનયાત્રાની ચિંતા બધાના હોશ ઉડાવી દે છે. આથી બધાને ચિંતા અને

અતિવ્યસ્તતા રહે છે.

ઘણે ભાગે એવું જોવા મળે છે કે અર્થવૃદ્ધિ સાથે મનુષ્ય કાં તો તૃષ્ણાસંગજન્ય અથવા ભોગવિલાસજન્ય દુર્બળતાથી પરતંત્ર થઈ જાય છે. એનું કારણ એ છે કે અર્થ બહુધા સંગ ઉત્પન્ન કરી દે છે, ક્યારેક સ્વતઃમાં તો ક્યારેક વિષયભોગોમાં. જ્યારે મનુષ્યનો સંગ માત્ર અર્થમાં હોય છે ત્યારે તેની બુદ્ધિ રાગાત્મક થઈ જાય છે, અર્થની તૃષ્ણા અને અર્થના સંગને કારણે મનુષ્ય નવ્વાણુના ફેરમાં અટવાય છે. જેથી તેને અભીષ્ટ અને અનભીષ્ટ કામોનું જ્ઞાન રહેતું નથી. તેને હંમેશાં દ્રવ્યસંચયની ધૂન ચડેલી રહે છે. તે સિવાય કોઈ વાતમાં તેનું ધ્યાન રહેતું નથી. પરિણામે તે પોતાના પ્રાકૃતિક હિતની સાધના માટે યાગ્ય રહેતો નથી. આવા જ લોકો દેશઘાતી અને વિશ્વાસઘાતી હોય છે. પરંતુ આ ઉપરથી એમ ન માનવું જોઈએ કે બધા જ ધનવાન લોકો આવા હોય છે. મનુષ્યની આવી નીચ પ્રકૃતિ થાય છે અર્થની લાલસાથી નહીં કે અર્થથી. જ્યારે મનુષ્યમાં અર્થની લાલસા નથી હોતી ત્યારે તેની બુદ્ધિમાં રાગજનિત વિકાર ઉત્પન્ન થતા નથી, પછી ભલેને તેની પાસે ગમે તેટલું ધન કેમ ન હોય. નિઃસંગ રાજા જનકનો એક મોટા રાષ્ટ્રમાં પણ રાગ ઉત્પન્ન ન થયો, કિંતુ સસંગ શુકનો એક કૌપિનમાં પણ રાગ ઉત્પન્ન થઈ ગયો. નિઃસંગ રાજા મોરધ્વજને પુત્રમોહ પણ ન થયો પરંતુ સસંગ જડભરતને એક મૃગબાળનો મોહ થઈ ગયો. ત્યાગી ભામાશાએ મેવાડની ડૂબતી નાવને બચાવી લીધી, પરંતુ રાગી ચુડામલે ભરતપુરની જીતેલી બાજી ગુમાવી દીધી. કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્ય પરતંત્ર થાય છે અર્થના સંગને લીધે, નહીં કે અર્થને લીધે.

અને જ્યારે અર્થના પ્રભાવથી મનુષ્યનો સંગ વિષયભોગોમાં થવા લાગે છે ત્યારે તેનું મન દાવાનળ જેવું થઈ જાય છે. જેમ જેમ તેમાં અર્થરૂપી ઈંધણ પડતું રહે છે તેમ તેમ વિષયતૃષ્ણારૂપી અગ્નિ પ્રજવળતો રહે છે. આવો મનુષ્ય ઇંદ્રિયોનો દાસ બની જાય છે. તેને ઇંદ્રિયરૂપી દેવતાઓના પૂજન માટે સદાયે અર્થરૂપી ફૂલોની ચિંતા સતાવતી રહે છે. અર્થ પ્રાચુર્ય હોવા છતાં આવા મનુષ્યને આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી. અને જો થાય તો પણ રેતીની દિવાલની જેમ વધારે સમય ટકતી નથી. ભગવતી પ્રકૃતિનો એ સનાતન નિયમ છે કે પૌરુષ અને વિલાસ એકત્ર રહી શકે નહીં. પૌરુષ ન હોય તો કોઈને સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી. અને થાય તો તેનો દુષ્પ્રયોગ થાય છે. અર્થનું આ રીતે સ્વતંત્રતાનું પ્રતિઘાતી હોવું તે સાંગિક પરતંત્રતા કહેવાય છે. આ કારણે જ રાજા નહુષે ઇંદ્રાસનથી હાથ ધોયા અને વાજિદઅલી શાહે અવધની નવાબી ગુમાવી. આપણા આચાર્યોના મતાનુસાર આવી પરતંત્રતા સૌથી વધુ ભયંકર હોય છે. એક વાર તેમાં પડ્યા પછી તેમાંથી બહાર નીકળવું લગભગ અસંભવ થઈ જાય છે. આચાર્ય અરસ્તુના

મત અનુસાર પણ આ પરતંત્રતા અભાવજ પરતંત્રતા કરતાં વધુ પ્રજાગત હોય છે ત્યારે જાતિનું પતન થવા લાગે છે. જ્યારે તે શાસકગત હોય છે ત્યારે પ્રજાપીડન અને વિપ્લવ થવા લાગે છે, અને તે જ્યારે ઉભયગત હોય છે ત્યારે સ્વરાજ્યનો લોપ થઈ જાય છે.

– આ પરતંત્રતાનાં કારણો આ પ્રમાણે છે.

**(૧) ધનનું માન હોવું**

મનુષ્યને પેટ ભરવા અને શરીર ઢાંકવા માટે વધારે ધનની આવશ્યકતા નથી હોતી. થોડા ઉદ્યોગથી તેની જીવનયાત્રા ચાલી શકે છે. પરંતુ મનુષ્ય સ્વભાવથી માનાહારી છે. આથી જ્યારે તેને લાગે છે કે ધન વડે માન પ્રાપ્ત થાય છે ત્યારે તે ધનસંચય કરવામાં પ્રવૃત્ત થાય છે. સમય જતાં તેને નિરુદ્દેશ અને અનાવશ્યક ધનસંચય કરવાનું દુર્વ્યસન થઈ જાય છે.

**(૨) ધનનો અનુચિત પ્રભાવ હોવો**

જ્યારે આમ થવા લાગે છે ત્યારે નિર્ધન પરંતુ ગુણવાન લોકોનું અપમાન અને ધનવાન પરંતુ દુર્ગુણી લોકોનું સન્માન થવા લાગે છે. ધનવાન માટે સર્વત્ર બધા માર્ગો મોકળા રહે છે જ્યારે દરિદ્રો માટે બધા રસ્તા બંધ થઈ જાય છે. ધનના પ્રભાવથી સત્યનું અસત્ય અને અસત્યનું સત્ય થઈ જાય છે.આવી અવસ્થામાં મનુષ્યનું ધનપરાયણ થવું સ્વાભાવિક હોય છે.

**(૩) દંડનીતિની વૃદ્ધિ અને વ્યવહારનીતિનું વર્ચસ્વ**

દંડનીતિની વૃદ્ધિ થાય છે ત્યારે વાતવાતમાં લોકોની ધરપકડ થવા લાગે છે, અને અભિયુક્તોને પોતાની જાન છોડાવવા માટે અદાલતરૂપી યજ્ઞવેદીમાં ઘણું ધન હોમવું પડે છે. અને જ્યારે વ્યવહારનીતિ એવી થઈ જાય છે કે ધનનો વ્યય કર્યા વિના લોકોના સ્વત્વનું જતન થઈ શકતું નથી ત્યારે લોકોનો ધનમાં વિશ્વાસ વધી જાય છે ત્યારે બન્ને રીતે લોકો ધનને પોતાના ઈષ્ટદેવ સમજવા લાગે છે.

**(૪) રાજ્ય અને તેના અધિકારી વર્ગની ધનપરાયણતા**

જ્યારે આમ થવા લાગે છે ત્યારે વાતવાતમાં પ્રજાનું ખીસું કપાવા માંડે છે. પૈસા વગરના લોકોનું કામ થવું મુશ્કેલ બને છે. તેમને માટે ચોતરફ કાંટા વેરાય છે. ધનનો અનુચિત પ્રભાવ અને અત્યંત માન થવા લાગે છે. દંડનીતિની વૃદ્ધિ અને ન્યાયનું લિલામ થવા લાગે છે. રાજ્યમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે. આથી મનુષ્ય ધનોપાર્જનને પોતાનો પરમ ધર્મ સમજવા લાગે છે. આમ થવું સ્વાભાવિક જ છે, કારણ કે પ્રકૃતિએ મનુષ્યને ભવિષ્યની ચિંતા કરનારો જીવ બનાવ્યો છે. આ જ કારણસર રાજા ભર્તૃહરિએ

ધનપરાયણ માલિકને પોતાના હૃદયનું શૂળ કહ્યું છે.

(૬) **વ્યાપારની અતિશય વૃદ્ધિ**

વ્યાપારની વૃદ્ધિથી ભોગવિલાસની વસ્તુઓનો પ્રચાર, વિનિમય પ્રથાનો હ્રાસ, દ્રવ્યની શક્તિની વૃદ્ધિ અને દ્રવ્યનો વધુ ઉપયોગ થવા લાગે છે. આ કારણોસર દ્રવ્યમાં મનુષ્યનો ભરોસો વધી જાય છે. સાથે સાથે આ ભરોસાનું દ્રવ્ય સુધાર્ય અને સુવાહ્ય હોવાથી તેમાં મનુષ્યનો મોહ ઉત્પન્ન થઈ જાય છે. જો વસ્તુ દુર્ધાર્ય અને દુર્વાહ્ય હોય તો કોઈ તેનો સંચય કરતું નથી. આથી તેમાં કોઈનો સંગ થતો નથી. જો કોઈ રાજ્યમાં દ્રવ્યને બદલ ધન વડે વેતન ચુકવાય અને તે ધનને ખરીદનારા પણ ઓછા હોય તો તે રાજ્યનો કોઈ પણ કર્મચારી આવશ્યક કરતાં વધુ વેતન લેશે નહીં. તે રાજ્યમાં વેતનવૃદ્ધિ માટે ધાંધલ પણ થશે નહીં.

દુર્ધાર્ય અને દુર્વાહ્ય હોવાથી સરકારી હૂંડીઓની ચોરી પણ થતી નથી, કે કોઈ ધનનો અનાવશ્યક સંચય પણ કરતું નથી. આ ઉપરથી એ અનુમાન કરી શકાય છે કે સાંગિક પરતંત્રતાનું મૂળ કારણ છે દ્રવ્ય, અને દ્રવ્યનો અતિપ્રચાર થાય છે વ્યાપાર વૃદ્ધિથી.

(૭) **પરિચર્યાત્મક વૃત્તિ**

પરિચર્યાને કારણે બુદ્ધિ મલિન થઈ જાય છે. મલિન બુદ્ધિવાળા નૈસર્ગિક સુખનું અનુમાન કરી શકતા નથી. દ્રવ્યસંચયને જ તેઓ પરમ સુખ સમજતા રહે છે. આથી બહુધા એ જોવા મળે છે કે પરિચર્યાબુદ્ધિવાળા કરતાં સ્વતંત્રબુદ્ધિવાળા વધુ નિઃસંગ હોય છે, અને વધુ સાત્ત્વિક દાન કરે છે.

(૮) **સંતાનોત્પત્તિનું આધિક્ય**

આ કારણે મનુષ્ય તંગ રહે છે. આથી તેને સદા ધનોપાર્જનની ધૂન વળગેલી રહે છે.

(૯) **વિકારોના સામીપ્યની સાથે સાથે ધીરજ અને તિતિક્ષાની ન્યૂનતા**

જ્યારે વિકારો ઉત્પન્ન થાય છે ત્યારે ઇંદ્રિયો સ્વાભાવિક રીતે તેમના પ્રત્યે ખેંચાય છે. ધીરજ અને તિતિક્ષાની ન્યૂનતાને લીધે મનુષ્ય પોતાને રોકી શકતો નથી. જેટલું તેની પાસે ધન હોય છે તેટલો જ તે ભોગવિલાસમાં લિપ્ત રહે છે.

જ્યારે અર્થ અભાવરૂપે અને સંગોત્પાદક રૂપે માનવી સ્વતંત્રતાનું પ્રતિઘાતી થતું નથી ત્યારે મનુષ્ય ધારે તે કરી શકે છે. તેને પ્રચુર સમય અને યથેષ્ટ અવકાશ મળી રહે છે, જેથી જેને એક પ્રકારે યથેષ્ટગામી વિમાન પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ આ અદ્વિતીય

વિમાન પ્રાપ્ત કર્યા પછી મનષ્ય એક ક્ષણ પણ સ્થિર રહી શકતો નથી. કાં તો તે ઉંચે ચઢતો જાય છે અથવા નીચે પડતો જાય છે. નિમિત્તરૂપી પ્રેરક વિના આ વિમાન મનુષ્યને પ્રમાદ અને આળસમાં ડુબાવી દે છે, જેને કારણે તેનામાં તમસ પ્રવેશી જાય છે. તમસને કારણે તે અનેક પ્રકારનાં બંધનોમાં પડે છે. જ્યારે મનુષ્યની જીવનયાત્રા અનાયાસ ચાલતી રહે છે, અને તેને વધુ ધન અથવા વિષયભોગોની ઇચ્છા થતી નથી ત્યારે તે નિરુદ્દેશ્ય થઈ જાય છે. પરિણામે તેની પ્રવૃત્તિ તામસી થતી જાય છે. પરંતુ તે કોઈ શ્રેષ્ઠ ઉદ્દેશની સાધનામાં રત રહે તો આમ થઈ શકતું નથી. આથી આપણા દૈશિકાચાર્યોના મતાનુસાર પૂર્ણ ભાવિક સ્વતંત્રતા એને જ મળવી જોઈએ જેને કોઈ શ્રેષ્ઠ ઉદ્દેશ સાધ્ય કરવો હોય, નહીં કે નિરુદ્દેશ મનુષ્યને. આવા મનુષ્યની ભાવિક સ્વતંત્રતાનું પરિણામ સમાજ માટે અહિતકારી હોય છે. આ જ સિદ્ધાંત અનુસાર આપણા સમાજમાં અર્થ વિભાગ કરવામાં આવ્યો હતો. આપણા આચાર્યોના મત અનુસાર કોઈ પણ મનુષ્યને પૂર્ણ ભાવિક સ્વતંત્રતા પ્રાપ્ત થવા દેવી ન જોઈએ. જો આવા કોઈ મનુષ્ય પાસે આવશ્યક કરતાં વધારે ધન આવી જાય તો તેના દ્વારા કોઈ યજ્ઞાદિ સત્કાર્ય કરાવડાવીને તે ધનનો નિકાલ કરાવવો જોઈએ, અન્યથા તેમાં તમસ આવી જાય છે. તમોગુણનો સ્વાભાવિક ધર્મ છે બંધનમાં નાખવું. આથી નિરુદ્દેશ મનુષ્ય ભાવિક અને નૈસર્ગિક સ્વતંત્રતા હોવા છતાં કરોળિયાની જેમ પોતે જ પોતાના બંધનની રચના કરે છે. અર્થના આ દોષને નિર્નૈમિત્તિક પરતંત્રતા કહે છે. આ પરતંત્રતાએ એવા ભારતને આવું બનાવ્યું છે. જ્યાં સુધી ભારતે પોતાની ભાવિક અને નૈસર્ગિક સ્વતંત્રતાનું કોઈ નિમિત્ત ધ્યાનમાં રાખ્યું હતું ત્યાં સુધી કોઈ તેની સામે આંખ ઉઠાવીને જોઈ શકતું ન હતું. અને જ્યારે તે નિમિત્ત અંતર્હિત થવા લાગ્યું ત્યારે ભરી સભામાં ભારતરૂપી દ્રૌપદીનાં ચીર હરણ થવા લાગ્યાં. કોઈનેય તેને બચાવવાનું સાહસ ન થયું. જોતજોતામાં ભારતનો નાશ થવા લાગ્યો. ભારતનો જ નહીં, તો જે ધનાઢ્ય વ્યક્તિ અથવા સંપન્ન સમાજનો નાશ થાય છે તેમાં પહેલાં નિર્નૈમિત્તિક પરતંત્રતાનો સડો લાગી જાય છે. તે પછી સમાજમાં પ્રમાદ અને આળસનો અથવા તૃષ્ણા અને મોહનો સંચાર થાય છે.

આ પરતંત્રતાનાં મુખ્ય કારણો આ છે.

**૧. ચિતિનું અંતર્ધાન**

જેમ ચૈતન્યના સાન્નિધ્યથી પ્રાણ જાગ્રત થાય છે, પ્રાણની જાગૃતિથી વિભિન્ન પ્રકારની વિભિન્ન શક્તિઓનો આવિર્ભાવ થાય છે અને ચૈતન્યના તિરોધાન થવાથી પ્રાણ અંતર્લીન થઈ જાય છે અને પ્રાણ અંર્તલીન થતાં બધી શક્તિઓ વિલીન થઈ જાય છે, તે જ રીતે ચિતિના ઉદયાવપાતની સાથે જ વિરાટનો પણ ઉદયાસ્ત થાય છે, વિરાટના

ઉદયાસ્ત સાથે બીજી બધી જ જાતીય શક્તિઓનો આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. પ્રચંડ દૈશિકધર્મથી માંડીને પ્રશાંત કાવ્યકલાપ સુધી બધું જ તે ચિતિનું રૂપાંતર હોય છે. જ્યારે કોઈ જાતિની ચિતિનો લોપ થાય છે ત્યારે તેનો આદર્શ આહાર, નિદ્રા, મૈથુન સિવાય કોઈ રહેતો નથી. તેમની સાધના કરવામાં જ તેની અધિકાંશ શક્તિઓ ક્ષીણ થઈ જાય છે.

**૨. તામસી પ્રવૃત્તિ**

મનુષ્યની જેવી પ્રવૃત્તિ હોય છે એવી જ તેની કર્મપ્રેરણા હોય છે અને એવો જ તેનો કર્મસંગ્રહ હોય છે. અર્થાત્ જ્ઞાન, જ્ઞેય, પરિજ્ઞાતા, કર્મ, કર્તા, કારણ એ બધાં જ તામસી થઈ જાય છે. આવો તામસી મનુષ્ય અનેક દુર્ગુણોથી લિપ્ત થઈ જાય છે. ઉદરભરણ અને વ્યર્થ સમય વેડફવા સિવાય બીજું કંઈ જ કરવાની તેની વૃત્તિ થતી નથી.

**૩. તામસી સંનિકર્ષ**

જેવું વાતાવરણ હોય, જેવો પરિવેશ હોય, જેવી સંગત હોય, જેવા લોકો આસપાસ હોય તેવો જ મનુષ્ય બની જાય છે. જેવો મનુષ્ય એવો જ તેનો આદર્શ. તેથી તામસી સંનિકર્ષવાળો મનુષ્ય ઉદાત્ત લક્ષ્ય કે ઉદાત્ત આદર્શ ધરાવનારો હોઈ જ શકે નહીં.

**૪. ચિંતા અને વ્યાધિ**

મનુષ્ય વ્યાધિગ્રસ્ત હોય અથવા એને ચિંતા વળગેલી હોય તો એ હંમેશાં અપ્રસન્ન રહે છે. આવા અપ્રસન્ન ચિત્તમાં તૃષ્ણા અને મનોરથ સિવાય અન્ય કોઈ આદર્શ રહી શકે નહીં.

જે પ્રમાણે આર્થિક પરતંત્રતા ત્રણ પ્રકારની હોય છે તે જ પ્રમાણે આર્થિક સ્વતંત્રતા પણ ત્રણ પ્રકારની હોય છે.

**(૧) ભાવિક સ્વતંત્રતા (૨) નૈસંગિક સ્વતંત્રતા અને (૩) નૈમિત્તિક સ્વતંત્રતા**

**(૧) ભાવિક સ્વતંત્રતા**

અર્થનો અભાવ ન હોવો, પોતાની આજીવિકા પોતાના જ હાથમાં હોવી અને અલ્પપ્રયાસથી જીવનયાત્રા ચાલવી એને ભાવિક સ્વતંત્રતા કહે છે. આવી સ્વતંત્રતા હોય તો મનુષ્યના પ્રાકૃતિક હિતને વિરોધી એવું ચિંતારૂપી વિઘ્ન દૂર થાય છે.

**૨. નૈસંગિક સ્વતંત્રતા**

મનુષ્યને અર્થ અને વિષયોપભોગમાં સંગ ઉત્પન્ન ન થવો એને નૈસંગિક સ્વતંત્રતા કહે છે. આને કારણે પ્રાકૃતિક હિતનું વિરોધી રાગરૂપી વિઘ્ન દૂર થાય છે. ત્યાગને કારણે

વસ્તુમાં સંગ ઉત્પન્ન થતો નથી. દમ મનુષ્યમાં વિષયતૃષ્ણા પેદા થવા દેતો નથી. આ બંને ગુણોને કારણે મનુષ્યની બુદ્ધિ સ્વસ્થ રહે છે જેને કારણે તે અર્થના પ્રયોજનને સારી રીતે સમજી શકે છે. અને અનાવશ્યક અર્થસંચય કરવાનું વ્યસન તેને લાગુ પડતું નથી.

**૩. નૈમિત્તિક સ્વતંત્રતા**

ભાવિક અને નૈસંગિક સ્વતંત્રતાનો ઉપયોગ કોઈ શ્રેષ્ઠ નિમિત્તની સાધનાર્થે થવાથી મનુષ્યમાં પ્રમાદ અને આળસ ન આવે તે નૈમિત્તિક સ્વતંત્રતા કહેવાય છે. આ સ્વતંત્રતાથી મનુષ્યના પ્રાકૃતિક હિતનું પ્રતિઘાતી મોહરૂપી વિઘ્ન દૂર થઈ જાય છે.

આ ત્રણ પ્રકારની સ્વતંત્રતાઓના સંગમથી પૂર્ણ આર્થિક સ્વતંત્રતા બને છે.

માત્ર અર્થપ્રાચુર્યથી કોઈને પૂર્ણ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી. આજે આપણી કોલેજોમાં ભણાવવામાં આવતા અર્થશાસ્ત્રમાં એવો ભાવ જણાય છે કે દ્રવ્યપ્રાચુર્યથી પૂર્ણ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જાય છે. કદાચ આ ભ્રમણામાં પડવાને કારણે જ ઈંગ્લેન્ડની આવી ચિંતાજનક આર્થિક દશા થઈ છે. ભલે ઇંગ્લેંડના ભંડાર સોનાથી ભરેલા હોય, ભલે દેશદેશાંતરોના મુગટમણિથી તેનાં પાદપંકજ ઝગમગતાં હોય પરંતુ વાસ્તવમાં તેની આર્થિક દશા સારી નથી. આર્થિક રીતે તે ભારતને આધીન છે. આ આધીનતા તેની આર્થિક કલ્પનાઓની ભૂલનું પરિણામ છે. હવે તેને અન્નની ચિંતા થવા લાગી છે. હવે તેને તેની ત્રીસ લાખ એકર જમીનમાં ખેતી કરવાની ચિંતા થવા લાગી છે. હવે તેને પોતાનાં આનંદવનોમાં બટાટા વાવવાનું સૂઝે છે. આ અર્થશાસ્ત્રનો ચેપ હવે ભારતમાં પણ ફેલાવા લાગ્યો છે અને તેનો અર્થશાસ્ત્રરૂપી સર્ય અસ્તાચળગામી થઈ રહ્યો છે. હવે માત્ર તેની અંતિમ લાલિમા ક્યાંક ક્યાંક જોવામાં આવે છે.

આપણા અર્થશાસ્ત્ર અનુસાર આર્થિક સ્વતંત્રતાનાં મુખ્ય કારણો આ છે.

**(૧) કૃષિ અને ગોરક્ષાનું ગૌરવ**

શરીર યાત્રા માટે મુખ્ય પદાર્થ છે અન્ન અને વસ્ત્ર. એ મુખ્ય રૂપે અથવા ગૌણ રૂપે પ્રાપ્ત થાય છે ભગવતી વસુંધરા પાસેથી. તેમાં કંઈ ઓછું પડે તો તે પૂર્ણ કરે છે ગોમાતા. આ બંન્નેની સેવા કરવાથી માતા અન્નપૂર્ણા સદા પ્રસન્ન રહે છે. સદા ભાવિક સ્વતંત્રતા જળવાઈ રહે છે.

આથી જ આપણા આચાર્યોએ આપણા દેશને કૃષિપ્રધાન અને આપણી જાતિને ગોભક્ત બનાવી છે. આ બન્ને બાબતોએ જ અત્યારે ભારતની લાજ રાખી છે. નહીં તો ભારતમાં અત્યારે કોડીના ત્રણ ગુલામ વેચાતા હોત.

### (૨) વાણિજ્યને કૃષિ અને ગોરક્ષા કરતાં નીચું સ્થાન આપવું

દ્રવ્ય વગર વાણિજ્ય દુષ્કર હોય છે. વાણિજ્યને સુગમતાપૂર્વક ચલાવવા માટે દ્રવ્યનો પ્રચાર કરવો પડે છે. આથી જેમ જેમ વાણિજ્યની વૃદ્ધિ થાય છે તેમ તેમ દ્રવ્યનો પ્રચાર પણ વધતો જાય છે. વાણિજ્યને કૃષિ અને ગોરક્ષા કરતાં ઊંચુ સ્થાન આપવાથી દ્રવ્યનું મહત્ત્વ ધન કરતાં વધારે થઈ જાય છે. આથી લોકો ધનનું ઉપાર્જન છોડીને દ્રવ્ય સંચય તરફ વળે છે. પરિણામે કૃષિ અને ગોરક્ષાની ઉપેક્ષા થઈ જાય છે. અંતે એ વિપત્તિ ઉત્પન્ન થાય છે જે આ યુદ્ધને કારણે ઇંગ્લેન્ડમાં થઈ રહી છે. જર્મનીના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પ્રિન્સ બુલોની ૧૯૦૨ની કૃષિ પુનરુદ્ધાર સંબંધી નીતિથી એ સિદ્ધ થાય છે કે જર્મન લોકોના મત અનુસાર પણ કૃષિ જ આર્થિક સ્વતંત્રતાનો મુખ્ય આધાર છે. આથી વાણિજ્યને કૃષિ અને ગોરક્ષા કરતાં વધવા ન દેવું જોઈએ.

### (૩) અર્થનું ઘણું ગૌરવ ન હોવું

અર્થનું ગૌરવ ઓછું હોવાથી લોકો અનાવશ્યક અર્થસંચય કરતા નથી. રાજા અને પ્રજામાં પરસ્પર અર્થવૈમનસ્ય થતું નથી. દ્રવ્ય માટે લોકોની પ્રાણશક્તિનો વૃથા ક્ષય થતો નથી. યવનાચાર્યોના મત અનુસાર પણ અર્થનું ગૌરવ ન હોવું તે જાતિ માટે શ્રેયસ્કર છે. વર્તમાન બોલ્વેશિકોનો પણ આ જ સિદ્ધાંત છે. બ્રહ્મવર્ચસ અને ક્ષાત્રતેજ કરતાં અર્થબળને નીચું સ્થાન આપીને આપણા આચાર્યોએ એક ઘણી જટિલ સામાજિક સમસ્યાને ઉકેલી છે.

### (૪) વૈશ્યો સિવાય વાણિજ્ય અધિકાર બીજા કોઈને ન હોવો

આ નિયમને કારણે બીજા વર્ણો પોતપોતાનાં ઉપયોગી કાર્યો છોડીને વાણિજ્ય તરફ વળતા નથી. લોકો દ્વારા પોતાપોતાનાં કાર્યો છોડીને વાણિજ્યમાં પ્રવૃત્ત થઈ જવાથી જાતિ સાંગિક પરતંત્રતામાં અને ક્યારેક વિશેષ કારણો ઉપસ્થિત થતાં ઘોર અભાવિક પરતંત્રતામાં પડી જાય છે.

### (૫) વ્યવસાયોનું અન્વયાગત હોવું

આનાથી લોકોને પોતપોતાનો વ્યવસાય શીખવામાં સુગમતા રહે છે. પરિણામે અન્ય કામો શીખવા અને કરવા માટે યથેષ્ટ સમય મળી શકે છે. કલાકારીગરીનો લોપ થતો નથી. પેટની સમસ્યા સમાજને વિપર્યસ્ત કરી શકતી નથી. વ્યક્તિગત અને જાતિગત આર્થિક સ્વતંત્રતા જળવાઈ રહે છે. શતાબ્દીઓથી પ્રતિકૂળ કારણો હોવા છતાં પણ આ અન્વયાગત વ્યવસાયપ્રથાને કારણે ભારતમાં સુખશાંતિ કાયમ હતી. આથી ઉલટું અનુકૂળ કારણો હોવા છતાં પણ આ પ્રથાના અભાવને કારણે યુરોપને સુખશાંતિનાં

દર્શન પણ ન થયાં. તેનો ચિંતારૂપી દાવાગ્નિ વધતો જ ગયો, જેની જવાળામાં આજે આપણું ભારત પણ ભૂંજાઈ રહ્યું છે.

**(૬) પ્રત્યેક ગામ અને નગરની સ્વાધીન સામાજિક વ્યવસ્થા**

પ્રત્યેક ગામ અને નગરની એવી સામાજિક વ્યવસ્થા બનાવવી જેથી તે આર્થિક રીતે બીજા નગર કે ગામને આધીન ન થાય. આ પ્રકારની સામાજિક રચનાને કારણે પ્રત્યેક સ્થાન માટે આવશ્યક વસ્તુઓ ત્યાં જ ઉત્પન્ન થઈ જાય છે. સર્વ સ્થાને ભાવિક સ્વતંત્રતા કાયમ રહે છે. એક સ્થાને ઉત્પાત થતાં તેનાં આસન્નવર્તી સ્થાનોનાં સુખશાંતિમાં ભંગ પડતો નથી. એવું થઈ શકતું નથી કે યુદ્ધ થાય યુરોપમાં અને મોંઘવારી વધે ભારતમાં.

**(૭) સત્કાર્યમાં વધારાના ધનનો નિકાલ કરવો**

આ પ્રથાને કારણે એક પંથ બે કાજ એમ થાય છે. એક બાજુ આવશ્યક કરતાં વધારાનું ધન વપરાઈ જવાથી લોકો સાંગિક અને નિર્નૈમિત્તિક પરતંત્રતામાં પડતા નથી અને બીજી બાજુ લોકોપકારનાં કાર્યો કરતાં ધનહીન બ્રાહ્મણ અથવા બીજા સત્પાત્ર લોકો અભાવિક પરતંત્રતાના કળણમાંથી બહાર નીકળી જાય છે. આ રિવાજ આપણા દેશમાં હજુ સુધી થોડે ઘણે અંશે ચાલુ છે. વિસ્મૃતિરૂપી કાદવમાં ડૂબતા શરણાર્થી સંસ્કૃત સાહિત્યરૂપી ગજેન્દ્રની સૂંઢમાં પકડાયેલું કમળ હજુ સુધી આ પ્રથાને કારણે દેખાઈ રહ્યું છે.

## ૪.
## સ્વાભાવિક સ્વતંત્રતા

સ્વતંત્રતારૂપી શરીરનો પ્રાણ શાસનિક સ્વતંત્રતા અને કરોડરજ્જુ આર્થિક સ્વતંત્રતા છે. તો સ્વાભાવિક સ્વતંત્રતા તેની ચેતના છે. જેમ ચેતના સિવાય માત્ર પ્રાણનો સંચાર અને કરોડરજ્જુની દઢતાથી કોઈ જીવની રક્ષા થઈ શકતી નથી તે જ રીતે સ્વાભાવિક સ્વતંત્રતા વિના માત્ર શાસનિક અને આર્થિક સ્વતંત્રતાથી મનુષ્યના પ્રાકૃતિક હિતનું યોગક્ષેમ થઈ શકતું નથી. કારણ કે શાસનિક અને આર્થિક સ્વતંત્રતા સિવાયનાં અન્ય કારણોથી મનુષ્યના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત થાય છે. તે કારણોમાંથી કોઈક તો આત્મહૃદયદૌર્બલ્યજન્ય હોય છે, કોઈ પરવ્યક્તિઉત્પાતજન્ય તો કોઈ સામાજિક દુષ્પ્રવૃત્તિજન્ય.

આ ત્રણ કારણોને લીધે મનુષ્યનું પોતાનું પ્રાકૃતિક હિત સાધ્ય ન થઈ શકે તો તે અસ્વાભાવિક પરતંત્રતા કહેવાય છે. એના ત્રણ પ્રકાર છે. (૧) અસ્મિતાજન્ય (૨) પરજન્ય (૩) સમાજજન્ય

આત્મહૃદયદૌર્બલ્યજન્ય પરતંત્રતા અર્થાત્ ભય અને લોભનો પ્રતિરોધ ન કરી

શકવાને કારણે મનુષ્યનું પોતાના પ્રાકૃતિક હિતને સાધ્ય ન કરી શકવું તે અસ્મિતાજન્ય પરતંત્રતા કહેવાય છે, જેમ કે આપણા લોકોનું સરકારી નોકરી ન મળવાના ભયને કારણે પોતાના બાળકોને સુંદર જાતીય શિક્ષણ ન આપી શકવું, અથવા સરકારી નોકરી મળવાના લોભને કારણે તેમને નિરર્થક વિજાતીય શિક્ષણ આપવું.

પરવ્યુત્પાપતજન્ય પરતંત્રતા અર્થાત્ બીજા દ્વારા કરાયેલા ઉત્પાતોને કારણે મનુષ્યનું પોતાનું પ્રાકૃતિક હિત સાધ્ય ન કરી શકવું તે પરજન્ય પરતંત્રતા કહેવાય છે, જેમ કે વિશ્વાસઘાતી, દેશઘાતી જાતિદ્રોહીઓના ભયથી ઘણા લોકોનું દૈશિક ધર્મ ન સ્વીકારી શકવું.

સામાજિક દુષ્પ્રવૃત્તિજન્ય પરતંત્રતા અર્થાત્ સમાજની દુષ્પ્રવૃત્તિને કારણે મનુષ્યનું પોતાનું પ્રાકૃતિક હિત સાધ્ય ન કરી શકવું તે સમાજજન્ય પરતંત્રતા કહેવાય છે. જેમ કે અસુર સમાજની દુષ્પ્રવૃત્તિને કારણે પ્રહ્લાદની હરિભક્તિમાં વિઘ્ન આવવું. આપણા સમાજની દુષ્પ્રવૃત્તિને કારણે જાતીય શિક્ષણ શૈલીનું ન ચાલી શકવું.

આ ત્રણે પ્રકારની પરતંત્રતાનું કારણ છે સત્ત્વહ્રાસ. સત્ત્વહ્રાસને લીધે મનુષ્ય રાગદ્વેષને વશ થઈ જાય છે. રાગદ્વેષને વશ થવાથી તેનામાં બે પ્રકારની દુર્બળતાઓ ઉપસ્થિત થાય છે, એક બુદ્ધિસંબંધી અને બીજી હૃદયસંબંધી. બુદ્ધિસંબંધી દુર્બળતાને કારણે મનુષ્યને સ્વતંત્રતા અને પરતંત્રતાની ઓળખ રહેતી નથી. હૃદયસંબંધી દુર્બળતાને કારણે તેનામાં સ્વતંત્રતાને ગ્રહણ કરવાની અને પરતંત્રતાનો ત્યાગ કરવાની શક્તિ રહેતી નથી. જે મનુષ્યનાં બુદ્ધિ અને હૃદય દુર્બળ હોય છે તે હીનાવસ્થામાં ઉદરપરાયણ અને સંપન્નાવસ્થામાં ઈંદ્રિયપરાયણ હોય છે. સબળા માટે તે પોતાના પ્રાકૃતિક હિતની હાનિ અને પોતાને માટે નિર્બળોના પ્રાકૃતિક હિતની હાનિ કરતો રહે છે. સ્વયં પ્રબળોના દાસ બની રહેવું અને નિઃસત્વોને પોતાના દાસ બનાવી રાખવા એ આવા મનુષ્યની વિશેષતા હોય છે. આવો મનુષ્ય પોતાના બુદ્ધિસંબંધી અને હૃદયસંબંધી દૌર્બલ્યને કારણે પોતે જ પોતાના પ્રાકૃતિક હિતની હાનિ કરે છે, અને જ્યારે તેનામાં થોડુંક બળ હોય છે ત્યારે કામાદિ ષટ્ મનોવિકારોને વશીભૂત થઈને અનેક પ્રકારના ઉત્પાત મચાવીને બીજાના પ્રાકૃતિક હિતની પણ હાનિ કરતો હોય છે. જ્યારે રાગદ્વેષજન્ય દૌર્બલ્ય સમષ્ટિગત હોય છે ત્યારે સમાજની એવી જ ચિંતાજનક દુષ્પ્રવૃત્તિ થઈ જાય છે જે આ દૌર્બલ્યને કારણે વ્યક્તિની થાય છે. આ રાગદ્વેષજન્ય દૌર્બલ્ય બધા પ્રકારની પરતંત્રતાનું કારણ હોય છે.

**(૧) સારરૂપે કહીએ તો** જ્યારે બાહ્ય સન્નિકર્ષો સ્વતંત્રતાને પ્રતિકૂળ હોતા

નથી ત્યારે એ અસ્મિતાજન્ય પરતંત્રતાનો હેતુ હોય છે.

(૨) કુરાજ્ય અને કુશાસનકાળમાં જ્યારે તે વ્યષ્ટિગત હોય છે ત્યારે તે પરજન્ય પરતંત્રતાનો હેતુ હોય છે.

(૩) કુરાજ્ય અને કુશાસનકાળમાં જ્યારે તે સમષ્ટિગત હોય છે ત્યારે તે સમાજજન્ય પરંતત્રતાનો હેતુ હોય છે.

(૪) રાજ્ય અને પ્રજાની વચ્ચે જ્યારે અર્થવૈપર્ય હોય છે અને જો તે સમયે આ દૌર્બલ્ય સમષ્ટિગત હોય તો તે શાસનિક પરતંત્રતાનો હેતુ હોય છે.

(૫) રાજ્ય જ્યારે વિપરીતાર્થી અને લોભી હોય છે ત્યારે તે આર્થિક પરતંત્રતાનો હેતુ હોય છે.

(૬) આ દૌર્બલ્યના સંસ્કાર જ્યારે ચિત્તગત હોય છે ત્યારે તે આધ્યાત્મિક બંધનોનું કારણ હોય છે.

અસ્મિતાજન્ય પરતંત્રતાનાં મુખ્ય કારણો આ પ્રમાણે છે.

**(૧) તામસી ભોજન**

આવા ભોજનને લીધે શરીર વ્યાધિગ્રસ્ત, ચિત્ત અપ્રસન્ન, બુદ્ધિ અને ધૃતિ તામસી થઈ જાય છે.આવા શરીર અને ચિત્તમાં આવી બુદ્ધિ અને ધૃતિ વડે સત્યનું યોગક્ષેમ થઈ શકતું નથી. પરિણામે મનુષ્યમાં રાગદ્વેષજન્ય દૌર્બલ્ય આવી જાય છે, જેને કારણે તે પોતાનું પ્રાકૃતિક હિત સાધ્ય કરી શકતો નથી.

**(૨) તામસી સન્નિકર્ષ**

સન્નિકર્ષ અનેક પ્રકારના હોય છે. એમાંથી ત્રણ ઘણા મહત્ત્વના હોય છે. પહેલો રાજ્યિક, બીજો સામાજિક અને ત્રીજો સાહચર્યક આ ત્રણેના સંયોગથી જેવો જોઈએ તેવો યુગ બની શકે છે. ભગવાન ઉશનાના મત અનુસાર રાજા જેવો યુગ ઈચ્છે તેવો બનાવી શકે છે. રાજા વેણુના દુઃશાસનને કારણે જે સમય કળિયુગ બની ગયો હતો તે જ સમય પૃથના સુશાસનથી સતયુગમાં ફેરવાઈ ગયો હતો. સમાજમાં જે પદાર્થનું માન હોય છે તેનો પ્રચાર થઈ જાય છે. જે બાજુ પ્રચાર રૂપી પવન વહે છે તે જ બાજુએ મનુષ્યની બુદ્ધિરૂપી લતા ઝૂકે છે. જે પ્રચારે એક સમયે ક્ષત્રિયો પાસે રણભૂમિમાં સમાધિ બનાવડાવી હતી તેણે જ આજે બ્રાહ્મણો પાસે નોકરી માટે નીચમાં નીચ કાર્યો કરાવ્યાં છે. સંલાપ, સહવાસ અને ઉપદેશ દ્વારા મનુષ્યમાં સહચરોના ચિત્ત સંસ્કારોનો સંચાર થાય છે. આ સંસ્કાર મહારથીને કાયર અને કાયરને મહારથી બનાવે છે. શબ્દના સંલાપે તેજસ્વી કર્ણને નિસ્તેજ બનાવ્યો હતો, તો વિદુલાના ઉપદેશે નિસ્તેજ બાળકને

તેજસ્વી બનાવ્યો છે.

**(૩) જાતીય અવપાત**

જ્યારે કોઈ જાતિનું પતન થાય છે ત્યારે સૌથી પહેલાં તેની વ્યક્તિઓ સદ્‌ગુણહીન થઈ જાય છે અને પછી તે શ્રદ્ધાહીન થઈ જાય છે. શ્રદ્ધાહીન થવાથી તે નિઃસત્ત્વ થઈને રાગદ્વેષને વશ થઈ જાય છે.

આ ત્રણે પ્રકારના સન્નિકર્ષો એક સાથે તામસી હોવાથી મનુષ્યમાં ક્યારેય સત્ત્વ હોઈ શકે નહીં. આ સન્નિકર્ષોને બદલીને તેને સાત્ત્વિક બનાવનાર અવતાર કહેવાય છે.

પરજન્ય પરતંત્રતાનાં મુખ્ય કારણો આ પ્રમાણે છે.

**(૧) કુરાજ્ય**

કુરાજ્યનું સ્વાભાવિક કાર્ય છે કુત્સિત વ્યક્તિઓને એકઠી કરવી અને તેમને અધિકાર આપવો, પ્રજાને નિસ્તેજ, નિર્બુદ્ધિ, નિર્વીય અને વિપર્યસ્ત કરવી. આવી અવસ્થામાં પ્રજા પોતાના પ્રાકૃતિક હિતને સાધ્ય કરી શકતી નથી.

**(૨) કુશાસન**

કુશાસનનું અવશ્યંભાવિ પરિણામ હોય છે બળવાનો દ્વારા દુર્બળોનું પીડન થવું, અનીતિ અને અન્યાયથી દુષ્ટોનું સાહસ વધવું, નિર્બળોનું હતાશ થવું. આ કારણોને લીધે એક તરફ બળવાનોને પરસ્વહરણ વગેરે ઉત્પાત કરવાની તો બીજી તરફ નિર્બળોને તામસિક સહિષ્ણુ થવાની ટેવ પડી જાય છે. જેથી તેમનું પ્રાકૃતિક હિત સાધ્ય થવું લગભગ અસંભવ થઈ જાય છે.

**(૩) કુવ્યવસ્થા**

કુવ્યવસ્થા મનુષ્ય સમાજમાં સૌથી ભયંકર અને ઘૃણાસ્પદ માયાવિની છે. તેના મંત્ર દ્વારા મોટા મૃગરાજ પણ કરોળિયાના તાંતણાથી બંધાઈ જાય છે. સૌના દેખતાં ઘોર અન્યાય થાય છે. કોઈને પ્રતિવાદ કરવાનું સાહસ થતું નથી.

**(૪) સ્ત્રીઓની ચંચળતા**

સ્ત્રીઓની ચંચળતાથી સમાજમાં સંકરોની વૃદ્ધિ થાય છે, સંકરોમાં નિર્લજ્જતા અને સ્વાર્થપરાયણતા સ્વાભાવિક હોય છે, નિર્લજ્જ અને સ્વાર્થી મનુષ્યને પોતાના સ્વાર્થ માટે કોઈ નીચ કામ કરવામાં કે કોઈના પ્રાકૃતિક હિતનો નાશ કરવામાં કોઈ સંકોચ થતો નથી. આથી સંકરોની વૃદ્ધિ થવાથી લોકોની પ્રાકૃતિક હિત સાધનામાં વિઘ્ન ઉત્પન્ન થાય છે. આથી જ આપણાં ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓના સતીત્વ માટે વિશેષ આગ્રહ રાખવામાં આવ્યો છે, અને આ કારણે જ સંકરોને દાબમાં રાખવાનો પ્રયત્ન

કરવામાં આવ્યો છે.

**(૫) અર્થવૈષમ્ય અને અર્થગૌરવનો સંયોગ**

જ્યારે સમાજમાં કોઈ ખૂબ ધનવાન અને કોઈ ખૂબ ગરીબ હોય છે અને તે સાથે જ ધનવાનોનું માન અને નિર્ધનોનું અપમાન થાય છે ત્યારે ધનવાનોનો સ્વેચ્છાચાર અને નિર્ધનોના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત થવા લાગે છે.

સામાજિક પરતંત્રતાનો મુખ્ય હેતુ છે ચિતિ અને વિરાટનો હ્રાસ. જ્યારે કોઈ જાતિમાં ચિતિ અને વિરાટનો હ્રાસ થવા લાગે છે ત્યારે અસ્મિતાજન્ય અને પરજન્ય પરતંત્રતાનાં કારણો સમષ્ટિગત થવા લાગે છે, જેને કારણે રાગદ્વેષજન્ય દુર્બળતા અને ઉત્પાતિક પ્રવૃત્તિ સમાજગત થવા લાગે છે.

સ્વહૃદયદૌર્બલ્ય, પરવ્યુત્પાત અને સામાજિક દુષ્પ્રવૃત્તિને કારણે પોતાના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત ન થવો તે સ્વાભાવિક સ્વતંત્રતા કહેવાય છે. આ સ્વતંત્રતા ત્રણ પ્રકારની હોય છે. (૧) આભ્યંતરિક સ્વતંત્રતા (૨) આનુત્પાતિક સ્વતંત્રતા (૩) સામાજિક સ્વતંત્રતા.

ભય અને લોભને કારણે પોતાના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત ન થવો તે આભ્યંતરિક સ્વતંત્રતા કહેવાય છે.

પરવ્યુત્પાતને કારણે પોતાના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત ન થવો તે આનુત્પાતિક સ્વતંત્રતા કહેવાય છે.

સામાજિક દુષ્પ્રવૃત્તિને કારણે પોતાના પ્રાકૃતિક હિતનો પ્રતિઘાત ન થવો તે સામાજિક સ્વતંત્રતા કહેવાય છે.

સ્વાભાવિક સ્વતંત્રતાનું કારણ છે હ્રી, ધૃતિ, દયા, ક્ષમા, તેજ, ત્યાગ, અભય અને આર્જવનો સંયોગ. આ સંયોગને અષ્ટદલ વિભૂતિ કહે છે. આ વિભૂતિને કારણે મનુષ્યમાં રાગદ્વેષજન્ય કાયરતા અને કૃપણતા પ્રવેશ કરી શકતાં નથી. પરિણામે તેનામાં અસ્મિતાજન્ય પરતંત્રતા આવતી નથી. હ્રી, દયા, ક્ષમા અને ત્યાગને કારણે મનુષ્યની ક્યારેય ઔત્પાતિક પ્રવૃત્તિ થતી નથી. તેજ અને અભયને કારણે તે બીજાના ઉત્પાતો સહન પણ કરી શકતો નથી.

આ અષ્ટદલ વિભૂતિનું સમાજમાં જ્યારે આધિક્ય હોય છે ત્યારે સમાજમાં દુષ્પ્રવૃત્તિ પ્રસરતી નથી. આથી સામાજિક સ્વતંત્રતા ટકી રહે છે.

આ અષ્ટદલ વિભૂતિ, આપણા આચાર્યોના મત અનુસાર વ્યક્તિ અને જાતિ બન્નેનાં અભ્યુદય અને નિઃશ્રેયસ માટે પરમાવશ્યક છે. પરંતુ પોતાને સ્વતંત્રતારૂપી પ્રકાશના સૂર્ય સમજતા પાશ્ચાત્ય વિદ્વાનોના મત અનુસાર આવું નથી.કારણ કે તેમના

મત અનુસાર આભ્યંતરિક સ્વતંત્રતા જેવી કોઈ વસ્તુ નથી, અને ન તો તે દૈશિકશાસ્ત્રનો વિષય છે. તે તો ધર્મશાસ્ત્રનો વિષય છે. પાશ્ચાત્ય સ્વતંત્રતા આપણી સ્વતંત્રતાથી તદ્દન જુદી જણાય છે. આપણા દૈશિકશાસ્ત્ર અનુસાર પાશ્ચાત્ય સ્વતંત્રતાને સ્વતંત્રતા કહી જ શકાય નહીં. જ્યાં સુધી દેશ દેશાંતરોમાં યુરોપની પીપૂડી વાગે છે, જ્યાં સુધી અન્ય દેશોમાં તેના માલ અને વધારાની પ્રજાની ખપત રહે છે ત્યાં સુધી જ પાશ્ચાત્ય સ્વતંત્રતાની ચમક છે. સમય પલટાતાં જ તેનો વાસ્તવિક રંગ દેખાવા લાગશે. પાશ્ચાત્યોના મત અનુસાર આનુત્પાતિક સ્વતંત્રતા માટે પણ અષ્ટદલ વિભૂતિની કોઈ આવશ્યકતા નથી. તેમના મત અનુસાર આ કામ કાયદા ઘડવાથી અને કઠોર દંડનીતિ દ્વારા થઈ શકે છે. આ રીતે ઉત્પાત તો ઓછા નથી થતા, પરંતુ લોકો નિસ્તેજ અને ભ્રષ્ટ અવશ્ય થઈ જાય છે. પોતાની જાતને પંડિત માનતું યુરોપ વાસ્તવમાં જાણતું જ નથી કે સ્વાભાવિક સ્વતંત્રતા શું ચીજ છે.

આપણા આચાર્યોના મત અનુસાર સ્વાભાવિક સ્વતંત્રતાનાં મુખ્ય કારણો આ પ્રકારે છે.

**(૧) બ્રહ્મચર્ય**

બ્રહ્મચર્યથી મનુષ્યમાં ઓજ, સહિષ્ણુતા, ત્યાગ અને મેધાનો સંચય થાય છે, જેથી તે શારીરિક અને માનસિક વિભૂતિઓથી પૂર્ણ થઈને તેજ અને ચારિત્ર્યનો પુંજ બની જાય છે. આવા મનુષ્યના પ્રાકૃતિક હિતમાં કોઈ પણ પ્રકારના બાહ્યાભ્યંતરિક પ્રતિઘાત થઈ શકતા નથી. તેની સ્વાભાવિક સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરવાનું કોઈને સાહસ પણ થઈ શકતું નથી અને ન તો તે પોતે કોઈની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરે છે. યથાર્થમાં સ્વતંત્ર મનુષ્યનું લક્ષણ એ છે કે, જેવો તે પોતે સ્વતંત્ર હોય છે તે જ રીતે તે અન્યને પણ સ્વતંત્ર રાખવા ઈચ્છે છે.

**(૨) વૈભવની ઉપેક્ષા કરીને દૈવીસંપદાનું સન્માન કરવું**

જે પદાર્થનું માન હોય તેનો જ લોકો સંચય કરે છે. આથી દૈવીસંપદાનું માન હોવાથી લોકો તેને પ્રાપ્ત કરવા લાગે છે અને તે પ્રાપ્ત થતાં જ સ્વાભાવિક સ્વતંત્રતા સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. કહેવાયું પણ છે, "दैवीसम्पद् विमोक्षाय निबन्धायासुरी मता ।

**(૩) ઉચ્ચ આદર્શ હોવો**

જે વ્યક્તિ અથવા સમાજનો આદર્શ ઉચ્ચ હોય છે તેનું મન ક્યારેય નીચ કામો પ્રત્યે વળતું નથી. તેનામાં તેજ અને શાંતિનો સંયોગ હોય છે. આ ઉત્તમ સંયોગથી સ્વાભાવિક સ્વતંત્રતા ટકી રહે છે. જ્યાં સુધી આપણા ભારતનો આદર્શ ઉચ્ચ રહ્યો ત્યાં સુધી એક તરફ તે દેવરાજને પણ પડકારીને કહેતો હતો, "गृहाण शस्त्रं यदि स्वर्ग

एषते "તો બીજી તરફ પોતાના પ્રાણથી પ્યારી શ્રુતિની નિંદા કરનારની પણ આ પ્રકારે સ્તુતિ કરતો હતો કે

"निन्दसि यज्ञविधे रहह श्रुतिजातं
सदय-हदय दर्शित-पशुघातम् ।
केशव ! धृत बुद्धशरीरं
जय जगदीश हरे ॥'

આવા તેજ અને આવી શાંતિના પ્રસાદથી જ ભારતમાં પૂર્ણ સ્વાભાવિક સ્વતંત્રતા રહેતી હતી.

## ૫.
## યુરોપીય સ્વાતંત્ર્ય દિગ્દર્શન

આ અધ્યાયમાં શરૂઆતના ખંડોમાં વર્ણવેલા ઉપાયોને કારણે પ્રાચીનકાળમાં ભારતને સ્વતંત્રતાને શોધવી પડતી નહોતી. પરંતુ દશા બદલાવાથી હવે નાભિમાંથી કસ્તૂરી નીકળી ગઈ છે. માત્ર સૂકું ચામડું પડ્યું રહ્યું છે જેમાં હજુ સુધી મૃગ મદના થોડાક અવશેષ દેખાય છે પરંતુ તે સાથે જ ચામડું સડી જવાથી તેમાંથી થોડી દુર્ગંધ પણ આવે છે. આને લીધે ભલે કોઈ એવું અનુમાન કરી લે કે આવા દુર્ગંધયુક્ત ચામડામાં ક્યારેય સુગંધ નહીં રહી હોય, અથવા કોઈ એવું અનુમાન કરી લે કે જે વસ્તુના અવશેષ આવા સુંદર છે તે પોતે કેવી સુંદર હશે. જે હોય તે, હવે તો એમ કહેવાય છે કે પ્રાચીનકાળમાં ભારત સ્વતંત્રતાને જાણતું જ નહોતું, અંગ્રેજી સાહિત્યની કૃપાથી હવે તેની દૃષ્ટિ સ્વતંત્રતા તરફ જવા લાગી અને એવું પણ કહેવાય છે કે સ્વતંત્રતારૂપી યજ્ઞાગ્નિમાં અરણિ યુનાન, સમિધા યુરોપની અન્ય જાતિઓ અને તેનું આજય અંગ્રેજી સાહિત્ય છે. આ પવિત્ર સ્વતંત્રતારૂપી યજ્ઞાગ્નિ યુરોપરૂપી વેદીમાં પ્રજ્વલિત થયો અને ત્યાં જ સફળ થયો.

સ્વતંત્રતાની અરણિ કહેવાતા યૂનાનના લેખકોમાં સુવિખ્યાત આચાર્ય એરિસ્ટોટલ સૌથી શ્રેષ્ઠ મનાય છે. એમના મતાનુસાર સ્વતંત્રતાનાં બે તત્ત્વ છે.

(૧) વારાફરતી બધી વ્યક્તિઓનું શાસક અને શાસિત થવું, અર્થાત્ એક વાર પ્રત્યેક વ્યક્તિને શાસન કરવાની તક મળવી, અને જ્યારે તેનો શાસનકાળ પૂર્ણ થઈ જાય ત્યારે તેના દ્વારા બીજાના શાસનનો સ્વીકાર થવો.

(૨) મનુષ્યનું જે રીતે ઈચ્છે તે રીતે રહી શકવું.

ઉક્ત સ્વતંત્રતાના પહેલા તત્ત્વનો અર્થ બરાબર સમજી શકાતો નથી. કારણ કે એથેન્સ જેવા નાના રાજ્યમાં ભલે એક વાર બધાને શાસન કરવાની તક મળે, પરંતુ

કોઈ મોટા રાજ્યમાં આમ થવું ત્યાં સુધી શક્ય બને નહીં જ્યાં સુધી તેના નાનાં નાનાં રજવાડાંઓમાં ટુકડા કરવામાં ન આવે. બીજા તત્ત્વ વિષે પણ એમ કહેવું પડે છે કે જ્યાં સુધી સમસ્ત સમાજ સત્યમય ન થઈ જાય ત્યાં સુધી મનુષ્ય ઈચ્છે તેમ રહી શકે નહીં. આ બીજા તત્ત્વને કારણે રાજસિક અને તામસિક સમાજોમાં અનેક પ્રકારના અનર્થ અને ઉત્પાત થાય છે.

આથી પાશ્ચાત્યોએ એરિસ્ટોટલની સ્વતંત્રતાનાં તત્ત્વોની વ્યાખ્યા એવી કરી છે કે સ્વતંત્રતાનો એક અંશ છે નાગરિકોનું શાસનપ્રબંધમાં કોઈ ને કોઈ રીતે સહભાગી થવું, અને બીજો અંશ છે વ્યક્તિઓના વ્યક્તિગત કાર્યોમાં શક્ય હોય ત્યાં સુધી રાજ્યનો હસ્તક્ષેપ ન થવો.

જો ઉપરોક્ત વ્યાખ્યા અનુસાર નાગરિકોનું કોઈ ને કોઈ રીતે શાસનમાં સહભાગી થવું તે સ્વતંત્રતા કહેવાય તો હિન્દુસ્તાનીઓનું પોતાની ઈચ્છા વિરુદ્ધ કોઈ સેશન્સના મુકદમામાં જ્યાં તેમની સમ્મતિ માન્ય રાખવી કે નહીં તે જજની ઈચ્છા પર નિર્ભર રહે છે અને ક્યારેય તેમના અભિપ્રાયની પરવા પણ કરવામાં નથી આવતી, એસેસર થવું તે પણ શાસનમાં સહભાગી થવું જ છે. તો શું આવી એસેસરી સ્વતંત્રતા કહી શકાય ખરી ? આવાં બીજાં પણ ઉદાહરણો આપી શકાય જેમાં મનુષ્યોને ઈચ્છા વિરુદ્ધ શાસનકાર્યમાં સહભાગી થવું પડે છે. જો આ રીતે પોતાની ઈચ્છા વિરુદ્ધ શાસનકાર્યમાં સહભાગી થવું તે સ્વતંત્રતા કહેવાય તો યવન સ્વતંત્રતાનાં ઉક્ત બે તત્ત્વો પરસ્પર વિરોધી થઈ જાય છે. આથી આ વ્યાખ્યા દ્વારા સ્વતંત્રતાનો અર્થ સમજવા માટે કોઈ મદદ મળતી નથી.

ઉક્ત સ્વતંત્રતાના પહેલા તત્ત્વનો અર્થ કેટલાકના મત પ્રમાણે નિર્વાચન પદ્ધતિનું રાજ્ય છે. પરંતુ આ અર્થથી પણ પૂર્ણ સમાધાન થતું નથી, કારણ કે

૧. બધા જ લોકો એક પ્રવૃત્તિ કે એક મતના હોતા નથી. આથી બધા જ એક જ પ્રતિનિધિનું નિર્વાચન કરતા નથી. જુદા જુદા પક્ષોના જુદા જુદા પ્રતિનિધિઓ ચૂંટાઈ આવે છે, પરંતુ રાજ્યપ્રબંધ એ જ પ્રતિનિધિના હાથમાં સોંપવામાં આવે છે જેની પાસે બહુમતી હોય છે. આમ નિર્વાચન પદ્ધતિના રાજ્યમાં અલ્પાંશ લોકોને તેમની ઈચ્છા વિરુદ્ધ અધિકાંશ લોકોની વાત માનવી પડે છે.

૨. નિર્વાચન પદ્ધતિમાં મોટે ભાગે ચતુર રાજસિક લોકોનું જ નિર્વાચન થતું હોય છે. તેઓ જ અગ્રેસર હોય છે પરંતુ આવા લોકોના શાસનમાં લોકો સુખશાંતિથી જેમ ઈચ્છે તેમ રહી શકતા નથી. આવા પ્રતિનિધિઓ જઠરાગ્નિ જેવા હોય છે. જ્યાં સુધી તેમની પાસે બાહ્ય પક્ષરૂપી અન્ન પચાવવા માટે હોય છે ત્યાં સુધી બધું

સરળતાથી નમી જાય છે, પરંતુ જ્યારે તે અન્ન રહેતું નથી ત્યારે તેઓ સ્વપક્ષરૂપી આંતરડાંને ચાવી નાખે છે.

૩. નિર્વાચન પદ્ધતિના રાજ્યમાં મોટેભાગે સંપત્તિની પીપૂડી જ વાગતી હોય છે. તેમાં નિર્ધનોનું ચૂંટાઈ આવવું ઘણું મુશ્કેલ હોય છે, પછી ભલે તેઓ ઘણા સુયોગ્ય હોય. આવાં રાજ્યો પ્રજાસત્તાકનો અંચળો પહેરેલાં પ્લુટોક્રસી જ હોય છે. તેમાં પ્રજાના નામે ધનવાનોની જ બોલબાલા હોય છે. એરિસ્ટોક્રસી સામે લડતી વખતે તે પ્રજાતંત્ર, પરંતુ લાભ મેળવતી વખતે ધનિકતંત્ર થઈ જાય છે.

પ્રજાપ્રતિનિધિ મંડળનું સર્વોત્તમ ઉદાહરણ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ કહેવાય છે. પરંતુ ત્યાં પણ અકિંચન લોકોની વાત ખૂબ ઓછી જ સાંભળવામાં આવે છે. આ કારણે જ આજે ઈંગ્લેન્ડમાં બોલ્શેવિઝમનો ભય ઉભો થયો છે. આ કારણે જ ત્યાં માલિક, શાહુકાર અને મજૂરો એક બીજાને નીચે પાડવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે. આ કારણે જ ત્યાં વારંવાર હડતાલો પડે છે જેની દુર્ગંધ હવે ભારતમાં પણ ફેલાવા લાગી છે. છેલ્લા મહાયુદ્ધના સમયમાં પાર્લામેન્ટે ગરીબ લોકોને તેમની ઈચ્છાનુસાર રહેવા દીધા નહીં, તેમની પાસે તેમની ઈચ્છા વિરુદ્ધ ઘણાં કામો કરાવ્યાં. સ્ક્રિપ્સનનો નિયમ બનાવીને તેમને બળજબરીથી યુદ્ધમાં મોકલીને કપાવી નાખ્યા. કહેવાનું તાત્પર્ય એ છે કે પાર્લામેન્ટરી રાજ્ય પણ એરિસ્ટોટલની સ્વતંત્રતાને અભિપ્રેત રાજ્ય થઈ શકતું નથી. ભલે આજના સમયમાં ઈંગ્લેન્ડમાં વિશ્વના અનેક દેશોની સરખામણીમાં વધુ સ્વતંત્રતા હોય તો પણ ઈંગ્લેન્ડની સ્વતંત્રતાનું કારણ તેની પાર્લામેન્ટ નથી. તેનું વાસ્તવિક કારણ છે ભારત વગેરે ઈંગ્લેન્ડના અધિકૃત દેશો, કારણ કે કોઈ જાતિ અથવા વ્યક્તિનું ઐહિક શ્રેય તેના સંસર્ગમાં આવતા લોકોના ગુણદોષોથી થતું હોય છે, નહીં કે માત્ર તેમના પોતાના જ ગુણોથી. આ જ રીતે ઈંગ્લેન્ડની વર્તમાન અવસ્થા પણ ભારત વગેરે દેશોના ગુણદોષોથી બનેલી છે. જો આજે ભારતના વર્તમાન ગુણદોષોમાં પરિવર્તન થઈ જાય તો તરત જ ઈંગ્લેન્ડની અવસ્થા બદલાઈ જશે. પાર્લામેન્ટ તો તેવી જ રહેશે પરંતુ જે ગુણોને કારણે આજે ઈંગ્લેન્ડમાં સ્વતંત્રતા બિરાજે છે તે બદલાઈ જ જશે.

આચાર્ય અરસ્તૂની સ્વતંત્રતાનો ભાવ ભલે કંઈ પણ હોય તો પણ યુરોપનાં સ્વતંત્રતારૂપી જુદાં જુદાં અત્તરોની સુગંધ એરિસ્ટોટલના સ્વતંત્રતારૂપી ચંદનની જ છે; પહેલાંના સમયમાં તેનું પ્રથમ તત્ત્વ સ્વતંત્રતા મનાતું હતું. તેમાંથી રોમમાં પ્રથમ અરાજકવાદનો અગ્નિ પ્રજવલિત થયો, જેની જવાળા હવે લગભગ સમસ્ત યુરોપમાં પ્રસરી છે અને ધીરે ધીરે આખા વિશ્વમાં પ્રસરી રહી છે. હવે આજે સ્વતંત્રતાના બીજા તત્ત્વ તરફ યુરોપનું ધ્યાન ગયું છે. આ બીજા તત્ત્વરૂપી ઝંઝાવાતે આજે યુરોપીય

સમાજરૂપી સમુદ્રને વલોવી નાખ્યો છે. એની વ્યાખ્યા કરવા માટે ત્યાં અનેક ગ્રંથો લખાયા છે અને લખાઈ રહ્યા છે. આચાર્ય મિલનું 'લિબર્ટી' નામનું પુસ્તક એક પ્રકારે આની વિસ્તૃત વ્યાખ્યા જ છે. આજે એ જ સોશિયાલિઝમનું મૂળ અને બોલ્શેવિઝમનો મંત્ર થઈ રહ્યો છે. પરંતુ એ કહી શકાય ન કે આપણા આર્ષ દૈશિકશાસ્ત્રનો આધાર લીધા સિવાય તેઓ ક્યાં સુધી સફળ થશે.

અંગ્રેજી દૈશિકશાસ્ત્રમાં સ્વતંત્રતાની કોઈ ચોક્કસ વ્યાખ્યા જોવામાં આવતી નથી. તેમાં જુદી જુદી અનેક વ્યાખ્યાઓ મળે છે. એનું કારણ એ છે કે ઈંગ્લેન્ડમાં લોકોને જે સમયે જે પ્રકારનાં દુઃખો પડ્યાં તે સમયે તે દુઃખોમાંથી છુટકારો મેળવવો તે જ સ્વતંત્રતા કહેવાઈ. આથી -

(૧) કેટલાકના મત અનુસાર જે દેશમાં અન્નની બહુલતા નથી હોતી ત્યાં સ્વતંત્રતા પણ હોઈ શકે નહીં.

(૨) કોઈના મત અનુસાર પાર્લામેન્ટ પદ્ધતિનું રાજ્ય સ્વતંત્રતા કહેવાય છે.

(૩) કેટલાકના મત અનુસાર શાસકનું ન હોવું તે સ્વતંત્રતા કહેવાય છે. જેટલું શાસનનું પ્રમાણ ઓછું તેટલું સ્વતંત્રતાનું પ્રમાણ વધારે હોય છે અને પૂર્ણ અશાસકતા પૂર્ણ સ્વતંત્રતા કહેવાય છે.

(૪) કેટલાકના મત અનુસાર અત્યંત શાસન ન હોવું તે સ્વતંત્રતા કહેવાય છે.

(૫) કોઈના મત અનુસાર શાસનનું પ્રજાના અંતઃકરણ સાથે અનુકૂળ હોવું અને લોકો દ્વારા તે શાસનનું સહર્ષ પાલન થવું તે સ્વતંત્રતા કહેવાય છે.

(૬) કોઈકના મત અનુસાર બધા ગુણવાન મનુષ્યોનો રાજ્યકાર્યમાં હસ્તક્ષેપ થઈ શકવો તે સ્વતંત્રતા કહેવાય છે.

આવી બીજી પણ અનેક વ્યાખ્યાઓ છે જેનો ઉલ્લેખ અહીં થઈ શકે તેમ નથી.

પ્રોફેસર સીલીએ ઉપરોક્ત બધી વ્યાખ્યાઓનો સાર લઈને સ્વતંત્રતાના ત્રણ અર્થ આપ્યા છે.

**(૧) જાતીય સ્વતંત્રતા**

અર્થાત્ પોતાની જાતિનું કોઈ બીજી જાતિને આધીન ન હોવું.

**(૨) રાજ્યનું ઉત્તરદાયિત્વ**

અર્થાત્ પ્રજાના પ્રશ્નના ઉત્તરમાં રાજ્યની કાર્યવાહી પ્રજાને સમજાવવી અને જો તે કાર્યવાહી પ્રજાને પોતાના મત અનુસાર ન જણાય તો પ્રજા પાસે રાજ્ય પરિવર્તન કરવાની શક્તિ હોવી.

**(૩) રાજ્યની શક્તિ પરિમિત હોવી**

અર્થાત્ રાજ્ય પાસે મનમાની કરી શકવાની શક્તિ ન હોવી.

સીલીના મત અનુસાર સ્વતંત્રતાના ઉપરોક્ત ત્રણ અર્થોમાં ત્રીજો અર્થ સૌથી વધારે સારો મનાય છે. જેટલી રાજ્યની શક્તિ પરિમિત હોય છે તેટલા લોકો સ્વતંત્ર કહેવાય છે. તેમના મત પ્રમાણે સ્વતંત્રતા હંમેશાં સારી જ હોય છે એવું નથી. દેશ-કાળ-નિમિત્ત અનુસાર તે સારી અને ખરાબ બંને હોય છે. જ્યારે તે પૂર્ણરૂપે હોય છે ત્યારે સમાજ શાસકહીન તથા નિરંકુશ થઈ જાય છે. આ બાબત ક્યારેય અભીષ્ટ હોઈ શકે નહીં. એથી ઊલટું જ્યારે રાજ્યને મનમાની કરવા દેવામાં આવે છે ત્યારે સમયાંતરે તે ભયંકર અને દુઃખદાયી થઈ જાય છે. આથી રાજ્યશક્તિને અમર્યાદ અને અસીમ ન થવા દેવી તે અત્યંત આવશ્યક છે. પ્રોફેસર સીલીના મત અનુસાર આ સ્વતંત્રતાનું સૌથી સારું રૂપ છે.

જર્મન આચાર્ય ફૌન ટાઈશેના મત અનુસાર શાસક અને શાસિતની વચ્ચે એકરસવાહિતા અર્થાત્ શાસકની આજ્ઞા પ્રજાને અનુકૂળ હોવી અને પ્રજા દ્વારા તે આજ્ઞાનું શુદ્ધ અતઃકરણથી સ્વેચ્છાપૂર્વક પાલન થવું તે સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતાના બે આધાર છે. એક બાજુ બુદ્ધિસંગત નિયમ તો બીજી બાજુ તેનું સહર્ષ પાલન.

ફૌન ટાઈશેના મતાનુસાર એમ સમજવું ભૂલ ભરેલું છે કે સ્વતંત્રતા રાજ્યના આપવાથી પ્રાપ્ત થાય છે. ખરું તો પ્રજાની સ્વતંત્રતાનું રક્ષણ કરવું તે જ રાજ્યનું રાજ્યત્વ છે. જે રાજ્ય પ્રજાની સ્વતંત્રતાનું રક્ષણ કરતું નથી તે રાજ્ય જ નથી. એમ સમજવું પણ મૂર્ખતા છે કે સ્વતંત્રતા માત્ર 'કન્સ્ટિટ્યુશનલ મોનાર્કી' અથવા પ્રજાસત્તાકમાં જ હોય છે ને બીજે ક્યાંય નહીં. આ પ્રકારનો મૂર્ખતાપૂર્ણ પ્રચાર હમણાં વધતો જાય છે. લોકોમાં એ વિચાર પ્રસરી રહ્યો છે કે નિર્વાચન પદ્ધતિનું રાજ્ય, જ્યાં પ્રજા પોતાના પ્રતિનિધિઓ દ્વારા પોતે શાસન કરે છે અને કાયદા કાનૂન બનાવવામાં સહભાગી હોય છે તે સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતા નથી, સ્વતંત્રતાનો આભાસ માત્ર છે. મત આપીને શાસકો ચૂંટવાથી જ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જતી નથી કારણ કે અધિકાંશ પ્રજાના મત અનુસાર જ્યાં શાસન હોય છે અને એમના જ મત અનુસાર કાયદા કાનૂન બને છે ત્યાં જે લોકો આ અધિકાંશ પ્રજાની અંતર્ગત આવતા નથી તેમને તે શાસન અને તેના કાયદા કાનૂનનું પાલન પોતાની ઇચ્છા વિરુદ્ધ કરવું પડે છે. તદુપરાંત આવા રાજ્યમાં લોકોને ભ્રમિત કરીને ચૂંટાયેલા બુદ્ધિમાન લોકો ધીરે ધીરે પ્રજાની નાની નાની વાતોમાં હસ્તક્ષેપ કરવા લાગે છે. સ્વતંત્રતા પ્રત્યેક પદ્ધતિના રાજ્યમાં હોઈ શકે છે, જો તેમાં શાસક અને શાસિતોની વચ્ચે એકરસવાહિતા હોય.

ફૌન ટાઈશેના ઉક્ત વિચારોનો સાર એ છે કે પ્રત્યેક મનુષ્ય દ્વારા સહર્ષ એ

નિયમોનું પાલન થવું જે તેના વ્યક્તિગત અને સમષ્ટિગત હિત માટે બનેલા છે તે સ્વતંત્રતા કહેવાય છે. આ સ્વતંત્રતાનું રક્ષણ કરવું તે રાજ્યનો, ભલે તે કોઈ પણ પદ્ધતિનું હોય, એક માત્ર ધર્મ છે.

ઈર્ષ્યાનો ત્યાગ કરીને જો આપણા આર્ષ ધર્મશાસ્ત્રનો વિચાર કરવામાં આવે તો ફૌન ટાઈશેના વિચારોને એ રીતે કહી શકાય કે પ્રત્યેક મનુષ્યનું પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવાથી દેશમાં સ્વતંત્રતા રહે છે. આથી જ

"नृपस्य वर्णाश्रमपालनं यत्
स एव धर्मो मनुना प्रणीतः"।

## ચતુર્થ અધ્યાય
# વિરાટ

### ૧.
### રાજ્ય વિભાગ

જ્યાં સુધી સમાજમાં વ્યષ્ટિરૂપે અને સમષ્ટિરૂપે બાહ્યાભ્યંતરિક અવસ્થા અનુકૂળ ન હોય ત્યાં સુધી પૂર્વ અધ્યાયોમાં કહેવાયેલા સ્વાતંત્ર્ય સાધનાના કોઈ ઉપાય કામમાં લાવી શકે નહીં. આવી અનુકૂળ અવસ્થા વિરાટની જાગૃતિ વગર થઈ શકે નહીં. પહેલાં એ કહેવાઈ ચૂક્યું છે કે ભગવતી પ્રકૃતિએ સામાજિક જીવોને, પરસ્પર શ્રેય માટે વિરાટ શક્તિ આપી છે. જ્યારે વિશ્વમાં સત્ત્વનું આધિક્ય હોય છે ત્યારે સમાજ અને વ્યક્તિઓની અવસ્થા સરળ હોય છે. કોઈ સમાજ અન્ય સમાજનું કે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિનું અનિષ્ટ ઇચ્છતાં નથી. એવે સમયે આ વિરાટ અવ્યક્તરૂપે નિરાધાર થઈને કાર્ય કરે છે અને જ્યારે સત્ત્વનો હ્રાસ અને રજસની વૃદ્ધિ થવા લાગે છે ત્યારે સમાજ અને વ્યક્તિઓની અવસ્થા જટિલ થવા લાગે છે. એક સમાજ બીજા સમાજનું અને એક વ્યક્તિ બીજી વ્યક્તિનું અનિષ્ટ વાંછે છે. એવે સમયે આવી સામાજિક જટિલતાઓને ઉકેલવા માટે વિરાટ કેટલીક એવી વ્યક્તિઓને, કે જેઓમાં તેનું તેજ વિશેષરૂપે વ્યાપ્ત હોય છે, પોતાનો આધાર બનાવીને એક વ્યવસ્થાપક શક્તિ ઉત્પન્ન કરે છે. તે શક્તિ સમાજને પોતાના આશ્રય નીચે લઈ લે છે. જેમ જેમ સમાજમાં જટિલતા વધતી જાય છે તેમ તેમ આ વ્યવસ્થાપક શક્તિની આવશ્યકતા પણ વધતી જાય છે.

જ્યારે આ વ્યવસ્થાપક શક્તિનો પ્રભાવ સમાજના મોટા ભાગમાં હોય છે ત્યારે તે રાજ્ય કહેવાય છે.

જ્યારે તેનો પ્રભાવ સમાજના નાના ભાગમાં હોય છે ત્યારે તે વ્યૂહ કહેવાય છે.

જ્યારે વિરાટ અલ્પાંશગત થાય છે અને શક્તિ પ્રભાવશૂન્ય થાય છે ત્યારે તે સંઘ નામથી ઓળખાય છે.

રાજ્ય, વ્યૂહ અને સંઘ એ બધાનું મૂળ કારણ વિરાટ જ છે. જેમ જેમ વિરાટ પ્રબળતાપૂર્વક બહુગત થતો જાય છે, તેમ તેમ અનવસ્થિત સમાજ સંઘમાં, સંઘ વ્યૂહમાં અને વ્યૂહ રાજ્યમાં પરિણત થતા જાય છે અને જેમ જેમ વિરાટનો હ્રાસ થતો જાય છે, તેમ તેમ રાજ્ય વ્યૂહમાં, વ્યૂહ સંઘમાં અને સંઘ અનવસ્થિત સમાજમાં ભ્રષ્ટ થતા જાય છે અને જ્યારે કાલાંતરે વિરાટનો લોપ થઈ જાય છે, ત્યારે રાજ અતિ દીર્ઘ, સંસ્કારને કારણે ચક્કીની જેમ સ્વયં ચાલતું રહે છે અને ધીરે ધીરે પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ થઈ જાય છે. તે સમયે આ વિરાટ પ્રજામાં સંઘરૂપે પ્રગટ થવા લાગે છે. પછી આ સંઘોના સંયોગથી વ્યૂહ બને છે અને અંતે તે વ્યૂહ કર્તવ્યભ્રષ્ટ રાજ્યને દૂર ખસેડીને તેને સ્થાને નવીન રાજ્યની સ્થાપના કરે છે. જો મિથ્યા આચાર વિચારને કારણે અથવા પ્રલયક્રમનો આરંભ થઈ જવાથી અર્થાત વિનાશનો સમય નજીક આવવાથી તે સમાજ નિર્વિરાટ થઈ ગયો હોય તો કોઈ બીજી જાતિ આવીને તે વિરાટશૂન્ય જાતિના રાજ્યને દૂર કરીને તેને સ્થાને પોતાનું રાજ્ય સ્થાપિત કરી દે છે અને જ્યારે તે વિપર્યસ્ત જાતિમાં વિરાટનો પુનરોદય થવા લાગે છે ત્યારે તેનું ધ્યાન સૌપ્રથમ રાજ્ય તરફ વળે છે. કારણ કે સમાજરૂપી શરીરનું આમાશય એ રાજ્ય હોય છે. જેમ શરીરમાં બધા રસોનો સંચાર આમાશય દ્વારા થાય છે તે રીતે સમાજમાં સમસ્ત સારા નરસાનો સંચાર રાજ્ય દ્વારા થાય છે. જેમ મિથ્યા આહારવિહારને કારણે આમાશયની ક્રિયામાં થોડા પણ ફેરફાર થવાથી સંપૂર્ણ શરીર બગડી જાય છે તે જ રીતે રાજ્ય પણ પોતાના ધર્મમાંથી થોડું વિચલિત થતાં સમસ્ત સમાજ વિપર્યસ્ત થઈ જાય છે. જેમ કોઈ ચતુર વૈદ્ય કોઈ રોગીના શારીરિક રોગનું નિદાન કરતી વેળાએ સૌ પ્રથમ તેના આમાશય વિશે પૂછપરછ કરે છે. જો આમાશાય સ્વસ્થ હોય અથવા તેના સુધરવાની આશા હોય તો રોગને સાધ્ય સમજે છે, અન્યથા રોગને અસાધ્ય ગણે છે, તે જ પ્રમાણે ચતુર દૈશિકાચાર્ય કોઈ જાતિના રોગનું નિદાન કરતી વેળાએ સૌ પ્રથમ રાજ્યવિષયક પૂછપરછ કરે છે. જો રાજ્ય અનુકૂળ હોય અથવા તેની અનુકૂળ થવાની આશા હોય તો રોગને સાધ્ય સમજે છે અને ન હોય તો અસાધ્ય સમજે છે. આથી વિરાટના પુનરોદયના સમયે વિપર્યસ્ત જાતિનું ધ્યાન રાજ્ય તરફ જાય તે સ્વાભાવિક છે.

આથી મનુષ્યસમાજમાં રાજ્યને સૌથી વધુ આવશ્યક અંગ માનવામાં આવે છે. રજોગુણના અધિક્યને કારણે ઉત્પન્ન થયેલી સામાજિક સમસ્યાના ઉકેલ માટે વિરાટ તેને ઉત્પન્ન કરે છે અને જેમ જેમ સમાજમાં રજસનું આધિક્ય થાય છે તેમ તેમ રાજ્યની આવશ્યકતા પણ વધતી જાય છે. રાજ્યનો એક માત્ર ઉદ્દેશ છે સામાજિક જટિલતાઓને સરળ બનાવવી, નહીં કે તેમને વધારવી. જે રાજ્ય સામાજિક જટિલતાઓ વધારે છે તે અસામાજિક હોય છે. વિરાટયુક્ત સમાજમાં રાજ્ય અસામાજિક

થઈ શકતું નથી. તે માત્ર વિરાટહીન સમાજમાં અસામાજિક થાય છે. કોઈ સમાજમાં અસામાજિક રાજ્યનો નિભાવ તે એ સમાજની નિર્વિરાટ અવસ્થા સૂચવે છે. જેમ જેમ રાજ્ય અસામાજિક થતું જાય તેમ તેમ તેની પ્રવૃત્તિ સામાજિક જટિલતાઓને ઉકેલવાને બદલે શાસન કરવાની થવા લાગે છે. સમયાંતરે શાસન કરવું એ જ તેનો મુખ્ય ઉદ્દેશ થઈ જાય છે.

સંક્ષેપમાં સામાજિક જટિલતાને ઉકેલનારો અથવા એવું સમજાવનારો જનસમુદાય, જેનું પાલનપોષણ અને ગૌરવ તથા અનુવર્તન સમાજ પ્રેમ અથવા ભયને કારણે કરે છે તે રાજ્ય કહેવાય છે.

પ્રથમ પ્રકારના જનસમુદાયનું પાલનપોષણ અને ગૌરવ અને અનુર્વતન સુબુદ્ધ લોકો પ્રેમને કારણે અને કુબુદ્ધ લોકો ભયને કારણે કરે છે.

બીજા પ્રકારના જનસમુદાયનું પાલનપોષણ, ગૌરવ અને અનુવર્તન સુબુદ્ધ લોકો ભયને કારણે અને કુબુદ્ધ લોકો પ્રેમને કારણે કરે છે.

રાજ્યના મુખ્ય બે પ્રકાર હોય છે.

(૧) સ્વરાજ્ય (૨) પરરાજ્ય

સ્વરાજ્ય એવા રાજ્યને કહે છે જેના સંચાલકો પોતાની જાતિના લોકો હોય છે અને તેમનું મુખ્ય પ્રયોજન પોતાની જાતિના હિતની સાધના હોય છે અને તેની નિષ્પત્તિ પણ તેમના હાથમાં હોય છે. આ ત્રણ વાતોના સંયોગ સિવાય કોઈ પણ રાજ્ય સ્વરાજ્ય કહેવાય નહીં.

પરરાજ્ય એને કહે છે જેના સંચાલક પોતાની જાતિના નથી હોતા, અથવા પોતાની જાતિના એવા લોકો હોય છે જેમનું મુખ્ય પ્રયોજન પોતાની જાતિની હિતસાધના હોતી નથી અથવા તેના હાથમાં તેની નિષ્પત્તિ હોતી નથી. ત્રણેમાંથી કોઈ પણ એક વાત હોય તો પણ એ રાજ્ય પરરાજ્ય કહેવાય છે.

સ્વરાજ્ય દસ પ્રકારનું હોય છે.

(૧) બ્રાહ્મ (૨) આર્ષ (૩) પ્રાજાપત્ય (૪) દૈવ (૫) માનવ (૬) આસુર (૭) યાક્ષ (૮) રાક્ષસ (૯) પૈશાચ (૧૦) પાશવ.

જ્યારે સમાજમાં વિરાટ સોળે કળાએ જાગ્રત હોય છે, દૈવીસંપદ્ સમષ્ટિગત થઈને બિરાજે છે, સર્વત્ર સમભાવ હોય છે, કોઈ કોઈનાથી નાનો કે મોટો ગણાતો નથી, સત્ત્વનું આધિક્ય હોય છે, જેને કારણે સમાજની અવસ્થા સર્વત્ર સરળ હોય છે, જેથી કોઈ પણ પ્રકારના નિત્ય શાસનની આવશ્યકતા હોતી નથી, માત્ર સામાજિક સંગઠન અને વ્યાવહારિક સુગમતાને જાળવીને રાખવા માટે સમાજનું કેન્દ્ર ગણાય એવો કોઈ જાગ્રત જનસમુદાય સૌહાર્દપૂર્ણ શાસન કરે છે ત્યારે તે રાજ્ય બ્રાહ્મ રાજ્ય કહેવાય છે.

બ્રાહ્મ રાજ્યમાં લોકોમાં અખંડ સામ્ય ભાવ અને પૂર્ણ આનંદ છવાયેલા રહે છે. શ્રી સોળે કળાએ સર્વત્ર વિરાજે છે. આથી તેમની કામના માત્ર વિશ્વજન્ય બુદ્ધિ માટે હોય છે. વિશ્વરૂપા સહાનુભૂતિ અને મહાસંકલ્પશક્તિ તેમનામાં એટલી વ્યાપક રહે છે કે તેમની સમસ્ત પ્રવૃત્તિ, સમસ્ત ઉદ્યોગ આબ્રહ્મસ્તમ્બપર્યંત બધાને તૃપ્ત કરવા માટે હોય છે. તેઓ ન તો બીજા દેશ પર નજર કરે છે, ન તો કોઈ બીજું તેમના દેશ પર નજર કરે છે. આ રાજ્યનું ચિત્ર મહાલય પક્ષના પહેલા નવ દિવસોમાં દોરાયેલું જોવા મળે છે, જ્યારે ઘેર ઘેર દેવર્ષિઓ, પિતૃઓ જન્મજન્માંતરના બાંધવો અને મિત્રોની, સપ્તદ્વીપ નિવાસીઓની આબ્રહ્મસ્તમ્બપર્યંત પ્રાણીમાત્રની તૃપ્તિ અને સુખ શાંતિની કામના કરાય છે, સર્વત્ર વિવિધ પ્રકારના નવીન અન્ન વડે અતિથિ સત્કાર થાય છે, સર્વત્ર પરસ્પર પ્રેમપૂર્વક નિમંત્રણો હોય છે.

જ્યારે સમાજમાં વિરાટ ક્યાંક ક્યાંક નિર્બળ થઈ જાય છે, દૈવીસંપદા સમષ્ટિરૂપે વિરાજતી નથી, સાર્વત્રિક સમભાવમાં થોડી ત્રુટિ જણાય છે પણ કોઈ કોઈનાથી નાનો કે મોટો ગણાતો નથી, સત્ત્વનો હ્રાસ અને રજસની વૃદ્ધિ થવા લાગે છે, જેને કારણે સમાજવ્યવસ્થા ક્યાંક ક્યાંક જટિલ થવા લાગે છે, આથી ખૂબ હળવા નિત્ય શાસનની આવશ્યકતા હોય છે, આસુરી સંપદાના પ્રાબલ્યને રોકી રાખવા માટે દૈવીસંપદાયુક્ત વિશેષ જનસમુદાયના મત પ્રમાણે ઋજુ, ઉદાર, સ્વતંત્ર શાસન હોય છે, ત્યારે તે રાજ્ય આર્ષ રાજ્ય કહેવાય છે.

આર્ષ રાજ્યમાં મહદંશે બ્રાહ્મરાજ્ય જેવી જ બાબતો હોય છે પરંતુ સામ્યભાવ થોડો ખંડિત થઈ જાય છે. વિશ્વજન્યા બુદ્ધિમાં થોડી શિથિલતા આવી જાય છે. શક્તિસંચયની આવશ્યકતા તેમને જણાવા લાગે છે. મહાલયપક્ષના છેલ્લા ૬ દિવસોમાં તે રાજ્યનું ચિત્ર સર્જાયેલું હોય છે જ્યારે પહેલાં જેવી જ વિશ્વતૃપ્તિ કામના અને તેવો જ અતિથિ સત્કાર અને તેવાં પરસ્પર નિમંત્રણ ક્યાંક ક્યાંક જ જોવા મળે છે. સર્વત્ર શક્તિપૂજાની તૈયારી થવા લાગે છે.

જ્યારે સમાજમાં વિરાટ ક્યાંક ક્યાંક ખંડિત થઈ જાય છે, દૈવીસંપદાનો વધારે હ્રાસ થવા લાગે છે, ક્યાંક સમભાવ તો ક્યાંક વિષમભાવ જોવા મળે છે, ગુણભેદ અનુસાર લોકો નાના મોટા ગણાવા લાગે છે, સત્ત્વ અને રજસ સમાન હોય છે, જેને કારણે સમાજની અવસ્થા સર્વત્ર કંઈક જટિલ થઈ જાય છે, આથી હળવા નિત્ય શાસનની આવશ્યકતા હોય છે. રજસને કારણે ઉત્પન્ન થયેલી સામાજિક જટિલતાના ઉકેલ માટે વિશેષ ગુણ ધરાવતા લોકો દ્વારા ચૂંટાયેલા દૈવીસંપદાયુક્ત વિશેષ જનસમુદાયની ઇચ્છાનુસાર ઋજુ ઉદાર કુલપતિનું શાસન હોય છે ત્યારે રાજ્ય પ્રાજાપત્ય કહેવાય છે.

પ્રાજાપત્ય રાજ્યમાં સામ્યભાવ આર્ષરાજ્યમાં હોય છે તેવો જ રહે છે. પરંતુ લોકોને નેતાઓની આવશ્યકતા જણાવા લાગે છે. તેઓમાં વિશ્વજન્યબુદ્ધિનું પ્રમાણ ઓછું થઈ જાય છે. આંતરજાતીય સમસ્યા ઉપસ્થિત થવાને કારણે સર્વત્ર દૈશિકધર્મની ચર્ચા થવા લાગે છે. ઘેર ઘેર શક્તિની ઉપાસના થવા લાગે છે. લોકોના મનમાં દિગ્વિજયની લાલસા ઉત્પન્ન થાય છે. મહાલય પક્ષનો અંત થઈને નવરાત્રિઓનો આરંભ થાય છે. પ્રત્યેક મોટા ઘરમાં દેવાસુર સંગ્રામની ચર્ચા થવા લાગે છે. સર્વત્ર દુર્ગાપૂજાની શરૂઆત થાય છે. સર્વત્ર जयं देहि यशं देहि द्विषो जहि નો ધ્વનિ ગુંજે છે.

જ્યારે સમાજમાં વિરાટ ક્યાંક ક્યાંક અંતર્હિત થઈ જાય છે, દૈવી સંપદા ઓછી થઈ જાય છે, વિષમભાવનું આધિક્ય થઈ જાય છે, ગુણકર્મ અનુસાર લોકો નાના મોટા ગણાય છે, સત્ત્વ કરતાં રજસ વધુ હોય છે જેને કારણે સમાજની અવસ્થા જટિલ થઈ જાય છે, પરિણામે યથોચિત હળવા નિત્ય શાસનની આવશ્યકતા હોય છે, રજસને કારણે ઉત્પન્ન થયેલી સામાજિક જટિલતાના ઉકેલ માટે દૈવીસપંદાયુક્ત અધિષ્ઠાતાના મતાનુસાર દૈવીસપંદાયુક્ત અન્વયાગત જનસમુદાયની ઈચ્છા અનુસાર ઋજુ ઉદાર કૌટુંબિક નિત્ય શાસન હોય છે ત્યારે રાજ્ય દૈવરાજ્ય કહેવાય છે.

દૈવ રાજ્યમાં બધી બાબતો પ્રાજાપત્ય રાજ્ય જેવી જ હોય છે. પરંતુ લોકોને આગેવાનોને બદલે શાસકોની આવશ્યકતા વર્તાવા લાગે છે. સંચિત શક્તિનો નિરોધ ન થઈ શકવાથી ઘેર ઘેર શસ્ત્રપૂજા થવા લાગે છે. દિગ્વિજય માટે પ્રસ્થાન થાય છે. વિજયાદશમીને દિવસે આ રાજ્યનું ચિત્ર સ્પષ્ટ દેખાય છે. આ દિવસે મોટાં ઘરોમાં શસ્ત્રપૂજા થાય છે, ઘોડા શણગારાવા લાગે છે, રાજાઓની સેનાઓ સજ્જ થાય છે.

જ્યારે સમાજમાં ક્યાંક ક્યાંક વિરાટનો લોપ થઈ જાય છે, દૈવીસંપદા આસુરી સંપદાને આક્રાંત કરી દે છે, વિષમભાવનું આધિક્ય થઈ જાય છે, ગુણ કર્મ અનુસાર લોકો નાના, મોટા ગણાય છે, સત્ત્વ કરતાં રજસ વધી જાય છે અને ક્યાંક ક્યાંક તમોગુણ પણ દષ્ટિગોચર થવા લાગે છે, જેને કારણે સમાજની અવસ્થા જટિલ અને વિષમ થઈ જાય છે, આથી ખૂબ હળવા નહીં કે ખૂબ કઠોર નહીં એવા નિત્ય શાસનની આવશ્યકતા હોય છે, રજસને કારણે ઉત્પન્ન થયેલી જટિલતા ઉકેલવા માટે, તમોગુણની વૃદ્ધિ રોકવા માટે ગુણવાનોનો આદર કરનાર પ્રજાને અનુકૂળ રહેનાર દૈવીસંપદાયયુક્ત અન્વયાગત વ્યક્તિની આજ્ઞાનુસાર ઉદાર નિત્ય શાસન હોય ત્યારે તે રાજ્ય માનવ કહેવાય છે.

માનવ રાજ્યમાં દૈવ રાજ્યના બધા જ ગુણો હોય છે. પરંતુ દિગવિજયને કારણે પ્રાપ્ત થયેલી અતિરિક્ત સંપત્તિનો ભરાવો થવાથી લોકોની રુચિ વિલાસ અને આડંબર

પ્રત્યે થવા લાગે છે. અનેક કલાકારીગરીનો અવિષ્કાર થવા લાગે છે. ઘેર ઘેર ભગવતી કમળાનાં પદચિહ્નો દેખાવા લાગે છે. દુર્ગાપૂજાને બદલે લક્ષ્મીપૂજા થવા લાગે છે. આ રાજ્યનું ચિત્ર આસો પૂર્ણિમા અને કાર્તિકી અમાસને દિવસે દેખાય છે. જ્યારે ઘેર ઘેર સફાઈ અને સજાવટ થાય છે. સર્વત્ર દીપોત્સવ મનાવાય છે. સોળ પ્રકારની શૃંગાર સામગ્રી અને સોળ પ્રકારના સિક્કાઓથી ભગવતી પદ્માલયાનું પૂજન કરવામાં આવે છે.

જ્યારે સમાજમાં વિરાટ સમષ્ટિરૂપે શિથિલ થઈ જાય છે, દૈવીસંપદા આસુરી સંપદા દ્વારા આક્રાંત થઈ જાય છે, સર્વત્ર વિષમભાવ રહે છે, ગુણકર્મનો વિચાર ન થતાં આર્થિક અવસ્થા અને અપકરણ શક્તિ અનુસાર લોકો નાના મોટા ગણાય છે, સત્ત્વ કરતાં રજસ અને રજસ કરતાં તમસ વધારે હોય છે, જેને કારણે સમાજની અવસ્થા શોચનીય થઈ જાય છે, પોતાનો અધિકાર અબાધિત રાખવા માટે પ્રજાના મત અને હિતની ઉપેક્ષા કરનાર આસુરી સંપદાયુક્ત અને અન્વયાગત વ્યક્તિની આજ્ઞાનુસાર કુટિલ અને અનુદાર એવું નિત્ય શાસન હોય છે ત્યારે રાજ્ય આસુર કહેવાય છે.

આસુર રાજ્યમાં શાસક અને પ્રજા વચ્ચે નિત્ય અર્થવૈપર્ય હોય છે. શાસકને પોતાના પદની અને પ્રજાને પોતાની પાઘડીની ચિંતા સતાવતી રહે છે. પ્રજાને દાબમાં રાખવા માટે બળ, ત્રાસ અને કુટલિતાનો ઉપયોગ થાય છે. અનેક પ્રકારે પ્રજાનું ધન લૂંટવામાં આવે છે, વિવિધ પ્રકારની કૂટનીતિનો આવિર્ભાવ થવા લાગે છે. દુર્બળ લોકો બળવાનોના અત્યાચારથી દુ:ખી થાય છે. જેની લાઠી તેની ભેંસ એવું થવા લાગે છે. સાધુ સજ્જનોનું અપમાન અને ચલતાપૂર્જા જેવા લોકોનું સન્માન થવા લાગે છે. વિદેશીઓને છીંડું મળી રહે છે.

જ્યારે સમાજમાં વિરાટ સમષ્ટિરૂપે વિપર્યસ્ત થઈને અનેક કેન્દ્રોમાં વિભક્ત થઈ જાય છે, આસુરી સંપદાની અત્યંત વૃદ્ધિ થઈ જાય છે, સર્વત્ર અત્યંત વિષમભાવ રહે છે, રાજ્યાનુગ્રહ અનુસાર લોકો નાના મોટા ગણાય છે, સત્ત્વનો અત્યંત હ્રાસ થઈને રજસનો પણ હ્રાસ થવા લાગે છે, અને તમસની વૃદ્ધિ થવા લાગે છે અને જ્યારે બળથી અથવા કુટિલતાથી પદ પ્રાપ્ત કરનાર આસુરી સંપદાયુક્ત અધિષ્ઠાતાની ઈચ્છાનુસાર પ્રજાના મત અને હિતની ઉપેક્ષા કરનાર અન્વયાગત જનસમુદાયની આજ્ઞાનુસાર શાસન હોય છે ત્યારે રાજ્ય યાક્ષ કહેવાય છે.

યાક્ષ રાજ્યમાં આસુર રાજ્યની બધી જ બાબતો હોય છે પરંતુ સમાજ બહુનાયક થઈને છિન્નભિન્ન થઈ જાય છે. શાસક અને પ્રજા બન્નેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. લોકોને અન્ન વસ્ત્રનાં ફાંફાં થાય છે. રાજ્ય કિંકર્તવ્યમૂઢ અને દુર્બળ થઈ જાય છે. આથી દેશમાં વિદેશીઓની પીપૂડીનો અવાજ સંભળાવા લાગે છે.

જ્યારે સમાજમાં વિરાટ સમષ્ટિરૂપે મૂર્છિત થઈ જાય છે, રાક્ષસી સંપદનું અર્થાત્ ઉત્પાત અને કુટલિતાનું આધિક્ય થઈ જાય છે, ચલતા પૂર્જાઓનું સન્માન થવા લાગે છે, રજસ કરતાં તમસ વધી જાય છે, સ્વાર્થપરાયણ, ઉત્પાત અથવા કુટિલતાથી ઉચ્ચ પદ પ્રાપ્ત કરનાર ભીરુ અને સ્વાર્થી જનસમુદાયની આજ્ઞાનુસાર શાસન હોય છે ત્યારે રાજ્ય રાક્ષસ કહેવાય છે.

રાક્ષસ રાજ્યમાં યાક્ષ રાજ્યના બધા જ દુર્ગણો હોય છે પરંતુ દુઃખો અસહ્ય થવાથી પ્રજાના વિપ્લવની શરૂઆત થઈ જાય છે. વિભિન્ન પ્રકારનાં અનિષ્ટોનો આર્વિભાવ થવા લાગે છે. દેશમાં ઉઘાડે છોગે વિદેશીઓનો અધિકાર જણાવા લાગે છે.

જ્યારે સમાજમાં વિરાટ લુપ્તપ્રાય થઈ જાય છે, પૈશાચી સંપદા અર્થાત્ દાસ્ય અને મૂર્ખતાનું આધિક્ય થઈ જાય છે, ઉપદ્રવી અને ઉત્પાતિયા લોકોનું સન્માન થાય છે, તમસની ખૂબ વૃદ્ધિ થઈ જાય છે, પ્રજાના પ્રત્યર્થી પરસ્પર પ્રતિદ્વંદ્વી સદા ચિંતાતુર, ભીરુ, સ્વાર્થી અને કુટિલ જનસમુદાયની કુટિલ નીતિ દ્વારા શાસન થાય છે ત્યારે રાજ્ય પૈશાચ કહેવાય છે.

પૈશાચ રાજ્યમાં રાક્ષસ રાજ્યના બધા દુર્ગણો હોવા ઉપરાંત દેશની એવી દુર્દશા હોય છે કે પ્રજાને પોતાના કરતાં પારકા લોકો સારા લાગે છે. પરસ્પર દ્વેષ વધે છે. બીજાના દુઃખે લોકો સુખી થાય છે. વિદેશીઓને નિમંત્રણ આપીને બોલાવવામાં આવે છે.

જ્યારે સમાજમાં વિરાટનો લોપ થાય છે, અથવા તે અંતર્ધાન થઈ જાય છે, ત્યારે પાશવી સંપદાનું અર્થાત્ ઉદરપરાયણતા અને વિષયભોગેચ્છાનું આધિક્ય થઈ જાય છે, નીચ અને સ્વાર્થી નેતાગીરીરૂપી પરપોટાઓને કારણે સમાજમાં અનેક સંઘો વિભક્ત થઈ જાય છે, ક્યારેક બે ચાર નાના પરપોટાઓ એકત્ર થઈ જતાં મોટો પરપોટો બની જાય છે તો ક્યારેક મોટો પરપોટો ફૂટી જઈને બે ચાર નાના પરપોટાઓ બની જાય છે, સર્વત્ર અર્થવૈપર્ય અને પશુબુદ્ધિને કારણે એકમતે કોઈ પણ કાર્ય કરવું મુશ્કેલ થઈ જાય છે, સર્વત્ર પેટ ભરવાની ધૂન લાગેલી રહે છે, ભય, બળ, કુટલિતા અને પ્રલોભનથી અલગ અલગ શાસન થાય છે ત્યારે રાજ્ય પાશવ કહેવાય છે.

પાશવ રાજ્યમાં પૈશાચ રાજ્યના બધા જ દુર્ગણો હોવા ઉપરાંત લોકો એવા નીચ અને દુર્બુદ્ધિ થઈ જાય છે કે પારકા કાચનું જતન કરવા માટે પોતાનાં મોતી લૂંટાવી દે છે. પેટની સમસ્યા અત્યંત જટિલ થઈ જાય છે, જેને લીધે બધાના હોશકોશ ઉડી જાય છે. સમાજમાં સર્વત્ર इरषा परुषा धनलोलुपता भरीपूरी रहै समता विगता ।

રાજ્યોના વર્ણનમાં એવું દર્શાવાયું છે કે પહેલાં પાંચ રાજ્યોના સંસ્કાર અંતર્હિત થયેલા સૂર્યની પ્રસરેલી લાલિમાની જેમ જાતીય રીતરિવાજ અને ઉત્સવોમાં ઘણા સમય સુધી દેખાતા રહે છે. પરંતુ બાકીનાં પાંચ રાજ્યોમાં સંસ્કાર વિદ્યુતપ્રભાની જેમ તે રાજ્યોનો લોપ થવાની સાથે જ નષ્ટ થઈ જાય છે. એનું કારણ એ છે કે જ્યારે કોઈ પણ જાતિમાં વિરાટ શક્તિ રહે છે, ત્યારે તેનું જાતીય માહાત્મ્ય અને જાતીય નિષ્પત્તિ તેમના રીતિરિવાજ અને ઉત્સવમાં મળી આવે છે અને લાંબા સમય સુધી તે માહાત્મ્ય અને નિષ્પત્તિઓની ઝલક જાતીય ઉત્સવોમાં દેખાઈ આવે છે. પરંતુ જ્યારે વિરાટનો લોપ થઈ જાય છે અથવા તે અંતર્ધાન થઈ જાય છે ત્યારે જાતિનું અધઃપતન થવા લાગે છે. તે ઐક્યશૂન્ય અને છિન્નભિન્ન થઈને નિશ્ચેતન અને નિશ્ચેષ્ટ થઈ જાય છે. તેને પેટ ભરવા અને દિવસ વિતાવવા સિવાય કંઈ સૂઝતું જ નથી. આથી તે જાતિમાં એવી કોઈ વાત હોતી નથી જે ઉત્સવ ઉજવવા યોગ્ય હોય અને ન તો તેનામાં પોતાનું જાતીય માહાત્મ્ય અને નિષ્પત્તિને ઉત્સવરૂપે ઉજવવા જેટલી શક્તિ અને શ્રદ્ધા હોય છે. આથી બીજાં પાંચ રાજ્યોના સંસ્કાર જાતીય રીતરિવાજ અને ઉત્સવોમાં જોવા મળતા નથી.

આ દસ પ્રકારનાં રાજ્યોના સંયોગથી અનેક પ્રકારનાં રાજ્યો બને છે, પરંતુ ઉક્ત દસ પ્રકારનાં રાજ્યોમાંથી જેનો જે રાજ્યમાં અધિકાંશ હોય તેની અંતર્ગત જે તે રાજ્ય ગણવામાં આવે છે. જેમ કે કોઈ રાજ્યમાં થોડો અંશ માનવ રાજ્યનો હોય અને અધિકાંશ આસુર રાજ્યનો હોય તો તે આસુર રાજ્યની અંતર્ગત ગણાય છે; અથવા જો કોઈ રાજ્યમાં અધિકાંશ માનવ રાજ્યનો હોય અને અલ્પાંશ આસુર રાજ્યનો હોય તો તે માનવ રાજ્યની અંતર્ગત ગણાય છે.

ઉપરોક્ત દસ પ્રકારનાં રાજ્યોમાં પ્રથમ પાંચ ભદ્ર રાજ્ય અને બીજા પાંચ ભ્રષ્ટ રાજ્ય કહેવાય છે. ભ્રષ્ટ રાજ્યો વિલોમ રીતે ભદ્ર રાજ્યોનાં જ ભ્રષ્ટરૂપો હોય છે જેમ કે પાશવરાજ્ય બ્રાહ્મરાજ્યનું અને પૈશાચ રાજ્ય આર્ષ રાજ્યનું ભ્રષ્ટરૂપ હોય છે. પરંતુ આ ઉપરથી એમ ન સમજી શકાય કે જ્યારે બ્રાહ્મ આદિ ભદ્ર રાજ્યોનું પતન થાય છે ત્યારે તે તરત જ પાશવ વગેરે ભ્રષ્ટ રાજ્યોમાં પરિવર્તિત થઈ જાય છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે મનુષ્ય સમાજની ઉન્નિતનું સ્તર બ્રાહ્મ આદિ રાજ્યો દ્વારા સૂચિત થાય છે, અવનતિનું તે જ સ્તર પાશવ વગેરે રાજ્યો દ્વારા સૂચિત થાય છે. અર્થાત્ સામાજિક ઉન્નતિનું જે સ્તર ભદ્ર રાજ્યોથી સૂચિત થાય છે, સામાજિક અવનતિનું તે જ સ્તર વિલોમ રીતે ભ્રષ્ટ રાજ્યોથી સૂચિત થાય છે. સામાજિક ઉન્નતિ અને અધોગતિનું સમાન સ્તર સૂચિત કરવાથી અને બાહ્યરૂપમાં થોડીક સમાનતા હોવાથી વધુ ભદ્ર રાજ્યોનું તેનાં ભ્રષ્ટરૂપ રાજ્યો સાથે કંઈ જ સામ્ય હોતું નથી. પરંતુ માનવ રાજ્યનું અસુર રાજ્ય સાથે રૂપમાં ઘણું સામ્ય હોય છે અને જ્યારે માનવરાજ્યનું

પતન થાય છે ત્યારે તે તેના ભ્રષ્ટરૂપ અસુર રાજ્યમાં પરિવર્તિત થઈ જાય છે. તે રાજ્યોમાં ભેદ માત્ર તત્ત્વનો હોય છે. તત્ત્વભેદ અનુસાર જ તેમનામાં વાસ્તવિક ભેદ હોય છે. જેવું તત્ત્વ હોય છે તેવું રાજ્ય હોય છે. તત્ત્વ પરિવર્તન અનુસાર જ રાજ્યોમાં પણ પરિવર્તન થાય છે.

પ્રત્યેક રાજ્યમાં બે બાબતો હોય છે. એક તત્ત્વ અને બીજું રૂપ.

સમાજમાં દૈવી, આસુરી, રાક્ષસી, પૈશાચી, પાશવી સંપદાનું પ્રમાણ એ રાજ્યનું તત્ત્વ કહેવાય છે.

રાજ્ય તત્ત્વ પાંચ પ્રકારનાં હોય છે : દૈવ, આસુર, રાક્ષસ, પૈશાચ, પાશવ,

સમાજની શાસકવિધાન પદ્ધતિ અર્થાત શાસક બનાવવાની રીત રાજ્યનું રૂપ કહેવાય છે. રાજ્યરૂપ ત્રણ પ્રકારનાં હોય છે.

દક્ષશાસન, પ્રતિનિધિ શાસન, શાસકજ શાસન.

કાર્યસાધનામાં પ્રવીણ લોકોના હાથમાં શાસન હોવું તે દક્ષ શાસન કહેવાય છે.

વંશપરંપરાગત લોકોના હાથમાં શાસન હોવું તે શાસકજ શાસન કહેવાય છે.

આપણા આચાર્યોના મત અનુસાર રાજ્યમાં રૂપ કરતાં તત્ત્વ વધારે આવશ્યક વસ્તુ મનાય છે. તત્ત્વ અનુસાર જ બહુધા રાજ્યનું રૂપ હોય છે. જ્યારે તત્ત્વ પૂર્ણતયા દૈવ હોય છે અર્થાત્ જ્યારે દૈવી સંપદા સમાજમાં સમષ્ટિરૂપે વ્યાપ્ત રહે છે ત્યારે રાજ્ય બ્રાહ્મરૂપમાં હોય છે અને જ્યારે દૈવી તત્ત્વનો લોપ થઈને પાશવ તત્ત્વનું આધિક્ય થાય છે અર્થાત્ જ્યારે સમાજમાં દૈવીસંપદાનો લોપ થઈને પાશવી સંપદા સમષ્ટિરૂપે વ્યાપ્ત થાય છે ત્યારે રાજ્ય પાશવરૂપમાં હોય છે. એનું કારણ એ છે કે દૈવી સંપદાના ઉદય અવપાત અનુસાર વિરાટનો પણ ઉદયઅવપાત થાય છે અને જ્યારે સમાજમાં વિરાટ પૂર્ણરૂપે ઉદિત થયેલો હોય છે ત્યારે સમાજમાં કયાંય કોઈ પણ પ્રકારના અર્થવૈપૈર્ય કે ભેદ રહેતા નથી. આથી આવા સમાજમાં કોઈ પણ પ્રકારના નિત્ય શાસનની આવશ્યકતા રહેતી નથી અને જ્યારે સમાજમાં વિરાટનો લોપ થાય છે અથવા તો તે અંતર્ધાન થાય છે ત્યારે સમાજમાં સ્વાર્થ પ્રબળ થાય છે. પરિણામે સમાજ વેરવિખેર થઈને અત્યંત દુર્બળ અને બુદ્ધિહીન થઈ જાય છે અને જેમનામાં બળ અને કુટિલતા હોય છે તે જ સમાજના આગેવાન અને શાસક બની જાય છે. તદુપરાંત દૈવીસંપદાને કારણે મનુષ્યનો આદર્શ ઉંચો રહે છે અને બીજી બધી જ સંપદાઓને કારણે આદર્શ નીચો રહે છે. આદર્શ પ્રમાણે જ મનુષ્યનાં ગુણકર્મો હોય છે. જેવા ગુણકર્મવાળા મનુષ્યો હોય છે, તેવો જ તેમનો સમાજ હોય છે અને જેવો સમાજ હોય છે, તેવું જ રાજ્ય હોય છે. આમ દૈવી સંપદા સમષ્ટિરૂપે વ્યાપ્ત રહેવાથી સમાજનો આદર્શ અને તેનાં ગુણકર્મો ઉચ્ચ રહે છે. આવા સમાજમાં સર્વત્ર બંધુભાવ હોય છે. આ સ્થિતિમાં

બ્રાહ્મરાજ્ય સિવાય બીજું કોઈ રાજ્ય હોઈ શકે જ નહીં, અને જ્યારે દૈવીસંપદાનો સમષ્ટિરૂપે હ્રાસ થવા લાગે છે. ત્યારે સમાજનો આદર્શ અને તેનાં ગુણકર્મો નીચાં થવા લાગે છે. આવો સમાજ રજસ્ અને તમસને વશ થઈને પશુવૃત્તિ ધારણ કરવા લાગે છે. જેના હાથમાં લાઠી હોય છે તે જ સમાજનો શાસક બની બેસે છે. દૈવીસંપદા ધરાવતા લોકોનાં કર્મો સ્વભાવતઃ बहुजनहिताय बहुजनसुखाय હોય છે. તે સિવાયની સંપદા ધરાવતા લોકોનાં કર્મો સ્વહિતાય સ્વસુખાય હોય છે. આ પ્રમાણે દૈવી સંપદા સમષ્ટિરૂપે વ્યાપ્ત રહેવાથી સમાજમાં પરોપકારનું ચલણ હોય છે. શાસક અને સમાજ તેમ જ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પરસ્પર હિતસાધના હોય છે. ક્યારેય કયાંય કોઈ પણ પ્રકારનો જોશ અને અર્થવૈપર્ય હોતાં નથી, સર્વત્ર સામ્ય અને સંતોષ છવાયેલાં રહે છે જે માત્ર બ્રાહ્મરાજ્યમાં જ જોઈ શકાય છે, અને જ્યારે સમાજમાં દૈવીસંપદાનો પૂર્ણરૂપે લોપ થઈ જાય છે ત્યારે સમાજમાં સર્વત્ર સ્વાર્થસાધનાનું ચલણ થઈ જાય છે. શાસક અને સમાજ તેમ જ વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચે પરસ્પર અર્થવૈપર્ય થઈ જાય છે. સર્વત્ર વૈષમ્ય અને અસંતોષ છવાયેલાં રહે છે. આ બાબતો માત્ર પાશવ રાજ્યમાં જ હોય છે. દૈવી સંપદાથી સામ્યબુદ્ધિ અને આસુરી સંપદાથી વૈષમ્યબુદ્ધિની વૃદ્ધિ થાય છે. આમ જે સમાજમાં જેટલી દૈવીસંપદા હોય છે તેમાં તેટલું સામ્ય અને એમાં જેટલી આસુરી સંપદા તેટલું તેનામાં વૈષમ્ય હોય છે. પૂર્ણ સામ્યથી બ્રાહ્મ રાજ્યની અને પૂર્ણ વૈષમ્યથી પાશવ રાજ્યની ઉત્પત્તિ થાય છે. સંક્ષેપમાં દૈવી સંપદા જ્યારે સમષ્ટિરૂપે વ્યાપ્ત રહે છે ત્યારે વિરાટ શક્તિ, ઉચ્ચ આદર્શ, બહુજનહિતેચ્છા અને સામ્યભાવ પરાકાષ્ઠાએ પહોંચેલો હોય છે. જ્યારે દૈવીસંપદાનો લોપ થવા લાગે છે ત્યારે ઉક્ત સદ્ગુણો ઓછા થવા લાગે છે અને રાજ્યો પણ ક્રમશઃ ભ્રષ્ટ થતાં રહે છે. આ રીતે તત્ત્વ ભ્રષ્ટ થવાથી માત્ર રૂપને કારણે કોઈ રાજ્ય શ્રેયસ્કર હોઈ શકતું નથી. આ સ્થિતિમાં રૂપ ભલે ગમે તે હોય પરંતુ તેનું પરિણામ નિકૃષ્ટ જ હોય છે. જ્યારે તત્ત્વ ભ્રષ્ટ થઈ જાય છે ત્યારે દક્ષ શાસનરૂપના રાજ્યમાં શાસન કપટી અને અભિસંધાનમાં પ્રવીણ લોકના હાથમાં હોય છે. પ્રતિનિધિ શાસનરૂપમાં પ્રતિનિધાન માત્ર વિશેષ વ્યક્તિઓનું જ થતું હોય છે. શાસકજ શાસનરૂપમાં શાસક અને સમાજ વચ્ચે અર્થવૈપર્ય થાય છે. યુરોપ આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. જે વર્તમાનમાં એક પ્રકારે રાજ્યરૂપોની જાણે કે પરીક્ષણશાળા બનેલું છે. રાજ્યોની આ મહાપરીક્ષણશાળામાં શાસકજ શાસન અને પ્રતિનિધિ શાસનની પરીક્ષા થઈ ગઈ છે અને હવે દક્ષશાસનની કસોટી થઈ રહી છે. પરંતુ યુરોપની દશા કોઈપણ પ્રકારના રાજ્યમાં સારી નથી થઈ. સારી તો શું આનાથી પણ વધારે ચિંતાજનક થાત. જો એશિયાખંડમાં થોડાક વિશેષ દુર્ગુણો ન પ્રવેશી ગયા હોત, સુએઝ નહેર ખોદતી વખતે મિસર ભૂલાવામાં ન પડ્યું

હોત અને ભારતને પોતાના દૈશિકધર્મની વિસ્મૃતિ ન થઈ હોત તો આજે ઈંગ્લેન્ડનાં અર્થશાસ્ત્ર અને દૈશિકશાસ્ત્ર તદ્દન જુદાં જ પ્રકારનાં હોત. યુરોપની આજે જે કંઈ પણ સારી દશા દેખાય છે તે તેનાં રાજ્યરૂપોનું પરિણામ નથી પણ વિશ્વના અન્ય દેશોના દુર્ગુણોનું પરિણામ છે. એ યાદ રાખવું જોઈએ કે જાતિઓનો ઉદય સર્વદા માત્ર આત્મગુણોને કારણે જ થતો નથી. તે ક્યારેક ક્યારેક તો તેની આસપાસની જાતિઓના અર્થગુણોને કારણે પણ થતો હોય છે. તાત્પર્ય એ છે કે તત્ત્વની ઉન્નતિ થયા સિવાય રાજ્ય અને સમાજની વાસ્તવિક ઉન્નતિ ક્યારેય થઈ શકતી નથી. જેમ જેમ રાજ્યતત્ત્વમાં પરિવર્તન થાય છે તેમ તેમ સમાજમાં તેનું પરિણામ દેખાય છે.

બધાં જ ભદ્ર રાજ્યોમાં નિમ્નલિખિત બાબતો સર્વસામાન્ય હોય છે.

૧. પ્રજાના સુખે દુઃખે રાજ્ય પણ સુખી કે દુઃખી થાય છે.

૨. શાસક સદા પ્રજાને અનુકૂળ હોય છે.

૩. શાસનનીતિ સ્પષ્ટ અને સરળ હોય છે.

૪. શાસક નિઃશંક અને પ્રજા નિર્ભય હોય છે.

૫. શ્રદ્ધા, સંતોષ અને વિશ્વાસ સમષ્ટિગત હોય છે.

ભ્રષ્ટ રાજ્યોમાં નિમ્નલિખિત બાબતો સર્વસામાન્ય હોય છે.

૧. પ્રજાના સુખદુઃખમાં રાજ્ય ઉદાસીન રહે છે અથવા તેથી વિપરીત ભાવના હોય છે.

૨. શાસક પ્રજા વચ્ચે સદા અર્થવૈપર્ય હોય છે.

૩. શાસન નીતિ કુટિલ અને દુર્ગમ હોય છે.

૪. શાસક પ્રજા પ્રત્યે શંકાશીલ અને પ્રજા શાસકથી ભયભીત રહે છે.

૫. અંધશ્રદ્ધા, અસંતોષ, અવિશ્વાસ સમષ્ટિગત હોય છે અને હંમેશાં ઉત્પાત અને વિપ્લવ થતા રહે છે.

ભદ્ર રાજ્ય અને ભ્રષ્ટ રાજ્યોમાં ઉપરોક્ત પાંચ પ્રકારના તફાવત હોય છે. તે સિવાય બીજા બે પ્રકારના તફાવત પણ હોય છે.

૧. ભદ્ર રાજ્યોનું પરિવર્તન ધીમે ધીમે અને ક્રમપૂર્વક થાય છે. ભ્રષ્ટ રાજ્યોનું પરિવર્તન શીઘ્ર અને ક્રમ સિવાય થાય છે.

૨. ભદ્ર રાજ્યોની સ્થિતિ પ્રજાની સમૃદ્ધિ અને અભ્યુદય પર નિર્ભર હોય છે જ્યારે ભ્રષ્ટ રાજ્યોની સ્થિતિ કૂટનીતિ પર નિર્ભર હોય છે.

યવનાચાર્ય એરિસ્ટોટલના મત અનુસાર ભ્રષ્ટ રાજ્યોની સ્થિતિ માટે નીચેની બાબતો આવશ્યક છે.

૧. પ્રજાને દરિદ્ર અને નીચ વૃત્તિની બનાવવી.

૨. લોકોમાં પરસ્પર વિશ્વાસ ન રહેવા દેવો.

૩. પ્રજાને નિઃસહાય અને પૌરુષહીન બનાવીને કોઈ કામ માટે લાયક ન રાખવી.

કોઈ દરિદ્ર અને નીચ વૃત્તિયુક્ત વ્યષ્ટિ અથવા સમષ્ટિ રાજ્યની વિરૂદ્ધ ઉઠાવ કરી શકતી નથી તેથી ભ્રષ્ટ રાજ્યોની ખેર ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી લોકોમાં પરસ્પર વિશ્વાસ હોતો નથી. નિઃસહાય અને પૌરુષહીન દશામાં રાજ્યનો પ્રતિરોધ કરવો અસંભવ હોય છે અને અસંભવ જણાતી વાતમાં કોઈ હાથ નાખવા ઈચ્છતું નથી. આ રીતે લોકો દરિદ્ર, નીચવૃત્તિના, પરસ્પર અવિશ્વાસી, નિઃસહાય અને પૌરુષહીન હોવાથી કોઈના મનમાં રાજ્યનો વિરોધ કરવાનો વિચાર ઉદ્ભવતો નથી. આ વાતો પર ભ્રષ્ટ રાજ્યોની સ્થિતિ નિર્ભર હોય છે તેથી આ ત્રણ બાબતો અર્થાત લોકોને દરિદ્ર અને નીચ વૃત્તિના બનાવવા, લોકોમાં પરસ્પર વિશ્વાસ ન રહેવા દેવો તથા પ્રજાને નિઃસહાય અને પૌરુષહીન બનાવવી તે ભ્રષ્ટ રાજ્યોનો મુખ્ય ઉદ્દેશ્ય હોવો જોઈએ. વિસ્તારપૂર્વક એમ કહેવું જોઈએ કે ઉચ્ચ આકાંક્ષાવાળા લોકોને વશમાં રાખવા, વશમાં ન રહી શકે તેવા તેજસ્વી લોકોને દેશનિકાલ કરવા, લોકને મિલન સમારંભ, સમાજ સમિતિ તથા શિક્ષણ સંબંધી વાતો ન કરવા દેવી, શહેરમાં આવેલા વિદેશીઓની ખૂબ સારસંભાળ રાખવી, એમની પાછળ પડવું, લોકોને ગુલામ જેવા બનાવીને તેમનામાં ઉચ્ચ વિચારો પ્રવેશવા ન દેવા, લોકોના વિચારો અને કાર્યોની જાણકારી મેળવવા ગુપ્તચરોની જાળ ફેલાવવી, જ્યાં જ્યાં સભાઓ થાય ત્યાં પહેલેથી જ જાસૂસોને મોકલી દેવા, જાસૂસો અને ખબરીઓનો ભય ફેલાવીને લોકોને મોકળાશથી વાતો કરતા બંધ કરાવી દેવા, લોકોની પ્રવૃત્તિઓની તત્કાળ જાણકારી મેળવી લેવી, તેમનામાં લડાઈઝઘડા કરાવવા, મિત્રમિત્ર વચ્ચે, કિસાન અને જમીનદારોની વચ્ચે, સૈનિક અને સરદારની વચ્ચે, ગરીબ અને ધનવાનની વચ્ચે, ફૂટ પડાવવી, પ્રજાને સદા તંગ રાખવી, કરવેરા વધારતા રહેવું, લડાઈઝઘડાઓમાં પ્રવૃત્તિ રાખીને પ્રજાનું ધ્યાન હંમેશાં બીજી તરફ જ રાખવું, સ્ત્રીઓને સ્વૈરાચારી તથા ગુલામોને ખુશ રાખવાનો પ્રયત્ન કરતા રહેવું, જેથી સ્ત્રીઓ પોતાના પુરુષો અને ગુલામો તેમના માલિકોનાં રહસ્યો પ્રગટ કરી દે, મૂર્ખ મુખી અને નીચ ખુશામતખોરોનું સન્માન કરવું, દુષ્ટ નીચ ખુશામતખોરોને સારા સમજવા, ઉદાર સ્વાતંત્ર્યપ્રેમી લોકોની ઘૃણા કરવી, તેમની પ્રત્યે નિષ્ઠુર વ્યવહાર કરવો, સંક્ષેપમાં એ બધા જ ઉપાયો ઉપયોગમાં લેવા જોઈએ કે જે પારસી અને બર્બર રાજ્યો દાસત્વને ચિરસ્થાયી કરવા માટે ઉપયોગમાં લેતાં હતાં.

ભ્રષ્ટ રાજ્યોએ આ ઉપરોક્ત ઉપાયો સિવાય નીચે જણાવેલા ઉપાયો પણ ઉપયોગમાં લેવા જોઈએ. ભ્રષ્ટ રાજ્યોએ ભદ્ર રાજ્ય જેવા દેખાવાનો પ્રયત્ન

કરવો.પોતાની શક્તિ અને અધિકારોને સુરક્ષિત રાખવાનો પૂર્ણ પ્રયત્ન કરવો. ઈચ્છુક અનિચ્છુક બધાને પોતાના અધિકાર નીચે રાખવા. યુક્તિ અને ચાતુર્યથી પોતાની દરેક વાત પર ભદ્ર રાજ્યનો ઢોળ ચઢાવી રાખવો, સાર્વજનિક અર્થની ખૂબ ચિંતા કરવી, જમા ખર્ચનો બરાબર હિસાબ રાખવો, એવું દર્શાવતા રહેવું કે પ્રજા પાસેથી કરરૂપે પ્રાપ્ત થનારું ધન પ્રજાના જ કામમાં વપરાય છે, નહીં કે વ્યક્તિગત કાર્યમાં, પ્રજાને આક્રાંત રાખવા માટે હંમેશાં ઉંચું અને પ્રભાવશાળી વ્યક્તિત્વ રાખવું, નીતિજ્ઞ હોવાનો ડોળ કરતા રહેવું, ભોગવિલાસો સીમિત માત્રામાં હોવા અથવા ઓછામાં ઓછું પ્રજાને તેવું જ મનાવવું, છળ કપટ દ્વારા લોકોના મનમાં એ વાત ઠસાવી દેવી કે તેમના ચારિત્ર્યનું રક્ષણ થાય છે. પહેલાંનાં રાજ્યો કરતાં પોતાને સારા દેખાડવાનો પ્રયત્ન કરવો, શહેરોને સુંદર અને સમૃદ્ધ રાખવાનો પ્રયત્ન કરવો જેથી તે રાજ્ય પ્રજારક્ષક હોવાનું દેખાઈ આવે, સદા આસ્તિક વેષ ધારણ કરી રાખવો, સ્વતંત્ર ન થવા દેવા માટે ગુણવાનોનો પણ આદર કરવો જેથી પોતાના લોકોથી અલગ થઈને વિદેશીઓને મળી જવાનો તેઓ પ્રયત્ન કરે, પરિણામે તે પક્ષહીન થઈને નકામા બની જાય અને સ્વતંત્ર થવાનો પ્રયત્ન જ ન કરે. સારું કાર્ય પોતે જ કરવું અને ખરાબ કાર્યો પોતાને આધીન લોકો પાસે કરાવવાં, કોઈનેય વધારે આગળ વધવા ન દેવા અને વિશેષ વિશેષ વ્યક્તિઓને તો જરાય આગળ આવવા ન દેવી, લોકોમાં પરસ્પર મેળ અને સહાનુભૂતિ ન થવા દેવાં, કોઈ ઉચ્ચ પદ અથવા અધિકાર માટે નિસ્તેજ મનુષ્યોને પસંદ કરવા, ધીરે ધીરે અવ્યક્ત રીતે પ્રજાનું સત્ત્વહરણ કરવું, પ્રજા સાથે કોઈ પણ પ્રકારે શારીરિક અસભ્ય વ્યવહાર ન કરવો, પોતાના પ્રાણની પરવા ન કરનારા લોકથી સાવધ રહેવું, ધનવાન અને નિર્ધન બન્નેનું સમાન રક્ષણ કરવું, કોઈ એક બીજાની હાનિ કરી શકે તેટલી શક્તિ જ ન રહેવા દેવી, વિશેષ સામર્થ્યશાળી લોકોને પોતાના પક્ષમાં લઈ લેવા. આ ઉપાયથી દરેક પ્રકારના વિરોધ અને વિપ્લવ એકદમ શાંત કરી દઈ શકાય છે.

આ પ્રકારના ઉપાયો આપણા કણિક અને કૌટિલ્ય નામના આચાર્યોએ પણ બતાવ્યા છે.

પરંતુ ભ્રષ્ટ રાજ્યો ભલે કોઈપણ પ્રકારની કૂટનીતિનો ઉપયોગ કરે તો પણ તેઓ ચિરંજીવ થઈ શકતાં નથી, કારણ કે ખોટો વ્યવહાર લાંબા સમય સુધી સહાયતા કરી શકતો નથી. આવાં રાજ્યો કાં તો પ્રજાના ક્રોધાગ્નિમાં ભસ્મ થઈ જાય છે અથવા તેમના અભિનય પર પડદો પડીને દેશરૂપી નાટકશાળામાં પરરાજ્યનો પ્રવેશ થઈ જાય છે.

પરરાજ્ય મુખ્યત્વે બે પ્રકારનાં હોય છે.

(૧) દત્રિમક (૨) દ્રૌમુષાયણક

દત્રિમક રાજ્ય એને કહેવાય છે જેમાં શાસન એવા વિદેશીઓના હાથમાં હોય છે જેમણે પોતાના દેશ સાથે સંબંધ વિચ્છેદ કરીને સ્વયંને શાસિત દેશ સાથે જોડી દીધા હોય, જેમ કે ભારતમાં મોગલ રાજ્ય.

વળી દત્રિમક રાજ્યના પણ બે પ્રકાર છે.

(૧) ગોધુક અને (૨) મહિષધુક

ગોધુક એવા દત્રિમક રાજને કહેવાય છે જે પ્રજારૂપી ગાયને દુઃખ આપ્યા વગર તેની સુખસમૃદ્ધિની ઉપેક્ષા કર્યા વગર તેને દોહીને મળતી વિભૂતિનો ઉપભોગ કરે છે. જેમ કે ભારતમાં અકબરનું રાજ્ય.

મહિષધુક એવા દત્રિમક રાજ્યને કહેવાય છે જે પ્રજાપીડન કરીને પ્રજાના હિત-અહિતની ઉપેક્ષા કરીને બળપૂર્વક નીચોવેલી વિભૂતિનો ઉપભોગ કરે છે. જેમ કે ભારતમાં અલ્લાઉદ્દીનનું રાજ્ય.

દ્રૌમુષાયણક રાજ્ય એવા રાજ્યને કહેવાય છે જેમાં શાસન એવા વિદેશી લોકોના હાથમાં હોય છે જેમનો પોતાના દેશ સાથેનો સંબંધ પૂર્વવત્ રહે છે અને જે શાસિત દેશને પોતાની ભોગ્ય વસ્તુ સમજે છે. જેમ કે આફ્રિકામાં યુરોપીયોની વસાહતો.

વળી દ્રૌમુષાયણક રાજ્યના પણ બે પ્રકાર હોય છે (૧) વિશસિતૃક (૨)વ્યાધક.

વિશસિતૃક એવા દ્રૌમુષાયણક રાજ્યને કહે છે જે વિધિપૂર્વક ક્રમશઃ શાસિત જાતિને નષ્ટ કરીને પોતાની જાતિને પુષ્ટ કરે છે. જેવું વૈદિકકાળમાં દસ્યુઓ પર આર્યોનું રાજ્ય હોવનું કહેવાતું હતું.

વ્યાધક એવા દ્રૌમુષાયણક રાજ્યને કહેવાય છે જે કોઈ પણ ક્રમ વિના, કોઈ પણ નિયમ વિના શાસિત જાતિને નષ્ટ કરીને પોતાની જાતિને પુષ્ટ કરે છે. જેમ કે અમેરિકામાં સ્પેનનું રાજ્ય.

આ બધાં પ્રકારનાં રાજ્યોમાં સંયોગથી બીજાં પણ અનેક પ્રકારનાં પર રાજ્યો બને છે.

પરરાજ્યમાં ભેદ હોવાનાં મુખ્ય બે કારણો છે. શાસકોનો પોતાના દેશ સાથેનો સંબંધ અને બીજું શાસિત જાતિમાં વિરાટની અવશિષ્ટ માત્રા. શાસકોના સ્વદેશ સંબંધ અનુસાર તેમનું, શાસિત જાતિ સાથે અર્થવૈપર્ય હોય છે, કારણ કે જે જે વિદેશી શાસકનો પોતાના દેશ સાથે જેટલો સંબધ ચાલુ રહે છે તેટલું જ તેને પોતાની જાતિનું ભરણપોષણ કરવું પડે છે, અને તેટલા પ્રમાણમાં શાસિત જાતિ સાથે તેનું અર્થવૈપર્ય હોય છે. જ્યારે વિદેશી શાસકનો પોતાની જાતિ સાથેનો સંબંધ પુરો થઈ જાય છે ત્યારે તેને પોતાની થોડી જ વ્યક્તિઓનું ભરણ પોષણ કરવું પડે છે, નહીં કે સમસ્ત જાતિનું.

આથી શાસિત જાતિ સાથે તેનું અર્થવૈપર્ય વધારે હોતું નથી. શાસિત જાતિમાં વિરાટ જેટલો વધારે અવશિષ્ટ રહે છે તેટલા પ્રમાણમાં વિદેશી શાસક ઓછું દમન કરી શકે છે. કારણ કે સિંહના બચ્ચાની કોઈ સતામણી કરવા ઈચ્છતું નથી, ન તો કોઈની ઈચ્છા કાંટાળા માર્ગ પર ચાલવાની હોય છે કે ન તો કોઈ વિરાટ જાતિનો રોષ વહોરવાનું સાહસ કરે છે. પરંતુ બળદની કાંધ પર બધા જ ધૂંસરી મૂકે છે. બધા જ મખમલ પર ચાલવાનું પસંદ કરે છે. વિરાટહીન જાતિનો માર્ગ બધા જ રૂંધે છે. આ રીતે શાસિત જાતિમાં વિરાટના અવિશિષ્ટ પ્રમાણ અનુસાર પરરાજ્યની શાસન પદ્ધતિ નિર્ધારિત થતી હોય છે. આથી જો વિદેશી શાસકનો પોતાના દેશ સાથેનો સંબંધ તૂટી ગયો હોય અને જો શાસિત જાતિમાં વિરાટની શેષાંશ માત્રા વધારે હોય તો રાજ્ય ગોધુક રૂપે રહે છે જો શાસિત જાતિમાં વિરાટની શેષાંશ માત્રા ઓછી હોય તો રાજ્ય મહિષધુક રૂપે રહે છે. જો શાસકોનો પોતાના દેશ સાથેનો સંબંધ પૂર્વવત્ હોય અને શાસિત જાતિમાં વિરાટની શેષાંશમાત્રા વધુ હોય તો રાજ્ય વિશાસિતૃક રૂપે હોય છે અને જો શાસિત જાતિમાં વિરાટની શેષાંશમાત્રા ઓછી હોય તો રાજ્ય વ્યાધક રૂપે રહે છે.

દત્રિમક અને દ્રૌમુષાયણકના રાજ્યોમાં મૂળભૂત રીતે માત્ર આ એક સૂક્ષ્મ તફાવત હોય છે કે દત્રિમક રાજ્યનો પોતાના દેશ સાથે કોઈ સંબંધ હોતો નથી, જ્યારે દ્રૌમુષાયણક રાજ્યનો પોતાના દેશ સાથે પૂર્વવત સંબંધ ચાલુ રહે છે. પરંતુ પરિણામની દૃષ્ટિએ આ રાજ્યો વચ્ચે મહત્ત્વનો ભેદ હોય છે.એક એ કે દત્રિમક રાજ્યમાં શાસિત જાતિના અર્થસાધનાના ઉપાયોમાં બહુધા પરિવર્તન થતું નથી. ક્યારેક તો તેમાં પહેલાં કરતાં પણ સુધારો થાય છે. પરંતુ દ્રૌમુષાયણક રાજ્યમાં શાસિત જાતિના અર્થસાધનાના ઉપાયો દિન પ્રતિદિન ક્ષીણ થતા હોય છે. બીજું એ કે દત્રિમક રાજ્યો ક્યારેક ક્યારેક થોડી પેઢીઓ પછી સ્વરાજ્યમાં પરિવર્તિત થઈ જાય છે અથવા સ્વરાજ્ય જેવા જ થઈ જાય છે, કારણકે પોતાના દેશ સાથેનો સંબંધ છૂટી જવાથી દત્રિમક રાજ્યના નાના મોટા કર્મચારીઓ પ્રાયઃ શાસિત જાતિના લોકો જ હોય છે. એની દરેક પ્રકારની કાર્યવાહી બહુધા શાસિત જાતિના લોકો દ્વારા જ થાય છે. તેનું હિત અહિત બધું જ શાસિત જાતિના લોકોના હાથમાં હોય છે. વિરાટ જાગ્રત થતાં અનાયાસે જ તે સ્વરાજ્યમાં પરિવર્તિત થઈ જાય છે. અથવા સ્વયં સ્વરાજ્યનું રૂપ ધારણ કરી લે છે. પરંતુ દ્રૌમુષાયણક રાજ્ય ક્યારેય સ્વરાજ્યમાં પરિવર્તિત થતું નથી. અને જો થાય તો પણ તે જુદા જ પ્રકારનું સ્વરાજ્ય હોય છે. તેમનો શાસિત જાતિ સાથે કોઈ સંબંધ હોતો નથી. તે શાસક જાતિના લોકોનું સ્વરાજ્ય હોય છે. જ્યારે શાસિત જાતિ નષ્ટપ્રાય થઈ જાય છે, તેની જાગૃતિની સંભાવના જ રહેતી નથી, અને શાસક જાતિના લોકો બળ અને સંખ્યામાં પર્યાપ્ત થઈ જાય છે ત્યારે સર્વથા તેમનો આત્મવિશ્વાસ વધી જાય છે

અને તેઓ શાસિત દેશને જ પોતાનો દેશ સમજવા લાગે છે. પોતાના પહેલાંના દેશ સાથે તેમને મમતા રહેતી નથી. પોતાની રાજ્યકાર્યવાહીમાં તેમને પોતાના પહેલા દેશનો હસ્તક્ષેપ ગમતો નથી. આથી તેઓ તેનાથી સ્વતંત્ર થવાની પ્રવૃત્તિ શરૂ કરે છે. અને જ્યારે તેઓ તેમની આ પ્રવૃત્તિમાં સફળ થાય છે ત્યારે તેમનું રાજ્ય તેમને માટે સ્વરાજ્યમાં પરિવર્તિત થઈ જાય છે, નહીં કે શાસિત જાતિના લોકો માટે. અમેરિકાનાં સંયુક્ત રાજ્યો અને ઓસ્ટ્રેલિયાનું રિપબ્લિક રાજ્ય આ પ્રકારના સ્વરાજ્યનાં ઉદાહરણો છે.

એ વાતનું સ્મરણ રહેવું જોઈએ કે પરરાજ્ય લાંબા સમય સુધી ગોધુક રૂપે રહી શકતું નથી, કારણ કે ગોધુક રાજ્ય માટે ચાર બાબતોનો સંયોગ થવો જોઈએ-

(૧) રાજ્યની સાત્ત્વિક વૃત્તિ (૨) રાજ્યાધિકારીઓનું સદાચારી રહેવું (૩) શાસક જાતિના લોકો શાસિત જાતિના લોકો કરતાં સંખ્યામાં ઓછા હોવા અને (૪) શાસિત જાતિના લોકોમાં વિરાટની જાગૃતિની સંભાવના રહેવી. પરંતુ આવો સંયોગ લાંબો સમય ટકી શકતો નથી. આથી ગોધુક રાજ્યમાં ઉપર દર્શાવ્યું છે તેમ સમયાંતરે કાં તો સ્વરાજ્યના અંકુર ફૂટે છે અથવા તો તે મહિષધુક રૂપ ધારણ કરે છે, કારણ કે ગોધુક રાજ્યમાં શાસિત જાતિ તંદ્રાળુ બની જાય છે. તંદ્રાને કારણે તેને વિદેશી શાસનની ટેવ પડી જવાથી તે નિસ્તેજ થતી જાય છે. નિસ્તેજ થવાથી તેમાં તમસ પ્રવેશ કરે છે. તમોગુણને કારણે તેનાં સુખ, ધૃતિ અને કર્મ બધાં જ તામસિક થઈ જાય છે. આથી બધી રીતે તેનો વિનિપાત થવા લાગે છે. તારતમ્ય વિચારથી શાસક જાતિનો ઉદય શરૂ થાય છે. તેનાં મૂળ મજબૂત થતાં જાય છે. તેનો સ્વયંમાં ભરોસો થવા લાગે છે. પરિણામે તે શાસિતજાતિની ઉપેક્ષા કરવા લાગે છે અને અંતે ગોધુક રાજ્ય મહિષધુક રાજ્યનું રૂપ ધારણ કરે છે. જો મહિષધુક રાજ્યમાં વિરાટનો ઉદય ન થાય અને શાસક જાતિની સંખ્યામાં ઘણી વૃદ્ધિ થઈ જાય તો શાસિત જાતિ માટે ટકી રહેવું અઘરું થઈ જાય છે. કારણ કે રાજ્યમાં ધીમે ધીમે બદલ થતો હોવાથી શાસિત જાતિને કોઈ પરિવર્તન જણાતું જ નથી. તે નિદ્રામાં જ રહે છે. વંશપરંપરાની ટેવને કારણે તે જાતિમાં પરાધીનતા એ રીતે અભિનિવેશ બનીને સમાઈ જાય છે જે રીતે ક્ષય કોઠે પડી જાય છે.

મહિષધુક રાજ્યમાં લગભગ બધી જ વાતો ગોધુક રાજ્ય જેવી હોય છે. ફક્ત ક્યારેક મારકૂટને કારણે શાસિત જાતિ ચકળ વકળ થઈ જાય છે. જેથી તેને બહેલાવવા માટે શાસકોને પોતાની શાસનનીતિ બદલવી પડે છે.

વિશસિતૃક રાજ્યમાં શાસકોનું પોતાના સ્વાર્થથી જ શાસિતોની ભૌતિક સુખસમૃદ્ધિ પ્રત્યે ધ્યાન રહે છે તેમ જ બીજી બાબતો પણ ગોધુક રાજ્ય જેવી હોય છે, પરંતુ શાસિત જાતિના તેજની સાથે જ તેની સંખ્યાનો પણ હ્રાસ થતો જાય છે. ગોધુક

રાજ્યમાં જે અનિષ્ટ પરિણામ એક પ્રકારે જ અને ધીમે ધીમે થાય છે તે જ પરિણામ આ રાજ્યમાં અનેક પ્રકારે અને શીઘ્ર થાય છે. કારણ કે ગોધુક રાજ્યનું અર્થવૈપર્ય શાસિત જાતિની એકાદી વ્યક્તિ સાથે હોય છે, પરંતુ વિશસિતૃક રાજ્યનું અર્થવૈષમ્ય સમસ્ત શાસિત જાતિ સાથે હોય છે.

વ્યાધક રાજ્યમાં ઉઘાડેછોગ મારામારી થતી રહે છે. કોઈની પણ શરીરસંપત્તિ સલામત રહેતી નથી. સર્વત્ર પીડા, ત્રાસ અને આતંક વ્યાપ્ત રહે છે, પરંતુ આ રાજ્યમાં નિત્ય સંઘર્ષને કારણે શાસિત જાતિમાં તેજનો પુનરોદય થવાની શક્યતા રહે છે. પણ આ શક્યતા ત્યારે જ હોય છે જ્યારે પરરાજ્યે આરંભથી જ વ્યાધકરૂપ ધારણ કર્યું હોય. વિશસિતૃકમાંથી ધીરે ધીરે વ્યાધકરૂપ ધારણ કરતા રાજ્યમાં આવી શક્યતા રહેતી નથી. ધીમે ધીમે વ્યાધકરૂપમાં પરિવર્તિત થયેલા રાજ્યમાં શાસિત જાતિને કુષ્ઠરોગીની જેમ પોતાનાં અંગોનો દાહ જણાતો નથી.

પરરાજ્યની શાસનનીતિ બહુધા આધીન રાષ્ટ્રની પ્રકૃતિ પર પણ નિર્ભર કરે છે. આધીન રાષ્ટ્રો ચાર પ્રકારનાં હોય છે (૧) વ્યાઘ્રક (૨) હસ્તિક (૩) મહિષક (૪) સુરભિક

વિરાટની શેષાંશ માત્રાના આધિક્યને કારણે જે રાષ્ટ્રનું શાસન મુશ્કેલ હોય છે, જેને વશમાં રાખવા માટે વધારે વ્યય કરવો પડે છે અને તેમાંથી લાભ કંઈ મળતો નથી તે વ્યાઘ્રક રાષ્ટ્ર કહેવાય છે.

વ્યાઘ્રક રાષ્ટ્ર સાથે કોઈ પણ પ્રકારની રમત કોઈ કરતું નથી. તેની ઇચ્છા પ્રમાણેનું શાસન ત્યાં ચાલે છે. આવું રાષ્ટ્ર હંમેશાં સ્વતંત્ર થવાની ચિંતા કરતું રહે છે અને એક વાર સ્વતંત્ર થઈ ગયા પછી ફરી કોઈ તેને બંધનમાં રાખી શકતું નથી.

વિરાટની શેષાંશ માત્રાની ન્યૂનતાને કારણે જે રાષ્ટ્રનું શાસન મુશ્કેલ હોતું નથી અને જેને વશમાં રાખવા માટે વ્યય વધારે કરવો પડે છે, પણ લાભ તેના પ્રમાણમાં ઘણો ઓછો થાય છે તેને હસ્તિક રાષ્ટ્ર કહે છે.

હસ્તિક રાષ્ટ્રમાં અનુનય અને પ્રલોભનથી થોડું કામ કઢાવી લેવાય છે. તેમાં સુખનું ધ્યાન રાખીને શાસન થતું હોય છે. આવું રાષ્ટ્ર થોડા સમય પછી સ્વતંત્રતાનો સ્વાદ ભૂલી જાય છે, ક્રોધવશાત્ ક્યારેક ક્યારેક સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરે છે પણ એકાદ વાર સ્વતંત્ર થયા પછી પણ તેને બંધનમાં નાખવા માટે અનેક પ્રયત્નો થતા રહે છે.

વિરાટની શેષાંશ માત્રા લોપ થઈ જવાને કારણે જે રાષ્ટ્રનું શાસન સુકર હોય છે, જેને વશમાં રાખવા માટે વ્યય અને શ્રમ તો કરવો પડે છે, પણ તે અનુસાર લાભ પણ થાય છે તે મહિષક રાષ્ટ્ર કહેવાય છે.

મહિષક રાષ્ટ્રમાં પ્રલોભન અને તાડન દ્વારા ઘણું કામ લેવામાં આવે છે. આજીવિકાનું ધ્યાન રાખીને શાસન કરવામાં આવે છે. આવું રાષ્ટ્ર ક્યારેય સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરતું નથી કે સ્વયં આહ્વાન કરતું નથી.

વિરાટની શેષાંશ માત્રા નષ્ટ થઈ જવાને કારણે જે રાષ્ટ્રનું શાસન અત્યંત સુકર હોય છે, જેને વશમાં રાખવા માટે જરા પણ વ્યય કે શ્રમ કરવા પડતા નથી અને જેના દ્વારા અનાયાસે અનેક પ્રકારના લાભ પણ થતા રહે છે તેને સુરભિક રાષ્ટ્ર કહે છે.

સુરભિક રાષ્ટ્ર પાસેથી પ્રયત્ન વિના જ બધા પ્રકારનાં કામ લેવામાં આવે છે. તેની તદ્દન ઉપેક્ષા અને અવહેલના કરીને શાસન કરવામાં આવે છે. આવું રાષ્ટ્ર સ્વતંત્રતાના દર્શનથી જ ગભરાય છે અને તે પોતે જ બંધન માટે આહ્વાન કરે છે.

ભલે કોઈ પણ પ્રકારનું રાજ્ય હોય પરંતુ બધાના ઉદ્દ્ભવ, સ્થિતિ અને પ્રલયનું મૂળ કારણ એક માત્ર વિરાટ છે. જ્યારે જાતિમાં વિરાટ સ્વસ્થ હોય છે ત્યારે રાજ્ય ભદ્રરૂપમાં હોય છે. જ્યારે વિરાટ અસ્વસ્થ હોય ત્યારે રાજ્ય ભ્રષ્ટ રૂપમાં હોય છે. જ્યારે વિરાટ નષ્ટ થઈ જાય છે ત્યારે રાજ્ય વિદેશીરૂપમાં હોય છે. જ્યારે નષ્ટ થયેલા વિરાટની શેષાંશ માત્રા વધારે હોય છે ત્યારે રાજ્ય ગોધુકરૂપમાં હોય છે. જેમ જેમ નષ્ટ થયેલા વિરાટની શેષાંશમાત્રા ઓછી થતી જાય છે. તેમ તેમ રાજ્ય ગોધુકમાંથી મહિષધુકમાં, મહિષધુકમાંથી વિશસિતૃકમાં અને વિશસિતૃકમાંથી વ્યાધકમાં પરિવર્તિત થતું રહે છે.

હવે મીમાંસા એ વાતની છે કે કયું રાજ્ય શ્રેષ્ઠતમ છે અને કયું રાજ્ય નિકૃષ્ટતમ. સાધારણ રીતે વ્યાધક રાજ્ય સૌથી નિકૃષ્ટ ગણાય છે, પરંતુ એ યોગ્ય નથી. કારણ કે મોટે ભાગે એવું જોવા મળે છે કે જેને પ્રવાહને અનુકૂળ વહેવાની ટેવ પડી જાય છે તે પ્રવાહથી પ્રતિકૂળ તરી શકતો નથી. ખૂબ ઘસવાથી નિસ્તેજ લાકડામાં પણ અગ્નિ પ્રજ્વલિત થાય છે, પરંતુ ઠાંસીને રાખ્યા વિના અગ્નિમાં પણ રાખ છવાઈ જાય છે. તે પ્રમાણે જ ઉત્તેજિત કર્યા સિવાય મનુષ્યમાં પણ તમસ આવી જાય છે. આમ દ્રૌમુષાયણક રાજ્યમાં વ્યાધક રાજ્ય એટલું અનર્થકારી નથી હોતું જેટલું વિશસિતૃક હોય છે. આથી વિશસિકૃત રાજ્ય નિકૃષ્ટતમ હોય છે. દ્રૌમુષાયણક રાજ્ય કરતાં દત્રિમક રાજ્યો શ્રેષ્ઠ હોય છે. કારણ કે -

(૧) દ્રૌમુષાયણક રાજ્યનું અર્થવૈપર્ય સમસ્ત શાસિત જાતિ સાથે હોય છે જ્યારે દત્રિમક રાજ્યનું અર્થવૈપર્ય શાસિત જાતિની થોડી વ્યક્તિઓ સાથે જ હોય છે.

(૨) દ્રૌમુષાયણક રાજ્યને તેની સમસ્ત જાતિનું ભરણપોષણ કરવાનું હોય છે, પરંતુ દત્રિમક રાજ્યને માત્ર થોડી જ વ્યક્તિઓનું ભરણ પોષણ કરવાનું હોય છે.

(૩) દ્રૌમુષાયણક રાજ્યનું પ્રજા સાથે હંમેશાં અર્થવૈપર્ય રહે છે, પરંતુ દત્રિમક રાજ્યનું પ્રજા સાથે ઘણું અર્થૈક્ય થઈ જાય છે.

(૪) દ્રૌમુષાયણક રાજ્યમાં પ્રજા નષ્ટભ્રષ્ટ થઈ જાય છે, પરંતુ દત્રિમક રાજ્યમાં તે શાસક જાતિમાં વિલીન થઈ જાય છે.

(૫) દ્રૌમુષાયણક રાજ્યમાં શાસિત જાતિને અર્થાતિસાર થઈ જાય છે, પરંતુ દત્રિમક રાજ્યમાં આવું થતું નથી.

(૬) દ્રૌમુષાયણક રાજ્યમાં શાસિત જાતિ માટે સ્વરાજ્ય પ્રાપ્તિની કોઈ સંભાવના રહેતી નથી, પરંતુ દત્રિમક રાજ્યમાં પહેલાં દર્શાવ્યા પ્રમાણે આવી સંભાવના રહે છે.

દત્રિમક રાજ્યોમાં મહિષધુક કરતાં ગોધુક શ્રેષ્ઠ હોય છે. કારણ કે ગોધુક રાજ્યમાં રાજ્ય અને પ્રજા વચ્ચે પરસ્પર પ્રેમ શાંતિ અને સહચાર મહિષધુક કરતાં વધારે હોય છે.

આથી પરરાજ્યોમાં વિશસિતૃક સૌથી નિકૃષ્ટ અને ગોધુક સૌથી શ્રેષ્ઠ હોય છે.

આપણા આચાર્યોના મત અનુસાર સૌથી શ્રેષ્ઠ પરરાજ્ય કરતાં સૌથી નિકૃષ્ટ સ્વરાજ્ય અભીષ્ટ ગણાય છે. કારણ કે -

(૧) પરરાજ્યમાં શાસક જાતિ અને શાસિત જાતિમાં ચિતિવૈપર્ય હોય છે. ચિતિવૈપર્યને કારણે તેમનામાં વિરાટવૈપર્ય પણ થઈ જાય છે, પરંતુ શાસક જાતિનાં ચિતિ અને વિરાટ સ્વાભાવિક રીતે પ્રબળ હોય છે અને શાસિત જાતિનાં ચિતિ અને વિરાટ ક્ષીણ થયેલાં હોય છે. આથી આ પ્રબળ ચિતિ અને વિરાટ દ્વારા શાસિત જાતિનાં ચિતિ અને વિરાટ આક્રાંત થઈને ત્વરિત ગતિથી નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. ચિતિ અને વિરાટ નષ્ટભ્રષ્ટ થવાથી જાતિની એવી જ દશા થાય છે જેવી ચૈતન્ય અને પ્રાણ નષ્ટ થવાથી વ્યક્તિની થાય છે, પરંતુ સ્વરાજ્યના નિકૃષ્ટરૂપમાં પણ રાજ્ય અને પ્રજાની વચ્ચે ચિતિ અને વિરાટ વૈપર્ય થતાં નથી.

(૨) પરરાજ્યના સૌથી ઉત્તમરૂપમાં પણ શાસિત જાતિના વિરાટના પુનરોદય માટે અનેક પ્રતિકૂળ કારણો ઉત્પન્ન થઈ જાય છે. તેથી શાસિત જાતિનો પુનરોદય દિન પ્રતિદિન મુશ્કેલ થતો જાય છે, પરંતુ સ્વરાજ્યના સૌથી નિકૃષ્ટરૂપમાં પણ વિરાટના પુનરોદયની સંભાવના યથાવત્ રહે છે. તેથી તેના પુનરોદયની આશા પણ રહે છે.

(૩) સ્વજાતીય કુરાજ્યનું અર્થવૈપર્ય પોતાની જાતિના મહાત્ત્વાકાંક્ષી લોકો સાથે હોય છે, પરંતુ પરજાતિના સુરાજ્યમાં શાસક જાતિનું અર્થવૈપર્ય થાય છે શાસિત જાતિના ગુણવાન લોકો સાથે.

(૪) પરરાજ્યમાં પરભાષા અને પરસાહિત્યનાં મહત્ત્વ અને પ્રચારને કારણે શાસિત જાતિનાં ભાષા અને મહત્ત્વ ઢંકાઈ જાય છે, પરંતુ ભાષા અને સાહિત્યના ઉદયાસ્ત સાથે જાતિના ઉદયાસ્તનો એક પ્રકારે સમવાય સંબંધ હોય છે. આમ પરરાજ્યમાં શાસિત જાતિના ઉદયનું એક મુખ્ય કારણ દબાઈ જાય છે, પરંતુ સ્વરાજ્યમાં ભલે કોઈ પણ રૂપમાં હોય, આમ થતું નથી.

(૫) પરારાજ્યનું શાસિત જાતિ સાથે અર્થવૈપર્ય સ્વાભાવિક હોય છે અને બેમાંથી એકનો નાશ થયા વગર તે જતું નથી, પરંતુ સ્વજાતીય કુરાજ્યનું અર્થવૈપર્ય કૃત્રિમ હોય છે અને કૃત્રિમ ઉપાયોથી તે દૂર પણ થાય છે.

(૬) પરરાજ્યમાં શાસિત જાતિમાં પ્રતિભા અને દૈશિક ધર્મનો ઉદય થઈ શકતો નથી અને કદાચ થાય તો પણ લાંબા સમય સુધી તેનું ટકી રહેવું મુશ્કેલ થાય છે. શાસિત જાતિનાં આશાસ્પદ પુરુષરત્નોને પરરાજ્યની કોપાગ્નિમાં ભસ્મ કરી દેવામાં આવે છે અને એમની ભસ્મમાંથી તે જાતિના કલંકરૂપ નરાધમો માટે ખાદ્ય તૈયાર કરવામાં આવે છે, પરંતુ સ્વરાજ્યમાં, ભલે તે કોઈ પણ પ્રકારનું હોય, જાતિમાં પ્રતિભા અને દૈશિક ધર્મના સંસ્કાર જળવાઈ રહે છે. અને તેમના જાગૃત થતાં જ દેશની કાયાપલટ થઈ જાય છે. ગયેલી લક્ષ્મી પાછી આવે છે.

એ સ્પષ્ટ છે કે, સ્વરાજ્યમાં પ્રત્યેક ઉત્તર રાજ્ય કરતાં પૂર્વ રાજ્ય શ્રેષ્ઠ હોય છે. આથી બ્રાહ્મ રાજ્ય સૌથી શ્રેષ્ઠ ગણાય છે. સામ્યવાદીઓનું એટલે કે વર્તમાન સોશિયાલીસ્ટોનું અથવા બોલ્શેવિકોનું આદર્શ રાજ્ય પણ બ્રાહ્મ રાજ્ય છે, પરંતુ પ્રશ્ન એ છે કે, વર્તમાન સમયમાં બ્રાહ્મ રાજ્ય સાધ્ય થઈ શકે ખરું ? કોઈ પણ વાતની સાધ્યતા અથવા અસાધ્યતા તેનાં દેશ-કાળ-નિમિત્ત પર નિર્ભર હોય છે. એ સ્પષ્ટ છે કે આજે સર્વત્ર દેશ-કાળ-નિમિત્ત આસુરી સંપદામય થયેલાં છે. વિશ્વરૂપી નાટકમાં પ્રવેશેલા યુરોપની કર્મબંધનની ધધકતી જ્વાલા લઈએ અથવા તે નાટકમાંથી નિષ્કાસિત થયેલા એશિયાની તંદ્રાની ભસ્મ લઈએ તો સર્વથા એ જ વાત જણાય છે કે વિશ્વમાં દિન પ્રતિદિન દૈવી સંપદાનો હ્રાસ થતો જાય છે. આસુરી સંપદાની વૃદ્ધિ એટલી બધી થઈ ગઈ છે કે આજે રાજ્ય અને પ્રજા વચ્ચે ઘાસ લાકડાં માટે, પિતા પુત્રમાં વારસાહક્ક માટે, પતિ પત્નિ વચ્ચે અન્ન વસ્ત્ર માટે મુકદમાબાજી થઈ રહી છે. એક બાજુ દેશ-કાળ-નિમિત્ત આવાં આસુરી સંપદાયમય, તો બીજી બાજુ બ્રાહ્મ રાજ્યનું મૂળ તત્ત્વ છે સમષ્ટિગત દૈવી સંપદા. આથી આજે બ્રાહ્મ રાજ્ય સાધ્ય થઈ શકતું નથી. આવું રાજ્ય ફક્ત સત્યયુગમાં હતું જ્યારે ધર્મનાં ચારેય ચરણ અસ્તિત્વમાં હતાં. આજના સમયમાં જ્યારે ધર્મનાં ત્રણ ચરણો પૂર્ણ કપાઈ ગયાં છે અને ચોથું ચરણ પણ ઘણું ખરું કપાઈ ગયું છે, ત્યારે સામ્યવાદીઓની કલ્પના ક્યાં સુધી કાર્યમાં પરિણત થઈ શકશે એ શંકા છે. તેમની કલ્પના નિ:સંદેહ ઉત્તમ છે.

તદુપરાંત સમસ્ત સમાજને દૈવીસંપદામય બનાવવા કરતાં થોડી વ્યક્તિઓને એવી બનાવવી તે વધારે સહેલું અને સુસાધ્ય હોય છે. જો થોડી વ્યક્તિઓને દૈવી સંપદામય બનાવીને શાસન તેમના હાથમાં સોંપવામાં આવે અને તેમની નીતિનો પ્રચાર કરવામાં આવે તો પછી લોકોને બ્રાહ્મરાજ્યની આવશ્યકતા રહેતી નથી. તે સિવાય અસાત્ત્વિક સમયમાં પ્રતિનિધાન પદ્ધતિ દ્વારા જે શાસન થાય છે તેમાં આસુરી અને રાક્ષસી પ્રકૃતિવાળા લોકો આગળ આવવાની તથા દૈવી પ્રકૃતિવાળા લોકો પાછા પડવાની સંભાવના વધારે હોય છે.

બીજું એ કે જો રાજ્ય એક વ્યક્તિના હાથમાં હોય અને તે ભ્રષ્ટ થવાથી પ્રજા સાથે તેનું અર્થવૈપર્ય થઈ જાય તો થોડો પ્રયત્ન કરવાથી તે રાજ્ય સુધરી શકે છે. જો રાજ્ય ઘણા લોકોના હાથમાં હોય અને તે ભ્રષ્ટ થવાથી તેમનું પ્રજા સાથે અર્થવૈપર્ય થાય તો ઘણા પ્રયત્નો કરવા છતાં તે રાજ્યને સુધારવું મુશ્કેલ થઈ જાય છે. આ બાબતોનો વિચાર કરીને જ આપણા દૈશિકાચાર્યોએ રાજ્યના રૂપમાં પરિવર્તન કરવાને બદલે શાસકોની દૈવીસંપદામય પરંપરા ઉત્પન્ન કરવાનું અભીષ્ટ ગણ્યું. જ્યારે વેન રાજા જેવો કોઈ કુશાસક ઉત્પન્ન થતો તો તેનો વધ કરવામાં આવતો હતો, પરંતુ શાસન કોઈ પોતાના હાથમાં લેતું નહોતું. પૃથુ રાજા જેવા શાસકને ઉત્પન્ન કરીને રાજ્ય તેને સોંપી દઈ ઉપદ્રવી રાજાઓનો વધ કર્યો પરંતુ રાજ્યનું રૂપ ક્યારેય બદલ્યું નહીં. કહેવાનું તાત્પર્ય એ છે કે આજે બ્રાહ્મ રાજ્ય કરતાં દૈવ અને માનવ રાજ્ય વધુ સુકર અને સુસાધ્ય છે. એ યાદ રાખવું જોઈએ કે નાના દેશો માટે માનવ રાજ્ય અને મોટા દેશો માટે દૈવ રાજ્ય સર્વોત્તમ હોય છે. જર્મન આચાર્ય નિત્શેના મત અનુસાર પણ મોનાર્કી (દૈવ અથવા માનવ રાજ્ય) સર્વોત્તમ ગણાય છે.

સ્વરાજ્ય અને પરરાજ્ય બંને કરતાં જુદું એક ત્રીજા પ્રકારનું રાજ્ય પણ હોય છે જે મુખ્ય અને આધીન રાજ્યોના સંયોગથી બને છે. આવું રાજ્ય દ્વન્દ્વ રાજ્ય કહેવાય છે. દ્વન્દ્વ રાજ્ય ત્રણ પ્રકારનું હોય છે. ઉત્તમ, મધ્યમ અને અધમ.

જે દ્વન્દ્વ રાજ્યમાં મુખ્ય અને આધીન રાજ્યોમાં મિત્રભાવ હોય છે, મુખ્ય રાજ્ય આધીન રાજ્યો પાસેથી નિયત સમયે નિર્ધારિત ખંડણી ઉઘરાવતું હોય છે, તે સિવાય આધીન રાજ્ય પૂર્ણ સ્વતંત્ર હોય છે, તેને ઉત્તમ દ્વન્દ્વ રાજ્ય કહે છે. આવા રાજ્યમાં મુખ્ય રાજ્યને સામ્રાજ્ય અને આધીન રાજ્યને સામંત રાજ્ય કહે છે. સામ્રાજ્ય પદની પ્રાપ્તિ માટે રાજસૂય દ્વારા સ્વયંમાં ભગવાન વિષ્ણુ જેવા ગુણો દર્શાવવા પડતા હતા.

જે દ્વન્દ્વ રાજ્યમાં મુખ્ય અને આધીન રાજ્યો વચ્ચે પરસ્પર સેવ્યસેવક ભાવ હોય છે, મુખ્ય રાજ્ય આધીન રાજ્યના કારભારમાં હસ્તક્ષેપ કરે છે અને તેને પોતાની ઈચ્છાનુસાર ચાલવે છે તેને મધ્યમ દ્વન્દ્વ રાજ્ય કહે છે. આ રાજ્યના મુખ્ય રાજ્યને અધિરાજ્ય અને આધીન રાજ્યને અનુરાજ્ય કહે છે. અધિરાજ્ય પદ પ્રાપ્તિ માટે રાજ્યસભા દ્વારા પોતાનો ઉત્કર્ષ દર્શાવવો પડે છે.

જે દ્વન્દ્વ રાજ્યમાં મુખ્ય અને આધીન રાજ્યમાં પરસ્પર ભોક્તા ભોગ્ય ભાવ હોય છે, મુખ્ય રાજ્યના હાથમાં જ બધા અધિકાર હોય છે, આધીન રાજ્યને નામમાત્ર અધિકાર આપવામાં આવે છે તેને અધમ દ્વન્દ્વ રાજ્ય કહે છે. આ રાજ્યમાં મુખ્ય રાજ્યને પ્રરાજ્ય અને આધીન રાજ્યને ઉપરાજ્ય કહે છે. પ્રરાજ્ય પ્રાપ્તિ માટે રાજ્યાભિષેક દ્વારા પોતાની શક્તિ દર્શાવવી પડતી હતી.

દ્વન્દ્વ રાજ્યોમાં પણ મૂળ તત્ત્વો દૈવીસંપદા અને વિરાટ જ છે. જ્યારે મુખ્ય રાજ્યમાં દૈવીસંપદા અને આધીન રાજ્યમાં વિરાટનો શેષાંશ વધારે હોય છે ત્યારે દ્વન્દ્વ રાજ્ય ઉત્તમરૂપમાં હોય છે. જ્યારે મુખ્ય રાજ્યમાં દેવી સંપદાની અને આધીન રાજ્યમાં વિરાટના શેષાંશની ન્યૂનતા હોય છે ત્યારે દ્વન્દ્વ રાજ્ય મધ્યમ રૂપમાં હોય છે. જ્યારે મુખ્ય રાજ્યમાં આસુરી સંપદાનું આધિક્ય અને આધીન રાજ્યમાં વિરાટના અવશેષનો સર્વનાશ થયેલો હોય છે ત્યારે દ્વન્દ્વ રાજ્ય અધમરૂપે હોય છે.

દ્વન્દ્વ રાજ્ય બહુધા બે સ્વરાજ્યોના સંયોગથી અથવા એક પરરાજ્ય અને એક સ્વરાજ્યના સંયોગથી અથવા બે પરરાજ્યોના સંયોગથી બને છે જેમાં એક મુખ્ય અને એક આધીન રાજ્ય હોય છે, પરંતુ ક્યારેક ક્યારેક મુખ્ય રાજ્યો અનેક પણ થઈ જતાં હોય છે. જે દ્વન્દ્વ રાજ્યમાં મુખ્ય રાજ્યો અનેક હોય છે તેને સન્નિપાત રાજ્ય કહેવાય છે. સન્નિપાત રાજ્ય ચિરસ્થાયી હોતું નથી.

આપણા દૈશિકશાસ્ત્ર અનુસારનાં રાજ્યોનું વર્ણન પૂર્ણ થયું છે. સરખામણી માટે કેટલાક પાશ્ચાત્ય મત અનુસારનાં રાજ્યોનું વર્ણન પણ આવશ્યક હતું, પરંતુ અનેક કારણોસર તે થઈ શકે એમ નથી. એટલું કહી શકાય કે પાશ્ચાત્ય દૈશિકશાસ્ત્રનો મૂળાધાર એરિસ્ટોટલનું પોલિટિક્સ છે. તે પ્રમાણે રાજ્ય છ પ્રકારનાં હોય છે.

(૧) મોનાર્કી (૨) એરિસ્ટોક્રસી (૩) સ્ટેટ (૪) ટિરેની (૫) ઓલિગાર્કી (૬) ડેમોક્રસી

૧. જે રાજ્યમાં સાર્વજનિક હિતાર્થે એક વ્યક્તિ શાસન કરે છે તે મોનાર્કી કહેવાય છે.

૨. જે રાજ્યમાં અનેક પણ અલ્પસંખ્યક સુયોગ્ય સજ્જનો શાસન કરે તે એરિસ્ટોક્રસી કહેવાય છે.

૩. જે રાજ્યમાં સાર્વજનિક હિત માટે લગભગ સમસ્ત પ્રજા શાસન કરે છે તે સ્ટેટ કહેવાય છે.

૪. જે રાજ્યમાં શાસકનું હિત મુખ્ય હોય છે તે ટિરેની કહેવાય છે.

૫. જે રાજ્યમાં ધનવાનોનું હિત મુખ્ય હોય છે તે ઓલિગાર્કી કહેવાય છે.

૬. જે રાજ્યમાં નિર્ધનોનું હિત મુખ્ય હોય છે તે ડેમોક્રેસી કહેવાય છે.

આ રાજ્યોમાં છેલ્લાં ત્રણ રાજ્યો પહેલાં ત્રણ રાજ્યોનાં ભ્રષ્ટ રૂપ હોય છે. આ છ પ્રકારનાં રાજ્યોમાં જે તફાવત છે તેનું મુખ્ય કારણ છે અધિકારભેદ. જ્યારે અધિકારી પ્રજાના પ્રતિનિધિ રૂપ વંશપરાપરાગત એક મનુષ્યના હાથમાં હોય છે ત્યારે રાજ્ય મોનાર્કી રૂપે હોય છે. જ્યારે અધિકાર પ્રજાના પ્રતિનિધિરૂપે વંશપરંપરાગત અલ્પસંખ્યાંક અનેક મનુષ્યોના હાથમાં હોય છે ત્યારે રાજ્ય એરિસ્ટોક્રસી રૂપે હોય છે. જ્યારે અધિકાર સ્વયં પ્રજાના હાથમાં હોય છે ત્યારે રાજ્ય સ્ટેટ રૂપમાં હોય છે. જ્યારે અધિકાર વંશપરંપરાગત એક સ્વેચ્છાચારી મનુષ્યના હાથમાં હોય છે ત્યારે રાજ્ય ટિરેની રૂપે હોય છે. જ્યારે અધિકાર ધનવાનોના પ્રતિનિધિઓના હાથમાં હોય છે ત્યારે રાજ્ય ઓલિગાર્કી કહેવાય છે. જ્યારે અધિકાર ગરીબોના પ્રતિનિધિઓના હાથમાં હોય છે ત્યારે રાજ્ય ડેમોક્રસી રૂપે હોય છે.

ઉક્ત છ રાજ્યો સિવાય પ્રાચીન યૂનાનમાં એક વધુ રાજ્ય હતું જે યજન્નેટ કહેવાતું હતું. યજન્નેટ રાજ્યમાં એક વ્યક્તિને કોઈ વિશેષ કાર્ય અને નિયત સમય માટે પૂર્ણ અધિકાર આપીને ચૂંટવામાં આવતી હતી અને તે વિશેષ કાર્ય પૂર્ણ થઈ જતું અને નિયત સમય વીતી જતો ત્યારે તે વ્યક્તિના શાસનનો અંત થતો.

સ્ટેટ રાજ્યમાં રાષ્ટ્ર જ્યારે મોટું હોય છે તો પ્રતિનિધાન પદ્ધતિનો ઉપયોગ કર્યા સિવાય રાજ્ય બરાબર થઈ શકતું નથી. બધી જ વ્યક્તિઓના હાથમાં શાસન હોઈ શકે નહીં. આથી પ્રતિનિધિઓના હાથમાં શાસન આપવું પડે છે. રાષ્ટ્ર મોટું હોવાથી જો શાસન પ્રતિનિધિઓના હાથમાં હોય તો તે રાજ્ય રિપબ્લિક કહેવાય છે.

એરિસ્ટોક્રસી, ઓલિગાર્કી, ડેમોક્રસી અને રિપબ્લિકમાં એટલો જ તફાવત છે કે એરિસ્ટોક્રસીમાં પ્રતિનિધિ આજીવન હોય છે, ઓલિગાર્કીમાં પ્રતિનિધિ નિયત સમય માટે હોય છે, તદુપરાંત તે ધનવાનોના જ પ્રતિનિધિઓ હોય છે. ડેમોક્રસીમાં પણ તે નિયત સમય માટે જ હોય છે પણ તે પ્રતિનિધિ નિર્ધનોના હોય છે. રિપબ્લિકમાં તે નિયત સમય માટે હોય છે અને બધાના પ્રતિનિધિ હોય છે.

ઉપરોક્ત બધાં રાજ્યોનો લોપ થઈ ગયો છે. પાશ્ચાત્ય દૈશિકશાસ્ત્ર અનુસાર હવે વિશ્વમાં માત્ર ચાર પ્રકારનાં સ્વરાજ્ય અને ત્રણ પ્રકારનાં પરરાજ્ય શેષ રહ્યાં છે. વર્તમાનમાં જે સ્વરાજ્ય જોવા મળે છે તે આ પ્રમાણે છે - રાજતંત્ર, પરિમિત રાજતંત્ર, પ્રજાતંત્ર, સંયુક્તરાજ્ય.

જે રાજ્યમાં બધા અધિકાર વંશપરંપરાગત એક વ્યક્તિ અર્થાત્ રાજ્યના હાથમાં હોય છે તે રાજતંત્ર કહેવાય છે.

જે રાજ્યમાં થોડા અધિકાર રાજાના હાથમાં અને થોડા પ્રજા પ્રતિનિધિ મંડળના હાથમાં હોય છે અને જ્યારે કોઈ મહત્ત્વનો વિષય ઉપસ્થિત થાય છે ત્યારે રાજા અને

પ્રજાપ્રતિનિધિ મંડળ પરસ્પર સંમતિથી કાર્ય કરે છે તે રાજ્ય પરિમિત રાજતંત્ર કહેવાય છે.

જે રાજ્યમાં બધા અધિકાર પ્રજાપ્રતિનિધિ મંડળના હાથમાં હોય છે તે રાજ્ય પ્રજાતંત્ર કહેવાય છે.

જે રાજ્યમાં થોડા અધિકાર પોતપોતાના હિત માટે એકત્ર થયેલા રાજ્યોના પોતપોતાના હાથમાં હોય છે અને થોડા વિશેષ અધિકાર બધાના હિતાર્થે એક મોટા રાજ્યના હાથમાં હોય છે તે સંયુક્ત રાજ્ય કહેવાય છે.

આ બધાં રાજ્યો એરિસ્ટોટલના રાજ્યોની ઉલટફેરથી જ બનેલાં છે જેમ કે રાજતંત્ર રાજ્ય ક્યાંક મોનાર્કી રૂપે હોય છે તો ક્યાંક ટિરેની રૂપે, પરિમિત રાજતંત્રમાં રાજા મોનાર્ક અથવા ટાઈરન્ટનો અંશ હોય છે, તો પ્રતિનિધિ મંડળ ક્યાંક એરિસ્ટોક્રસીનો અંશ, ક્યાંક ઓલિગાર્કીનો અંશ તો ક્યાંક ડેમોક્રેસીનો અંશ હોય છે. એરિસ્ટોક્રસી અથવા ઓલિગાર્કીનો અંશ અસરદાર મંડળીમાં હોય છે, સ્ટેટ અથવા ડેમોક્રેસીનો અંશ પ્રજાપતિનિધિ મંડળમાં હોય છે. પ્રજાતંત્ર રાજ્યમાં થોડો અંશ ડેમોક્રસીનો તો થોડો ઓલિગાર્કીનો હોય છે.

વર્તમાન સમયમાં યુરોપમાં એક બીજા જ રાજ્યની ચર્ચા છે. જે બોલ્શેવિક રાજ્યના નામે ઓળખાય છે. આ રાજ્ય લગભક રિપબ્લિક રાજ્ય જેવું જ હોય છે. રિપબ્લિક અને આ રાજ્યમાં તફાવત એટલો જ છે કે રિપબ્લિકમાં રાજ્યાધિકારીઓની ચૂંટણીમાં સંમતિ માત્ર અર્થશાસ્ત્રીઓની લેવામાં આવે છે અને રાજ્યાધિકારીઓનું ગૌરવ અને વેતન પણ વિશેષ હોય છે; પરંતુ બોલ્શેવિક રાજ્યમાં રાજ્યાધિકારીઓની ચૂંટણીમાં સંમતિ બધાની લેવાય છે તેમ જ ગૌરવ અને વેતનમાં રાજ્યાધિકારી અને સાધારણ ખેડૂત કે મજૂર વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો નથી. બોલ્શેવિક રાજ્ય અત્યારે રશિયા અને હંગેરીમાં સ્થાપિત કરવામાં આવી રહ્યું છે, લેનિન અને બેલાકુન નામની વ્યક્તિઓ તેના નેતા બની છે; બોલ્શેવિકોના મત અનુસાર વર્તમાન રિપબ્લિક રાજ્ય હળવા પ્રકારનું ઓલિગાર્કી જ મનાય છે.

વર્તમાનના પાશ્ચાત્ય દૈશિકશાસ્ત્ર અનુસાર પરરાજ્ય ત્રણ પ્રકારનાં હોય છે. (૧) કોલોનિયલ (૨) પ્રોટેકટરેટ (૩) ડોમિનેટ

જ્યારે કોઈ પરરાષ્ટ્રમાં શાસિત જાતિ નષ્ટપ્રાય થઈ જાય છે, શાસક જાતિના કેટલાક લોકો તે રાષ્ટ્રમાં વસી જાય છે અને ત્યાં વસેલા શાસક જાતિના લોકોના હાથમાં કેટલાક રાજ્યાધિકાર હોય છે અને કેટલાક વિશેષ રાજ્યાધિકાર શાસક જાતિના પોતાના દેશસ્થ રાજ્યના હાથમાં હોય છે ત્યારે રાજ્ય કોલોનિયલ કહેવાય છે, જેમ કે કેનેડાનું વર્તમાન રાજ્ય.

જ્યારે પરરાષ્ટ્રમાં થોડા અધિકાર શાસિત જાતિના રાજ્યના હાથમાં હોય છે અને કેટલાક વિશેષ રાજ્યાધિકાર શાસક જાતિના રાજ્યના હાથમાં હોય છે ત્યારે રાજ્ય પ્રોટેકટરેટ કહેવાય છે, જેમ કે મોરોક્કોમાં ફ્રાન્સનું રાજ્ય.

જ્યારે પરરાષ્ટ્રમાં સંપૂર્ણ અધિકાર શાસક જાતિના હાથમાં હોય છે, ત્યારે રાજ્ય ડોમિનેટ કહેવાય છે, જેમ કે ભારતમાં અંગ્રેજોનું રાજ્ય.

આ જર્મન યુદ્ધ પછી એક નવા જ પ્રકારના મેન્ડેટ નામના પરરાજ્યનું નામ સંભળાય છે. મેન્ડેટ એક પ્રકારનું પંચાયતી રાજ્ય હોય છે, જેમાં અનેક રાજ્ય સંયુક્ત રીતે કોઈ પરરાષ્ટ્રનું શાસન ચલાવે છે, પરંતુ શાસનનો વિશેષ પ્રબંધ તે સંયુક્ત રાજ્યોમાંથી કોઈ એકના હાથમાં જ હોય છે.

વર્તમાન પરરાજ્યોમાં શાસન પ્રતિનિધિઓ દ્વારા થતું હોય છે. પ્રતિનિધિનું કર્તવ્ય હોય છે કે પોતાની ટીકા ટિપ્પણી સહિત એ શાસિત પરરાષ્ટ્રની બાહ્યાભ્યંતરિક અવસ્થાની સૂચના પોતાના દેશની સરકારને આપવી. તે સરકાર આ સૂચના પરથી પરરાષ્ટ્ર શાસન વિષયક નીતિને સૂત્રબદ્ધ કરે છે. તે સૂત્રને તે પ્રતિનિધિ વિસ્તૃત કરીને કાર્યમાં પરિણત કરે છે. કાયદો ઘડનારી સભા દ્વારા તે સૂત્રનો વિસ્તાર કરવામાં આવે છે. ન્યાયાલયો દ્વારા તેનો પ્રચાર કરવામાં આવે છે અને સેના દ્વારા તેનો પ્રભાવ અબાધિત રાખવામાં આવે છે. કાયદો, ન્યાયપલિકા અને સેના આજનાં પરરાજ્યોમાં આધાર હોય છે.

આ દિવસોમાં હવા જ એવી વહે છે કે વિશ્વના બધા જ દેશો પોતપોતાનાં રાજ્યોથી અસંતુષ્ટ છે. ડોમિનેટ રાજ્યમાં શાસિત જાતિના લોકો શાસક જાતિના લોકોના સહકાર્યથી નવું પ્રજાતંત્ર રાજ્ય ઈચ્છે છે. પ્રોટેકટરેટ રાજ્યમાં શાસિત જાતિના લોકો શાસક જાતિના હસ્તક્ષેપને દૂર કરીને પોતાનું સ્વાધીન પ્રજાતંત્ર રાજ્ય સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોલોનિયલ રાજ્યો પોતાના મૂળ રાજ્ય સાથે સંબંધ વિચ્છેદ કરીને સ્વાધીન થવા ઈચ્છી રહ્યા છે. રાજતંત્ર રાજ્યોનું પતન શ્રાવણ ભાદરવાના હિમપ્રપાતની જેમ ધડાધડ થઈ રહ્યું છે. પરિમિત રાજતંત્રમાં રાજાઓના અધિકારોનો અસ્તાચલગામી ભગવાન સૂર્યની હિમાદ્રિશિખરની પાછળ પ્રસરેલી અંતિમ લાલિમાની જેમ નિરંતર સંકોચ થઈને પ્રજાતંત્ર રાજ્યના અંકુર દેખાવા લાગ્યા છે. પ્રજાતંત્ર રાજ્યમાં અધ્યક્ષ અથવા રાજ્યાધિકારીઓનું ક્ષણિક ઐશ્વર્ય લોકોને ખટકવા લાગ્યું છે. એટલું જ નહીં સર્વત્ર શેઠ અને નોકર અષાઢના ઐરાવત મેઘોની જેમ ટકરાવા લાગ્યા છે. સર્વત્ર બોલ્શેવિઝમ અર્થાત્ સામ્યવાદના સંસ્કાર દષ્ટિગોચર થવા લાગ્યા છે.

સામ્યભાવ નિઃસંદેહ ખૂબ સારી વાત છે, પરંતુ ત્યારે જ કે જ્યારે સર્વત્ર નિરંતર સુખ, શાંતિ, સર્વત્ર પરસ્પર પ્રેમ અને સહાનુભૂતિ હોય અને નહીં કે ત્યારે, જ્યારે

સર્વત્ર સતત દુઃખ, અશાંતિ, સર્વત્ર પરસ્પર દ્વેષ અને અસૂયા હોય. પહેલા પ્રકારનું સામ્ય બ્રાહ્મ સામ્ય અને બીજા પ્રકારનું સામ્ય પાશવ સામ્ય કહેવાય છે. આપણા આચાર્યોના મત અનુસાર જ્યાં સુધી સમાજમાં અર્થપરાયણતા અને આસુરી સંપદા રહે છે તથા જ્યાં સુધી તેમાં દૈવી સંપદા સમષ્ટિગત થતી નથી ત્યાં સુધી બ્રાહ્મ સામ્ય અસંભવ હોય છે. આથી તેમણે રાજ્યના રૂપ કરતાં રાજ્યતત્ત્વને વધારે મહત્ત્વ આપ્યું. પરંતુ પાશ્ચાત્યોએ રાજ્ય તત્ત્વ કરતાં રાજ્યરૂપને મહત્ત્વ આપ્યું છે. આપણાં અને પાશ્ચાત્યોનાં દૈશિક શાસ્ત્રો વચ્ચે આ મોટો તફાવત છે.

## ૨.
## વર્ણાશ્રમ વિભાગ

પહેલા પ્રકરણમાં દર્શાવાયું છે કે પ્રત્યેક રાજ્ય સમાજના વિરાટની અવસ્થાનું રૂપાંતર જ હોય છે, અર્થાત્ સમાજમાં જેવી વિરાટની અવસ્થા હોય છે તેવું જ રાજ્ય હોય છે. વિરાટની ઉતમાવસ્થામાં ઉત્તમ રાજ્ય, મધ્યમાવસ્થામાં મધ્યમ રાજ્ય અને અધમાવસ્થામાં અધમ રાજ્ય હોય છે. આથી આ પ્રકરણમાં એ વાતની મીમાંસા છે કે વિરાટની ઉત્તમાવસ્થા ટકાવી રાખવા માટે સમાજ કેવો હોવો જોઈએ.

આપણા આચાર્યોના મત અનુસાર ઉપરોક્ત વાત માટે સમાજમાં ધર્મ સમષ્ટિગત હોવો જોઈએ, પરંતુ ધર્મ એટલે શું ?

દૈશિક શાસ્ત્ર અનુસાર મનુષ્યના પરસ્પર પ્રત્યર્થી સહજ ગુણોની સામ્યાવસ્થાની ધારણા અર્થાત્ મનુષ્યમાં સ્વાભાવિક રીતે જ અથવા સન્નિકર્ષોને કારણે જે અનેક પ્રતિદ્વન્દ્વી ગુણો આવી જાય છે તેમની સમતા ટકાવી રાખવી તે ધર્મ કહેવાય છે. ધર્મની પરિભાષા સમજવા માટે એ યાદ રાખવું જોઈએ કે

(૧) ભગવતી પ્રકૃતિએ મનુષ્યને એક બાજુ તો સામાજિક જીવ બનાવ્યો છે, જેમાં તેમની વચ્ચે સમતાની અતીવ આવશ્યકતા હોય છે, જ્યારે બીજી બાજુ તેને અહંકારનું એટલું વધુ પ્રમાણ આપ્યું છે કે તે પોતાના અત્યલ્પ લાભ માટે એક બીજાની મહા હાનિ કરવા તત્પર રહે છે.

(૨) એક બાજુ, મનુષ્યની આધિજીવિક પ્રવૃત્તિ મનુષ્ય સમાજને વધુ વધવા દેવા માગતી નથી, તો બીજી તરફ તેની આધિચિત્તિક પ્રવૃત્તિ સહાનુભૂતિ રૂપે તેની વૃદ્ધિ કરવા ઈચ્છે છે.

(૩) એક તરફ વિવેક મનુષ્યને મહત્ત્વના પગથિયે રાખવા ઈચ્છે છે તો બીજી તરફ તૃષ્ણા તેને નીચતાની ખાઈમાં ધકેલતી રહે છે.

(૪) એક બાજુ બુદ્ધિ તેને આંતરિક સુખ પ્રત્યે ખેંચે છે તો બીજી બાજુ ઈંદ્રિયો તેને બાહ્ય સુખ તરફ લઈ જાય છે.

(૫) એક તરફ ચિતિ શક્તિ મનુષ્યને દેવત્વ તરફ લઈ જાય છે તો બીજી બાજુ વિષયવાસના તેને પશુત્વ તરફ ખેંચે છે.

(૬) એક બાજુ મનુષ્ય ત્રિગુણાતીત પુરુષ તરફ જવા ઈચ્છે છે તો બીજી બાજુ ત્રિગુણાત્મક પ્રકૃતિ તેને પોતાની તરફ ખેંચે છે.

(૭) દીર્ઘકાલીન પ્રતિદ્વન્દ્વી સન્નિકર્ષોને કારણે મનુષ્ય સ્વભાવમાં આવાં બીજા અનેક વૈપર્યો ઉત્પન્ન થઈ જાય છે.

મનુષ્યના ઉક્ત પ્રત્યર્થી ગુણોમાં એક ન્યૂન અને બીજો અધિક હોવાથી તેની અવસ્થા અપ્રાકૃતિક થઈ જાય છે. મનુષ્યની પ્રાકૃતિક અવસ્થા જાળવી રાખવા માટે ઉક્ત પ્રત્યર્થી ગુણોની સામ્યાવસ્થાની ધારણા અત્યંત આવશ્યક છે. દૈશિક શાસ્ત્ર અનુસાર આ ધારણા એ જ ધર્મ કહેવાય છે.

ઉપરોક્ત પ્રત્યર્થી ગુણોનું વૈષમ્ય જ્યારે સમષ્ટિગત હોય છે ત્યારે સમાજના લોકોમાં પરસ્પર અર્થવૈપર્ય થઈ જાય છે. અથવા તે નિઃસહાય થઈને પરભોગ્ય થઈ જાય છે. આથી ધર્મને સમષ્ટિગત કરવો અર્થાત્ સમાજમાં ઉક્ત પ્રત્યર્થી ગુણોની સામ્યાવસ્થા જાળવી રાખવી તે દૈશિકશાસ્ત્રની પરા નિષ્પત્તિ મનાય છે.

દૈશિકશાસ્ત્રની આ પરા નિષ્પત્તિ માટે સમાજમાં શ્રેષ્ઠ બુદ્ધિ, ઉત્કટ પૌરુષ, પર્યાપ્ત અર્થ અને યથેષ્ટ અવકાશનો સંયોગ થવો જોઈએ. સમાજમાં આ ચાર બાબતો પૈકી એક પણ નહીં હોવાથી અથવા તે સાધારણ સ્તરની હોવાથી ઉક્ત પ્રત્યર્થી ગુણોની સામ્યાવસ્થાની ધારણા થઈ શકતી નથી. શ્રેષ્ઠ બુદ્ધિનો, ઉત્કટ પૌરુષનો, પર્યાપ્ત અર્થનો અને યથેષ્ટ અવકાશનો સંયોગ કરવા માટે સમાજમાં પર્યાપ્ત સંખ્યામાં ચાર પ્રકારના પ્રવીણ મનુષ્યો હોવા જોઈએ; એક એ જેઓ સમાજમાં શ્રેષ્ઠ બુદ્ધિ જાળવી રાખે. બીજા એ જેઓ સમાજના ઉત્કટ પૌરુષનું યોગક્ષેમ સાચવે. ત્રીજા એ જેઓ સમાજમાં અર્થનું પર્યાપ્ત ઉપાર્જન અને વિતરણ કરતા રહે અને ચોથા એ જેઓ સમાજને મોટી મોટી વાતો વિચારવા માટે અને કરવા માટે યથેષ્ટ અવકાશ આપતા રહે. પરંતુ આવા પ્રવીણ મનુષ્યો અપ્રતિકૂળ જન્મજાત સંસ્કારો વિના, આજના અનુકૂળ સન્નિકર્ષોમાં અનુકૂળ શિક્ષણ મેળવ્યા વિના તથા અનુકૂળ આધાર અને પ્રેરણા વિના ઉત્પન્ન થઈ શકતા નથી. કોઈ પણ સમાજમાં આવા પ્રવીણોની પર્યાપ્ત સંખ્યા હોવી ઘણી મુશ્કેલ છે. આ મુશ્કેલીને કારણે આચાર્ય પ્લેટો અને તેમના સુયોગ્ય શિષ્યને તેમના દૈશિક સિદ્ધાંત અસાધ્ય જણાયા, પરંતુ આપણા આચાર્યોએ આ સમસ્યાને વર્ણાશ્રમ ધર્મ દ્વારા ઉકેલીને ઉપરોક્ત પરા નિષ્પત્તિને અત્યંત સરળ અને સુકર બનાવી છે. આ ધર્મ પ્રમાણે ગુણકર્મવિભાગ અનુસાર આપણા સમાજના ચાર વિભાગ કરવામાં આવ્યા. પ્રત્યેક વિભાગને એક એક કાર્ય સોંપવામાં આવ્યું. કોઈને બુદ્ધિ

સંબંધી, કોઈને પૌરુષસંબંધી, કોઈને અર્થસંબંધી, તથા કોઈને અવકાશ સંબંધી. પ્રત્યેક વિભાગને પોતાના કાર્યમાં પ્રવીણ બનાવવા માટે આધિજનનિક અને આધ્યાત્મિક શાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો. આ ચાર વિભાગ ચાર વર્ણના નામે ઓળખાયા.

વિદ્યા દ્વારા સમાજમાં શ્રેષ્ઠ બુદ્ધિનું યોગક્ષેમ અને સમાજની સ્વાભાવિક સ્વતંત્રતાની રક્ષા કરનારો વર્ણ બ્રાહ્મણ વર્ણ કહેવાયો.

બળ અને વીર્ય દ્વારા સમાજમાં પૌરુષ જાળવી રાખનાર અને સમાજની શાસનિક સ્વતંત્રતાની રક્ષા કરનારો વર્ણ ક્ષત્રિય વર્ણ કહેવાયો.

અર્થ દ્વારા સમાજમાં શ્રી સમૃદ્ધિને જાળવી રાખનાર અને સમાજની આર્થિક સ્વતંત્રતાની રક્ષા કરનારો વૈશ્ય વર્ણ કહેવાયો.

શારીરિક શ્રમ અને સેવા દ્વારા સમાજને યથેષ્ટ અવકાશ આપનાર અને સમાજની આવકાશિક સ્વતંત્રતાની રક્ષા કરનારો વર્ણ શૂદ્ર વર્ણ કહેવાયો.

જે ગુણકર્મોના આધારે મ્લેચ્છ વગેરે જાતિઓથી આર્ય જાતિ અલગ માનવામાં આવી, જેના આધારે આર્ય જાતિમાં વર્ણ વિભાગ કરવામાં આવ્યા છે તે સ્વાતંત્ર્યપ્રેમ અને સ્વાતંત્ર્યદાન છે. અર્થાત્ અનાર્યો કરતાં આર્યોમાં વધારે અને વાસ્તવિક સ્વાતંત્ર્ય પ્રેમ અને સ્વાતંત્ર્યદાન હોય છે, અને શૂદ્રો કરતાં વૈશ્યોમાં, વૈશ્યો કરતાં ક્ષત્રિયોમાં અને ક્ષત્રિયો કરતાં બ્રાહ્મણોમાં વધારે અને વાસ્તવિક સ્વતંત્રતાપ્રેમ અને સ્વતંત્રતાદાન હોય છે.

વિષયભોગ અર્થે સ્વતંત્રતા પ્રાપ્ત કરવી તે મ્લેચ્છ ગુણ અને બીજાની સ્વતંત્રતાનું હરણ કરવું તે મ્લેચ્છ કર્મ કહેવાય છે.

સ્વતંત્રતા માટે વિષયભોગોનો ત્યાગ કરવો એ આર્યગુણ અને બીજાની પરતંત્રતા દૂર કરવી તે આર્યકર્મ કહેવાય છે.

સ્વભાવથી જે સ્વતંત્રતાના ચાહકો હતા, જે પેઢી દર પેઢી માનવી સ્વતંત્રતાનો ઉપભોગ કરતા રહ્યા હતા, જે પ્રકૃતિના બંધનમાંથી પણ મુક્ત થવાના ઉપાયો શોધતા રહેતા હતા, જે નિષ્કામપણે બધાને જ સ્વતંત્ર કરવાની પ્રવૃત્તિ કરતા હતા તેઓ બ્રાહ્મણ કહેવાતા હતા.

સ્વભાવથી જેઓ સ્વતંત્રતાના ચાહકો હતા, જેમને માનવી સ્વતંત્રતાનો અનુભવ થયેલો હતો, જેમની પ્રવૃત્તિ પૂર્ણ સ્વતંત્રતા પ્રત્યે જ રહેતી હતી, જેઓ સ્વતંત્રતાના રક્ષણાર્થે પોતાના પ્રાણ હાથમાં લઈને ફરતા હતા, જે નિષ્કામપણે બધાની સ્વતંત્રતાનું રક્ષણ કરતા હતા તેઓ ક્ષત્રિય કહેવાતા હતા.

સ્વભાવથી જેઓ સ્વતંત્રતાના ચાહકો હતા, જેમને માનવી સ્વતંત્રતાનો કંઈક અંશે પરિચય હતો, જે પૂર્ણ સ્વતંત્રતાને સારી સમજતા હતા, જે સ્વતંત્રતાની રક્ષા અર્થે

અર્થત્યાગ કરતા હતા, જેઓ નિષ્કામપણે બધાની આર્થિક સ્વતંત્રતાનું રક્ષણ કરતા હતા તેઓ વૈશ્ય કહેવાતા હતા.

સ્વભાવથી જેઓ સ્વતંત્રતાના ચાહકો હતા, જેમને માનવી સ્વતંત્રતાનો ઓછો અનુભવ હતો, પૂર્ણ સ્વતંત્રતા જેમની સમજણમાં જ આવતી ન હતી, જે સ્વતંત્રતા અર્થે કોઈ ત્યાગ કરતા નહોતા, જે ફલેચ્છા સહિત બધાની આવકાશિક સ્વતંત્રતા જાળવી રાખતા હતા તેઓ શૂદ્ર કહેવાતા હતા.

જ્યાં સુધી પ્રત્યેક વર્ણ પોતપોતાના ધર્મનું યોગ્ય રીતે પાલન ન કરે ત્યાં સુધી વર્ણ વિભાગનું હોવું ન હોવું સરખું જ હોય છે. વર્ણધર્મનું પાલન કરવા માટે ત્યાગ અને સામાજિક વિભૂતિના સંયમની આવશ્યકતા હોય છે.

ત્યાગ સિવાય કોઈ પોતાના વર્ણધર્મનું પાલન કરી શકે નહીં. એ સારી રીતે સમજી શકાય એમ છે કે જે વર્ણના હાથમાં પોતાની જાતિનાં બુદ્ધિ વિવેકનાં યોગક્ષેમ હોય તેમનાં પોતાનાં બુદ્ધિ અને વિવેક અતિ નિર્મળ હોવાં જોઈએ. પરંતુ વિષયત્યાગ વિના કોઈની બુદ્ધિ નિર્મળ થઈ શકતી નથી. આથી બ્રાહ્મણો માટે વિષયત્યાગ આવશ્યક મનાયો. જે વર્ણના હાથમાં પોતાની જાતિની રક્ષા હોય તેણે કોઈ પણ ઐહિક આશા રાખ્યા વગર પોતાના પ્રાણ ન્યોછાવર કરવા માટે સદા તત્પર રહેવું પડે છે. જે વર્ણના હાથમાં પોતાની જાતિનું ભરણપોષણ હોય તેણે માતા સમાન નિરપેક્ષ અને નિરભિમાની થવું પડે છે. જે વર્ણના હાથમાં જાતિની સેવા હોય તેણે ધરતી સમાન નિરીહ અને સહિષ્ણુ થવું પડે છે. ચારેય વર્ણોને સમાજ માટે સમાન ત્યાગ કરવો પડે છે. કોઈ એક વર્ણ ત્યાગથી વિમુખ થાય ત્યારે સમાજમાં વૈષમ્ય ઉત્પન્ન થઈ જાય છે. ત્યાગ એ જ દૈશિકધર્મનો મુખ્ય આધાર છે. આવા જ ત્યાગના પ્રતાપે આપણા પૂર્વજોએ એવી સુંદર સમાજ રચના કરી હતી કે જેને માટે યવનાચાર્ય પ્લેટો અને એરિસ્ટોટલ લાળ ટપકાવતા રહી ગયા.

પરંતુ ત્યાગ બોલવામાં જેટલો સહેલો છે, તેટલો જ આચરણમાં અઘરો છે. કોઈ પણ સમાજમાં દસ વીસ વ્યક્તિઓ ત્યાગી હોઈ શકે છે, પરંતુ સમસ્ત સમાજનું ત્યાગી હોવું એ સામાન્ય વાત નથી. આવો સમષ્ટિગત ત્યાગ કોઈ આધાર વિના સંભવી શકતો નથી. અર્થાત્ ત્યાગ જાતિગત થાય તે માટે એવું કોઈ નિમિત્ત અવશ્ય હોવું જોઈએ, જેના થકી ત્યાગ પ્રત્યે લોકોની આપોઆપ પ્રવૃત્તિ થઈ જાય. આધાર વિના ત્યાગ થઈ શકતો નથી. ઉદાહરણ તરીકે ભારતમાં આજે અનેક એવા યોગી જોવા મળે છે જે પોતાના બંને હાથ સૂકાઈ જાય ત્યાં સુધી ઉપર ઉઠાવેલા રાખીને તપ કરે છે પરંતુ નખ કાપીને ફેંકી દેવાનું કહેવામાં આવે તો તેઓ લઢવા તૈયાર થઈ જાય છે. હવે પ્રશ્ન એ છે કે જે પોતાના બંને હાથ ત્યાગી શકે છે તે શા માટે એક નખનો ત્યાગ કરી શકતા

નથી. એનો જવાબ એ છે કે, પહેલા ત્યાગમાં આમુષ્મિક સુખની આશાનો આધાર રહે છે જેથી બંને હાથનો ત્યાગ થઈ શકે છે, પરંતુ બીજા પક્ષે કોઈ પણ પ્રકારનો આધાર ન હોવાથી એક નખનો પણ ત્યાગ થઈ શકતો નથી. આ રીતે જ દૈશિક વિષયમાં પણ પ્રત્યેક વર્ણના ત્યાગ માટે કોઈ આધાર અવશ્યમેવ હોવો જોઈએ. પરંતુ તે આધાર માત્ર વાગ્વિલાસિક નહીં પણ આધિજીવિક અને આધિચિત્તિક હોવો જોઈએ. આપણા આચાર્યોના મત અનુસાર આ આધાર ત્રણ પ્રકારનો હોય છે.

(૧) નૈમિત્તિક (૨) નૈષ્કૃતિક (૩) સાંસ્કારિક.

**નૈમિત્તિક આધાર**

આબ્રહ્મસ્તંબપર્યંત પ્રત્યેક જીવ આનંદની શોધમાં જ રત હોય છે. પ્રત્યેક જીવ વધારે સુખ મેળવવા માટે અલ્પ સુખનો ત્યાગ કરે છે. જયાં અધિક સુખ અને અલ્પ સુખ વચ્ચે વૈપર્ય હોય છે ત્યાં બધા જ અલ્પ સુખનો ત્યાગ કરવા ઉતાવળા થઈ જાય છે. આ સિદ્ધાંત અનુસાર ધ્યાનયોગ દ્વારા પ્રત્યેક વર્ણને એવો નિશ્ચય કરાવી દેવામાં આવે છે કે વિષય સુખ કરતાં આધ્યાત્મિક સુખ અતિ શ્રેષ્ઠ છે. આ પ્રકારનો નિશ્ચય થઈ જતાં ત્યાગ સહેલો થઈ જાય છે. આ પ્રકારના નિશ્ચયથી ઉત્પન્ન થયેલા ત્યાગનો આધાર નૈમિત્તિક આધાર કહેવાય છે. એ વાત સ્પષ્ટ છે કે મનુષ્યને ધ્યાનયોગનું જેટલું રસાસ્વાદન થતું જાય છે તેટલી એનામાં ત્યાગની નિષ્ઠા વધતી જાય છે. આથી પ્રાચીન સમયમાં પ્રત્યેક મનુષ્યને ધ્યાનયોગનો અભ્યાસ કરાવવામાં આવતો હતો અને પ્રતિદિન ઓછામાં ઓછો બે વાર આ અભ્યાસ કરવો પડતો હતો. કાળક્રમે બગડતાં બગડતાં આ ધ્યાનયોગે વર્તમાન સંધ્યોપાસનાનું રૂપ ધારણ કર્યું છે જેનો થોડો ઘણો ઢોંગ આજે પણ આપણા દેશમાં સર્વત્ર થતો રહે છે. પરંતુ આ ઢોંગનો પણ દિવસે દિવસે હ્રાસ થતો જાય છે.

**નૈષ્કૃતિક આધાર**

જયારે કોઈ કોઈને માટે કોઈપણ પ્રકારનો ત્યાગ કરે છે ત્યારે તેના બદલામાં કંઈક મેળવવાની આશા રાખે છે. કંઈ પણ મેળવવાની આશા રાખ્યા વગર ઐહિક દૃષ્ટિના ત્યાગમાં કોઈની લાંબા સમય સુધી સ્થિતિ રહી શકે નહીં. આથી જયારે કોઈની પાસે કોઈ પ્રકારનો ત્યાગ કરાવાય છે ત્યારે તેને કંઈક નિષ્કૃતિ જરૂર મળવી જોઈએ. આ પ્રકારની નિષ્કૃતિથી ઉત્પન્ન થયેલો ત્યાગનો આધાર નૈષ્કૃતિક આધાર કહેવાય છે. આધિચિત્તિક શાસ્ત્ર અનુસાર ભિન્ન ભિન્ન માનસિક પ્રવૃત્તિના મનુષ્યોને ભિન્ન ભિન્ન પ્રકારની નિષ્કૃતિ આપવામાં આવવી જોઈએ. બ્રાહ્મણોને ગૌરવની, ક્ષત્રિયને ઐશ્વર્યની, વૈશ્યને શ્રીની, શૂદ્રને નૈશ્ચિન્ત્યની. આ નૈષ્કૃતિક આધારના સંસ્કાર આપણા સમાજમાં

હજુ સુધી વિદ્યમાન છે. આજ સુધી બ્રાહ્મણનું એવું ગૌરવ છે કે તેઓ ભૂદેવ કહેવાય છે. આજે પણ મોટા મોટા રાજા મહારાજા તેમનાં ચરણોમાં માથું નમાવે છે. મોટા મોટા શેઠ શાહુકાર તેમની ચરણરજ લેતા રહે છે. કોઈ પણ આર્ય સંતાનને યથાર્થ બ્રાહ્મણનું અપમાન કરવાનું સાહસ થતું નથી. જેણે સ્વતંત્રતાને પોતાની ઈષ્ટદેવતા માની હોય, જેણે જાતિના સુખ માટે પોતાના ઐહિક સુખનો ત્યાગ કર્યો હોય તેને માટે આવું ગૌરવ અનુરૂપ નિષ્કૃતિ છે. પ્રાચીન સંસ્કારોને કારણે આપણાં અધિકાંશ રાજ્યાસનો પર આજે પણ ક્ષત્રિય વિરાજમાન છે. આપણા પ્રાચીન રાજ્યોમાં જ્યાં પ્રાચીન પ્રથા ચાલી આવે છે ત્યાં ક્ષત્રિયો જ ઐશ્વર્યના અધિકારી મનાય છે. જેણે પોતાની જાતિના રક્ષણ માટે પોતાના પ્રાણ હોડમાં મૂક્યા હોય તેને ઐશ્વર્ય સિવાય બીજો કયો પદાર્થ નિષ્કૃતિ રૂપે આપી શકાય ? ભારતનાં બધાં જ હિન્દુ રાજ્યોમાં, મુસ્લિમ રિયાસતોમાં, ક્યાંક ક્યાંક અંગ્રેજી રાજ્યમાં પણ ધનાઢ્ય શિરોમણિ અત્યાર સુધી વૈશ્યો જ છે. લક્ષ્મી-શ્રીના પ્રમોદવનમાં વિહાર કરવાનો અધિકાર એમનો જ માનવામાં આવે છે. પોતાની જાતિનું પાલન પોષણ કરનારા માટે આ સ્વાભાવિક નિષ્કૃતિ છે. આપણા ધર્મશાસ્ત્ર અનુસાર સ્વામીનો મુખ્ય ધર્મ છે સેવકને સર્વથા નિશ્ચિંત રાખવાનો. પ્રાચીન રિવાજવાળાં હિન્દુ ઘરોમાં સેવકોને અત્યારે પણ એવા જ નિશ્ચિંત રાખવામાં આવે છે. જેણે જાતિ હિતાર્થે સેવા ધર્મ સ્વીકાર કર્યો હોય તેને માટે નૈશ્ચિન્ત્ય અનુરૂપ નિષ્કૃતિ છે, જેને માટે મનુષ્ય માત્ર ઉત્સુક રહેતા હોય છે.

**સાંસ્કારિક આધાર**

પૂર્વાભ્યાસ વિના ત્યાગનું નિર્વહન થવું અત્યંત મુશ્કેલ હોય છે. કસોટી તરીકે જેમ તેમ કરેલા ત્યાગથી અનિષ્ટ જ થાય છે, નહીં કે શ્રેય. આથી ત્યાગરૂપી વૃક્ષને સ્થિર અને ફળદાયી બનાવવા માટે યોગ્ય સમયે વિધિપૂર્વક અભ્યાસ દ્વારા ચિત્તમાં ત્યાગના સંસ્કારોને દઢ કરવા પડે છે. આવા પ્રકારના ત્યાગનો આધાર સાંસ્કારિક આધાર કહેવાય છે. આ આધાર અપાતો હતો બ્રહ્મચર્ય દ્વારા. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં પ્રત્યેક મનુષ્યને ત્યાગનો એવો અભ્યાસ કરાવવામાં આવતો હતો કે ત્યાગ તેનામાં આત્મસાત્ થઈ જતો હતો. ઉપનયન વિધિમાં આની છાયા આજે પણ જોઈ શકાય છે.

ઉપરોક્ત ત્રણ પ્રકારના આધારોનો સંયોગ થવાથી ત્યાગમાં પૂર્ણ નિષ્ઠા આવી જતી હતી. જેથી વર્ણધર્મનું પાલન કરવામાં કોઈ મુશ્કેલી રહેતી નહોતી. માન, ઐશ્વર્ય, વિલાસ અને નૈશ્ચિન્ત્ય સામાજિક વિભૂતિઓ કહેવાય છે. ઐહિક દૃષ્ટિમાં મનુષ્ય માટે આના કરતાં કોઈ વસ્તુ વધારે અભીષ્ટ હોતી નથી. આને માટે તે આખો

જન્મારો કાર્ય કરતો રહે છે અને તેને માટે તે કંઈ પણ કરવા તત્પર રહે છે. કોઈ માનને શ્રેષ્ઠ સમજે છે, કોઈ ઐશ્વર્યને, કોઈ વિલાસને તો કોઈ નૈશ્ચિન્ત્યને, પરંતુ કોઈ એક વિભૂતિ કરતાં વધારેને બધા જ શ્રેષ્ઠ ગણે છે. આથી જે કર્મ કરવાથી અનેક વિભૂતિઓ પ્રાપ્ત થાય તે કર્મ બધા જ કરવા લાગે છે અને ઓછી વિભૂતિઓ આપનાર કર્મ બધા છોડી દે છે. આથી વર્ણધર્મનું પાલન કરાવવા માટે સામાજિક વિભૂતિઓ આપનાર કર્મ બધા છોડી દે છે. આથી વર્ણધર્મનું પાલન કરાવવા માટે સામાજિક વિભૂતિઓના સંયમની આવશ્યકતા હોય છે. આ વિભૂતિઓના એવા વિભાગ અને એવો ઉપયોગ કરવો જેથી પ્રત્યેક વર્ગ પોતપોતાના ધર્મનું પાલન કરતો રહે અને કોઈ વર્ણ પોતાના ધર્મનો ત્યાગ કરીને બીજા વર્ણના ધર્મમાં હસ્તક્ષેપ ન કરી શકે તેને સામાજિક વિભૂતિસંયમ કહે છે.

એની રીત આવી હતી.

(૧) એક વર્ણને માત્ર એક જ વિભૂતિ આપવામાં આવતી હતી. બ્રાહ્મણોને ફક્ત માન, ક્ષત્રિયોને માત્ર ઐશ્વર્ય, વૈશ્યોને વિલાસ અને શૂદ્રોને માત્ર નૈશ્ચિન્ત્ય આપવામાં આવતું હતું. તદુપરાંત જેવું માન બ્રાહ્મણનું રહેતું તેવું બીજા કોઈનું રહેતું નહીં. જેવું ઐશ્વર્ય ક્ષત્રિયોને મળતું તેવું બીજા કોઈને મળતું નહીં. જેવા ભોગ વિલાસ વૈશ્યને ઘેર રહેતા તેવા બીજે ક્યાંય જોવા મળતા નહીં. જેવા નિશ્ચિંત શૂદ્રો હતા તેવા બીજા કોઈ રહી શકતા નહીં.

(૨) પ્રત્યેક વર્ણ માટે એક વિભૂતિ નિશ્ચિત રહેતી હતી. અર્થાત્ વિદ્યા વડે પોતાની જાતિ પર ઉપકાર કરનારને માન, બળ વડે પોતાની જાતિનું રક્ષણ કરનારને ઐશ્વર્ય, અર્થ વડે પોતાની જાતિનું ભરણપોષણ કરનારને લક્ષ્મી, પરિશ્રમથી પોતાની જાતિ પર ઉપકાર કરનારને નૈશ્ચિન્ત્ય નિશ્ચિત હતું. આનો અભિપ્રાય એવો નથી કે બળ, ધન અથવા પરિશ્રમ દ્વારા પોતાની જાતિ પર ઉપકાર કરનારને માન મળતું નહોતું. વિદ્યા, અર્થ કે પરિશ્રમ દ્વારા પોતાની જાતિની રક્ષા કરનારને ઐશ્વર્ય મળતું નહોતું. તાત્પર્ય એ છે કે જેટલું માન વિદ્યા વડે જાતિ ઉપકાર કરનારને મળતું હતું તેટલું અન્ય કોઈને મળતું નહીં, જેટલી લક્ષ્મી અર્થ દ્વારા જાત્યુપકાર કરનારને આપવામાં આવતી હતી તેટલી અન્ય કોઈને આપવામાં આવતી નહીં, જેટલું નૈશ્ચિન્ત્ય સેવા દ્વારા જાત્યુપકાર કરનારને મળતું હતું તેટલું અન્ય કોઈને મળતું નહીં.

(૩) આ વિભૂતિઓ જાત્યુપકારને અનુરૂપ રહેતી હતી. અર્થાત્ પોતાના વર્ણધર્મપાલન દ્વારા જે જેટલો જાત્યુપકાર કરતું તેટલી વિભૂતિ તેને મળતી હતી. જાત્યુપકાર કર્યા વિના કોઈ પણ આ વિભૂતિનું હક્કદાર ગણાતું નહીં.

(૪) આ વિભૂતિઓ પુરસ્કારરૂપે મળતી હતી. અર્થાત્ પોતાના વર્ણધર્મનું પાલન કર્યા સિવાય કોઈને પણ આ વિભૂતિઓ પ્રાપ્ત થતી નહીં. માત્ર બ્રાહ્મણ હોવાથી ન કોઈને માન મળતું, માત્ર ક્ષત્રિય હોવાને કારણે ન કોઈને ઐશ્વર્ય મળતું, માત્ર વૈશ્ય હોવાને કારણે ન કોઈને લક્ષ્મી પ્રાપ્ત થતી કે માત્ર શૂદ્ર હોવાથી ન તો કોઈ નિશ્ચિંત થઈ શકતું હતું.

(૫) જ્યાં સુધી મનુષ્યમાં દૈવીસંપદા પરિપૂર્ણ રીતે આત્મસાત્ થઈ જાય નહીં ત્યાં સુધી તેનામાં માન, ઐશ્વર્ય, શ્રી અને નૈશ્ચિન્ત્યનો સંગમ થવા દેવામાં આવતો નહીં. કારણ કે તેમની એકાએક પ્રાપ્તિ થતાં મનુષ્ય ઉન્મત્ત થઈને સંતુલન ખોઈ બેસે છે. તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તદુપરાંત તેમના સંગમને જોઈને મનુષ્ય પોતપોતાના વર્ણધર્મને છોડીને એ કાર્ય તરફ દોડે છે જેમાં એમનો સંગમ થયેલો હોય છે. આ કારણે જ આજે બધા જ વર્ણના લોકો પોતપોતાના વર્ણધર્મને ત્યાગીને સરકારી નોકરી તરફ આકર્ષાઈ રહ્યા છે અને નીચમાં નીચ કામ કરવામાં પણ સંકોચ અનુભવતા નથી.

(૬) પોતાના વર્ણધર્મ સિવાય કોઈ મનુષ્ય બીજા વર્ણનાં કર્મ કરી શકતો નહીં, કારણ કે આધિજીવિક સિદ્ધાંત અનુસાર વંશપરંપરાગત અને દીર્ઘ સંન્નિકર્ષજન્ય અનુકૂળ કર્મ કરવાથી શાંતિ, સરળતા અને કૌશલ્ય પ્રાપ્ત થાય છે અને તેથી વિપરીત કર્મ કરવાથી અશાંતિ, વૈકલ્ય અને વિકૃતિ રહે છે. આથી કહેવાયું છે કે

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

આ રીતે નૈમિત્તિક, નૈષ્કૃતિક, સાંસ્કારિક આધારો દ્વારા ત્યાગને સહેલો બનાવવાથી અને સામાજિક વિભૂતિસંયમ દ્વારા પ્રત્યેક મનુષ્યને પોતપોતાના વર્ણધર્મમાં પ્રવૃત્ત કરી શકાય છે. પરંતુ સ્વધર્મપાલનની શક્તિ અને પ્રાવીણ્ય સિવાય અને તે શક્તિ અને પ્રાવીણ્યના સદુપયોગ સિવાય સમાજને કોઈ લાભ થતો નથી, હાનિ જ થાય છે. જ્યારે કોઈ વર્ણમાં સ્વધર્મપાલનની યોગ્યતા હોતી નથી ત્યારે સમાજની એવી દશા થાય છે જેવી આજે ભારતની થઈ રહી છે અને જ્યારે વિરાટનો ક્ષય થતાં કોઈ વર્ણમાં સ્વધર્મનો દુરુપયોગ થવા લાગે છે ત્યારે સમાજમાં અનર્થ થઈ જાય છે. બ્રહ્મકર્મના દુરુપયોગથી સમાજ નર્યા મૂર્ખો અથવા પઢતમૂર્ખોથી ભરાઈ જાય છે. ક્ષાત્રકર્મના દુરુપયોગથી સમાજમાં મારકાટ અને લૂંટફાટ થાય છે. વૈશ્યકર્મના દુરુપયોગથી એક તરફ વિવિધ પ્રકારનાં દુર્વ્યસનો અને દુર્વિલાસોનો પ્રચાર થાય છે તો બીજી તરફ લોકો ભૂખે મરવા લાગે છે. શૂદ્ર કર્મના દુરુપયોગથી સમાજ પંગુ બની જાય છે. આથી વર્ણ વિભાગના ઉદ્દેશની સફળતા માટે મનુષ્યોમાં સ્વધર્મપાલનની રુચિ, શક્તિ અને કૌશલ્ય હોવાં જોઈએ. પરંતુ મનુષ્યમાં આવી રુચિ, આવી શક્તિ, આવું

કૌશલ્ય, આવી ઉદારતા ત્યારે જ હોય છે જ્યારે તેનાં બુદ્ધિ, મન, શરીરની અનુકૂળ રચના હોય છે. આવી રચના કોઈકમાં જન્માંતર સંસ્કારોને કારણે સ્વભાવતઃ થઈ જાય છે. નહીં તો બધામાં પ્રયત્નપૂર્વક બનાવવી પડે છે. આથી દૈશિકશાસ્ત્ર અનુસાર મનુષ્યના સામાન્ય આયુષ્યના ચાર ભાગ કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગમાં આધ્યાપનિક શાસ્ત્રાનુસાર તેનાં બુદ્ધિ, મન અને શરીરની અનુકૂળ રચના કરવામાં આવતી હતી. દ્વિતીય ભાગમાં તેને તે રચના અનુસાર પોતાના દેશ માટે સમાજની સેવા કરવી પડતી હતી. દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ભાગમાં યૌવન વીતી ગયા પછી આધિલવનિક શાસ્ત્રાનુસાર જ્યારે મનુષ્યની ઉક્ત રચનામાં વિકૃતિનાં ચિહ્નો દૃષ્ટિગોચર થવા લાગતાં ત્યારે તેને ક્રમશઃ ગૃહસ્થીમાંથી દૂર કરવામાં આવતો હતો. આ ચાર ભાગ આશ્રમ નામે ઓળખાતા હતા. આ ચાર આશ્રમ છે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ.

બ્રહ્મચર્ય આશ્રમમાં દસથી ચૌદ વર્ષ સુધી ઘરથી અલગ કરીને બાળકને નગરથી દૂરના સ્થાને કોઈ આદર્શરૂપ ગુરુના આશ્રમમાં મોકલી દેવામાં આવતો હતો, જ્યાં રાજકુમારોથી માંડીને તપસ્વી બાળકો સુધી બધાને એક સાથે એક જ પ્રકારના સાત્ત્વિક ભોજન અને સાત્ત્વિક સન્નિકર્ષ વિષયક નિયમોનું પાલન કરીને રહેવું પડતું હતું. ત્યાં શીતોષ્ણ, સુખદુઃખ, માનાપમાનની અવહેલના કરવી, પરસ્ત્રીને માતૃવત્ અને પરદ્રવ્યને લોષ્ઠવત્ જોવાનું તેને આત્મસાત્ કરાવી દેવામાં આવતું હતું. સમસ્ત ઐહિક અને આમુષ્મિક જ્ઞાનવિજ્ઞાનમાં પાંડિત્ય પ્રાપ્ત કરાવવામાં આવતું હતું. વ્યાવહારિક શિક્ષણ દ્વારા તેને વર્ણધર્મમાં નિપુણ બનાવવામાં આવતો હતો, તેને ત્યાં ધ્યાનયોગનો રસાસ્વાદ અને અભ્યાસ કરાવવામાં આવતો હતો, તેનામાં નિષ્કામ બુદ્ધિ ઉત્પન્ન કરાવીને કર્મયોગનું શિક્ષણ આપવામાં આવતું હતું. યૌવનપ્રાપ્તિ સુધી નિત્ય આ પ્રકારનું શિક્ષણ મળવાને કારણે મનુષ્યમાં એક તરફ ત્યાગ, વિવેક અને ઓજની વૃદ્ધિ થતી હતી, તો બીજી તરફ તેનામાં શાંતિ અને સ્વધર્મકૌશલ્ય આવી જતાં હતાં, જેથી મનુષ્યનાં બુદ્ધિ, મન અને શરીર એવાં થઈ જતાં જેવાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધના માટે હોવાં જોઈએ. જ્યાં સુધી બટુકની બુદ્ધિ, મન, શરીરની રચના પૂર્ણતયા આવી ન થઈ જાય ત્યાં સુધી તેને આ જ આશ્રમમાં રહેવું પડતું હતું. આ આશ્રમમાં બટુકનો ગુરુ પ્રત્યે એવો ભાવ રહેતો હતો કે, "મારું મુજને કશું નહીં, જે છે તે તારું જ". હવે દુર્ભાગ્યવશાત્ આ આશ્રમ, આ શિક્ષણ પદ્ધતિ સ્વપ્નની સંપત્તિ બની ગઈ છે. હવે તેને બદલે અહીંયા યુનિવર્સિટી, કોલેજ અને સ્કૂલોની ધૂમ મચી છે જ્યાં વિદેશી ભાષાની પીપૂડી, વિદેશી સૂક્તિઓનાં ગ્રામોફોન, પરિચર્યાનાં યંત્રો, નોકરીના ચાતકો બનાવવામાં આવે છે.

બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થયા પછી બટુક ગુરુની આજ્ઞા અને આશીર્વાદ લઈને જાતિધર્મ, વર્ણધર્મ અને આશ્રમધર્મનું પાલન કરવાનો સંકલ્પ કરીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો હતો. આ આશ્રમમાં તેની બધી જ ગતિવિધિ बहुजनसुखाय बहुजनहिताय રહેતી હતી. દેશ અને જાતિ પ્રત્યે તેની એવી જ ભાવના રહેતી જેવી બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુ પ્રત્યે રહેતી. ઓજ, વિવેક અને ત્યાગના ઉપયોગ દ્વારા રજોહનન કરીને તે વ્યક્તિગત અને જાતિગત હિત કરતાં કરતાં ચતુર્વર્ગ સાધ્ય કરતો હતો.

આ રીતે ગૃહસ્થાશ્રમરૂપી રંગશાળામાં વીસ પચીસ વર્ષ સુંદર અભિનય કરીને તથા તે નાટકમાં પોતાના પુત્રરૂપી બીજા પાત્રનો પ્રવેશ થઈ ગયા પછી દર્શકમંડળીના હર્ષધ્વનિ વચ્ચે નિષ્ક્રમણ કરીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવામાં આવતો હતો. આ આશ્રમમાં ભગવાનનાં ચરણારવિંદ સિવાય અન્ય કોઈ વાતનું ધ્યાન રાખવામાં આવતું નહીં. આ આશ્રમમાં ભગવાન પ્રત્યે એવોજ ભાવ રાખવામાં આવતો જેવો ગૃહસ્થાશ્રમમાં દેશ પ્રત્યે રહેતો હતો. આ આશ્રમની વિશેષતા એ હતી કે એક તરફ ગૃહસ્થીમાંથી નિવૃત્ત થઈને ધ્યાનયોગજન્ય પરમાનંદનો ઉપભોગ લઈ શકાતો હતો, તો બીજી તરફ જીર્ણ અને નિઃસત્વ વ્યક્તિ રૂપી શાખાઓ કપાઈને સમાજરૂપી વૃક્ષની કલમ થઈ જતી હતી.

વાનપ્રસ્થાશ્રમમાં નિષ્ઠા થઈ ગયા પછી સંન્યાસ ધારણ કરવામાં આવતો હતો. શેષ આયુષ્ય સમાધિ અવસ્થામાં અથવા જીવનમુક્ત અવસ્થામાં વિતાવવામાં આવતું હતું. શરીરનું પ્રયોજન ખૂબ ઓછુ રહેતું હતું. આ આશ્રમમાં હું-તું કે મારું-તારું કંઈ રહેતું નહીં. સમસ્ત જગત બ્રહ્મમય થઈ જતું હતું. પરંતુ આ અવસ્થા કોઈ વિરલ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થતી હતી. આથી આ આશ્રમના વિષયમાં સ્મૃતિકારોના ભિન્ન ભિન્ન મત પ્રાપ્ત થાય છે. કોઈકના મત અનુસાર કળિયુગમાં માત્ર બ્રાહ્મણો જ સંન્યાસ ધારણ કરી શકે છે, જે પહેલાં ઋતાશી અથવા અમૃતાશી રહ્યા હોય. કોઈકના મત અનુસાર જેમને સમાધિ પ્રાપ્ત થતી હોય તેઓ સદાયે સંન્યાસ ધારણ કરી શકે છે, પરંતુ દૈશિકશાસ્ત્રનું આ વિવાદ સાથે કોઈ પ્રયોજન નથી.

સમાજમાં વર્ણાશ્રમ ધર્મનું યોગ્ય રીતે પાલન થવાથી નીચે જણાવેલા ઉદ્દેશ સિદ્ધ થાય છે.

(૧) વ્યક્તિ અથવા સમાજના બાહ્યાભ્યંતરિક પરસ્પર પ્રતિદ્વન્દ્વી વિષયોમાં સામ્ય થઈ જાય છે.

(૨) વ્યષ્ટિગત અને સમષ્ટિગત હિતોનો સંયોગ થઈ જાય છે જેને લીધે સમાજના હિતાર્થે બ્રાહ્મણ દારિદ્ર્યનો, ક્ષત્રિય પ્રાણભયનો, વૈશ્ય ચિંતાનો અને શૂદ્ર સેવાનો આનંદપૂર્વક સ્વીકાર કરે છે.

(૩) સમાજમાં સર્વત્ર સંતોષ રહે છે જેથી દેશદ્રોહનું બીજ વવાતું નથી.

(૪) સમાજમાં સર્વત્ર પ્રેમ અને ઐક્ય રહે છે. જેથી સર્વત્ર અર્થૈક્ય રહે છે.

(૫) માન સાથે દારિદ્ય, ઐશ્વર્ય સાથે પ્રાણભય, શ્રી સાથે જવાબદારી અને નૈશ્ચિન્ત્ય સાથે વિનયનો સંયોગ હોવાથી બ્રાહ્મણ અભિમાની થઈ શકતા નથી કે ક્ષત્રિયો ઉચ્છૃંખલ થતા નથી, વૈશ્યો દુર્વ્યસની થતા નથી અને શૂદ્રો અસંતોષી થઈ શકતા નથી. પરિણામે સમાજમાં સર્વત્ર સામ્ય રહે છે.

(૬) સમાજમાં કાર્યવિભાગ થઈ જાય છે. કોઈપણ કામને સુંદર અને સુસંપન્ન કરવા માટે એ આવશ્યક છે કે એના અનેક વિભાગ કરવામાં આવે. એક જ વ્યક્તિએ અનેક કામમાં હસ્તક્ષેપ કરવાથી એને પ્રત્યેક કામનું થોડુ ઘણું જ્ઞાન થઈ જાય છે, પરંતુ કુશળતા એકે કામમાં પ્રાપ્ત થતી નથી. અનેક લોકો દ્વારા એક જ કામ કરવાથી એ બધાને એક કામમાં તો કુશળતા પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ બાકીનાં કામોનું જ્ઞાન કોઈનેય થતું નથી. આથી ઉલટું એક કામના અનેક ભાગ કરીને એક એક ભાગ એક એક વ્યક્તિને સોંપી દેવાથી એ કામના પ્રત્યેક ભાગ સુસાધ્ય અને સુસંપન્ન થઈ જાય છે.

(૭) જાતિરૂપી વૃક્ષની કલમ થઈ જાય છે. કોઈ પણ આધિજીવિક પદાર્થને સ્વસ્થ રાખવા માટે એ આવશ્યક છે કે સમયાંતરે તેની કલમ કરવામાં આવે, અર્થાત્ તેનું સહાનુભૂતિશૂન્ય અથવા કુસંસ્કારયુક્ત અંગ કાઢી નાખવામાં આવે, જેથી તેનાં બીજાં અંગો સંસર્ગદોષને કારણે દૂષિત ન થાય. વાનપ્રસ્થ આશ્રમ દ્વારા એવા લોકોને સમાજથી અલગ કરી દેવામાં આવે છે જે વાર્ધક્યને કારણે વિષણ્ણ અને સહાનુભૂતિશૂન્ય થઈ જાય છે.

વર્ણાશ્રમ ધર્મની છાયા પ્લેટો અને એરિસ્ટોટલના 'પોલિટિક્સ'માં પણ જોવા મળે છે.

આચાર્ય પ્લેટોના મત અનુસાર આદર્શ સમાજ એવો હોવો જોઈએ જેમાં કેટલાક લોકો ગુણકર્મ અનુસાર અન્ન અને વસ્ત્ર ઉત્પન્ન કરતા હોય. એ સિવાય એ લોકોને અન્ય કોઈ કામ ન હોય. કેટલાક લોકો એવા હોય જે ક્રયવિક્રય દ્વારા એ અન્ન સમાજ માટે સદા સુલભ રાખતા હોય. કેટલાક સુદૃઢ શરીરવાળા લોકો એવા હોય જે સવેતન સમાજની સેવાશુશ્રૂષા કરતા રહે. કેટલાક એવા લોકો સમાજના રક્ષણ માટે નિશ્ચિત કરવામાં આવે જે નિશ્ચિત, નિપુણ અને બુદ્ધિમાન હોય, જેમને પોતાના કામનો દીર્ઘાભ્યાસ હોય, જે સ્વજાતિ પ્રત્યે વિનીત અને પરજાતિ પ્રત્યે ભયંકર હોય, જેઓ ધીર, જ્ઞાની, તેજસ્વી અને સ્ફૂર્તિમાન હોય. જ્યાં મનુષ્યોના ચિત્તમાં બાલ્યાવસ્થાથી જ મૃત્યુભય અને નીચ, બીભત્સ સંસ્કાર પડવા દેવામાં ન આવે, જ્યાં મનુષ્યોનું શરીર વ્યાયામ દ્વારા સ્વસ્થ અને સુડોળ બનાવવામાં આવે અને ગાંધર્વવિદ્યા દ્વારા તેમના

ચિત્તમાં શાલીનતા અને ચિત્તપ્રસાદના સંસ્કાર કરવામાં આવે, જ્યાં શાસક અને તેમના અધિકારી પરસ્પરચ્છંદાનુવર્તી હોય;

જ્યાં અધિકારી લોકો સુયોગ્ય, અપ્રમત્ત, બુદ્ધિમાન અને સાવધાન હોય, જે દેશસેવાના રસિયા હોય, જે સમાજનાં સુખસમૃદ્ધિને પોતાનાં સુખસમૃદ્ધિ માનતા હોય, જ્યાં સંપત્તિનું ન તો અત્યંત પ્રાચુર્ય હોય કે ન તો અત્યંત અભાવ હોય, જ્યાં નિત્યસંસ્કાર અને સચ્છિક્ષાનું યોગક્ષેમ જળવાતું હોય, જ્યાં લોકોને બાલ્યાવસ્થાથી જ દૈશિક ધર્મનું શિક્ષણ મળતું હોય, જ્યાં નાની નાની વાતો માટે કાયદા બનાવવામાં આવતા ન હોય અને ન તો વારંવાર કાયદાઓમાં પરિવર્તન થતું હોય;

જ્યાં સ્ત્રી, બાળક, પ્રજા, શાસક, સ્વતંત્ર પરતંત્ર, શિલ્પી વગેરે બધા જ લોકો પોતપોતાના કાર્યમાં વ્યસ્ત રહેતા હોય, કોઈ એક બીજાના કામમાં હસ્તક્ષેપ ન કરતા હોય. એક પ્રકારના લોકો દ્વારા બીજા પ્રકારના લોકોના કામમાં હસ્તક્ષેપ કરવાથી અથવા એક મનુષ્ય દ્વારા અનેક પ્રકારના લોકોના કામમાં હસ્તક્ષેપ કરવાથી સમાજમાં ઘોર અનર્થ થઈ જાય છે;

જ્યાં વિવાહ પદ્ધતિ શુદ્ધ, સંસ્કારયુક્ત હોય, જ્યાં ઉત્તમ દંપત્તિઓનાં સંતાનો માત્ર યૌવનમાં જ ઉત્પન્ન થતાં હોય, જ્યાં એકાંત સ્થાનમાં શિક્ષણ માત્ર ઉત્તમ સંસ્કારયુક્ત બાળકોને જ આપવામાં આવતું હોય અને નહીં કે દુષ્ટ સંસ્કારયુક્ત બાળકોને, જ્યાં બીકણ અથવા સ્વકર્મવિમુખ ક્ષત્રિયો શૂદ્ર કક્ષામાં ગણાતા હોય;

જ્યાં વિભિન્ન પ્રાંતોમાં વસેલા એક જાતિના લોકો પોતાને એક બીજાથી જુદા ગણતા ન હોય, જ્યાં તેઓ પરસ્પર દ્રોહ ન રાખતાં એકબીજા પર પ્રેમ રાખતા હોય, જ્યાં બધા લોકો જાતીય રીતરિવાજ પાળતા હોય;

જ્યાં શાસકો વિદ્વાન અને પંડિત હોય, જ્યાં અધ્યાત્મશાસ્ત્ર અને દૈશિકશાસ્ત્ર એક બીજાનાં અંગ ગણાતાં હોય, જ્યાં અધિકાર એવા લોકોને અપાતા હોય જે મર્યાદા અને વ્યવસ્થાની બહાર કયારેય ન જતા હોય, જ્યાં અધિકાર યોગ્ય વ્યક્તિઓને શોધીને આદરપૂર્વક પ્રદાન કરાતા હોય, નહીં કે નોકરી માટે અરજી કરનારાઓને;

જ્યાં સમાજ સંચાલનનું કાર્ય કહેવાતા પંડિતોના હાથમાં ન રહેતાં ખરેખરા પંડિતોના હાથમાં હોય, જ્યાં રાજ્યાધિકાર એવા લોકોના હાથમાં હોય જે એને તુચ્છ સમજતા હોય અને એવી અવસ્થાનો અનુભવ કરી ચૂક્યા હોય જે શાસન કરવા કરતાં ઘણી રમણીય હોય;

જ્યાં બાલ્યાવસ્થામાં ગણિત, જ્યોતિષ અને આન્વીક્ષિકી વિદ્યા દ્વારા મનુષ્યોની બુદ્ધિ કુશાગ્ર બનાવાતી હોય, જ્યાં ગુરુ શિષ્યોમાં સખ્યભાવ હોય, જ્યાં સર્વપ્રથમ સ્વાસ્થ્યનું યોગક્ષેમ વિચારાતું હોય, તથા સરળ વિજ્ઞાનનું શિક્ષણ આપવામાં આવતું

હોય. તે પછી પુરુષાર્થનાં કાર્યો કરવામાં આવતાં હોય અને અંતે શાંતિથી કાલક્ષય કરવામાં આવતો હોય;

જ્યાં વિદ્યા અને ગુણોની સાથે જ માનવૃદ્ધિ પણ થતી હોય, જ્યાં ગૌરવ સદ્‌ગુણોનું થતું હોય અને નહીં કે સંપત્તિનું;

જ્યાં એક મનુષ્ય અનેક કામ ન કરતો હોય, જ્યાં કોઈ નિરુદ્યમી ન રહેતું હોય, જ્યાં ન કોઈ અતિ ધનાનુરાગી હોય કે ન કોઈ અતિ વિષયાનુરાગી હોય, જ્યાં બધા લોકો યોગ્ય આહાર વિહારશીલ હોય, જ્યાં આળસુ અને કંજૂસ લોકોને દૂર જ રાખવામાં આવતા હોય, જ્યાં બધા લોકો આત્મનિષ્ઠ હોય એવો સમાજ હોવો જોઈએ.

આ વાતો આચાર્ય પ્લેટોના રીપબ્લિકમાંથી લેવામાં આવી છે જેના છઠ્ઠા અધ્યાયમાં કંઈક એવો સંકેત પણ કરવામાં આવ્યો છે કે કોઈ દૂર દેશમાં જ્યાં યવનોનું રાજ્ય નથી ત્યાં આવો આદર્શ સમાજ આજે પણ અસ્તિત્વમાં છે જ્યાં રાજકુમારો જ્ઞાનપિપાસુ હોય છે. એ બાબત વિચારણીય છે કે આચાર્ય પ્લેટો કરતાં ખૂબ પહેલાં કપિલવસ્તુના યુવરાજ ભગવાન બુદ્ધદેવના ઉપદેશકો યૂનાન પહોંચી ચૂક્યા હતા. આથી અનુમાન કરી શકાય છે કે આચાર્ય પ્લેટોનો તે દૂરનો દેશ આપણો ભારત દેશ જ હતો. ગમે તેમ પણ તેમના રિપબ્લિકની રચના આપણા દૈશિકશાસ્ત્રનો આધાર લઈને કરવામાં આવી છે.

આ વિષયમાં આચાર્ય એરિસ્ટોટલનો મત પણ મહંદશે પોતાના ગુરુ જેવો જ છે.

એમના મત પ્રમાણે એ સમાજ સર્વોત્તમ હોય છે જેમાં બધા જ લોકો એક જ જાતિના હોય છે. જો અનેક જાતિના હોય તો તેમનામાં એકરસવાહિતા આવી ગઈ હોય છે, તેનું સંચાલન પૂર્ણ નીતિ અને મર્યાદા અનુસાર થતું હોય છે, ત્યાં મર્યાદાપૂર્વક સર્વ આવશ્યક વસ્તુઓ સદા સુલભ રહેતી હોય છે, ત્યાં લોકો ધનનું અતિશય ગૌરવ કરતા નથી, ત્યાં લોકો કૃષિ અને પશુપાલનમાં પ્રવીણ હોય છે;

જ્યાં સમાજનું શ્રેય વિદ્યા, સુનીતિ અને સદાચાર પરથી ગણાય છે, નહીં કે નવા નવા કાયદા બનાવવા પરથી, જ્યાં દારિદ્રનિવારણના ઉપાય હંમેશાં કરવામાં આવે છે, જ્યાં મનુષ્યને મોટી તૃષ્ણા હોતી નથી અને ઉચિત આવશ્યકતા અનુસાર કોઈને અન્ન વસ્ત્રની વિપદા પણ પડતી નથી, જ્યાં વિદ્યા અને આત્મનિગ્રહનો પ્રચાર થતો હોય છે, જ્યાં મોટા લોકોની તૃષ્ણા અને નીચલા લોકોની પ્રતિપત્તિ વધવા દેવાતી નથી, જ્યાં સ્ત્રીઓમાં સ્વેચ્છાચાર આવવા દેવાતો નથી. જ્યાં લોકો નિર્લોભી અને નિરાકાંક્ષી હોય છે, જ્યાં લોકો રાજ્યને બગડવા દેતા નથી, જ્યાં સમાજનું રક્ષણ

કરનારા લોકોને નિશ્ચિંત રાખવામાં આવે છે, જ્યાં પેટ ભરવા માટે તેમને કોઈ નીચ અથવા અનનુરૂપ કામ કરવા દેવામાં આવતું નથી;

જ્યાં પ્રત્યેક વ્યક્તિ સમાજના હિતસાધનમાં જ વ્યસ્ત હોય છે, જ્યાં બધા લોકો સાહસી અને જાતિધર્મપરાયણ હોય છે, જ્યાં શાસન સુયોગ્ય, સુશીલ, કુલીન, બુદ્ધિમાન, મેધાવી, આત્મનિગ્રહી, તેજસ્વી, સુકૃત અને નીતિવિશારદ લોકોના હાથમાં સોંપાયેલું હોય છે, જ્યાં સર્વત્ર ઉક્ત પ્રકારના ગુણવાન શાસક હોય છે, જ્યાં બધા મનુષ્યો પ્રાકૃતિક નિયમ અનુસાર રહેતા હોય છે.

એ સમાજ શ્રેષ્ઠ હોય છે જે આત્મરક્ષા અને આવશ્યક પદાર્થો માટે કોઈ બીજા સમાજ પર નિર્ભર રહેતો નથી, જ્યાં પ્રજા રાજ્યની દુષ્પ્રવૃત્તિને રોકવાનું સામર્થ્ય ધરાવે છે, જ્યાં લોકો મધ્યસ્થવૃત્તિ અને સમાનાવસ્થાવાળા હોય છે, જ્યાં કોઈ ન તો ખૂબ મોટા કે ન તો ખૂબ નાના હોય છે, જ્યાં રાજ્યાધિકારી લોકો લોભી અને ઉદ્ધત હોતા નથી, જ્યાં લોકો ખુશામતખોર હોતા નથી, જ્યાં કોઈ વાતની અનનુરૂપ વૃદ્ધિ થતી નથી, જ્યાં લોકો મિતવ્યયી, પરસ્પર વિશ્વાસુ અને શ્રદ્ધાવાન હોય છે, જ્યાં શાસક સત્પાત્ર, પ્રેમી, નીતિપરાયણ, સુકૃતાનુરાગી હોય છે, જ્યાં દૈશિક અને જાતીય શિક્ષણ બાલ્યાવસ્થાથી જ આપવામાં આવે છે;

જ્યાં લોકો તેજસ્વી, આત્મનિગ્રહી, ન્યાયપરાયણ, બુદ્ધિમાન, ઉત્સાહી, સ્વકર્મરત હોય છે, જ્યાં ગુણ અને આવશ્યકતા અનુસાર સમાજ અને રાષ્ટ્રના વિભાગ કરેલા હોય છે, જ્યાં લોકોને નિષ્કામ સત્કર્મ કરવામાં આનંદ મળે છે, નહીં કે સમાજથી અલગ રહેવામાં, જ્યાં અન્ન માટે કૃષકોની ઉણપ, રક્ષણાર્થે યોદ્ધાઓની ઉણપ, ધન માટે મહાજનોની ઉણપ, યજ્ઞાદિ કાર્યો માટે પુરોહિતોની ઉણપ, ન્યાય માટે ન્યાયવિદોની ઉણપ રહેતી નથી, જ્યાં લોકોને મોટાં કાર્યો કરવા માટે યથેષ્ઠ સમય મળે છે, જ્યાં રાજ્યાધિકારી લોકો સ્વભાવથી, વંશપરંપરાથી અને શૈક્ષણિક યોગ્યતાથી પોતપોતાના કામમાં યોગ્ય હોય છે;

જ્યાં કાયદાઓ પૂર્વાપર વિચાર કરીને, બધી વાતોનું ધ્યાન રાખીને બનાવવામાં આવે છે, જ્યાં લોકોને એવી વ્યવસ્થામાં ઢાળવામાં આવે છે જે સર્વ રીતે સુયોગ્ય બની રહે છે, ભલે તેમને કોઈ પણ વ્યવસ્થાના કામમાં રાખવામાં આવે અને જ્યાં ઉપયોગિતા સાથે સૌંદર્યનો અને સૌંદર્ય સાથે ઉપયોગિતાનો વિચાર કરવામાં આવે છે, જ્યાં બધા લોકો સંયમી, વીર, ધૈર્યશાળી અને યોગ્ય આહાર વિહારશીલ હોય છે;

જ્યાં બધા લોકો પોતાને પોતાના સમાજનું અંગ સમજે છે અને જ્યાં બાળકોના ઉત્તમ શિક્ષણની વ્યવસ્થા રાજ્યના હાથમાં રહેવાને બદલે સમાજના હાથમાં હોય છે.

એરિસ્ટોટલના ઉક્ત વિચારોમાં પણ આપણા વર્ણાશ્રમધર્મનું પ્રતિબિંબ દેખાય છે, પરંતુ એટલું સ્પષ્ટ રીતે નહીં જેટલું પ્લેટોના વિચારોમાં છે. એનું કારણ એ છે કે પ્લેટોનું લક્ષ્ય હતું સર્વશ્રેષ્ઠ સમાજનું નિરૂપણ કરવાનું. આથી તેમના 'રીપબ્લિક'માં વર્ણાશ્રમધર્મનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે. એરિસ્ટોટલનું લક્ષ્ય હતું વિભિન્ન પ્રકારનાં રાજ્યોનું વર્ણન કરવાનું. કેવળ પ્રસંગવશાત્ તેમાં શ્રેષ્ઠ સમાજનું વર્ણન આવી ગયું છે. આથી તેમના દૈશિકશાસ્ત્રમાં વર્ણાશ્રમ ધર્મની છાયા અધૂરી જણાય છે.

આજે પાશ્ચાત્ય દેશોમાં આચાર્ય પ્લેટોના 'રિપબ્લિક' અને આચાર્ય એરિસ્ટોટલના દૈશિકશાસ્ત્ર પર આધારિત સમાજ રચનાનો કંઈક પ્રયાસ ચાલે છે, જે સોશિયાલિઝમ અથવા બોલ્શેવિઝમ અર્થાત્ સામ્યવાદ કહેવાય છે. સામ્યવાદીઓના મત અનુસાર તેમની વર્તમાન સામાજિક અવસ્થા અનભીષ્ટ છે. પરંતુ પોતાના દેશમાં અનભીષ્ટ ગણાતા આ પાશ્ચાત્ય સમાજના બીબામાં આપણા સમાજને ઢાળવા માગતા આપણા લોકોના મત અનુસાર વર્ણાશ્રમ ધર્મ અત્યંત અનભીષ્ટ વસ્તુ છે અને વર્ણપ્રથા જ આપણી ઉન્નતિના માર્ગમાં બાધારૂપ છે, જેનો નાશ થયા સિવાય આપણી ઉન્નતિ થઈ શકતી નથી અને આ પ્રથાનો નાશ થવાથી જ આપણી ઉન્નતિ થઈ શકશે.

જો કે વિશ્વમાં, વિશ્વમાં તો શું આપણા ભારતમાં ઘણા લોકો એવા છે કે જેઓમાં વર્ણવ્યવસ્થા નથી. છતાં પણ તેઓ આપણા કરતાં ઘણી ઉતરતી કક્ષામાં છે. પરંતુ તેમના પ્રત્યે આપણું ધ્યાન જતું નથી. અધોમુખી જાતિઓની બુદ્ધિ બહુધા આવી જ થતી હોય છે. વર્તમાન યુરોપ સાથે આજના ભારતની તુલના કરીને આપણે વર્ણાશ્રમ ધર્મનું માહાત્મ્ય કાલ્પનિક અને અતિશયોક્તિપૂર્ણ માનીએ છીએ, પરંતુ આપણે એ વિચાર નથી કરતા કે આજના સવિરાટ યુરોપ સાથે વર્તમાન નિર્વિરાટ ભારતની તુલના થઈ શકે નહીં. આવી તુલના મોટે ભાગે ભ્રમ ઉત્પન્ન કરનારી હોય છે. એ વાત બધા જાણે છે કે મૃત મૃગરાજ કરતાં જીવતો ચિત્તો ઘણો ઓજસ્વી હોય છે, સુકાયેલા ગુલાબની તુલનામાં લીલું ઘાસ ઘણુ સુગંધીયુક્ત હોય છે, કિનારે બેઠેલા હંસ કરતાં સરોવરમાં તરતું બતક વધુ શોભાયમાન હોય છે. તદુપરાંત એ પણ યાદ રાખવું જોઈએ કે આપણું આદર્શરૂપ એવું વિદ્યમાન યુરોપ જીવનયાત્રાની જટિલતા તથા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરની વૃદ્ધિને લીધે દિન પ્રતિદિન વિપર્યસ્ત થતું જાય છે. પરિણામે આજે ત્યાં રાજા અને પ્રજા વચ્ચે, અધિકારીઓ અને પ્રજા વચ્ચે, શેઠ અને નોકર વચ્ચે, સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે જૂથબંધી થઈ રહી છે. જે સમાજમાં આવું અર્થવૈપર્ય હોય, અને જ્યાં લોકો એક તરફ તો કામક્રોધાદિને કારણે વિપર્યસ્ત હોય અને બીજી તરફ તેમાં જીવનયાત્રાની સમસ્યા જટિલ થતી હોય, તો વિચારો કે એ સમાજ કેવી રીતે અભીષ્ટ અને આદર્શરૂપ ગણાય ? વાસ્તવિક રીતે આવા

સમાજવાળા સ્વર્ગ કરતાં તદ્વિપરીત સમાજવાળું નર્ક પણ ઘણું અભીષ્ટ હોવું જોઈએ. યુરોપીય સમાજમાં આ ઢોળ ત્યાં સુધી જ ચઢેલો છે જ્યાં સુધી વિશ્વના અન્ય દેશો નિદ્રસ્થ છે. તેઓ જાગૃત થતાં જ યુરોપના સમાજો પોતાનો અસલ રંગ દેખાડવા લાગશે. તેમણે ઘણો ખરો રંગ તો આ મહાયુદ્ધમાં દર્શાવી જ દીધો છે. ભગવાન ભાસ્કરનાં ત્રાંસાં કિરણોથી રંજિત હિમાલયનાં શિખરો દૂરથી જેવાં રમણીય દેખાય છે તેવાં વાસ્તવમાં હોતાં નથી.

ગમે તેમ પણ યુરોપની વર્તમાન સામાજિક અવસ્થા આપણા દેશમાં અભીષ્ટ ગણાતી નથી. તેનું પરિવર્તન કરવા માટે જ વર્તમાન સોશિયાલિઝમનો જન્મ થયો છે. સોશિયાલિઝમ હજુ તો બાલ્યાવસ્થામાં જ છે. આથી કહી શકાય નહીં કે સોશિયાલિસ્ટ લોકો તેમની અભીષ્ટ સિદ્ધિ માટે કેવા ઉપાયો દ્વારા કેટલા કૃતાર્થ થઈ શકશે. તેમના ગુરુ પ્લેટો અને એરિસ્ટોટલના આદર્શરૂપ સમાજની રચના ગ્રીસમાં ન થઈ શકી, પરંતુ તેમનાથી ઘણા સમય પહેલાં ભારતમાં એથી પણ શ્રેષ્ઠ સમાજની રચના થઈ ચૂકી હતી, જે તેમના સમય સુધી ઘણી ભ્રષ્ટ થઈ હતી તેમ છતાં યવનાચાર્યોને આદર્શરૂપ જણાતી હતી, જે આજે નષ્ટપ્રાય થઈ ગઈ છે, પરંતુ પૂર્વસંસ્કારો દ્વારા તેના પ્રાચીન ગૌરવનું અનુમાન થઈ શકે છે.

શું કારણ હતું કે નાનકડા ગ્રીસમાં પ્લેટો અને એરિસ્ટોટલના આદર્શરૂપ સમાજની રચના ન થઈ શકી, પરંતુ વિશાળ ભારતમાં તેનાથી પણ શ્રેષ્ઠ સમાજની રચના થઈ ગઈ ?

તેનું કારણ એ જણાય છે કે યવનાચાર્યોના દૈશિક શાસ્ત્રનો આધાર હતો કાયદાઓ પર. કાયદાની રચના દ્વારા તેમણે પોતાની કલ્પનાને કાર્યમાં પરિણત કરવાની ઇચ્છા રાખી, આથી તેમની કલ્પના કલ્પના માત્ર બની રહી, તે ક્યારેય કાર્યમાં પરિણત ન થઈ શકી. પરંતુ આપણા દૈશિકશાસ્ત્રનો આધાર હતો આધિચિત્તિક અને આધિજીવિક શાસ્ત્રો પર. આ શાસ્ત્રો અનુસાર દૈવીસંપદાને સમષ્ટિગત કરીને તેમણે પોતાની કલ્પનાને કાર્યમાં પરિણત કરવાનો પ્રયત્ન કર્યો. આથી તેમની ઇચ્છા અનાયાસ કાર્યમાં પરિણત થઈ ગઈ.

એ યાદ રહેવું જોઈએ કે આપણાં બધાં શાસ્ત્રોનો એક સર્વસંમત સિદ્ધાંત એ છે કે ધર્મની સંસ્થાપના કાયદા ઘડવાથી, નીતિની મદદથી થતી નથી. તે થાય છે માત્ર તેજ, ત્યાગ અને વિવેકના સંયોગથી. આ જ રીતે દેવતાઓએ વારંવાર ધર્મની સંસ્થાપના કરી અને ભવિષ્યમાં પણ એમ જ થશે.

## ૩.
## અર્થાયામ

જે ધર્મની વ્યાખ્યા કહેવામાં આવી છે તેની ધારણા થાય છે વર્ણાશ્રમ પ્રથાથી અને હાનિ થાય છે અર્થના અભાવથી કે પ્રભાવથી. અર્થાત ધન બિલકુલ ન હોવાથી અથવા તેનું અત્યંત માન હોવાથી ધર્મ નભી શકતો નથી. અર્થ અભાવ અને પ્રભાવ બન્ને રીતે ધર્મનો નાશ કરી નાખે છે. પૂર્વપક્ષના વિષયમાં તો કંઈ કહેવાની આવશ્યકતા જ નથી કારણ કે બધા જ એ વાત જાણે છે કે જે સમાજમાં પેટપૂરતું ખાવા નથી, પહેરવા વસ્ત્ર નથી, શત્રુઓ સાથે લડવાનો સરંજામ નથી એ ધર્મને શું જાણે ? ધર્મપાલન નાગાભૂખ્યાનું કામ નથી. ઉત્તરપક્ષના વિષયમાં એ સિદ્ધ છે કે મનુષ્ય હંમેશાં માન, ઐશ્વર્ય, વિલાસ અને નૈશ્ચિન્ત્ય એ ચારમાંથી કોઈ એકને માટે ઉદ્યમ કર્યા કરતો હોય છે. જ્યાં સુધી આ સામાજિક વિભૂતિઓ ધર્મપાલનના ફળરૂપે મળ્યા કરે છે ત્યાં સુધી બધા લોકો પોતપોતાના ધર્મપાલનમાં સ્થિર રહે છે ; પરંતુ જે સમાજમાં ધનનો અત્યંત પ્રભાવ હોય છે ત્યાં આ સામાજિક વિભૂતિઓ ધનની પાછળ મારી મારી ફરે છે. આથી તે સમાજમાં બધા લોકો પોતપોતાનો ધર્મ છોડીને અર્થસંચય પ્રત્યે પ્રવૃત્ત થાય છે.

ધનના અભાવ અને પ્રભાવ બન્નેથી સમાજ અર્થમાત્રિક થઈ જાય છે. આમ થવાથી લોકોને અર્થભ્રમ થઈ જાય છે. અર્થાત તેઓ તત્ત્વ અને અભિપ્રાય ભૂલીને તેને અન્યથા સમજવા લાગે છે. અર્થભ્રમને કારણે મોહ અને કૌટિલ્યની વૃદ્ધિ તથા વિવેક અને પૌરુષનો ક્ષય થઈ જાય છે. પરિણામે સમાજમાં સર્વત્ર

ઈર્ષા પરુષા ધન લોલુપતા
ભરી પૂરી રહી સમતા વિગતા !
સહુ લોક વિયોગ વિશોક થયા
વર્ણાશ્રમ ધર્માચાર ગયા. એવી અવસ્થા થાય છે.

આથી ધર્મનું રક્ષણ કરવા માટે અર્થના અભાવ અને પ્રભાવ બન્નેને રોકવા ધનને વશમાં રાખવું, લોકોને ધનવશ ન થવા દેવા, સમાજમાં ન તો તેની અત્યંત ઘૃણા થવા દેવી કે ન તો તેનું અત્યંત ગૌરવ થવા દેવું તે અત્યંત આવશ્યક છે. આ રીતે અર્થને મર્યાદામાં રાખવું તે અર્થાયામ કહેવાય છે.

જેમ પ્રાણ અનિયંત્રિત રહેવાથી પ્રાણીની માનસિક અને શારીરિક અવસ્થા બગડીને તેનું જીવન દુઃખમય થઈ જાય છે, પરંતુ પ્રાણાયામથી તેની માનસિક અને શારીરિક અવસ્થા ઘણી સુંદર થઈને જીવન આનંદમય થઈ જાય છે તેમ અર્થાયામથી સમાજની બાહ્યાભ્યંતરિક અવસ્થા સુધરીને તેમાં રહેવું સુખમય થાય છે.

(૧) અર્થાયામનાં ચાર ચરણ હોય છે.

(૧) સામાજિક વિભૂતિ સંયમ (૨) વિનિમય પ્રથાનું રક્ષણ (૩) અન્ન પ્રાચુર્ય (૪) કૃષિ ગોરક્ષા.

**(૧) સામાજિક વિભૂતિ સંયમ**

આનું વર્ણન પૂર્વ અધ્યાયમાં થઈ ચૂક્યું છે. આ ઉપાય દ્વારા અર્થ માન, ઐશ્વર્ય, વિલાસ, નૈશ્ચિન્ત્યનો આધાર થઈ શકતો નથી. લોકો તેને કામધેનુ માનવા લાગતા નથી. તેમને આ વિભૂતિઓ માટે વિશેષ પ્રકારે સમાજની સેવા કરવી પડે છે. આથી અર્થ કોઈને પોતાના ધર્મથી ચ્યુત કરીને પોતાનો દાસ બનાવી શકતો નથી.

**(૨) વિનિમય પ્રથાનું રક્ષણ**

નિમ્નલિખિત ત્રણ સિદ્ધાંત સર્વવિદિત છે.

(૧) ઉપભોક્તાઓ કરતાં ઉત્પાદકોની સંખ્યા વધારે રહેવાથી સમાજમાં સદા અર્થપ્રાચુર્ય રહે છે. આવી આર્થિક અવસ્થા સમાજ માટે શ્રેયસ્કર હોય છે. ઉત્પાદકો કરતાં ઉપભોક્તાઓની સંખ્યા વધારે હોવાથી સમાજમાં સદા દુર્લભતા પ્રવર્તે છે. આવી આર્થિક અવસ્થા સમાજ માટે અનર્થકારી હોય છે.

(૨) દ્રવ્યનું જેટલું ગૌરવ હોય છે તેટલી તેની ક્રયશક્તિ વધે છે. દ્રવ્યની ક્રયશક્તિ વધવાથી તેમાં લોકો ઘણી શ્રદ્ધા અને ભરોસો ધરાવતા થાય છે. આમ થવાથી આખી પ્રજા દ્રવ્યસંચય તરફ વળે છે, જેનું અવશ્યંભાવિ પરિણામ એ થાય છે કે સમાજમાં મુખ્ય અર્થનું ઉત્પાદન ઓછું અને ગૌણ અર્થનું ઉપાર્જન વધુ થવા લાગે છે. પરિણામે સમાજમાં ઉત્પાદકો કરતાં ઉપભોક્તાઓની સંખ્યા વધી જાય છે.

હમણાં જ પહેલા સિદ્ધાંતમાં કહેવાયું છે કે ઉત્પાદકો કરતાં ઉપભોક્તાઓની સંખ્યા વધારે થવાથી સમાજમાં આજીવિકા કષ્ટસાધ્ય થઈ જાય છે ; આજીવિકા કષ્ટસાધ્ય થતાં લોકોનો મુખ્ય ધર્મ થઈ જાય છે જેમ તેમ કરીને પેટ ભરવું. તદુપરાંત ધનનું ગૌરવ હોવાથી વંચના અને પ્રતારણાની અનેક રીતોનો આવિર્ભાવ થવા લાગે છે. અનેક પ્રકારે પરસ્વ હરણમાં જેઓ ચતુર હોય છે તેઓ સંપન્ન રહે છે અને જે તેમાં ચતુર નથી હોતા તેઓ વિપન્ન રહે છે. વિપન્નોને અન્નવસ્ત્ર સિવાય બીજી કોઈ વાતનો વિચાર રહેતો નથી. આ રીતે સંપન્ન થયેલા લોકોને સદા લૂંટફાટની વાત જ સૂઝે છે. જ્યારે પર્યાપ્ત લૂંટફાટ થઈ જાય છે ત્યારે સમયાંતરે બંધિયાર પાણીની જેમ કોહવાઈને તેમની સંચિત સંપત્તિ બહાર નીકળે છે ત્યારે સમાજમાં નીચ સંસ્કાર પ્રસરે છે જેથી સમાજ નિસ્તેજ અને ધર્મભ્રષ્ટ થઈ જાય છે.

(૩) જ્યાં સુધી સમાજમાં કેટલાક લોકો દારિદ્રપીડિત હોતા નથી ત્યાં સુધી તેમાં દ્રવ્યથી કોઈ કામ ચાલી શકતું નથી. સમાજમાં દરિદ્રોની સંખ્યા જેટલી વધારે હોય છે તેટલું તેમાં દ્રવ્યથી વધુ કામ ચાલી શકે છે. આથી જે સમાજ અથવા વ્યક્તિ અર્થોપાર્જનની ઉપેક્ષા કરીને દ્રવ્યોપાર્જન કરવા લાગે છે તેના ચિત્તમાં અન્ય સમાજ, અન્ય વ્યક્તિઓને દરિદ્ર જ બનાવી રાખવાનો અકલ્યાણકારી સંકલ્પ ઉત્પન્ન થઈ જાય છે.

જ્યારે આ અકલ્યાણકારી સંકલ્પ કાર્યમાં પરિણત થવા લાગે છે ત્યારે સમાજની જે અવસ્થા થાય છે તેનું અનુમાન સહજ રીતે કરી શકાય છે.

ઉક્ત ત્રણ સિદ્ધાંત દ્વારા એ સિદ્ધ થાય છે કે દ્રવ્યના અત્યંત ગૌરવ અને પ્રચારને કારણે સમાજમાં ભોક્તાઓ કરતાં ઉત્પાદકોની સંખ્યા ઓછી થઈ જાય છે, દ્રવ્યની ક્રયશક્તિ વધી જાય છે, દારિદ્રપીડિત લોકોની સંખ્યા વધી જાય છે. આ ત્રણ વાતોને કારણે લોકો ધર્મભ્રષ્ટ થઈ જાય છે. આથી દ્રવ્યના અત્યંત ગૌરવ અને પ્રચારને રોકવો પરમાવશ્યક માનવામાં આવે છે. દ્રવ્યનાં ગૌરવ અને પ્રચાર ત્યારે જ રોકાઈ શકે જ્યારે દ્રવ્યની આવશ્યક અને ઉપયોગિતા ઓછી કરવામાં આવે. દ્રવ્યની આવશ્યકતા અથવા ઉપયોગિતા ઓછી કરવાનો એકમાત્ર ઉપાય છે વિનિમય પ્રથા.

વિનિમય કહેવાય છે એક આવશ્યક વસ્તુને બદલે બીજી આવશ્યક વસ્તુ આપવી અથવા કોઈ આવશ્યક કામ કરવું તે. આ પ્રથાના ચલણથી દ્રવ્યની આવશ્યકતા અને ઉપયોગિતા ઓછી થઈ જાય છે. પરંતુ સાથે સાથે જ તેના વાણિજ્યમાં સરળતા પણ રહેતી નથી. તેમ જ આ પ્રથા બળજબરીથી ચલાવવાથી ચાલી શકે નહીં. વળી બળપૂર્વક ચાલેલું કોઈ કામ શ્રેયસ્કર હોતું નથી. આથી આ પ્રથા ચલાવવાના નિયમો છે.

(૧) સિક્કાનું અનાધિક્ય (૨) સિક્કાનું મૂલ્ય તેની ધાતુના મૂલ્ય જેટલું જ હોવું (૩) નગરો કરતાં ગામોમાં સિક્કાનો પ્રચાર ઓછો રહેવો (૪) નગરોમાં વિનિયમ અને ક્રય વિક્રય બન્ને પ્રથાઓનો પ્રચાર રહેવો (૫) આંતરજાતીય વાણિજ્યમાં માત્ર સિક્કાનું ચલણ હોવું.

### (૧) સિક્કાનું અનાધિક્ય

વિનિમય પ્રથા કરતાં ક્રયવિક્રય પ્રથા વધુ સરળ અને સુકર હોય છે. ક્રયવિક્રયને સરળતાથી ચલાવવા માટે સિક્કા બનાવવામાં આવે છે. સિક્કા શક્ય તેટલા સુવાહ્ય, સુધાર્ય અને સુરક્ષ્ય બનાવવામાં આવે છે. સંચય કરવા માટે અન્નાદિ કરતાં સિક્કા ઘણા સારા રહે છે. આથી વિનિમય પ્રથા કરતાં સિક્કાનું ચલણ વધુ ગમે તેવું હોય છે. આ

કારણે જ સિક્કાની પ્રચુરતાથી વિનિયમ પ્રથા નષ્ટ થતી જાય છે. જ્યારે સમાજમાં સિક્કાની ઉણપ થાય છે ત્યારે મનુષ્યોને લાચારીથી વિનિમય પ્રથાનો ઉપયોગ કરવો પડે છે. આથી વિનિમય પ્રથાનું અસ્તિત્વ ટકાવી રાખવા સિક્કાનું પ્રાચુર્ય ન હોવું જોઈએ.

**(૨) સિક્કાનું મૂલ્ય તેની ધાતુના મૂલ્ય બરાબર હોવું.**

સિક્કાની વિપુલતા માત્ર સરકારી ટંકશાળમાંથી જ નહીં, લોકોની ખાનગી ટંકશાળમાંથી પણ થાય છે. જ્યાં સુધી સિક્કા બનાવવામાં લાભ થતો નથી, જ્યાં સુધી ખાનગી ટંકશાળમાંથી નીકળેલા સિક્કાઓનું મૂલ્ય તેની ધાતુના મૂલ્ય બરાબર હોય છે. ત્યાં સુધી કોઈને અસલી ધાતુના ખાનગી સિક્કા બનાવીને કોઈ લાભ થતો નથી. જો કોઈ ભેળસેળવાળી ધાતુના ખોટા સિક્કા બનાવે તો બજારમાં તે ચાલતા નથી અને તેમના પકડાઈ જવાની ઘણી શક્યતા હોય છે. આથી સરકારી ટંકશાળમાંથી નીકળેલા સિક્કાનું મૂલ્ય તેની ધાતુના મૂલ્ય કરતાં વધારે હોવાથી બજારો ખોટા સિક્કાઓથી ઉભરાય છે. હાલમાં જ નિકલ ધાતુના સિક્કાઓ ટંકશાળમાંથી બહાર આવતાં જ ખોટા સિક્કાઓની વિપુલતા થવા લાગી. એથી ઉલટું જેમ જેમ સોનાનું મૂલ્ય સોનામહોર કરતાં વધારે વધવા લાગ્યું તેમ તેમ બજારમાં સોના મહોરની ઊણપ થવા લાગી. આથી સિક્કાઓની વિપુલતાને રોકવા તથા વિનિમય પ્રથાને ચાલતી રાખવા માટે સિક્કાનું મૂલ્ય તેની ધાતુના મૂલ્ય કરતાં વધારે ન હોવું જોઈએ. આથી જ પ્રાચીન ભારતમાં સોના ચાંદીની વિપુલતા હોવા છતાં પણ સિક્કા ઘણા ઓછા હતા.

આ દૃષ્ટિએ કાગળના રૂપિયાનું ચલણ તેથી પણ વધુ અનભીષ્ટ મનાય છે કારણ કે આ ચલણથી માત્ર વિનિમય પ્રથાની હાનિ થાય છે એમ નહીં તો તેનાથી સમાજનું અર્થસંકટ થવાની શક્યતા પણ રહે છે. કાગળના રૂપિયા બનાવનારને કોઈ વસ્તુ કોઈ પણ ભાવે ખરીદવામાં નુકસાન થતું નથી. અને એ ખરીદેલી વસ્તુ જે ભાવે વેચે છે તેમાં લાભ થાય છે. એક કાગળના ટુકડાથી તે આખા સમાજનાં આંતરડાં બહાર ખેંચી શકે છે.

આથી જો કાગળના રૂપિયા બનાવનારો બીજા દેશો સાથે મુખ્ય અર્થનો વેપાર કરે તો સમાજમાં અર્થસંકટ ઉપસ્થિત થઈ જાય છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે કાગળના રૂપિયાના ચલણથી સમાજમાં અર્થસંકટ ત્યારે જ ઉત્પન્ન થાય છે જ્યારે તે સિક્કાના સ્થાને વપરાય છે, નહીં કે હૂંડીઓના સ્થાને.

**(૩) નગરો કરતાં ગામોમાં સિક્કાનો પ્રચાર ઓછો હોવો**

એનું કારણ એ છે કે નગરો અથવા નાગરિકો કરતાં ગામોમાં અથવા ગ્રામજનો

દ્વારા જ મુખ્ય અર્થનું ઉત્પાદન થતું હોય છે. ગામોમાં જેટલો સિક્કાનો પ્રચાર હોય છે, તેટલો જ ત્યાં આળસ અને ભોગવિલાસનો પ્રચાર થાય છે. પરિણામે ત્યાં મુખ્ય અર્થ ઉત્પાદકોની સંખ્યા ઓછી થવા લાગે છે. ગામોમાં મુખ્ય અર્થ ઉત્પાદકોની સંખ્યા જેટલી ઓછી થાય છે, તેટલાં જ પોતાના નગરો ધર્મમાંથી ચ્યુત થાય છે. નગરો સ્વધર્મચ્યુત થવાથી સમાજનો અવપાત થવા લાગે છે. તદુપરાંત ગામોમાં સિક્કાનો પ્રચાર થવાથી ત્યાં અન્ન વગેરેનો ઝડપથી હ્રાસ થવા લાગે છે. તે તદ્દન ખોખલાં થઈ જાય છે.

(૪) નગરોમાં કેટલાક લોકો એવા પણ રહેતા હોય છે જેઓ ન તો મુખ્ય અર્થનું ઉત્પાદન કરે છે, કે ન તો વિનિમય પ્રથાનો ઉપયોગ કરી શકે છે; પરંતુ સમાજ માટે તેઓ અત્યંત ઉપયોગી અને આવશ્યક હોય છે ; તદુપરાંત નગરોમાં અનેક કામ એવાં હોય છે જે વિનિયમ પ્રથાથી કરી શકાતાં નથી, અને ત્યાં અનેક વસ્તુઓ પણ એવી હોય છે જેમની લેણદેણ વિનિમય પ્રથાથી થઈ શકતી નથી. પરંતુ તે કામો અને તે વસ્તુઓની લેણદેણ સમાજ માટે ઘણી આવશ્યક હોય છે. આથી એવા આવશ્યક મનુષ્યો માટે, એવાં આવશ્યક કામ અને વસ્તુઓ માટે નગરોમાં બન્ને પ્રથાઓનું ચલણ હોવું આવશ્યક મનાય છે.

**(૫) આંતરવાણિજ્યમાં માત્ર સિક્કાનો પ્રચાર હોવો**

આંતરવાણિજ્યમાં વિનિમય પ્રથા કામમાં લાવવાથી નિમ્નલિખિત હાનિ થાય છે.

(ક) વિનિયમ પ્રથા દ્વારા વાણિજ્ય કરનારા દેશો આર્થિક દૃષ્ટિએ પરસ્પરાવલંબી બની જાય છે.

(ખ) આ પ્રકારના પરસ્પરાવલંબી દેશોમાંથી એક દેશમાં આર્થિક સંકટ થવાથી બીજા દેશમાં પણ આર્થિક સંકટ થઈ જાય છે ; જેમ આ મહાયુદ્ધને કારણે અનેક દેશોમાં થયું.

(ગ) ઉક્ત પ્રકારના પરસ્પરાધીન દેશોમાં જે નિર્બળ હોય છે તેમનો આવશ્યક અને ઉપયોગી માલ બહાર જતો રહે છે, અને તેના બદલામાં તેમનો અનાવશ્યક અને નિરુપયોગી માલ મળે છે; જેમ આજે ભારતને ઘઉં અને રૂ ના બદલામાં જીનતાન અને કાગળનાં ફાનસ મળે છે.

(ઘ) ઉક્ત પ્રકારના પરસ્પરાવલંબી દેશોમાં જે પ્રબળ હોય છે તેઓ તે અર્થનું ઉત્પાદન બંધ કરીને વૈલાસિક વસ્તુઓનું ઉત્પાદન કરવા લાગે છે. ઉદાહરણાર્થ ફ્રાંસ અને ઈંગ્લેંડ.

(ચ) આ રીતે પરાસ્પરાવલંબી દેશોમાં જે પ્રબળ હોય છે તે નિર્બળને પોતાની પ્રજા અથવા પોતાનો મજૂર બનાવી લે છે અને પોતે પણ ભોગવિલાસમાં ડૂબીને નાશ પામે છે.

(છ) સમાજમાં કેટલાક લોકો એવા હોય છે જે પોતાની કુરૂપ અને નિરુપયોગી વસ્તુના બદલામાં લોકોની સુંદર અને ઉપયોગી વસ્તુઓ તેમને ઠગીને પડાવી લે છે, અને પછી તે ઠગાયેલા લોકો તે નિરુપયોગી વસ્તુઓ બીજાને વેચે છે, પછી બીજો ત્રીજાને અને તે ચોથાને માથે મારે છે અને આમ, ક્રમશઃ સમાજમાં તે કુરૂપ અને નિરુપયોગી વસ્તુઓનું ચલણ થઈ જાય છે. અને તેના બદલામાં સમાજની સુંદર અને ઉપયોગી વસ્તુ ચાલી જાય છે. જેવું સમાજમાં વ્યક્તિઓ દ્વારા થાય છે તેવું જ વિશ્વમાં જાતિઓ દ્વારા થાય છે. જ્યારે આંતરજાતીય વાણિજ્યમાં વિનિમય થાય છે ત્યારે નબળા દેશોને તેમની સુંદર, આવશ્યક અને ઉપયોગી વસ્તુઓને બદલે બેડોળ, અનાવશ્યક અને નિરુપયોગી વસ્તુ મળે છે, જેમ ભારતને તેના તાંબા પિત્તળને બદલે એલ્યુમિનિયમ મળી રહ્યું છે.

આંતરવાણિજ્યની ઉક્ત ખામીઓ ફક્ત ત્યારે જ હોય છે જ્યારે વિનિમય થાય છે. સિક્કાઓના પ્રચારથી આ ખરાબીઓ થતી નથી. આથી આંતરવાણિજ્યમાં સિક્કાનો પ્રચાર હોવો જોઈએ.

ઉક્ત નિયમો અનુસાર વિનિમય પ્રથા ચલાવવાથી નિમ્નલિખિત આર્થિક અને સામાજિક લાભ થાય છે.

(૧) મુખ્ય અર્થનું ઉત્પાદન ન કરનારા અથવા કોઈ ઉપયોગી કામ ન કરનારાનો સમાજમાં નિર્વાહ થવો મુશ્કેલ થઈ જાય છે. આથી સમાજમાં ઉત્પાદકોની સંખ્યા ઉપભોક્તાઓ કરતાં હંમેશાં વધુ રહે છે.

(૨) વ્યક્તિઓ પરસ્પર ઉપકારી હોવાથી સમાજમાં સદા ઐક્ય અને પ્રેમ પ્રવર્તે છે.

(૩) સમાજમાં આળસ અને વિલાસિતાનો પ્રવેશ થઈ શકતો નથી.

(૪) જૂઠ અને ઠગાઈ ઘણાં ઓછાં થાય છે.

(૫) સમાજમાં સદા આર્થિક સ્વતંત્રતા જળવાઈ રહે છે.

(૬) વિદ્યા અને શાસ્ત્રોના યોગક્ષેમ માટે નિમિત્ત અનુકૂળ રહે છે.

(૭) પરિણામે ધર્મપાલનમાં આર્થિક અંતરાય આવતા નથી.

**(૩) અન્ન પ્રાચુર્ય**

જ્યારે સમાજમાં અન્ન પ્રાચુર્ય હોય છે ત્યારે લોકોને દ્રવ્યની વધારે આવશ્યકતા રહેતી નથી. આથી તેનું વધુ ગૌરવ થઈ શકતું નથી. તદુપરાંત અન્નબાહુલ્યને લીધે લોકોનું સમસ્ત ધ્યાન આજીવિકામાં જ અટવાયેલું રહેતું નથી. તેમને ધીરજ રહે છે. સ્વધર્મ પ્રત્યે નજર કરવાનો તેમને યથેષ્ટ અવકાશ મળી રહે છે. આપણા આચાર્યો અન્નપ્રાચુર્ય માટે

નિમ્નલિખિત ઉપાયો બતાવે છે-

(૧) કૃષિ, (૨) ગોરક્ષા, (૩) વાણિજ્ય (૪) કૃષિકારોની જૂથબંધી અને હડતાલનો અભાવ (૫) આપણા દેશને પરાન્નભોજી દેશો માટે અન્નનું બજાર ન બનવા દેવો.

જે દેશમાં આ પાંચેય વાતો હોય છે ત્યાં માતા અન્નપૂર્ણા સદા પ્રસન્ન રહે છે, એક પણ ઉણપ રહેવાથી અન્નની ઘણી ઉણપ રહે છે. આથી આપણા આચાર્યોએ જાતિનો ચોથો ભાગ જુદો રાખ્યો છે જે વૈશ્ય વર્ણના નામે ઓળખાય છે. વૈશ્યોના આ કાર્યમાં સહયોગી થવું તે રાજાનો પરમધર્મ મનાય છે. રાજ્યાભિષેક સમયે રાજા પાસેથી આ ઉક્ત ધર્મ પાલનના સોગંદ લેવડાવાય છે. આ જ ધર્મને કારણે રાજા વિશાંપતિના નામે ઓળખાય છે. નિમ્નલિખિત વાતો વિશાંપતિનો ધર્મ મનાય છે.

**(૧) કૃષિ અદેવમાત્રિકા અને પ્રચુર રાખવી**

અર્થાત સિંચાઈની એવી વ્યવસ્થા કરવી જેથી કૃષિને વરસાદ પર નિર્ભર રહેવું ન પડે, અને એવો પ્રબંધ કરવો જેથી લોકો પાસે એટલી ભૂમિ રહે કે તેમાંથી અડધી જમીન થોડા સમય સુધી અકૃષ્ટ - ખેડ્યા વગરની - રાખીને પણ દેશ માટે પર્યાપ્ત અન્ન ઉત્પન્ન થાય. એક ભૂમિમાં પ્રતિવર્ષ એક નો એક પાક વાવવાથી તેની ઉત્પાદનક્ષમતા ઓછી થઈ જાય છે. આથી ભૂમિની ઉત્પાદનક્ષમતા ઓછી ન થવા દેવા માટે તેને અકૃષ્ટ રાખવી પડે છે.

**(૨) માતૃદાય પ્રથા જાળવી રાખવી**

અર્થાત સારી ઉપજાઉ ભૂમિ રાજાથી રંક સુધીની ગૃહસ્થ પ્રજામાં એવી રીતે વહેંચી દેવી કે તે ભૂમિના અન્નથી તેમનો નિર્વાહ થઈ શકે. આ રીતે જન્મભૂમિ રૂપી માતા પાસેથી મળેલી ભૂમિ માતૃદાયિકા કહેવાય છે. આ ભૂમિ અદેય હોય છે. અર્થાત તેનો ક્રય, બક્ષિસ, ગીરો રાખવી કે લિલામ કંઈ જ થઈ શકતું નથી. આ ભૂમિમાં મનુષ્યનું સ્વત્વ ત્યાં સુધી જ હોય છે જ્યાં સુધી તે ગૃહસ્થાશ્રમમાં રહે છે. ગૃહસ્થાશ્રમ ત્યાગના દિવસથી તેમાં તેની સ્ત્રીનું સ્વત્વ હોય છે. સ્ત્રી પછી તે ભૂમિ રાજ્યને પરત કરવામાં આવે છે. જેથી તે બીજાને આપી શકાય. હવે આ પ્રથાનું નામ સાંભળવા મળતું નથી.

**(૩) ગોપ્રાચુર્ય જાળવી રાખવું**

એ વાત સિદ્ધ છે કે પ્રત્યેક ગૃહસ્થ પાસે બે ચાર દૂધાળી ગાયો રહેવાથી સમાજમાં ક્યારેય સારા ભોજનની ઉણપ રહી શકતી નથી. જે સમાજમાં આવું હોય છે તેમાં એક પ્રકારનો વિશેષ આનંદ, ધૈર્ય અને સામર્થ્ય હોય છે. આથી વિશાંપતિનો એ ધર્મ ગણાતો હતો કે સદાય એવાં અનુકૂળ નિમિત્તો ઉત્પન્ન કરવામાં આવે જેથી પ્રત્યેક ઘરમાં ઓછામાં ઓછી બે ચાર ગાયો સુખેથી પાળી શકાય.

**(૪) ગાયોને અગોષ્ઠમાત્રિકા રાખવી.**

અર્થાત પ્રત્યેક ગામ અને પ્રત્યેક નગરમાં એટલું ગોચર રાખવું કે ત્યાનું ઘાસ ચરવાથી જ ત્યાંની ગાયોનું પાલન થઈ શકે, તેમને ઘરમાં ઘાસ નીરવાની આવશ્યકતા રહે નહીં.

**(૫) ગોહત્યા ન થવા દેવી**

આ નિયમથી ગોકુળની ઉત્તરોત્તર વૃદ્ધિમાં વિઘ્ન આવતું નથી. આથી ગાયો એટલી સસ્તી રહે છે કે પ્રત્યેક મનુષ્ય તેમને સહેલાઈથી ખરીદી શકે છે. આ જ સુંદર નીતિને કારણે આપણા દેશમાં ગાયો એટલી સસ્તી મળતી હતી કે બે ચાર ગોદાન વાત વાતમાં થઈ જતાં હતાં. આજે પણ આ પ્રથા કયાંક ક્યાંક પ્રચલિત છે.

**(૬) ચામડાનો વેપાર ન થવા દેવો.**

મોટે ભાગે જોવામાં આવે છે કરે ચામડાના વેપારનો ગોવૃંદ પર ઘણો પ્રભાવ પડે છે. જેમ જેમ ચામડાનો વેપાર વધતો જાય છે તેમ તેમ નિત્ય મારવામાં આવવાથી ગાયોની સંખ્યા ઓછી થતી જાય છે. આથી આ વેપારને રોકવો તે વિશાંપતિનો ધર્મ મનાય છે.

પાશ્ચાત્ય અર્થશાસ્ત્રીઓ આપણા અર્થશાસ્ત્રની ગોરક્ષાસંબંધી નીતિનો ઉપહાસ કરે છે અને ગોહત્યા તથા ચામડાના વેપારના પક્ષમાં એવો યુક્તિવાદ કરે છે કે ગાય બળદોની એટલી ઉત્પત્તિ થાય છે કે જો તે બધાને જીવતા રહેવા દેવામાં આવે તો દશ વર્ષમાં એટલા વધી જાય છે કે મનુષ્યોની ખેતી માટે જગ્યા જ વધતી નથી. અને વીસ વર્ષમાં એટલા વધી જાય છે કે તેમના લીધે મનુષ્ય દુઃખી થવા લાગે છે. આથી ગોહત્યાથી મનુષ્યોનું હિત થાય છે, નહીં કે અહિત. કહેવું પડશે કે ઉક્ત ગણતરી કરનારાઓએ એ વિચાર નથી કર્યો કે ઉત્પત્તિને કારણે એક બાજુ વૃદ્ધિ થાય છે તો પ્રાકૃતિક મૃત્યુ દ્વારા બીજી બાજુ ક્ષય પણ થતો રહે છે. ગાયનું આયુષ્ય લાંબુ હોતું નથી. તદુપરાંત અનુભવ ઉક્ત ગણતરી કર્તાઓની આ યુક્તિ પર વિશ્વાસ બેસવા દેતો નથી, કારણ કે લાખો, હજારો વર્ષો સુધી આપણા દેશમાં ગોહત્યા અને ચર્મવ્યાપાર બંધ રહ્યાં, આપણી રિયાસતોમાં આ વાતો આજે પણ બંધ છે તો પણ ક્યારેય આવી ભયાનક અવસ્થા થઈ હોય એવું સાંભળવામાં આવ્યું નથી.

હિસાબનો વિસ્તાર કરીને એ પણ જોઈ શકાયું છે કે મનુષ્યને જેટલો લાભ એક ગાયના ચામડાથી થાય છે તેનાથી વધુ લાભ માત્ર તેના છાણથી થાય છે. દૂધ, દહીં, ઘી દ્વારા જે લાભ થાય છે તેનું તો પૂછવું જ શુ? સમાજને ગાયના દૂધથી જેટલો લાભ થાય છે તેટલો જ લાભ બળદના પરિશ્રમથી પણ થાય છે.

### (૭) વાણિજ્યરક્ષા

આપણા દૈશિક આચાર્યોના મત અનુસાર વાણિજ્યનો ઉદ્દેશ છે દેશમાં વિવિધ કલા કારીગરીની વૃદ્ધિ કરવી, સમાજની આર્થિક સ્વતંત્રતાનું યોગક્ષેમ કરવું. આને માટે એ આવશ્યક છે કે વાણિજ્ય અપરમાત્રિક હોય અર્થાત એવું હોય કે જેને ક્રયવિક્રય માટે બીજા દેશોના ભરોસે ન રહેવું પડે. જે દેશ પોતાના માલના આય વ્યય માટે બીજા દેશના ભરોસે રહે છે તે આર્થિકરૂપે સ્વતંત્ર ન કહી શકાય. પ્રતિકૂળ નિયમ ઉપસ્થિત થતાં તેમની દશા ખૂબ બગડી જાય છે. ઉદાહરણરૂપે માની લો કે માંચેસ્ટર રૂ માટે મિસર ઇજિપ્ત પર અને ઘઉં માટે ભારત પર નિર્ભર છે. જો પરિસ્થિતિ બદલાતાં કેટલાંક વર્ષો સુધી ઇજિપ્તમાં કપાસની અને ભારતમાં ઘઉંની ખેતી બગડી જાય તો માંચેસ્ટરની શું દશા થાય તેનું અનુમાન કરી શકાય છે. એથી ઉલટું માંચેસ્ટર જો ઇજિપ્તના રૂ ને બદલે પોતાના દેશના ઉન પર અને ભારતના ઘઉંને બદલે પોતાના દેશનાં જવ બાજરી પર નિર્ભર રહે તો ઇજિપ્તમાં કપાસનો અને ભારતમાં ઘઉંનો પાક બગડી જવા છતાં તેનો વાળ પણ વાંકો થઈ શકે નહીં. આ પરથી એમ ન માની લેવું જોઈએ કે આંતરજાતીય વાણિજ્ય ન હોવું જોઈએ. માત્ર આંતરજાતીય વાણિજ્ય એવું હોવું જોઈએ જેથી પોતાના દેશનો અતિરિક્ત અને વધેલો માલ બહાર જતો રહે; એવું નહીં કે આપણો દેશ આર્થિક રીતે બીજા દેશને આધીન થઈ જાય. આપણા દેશમાંથી બહાર જનારો માલ ખૂબ સારો હોવો જોઈએ. જેથી આપણા દેશ પ્રત્યે અન્ય દેશવાસીઓને શ્રદ્ધા અને પ્રેમ ઉત્પન્ન થાય. જ્યારે ઉક્ત ઉદ્દેશ કરતાં વાણિજ્યનો બીજો ઉદ્દેશ ઉત્પન્ન થાય તો તેમાં હસ્તક્ષેપ કરવો આવશ્યક હોય છે. વાણિજ્ય ઉક્ત ઉદ્દેશાનુસાર ચલાવવું તેને વાણિજ્યરક્ષા કહેવાય છે.

### (૮) ખેડૂતોની જૂથબંધી અને હડતાલ ન થવા દેવાં.

સમાજમાં ખેડૂતોની જૂથબંધી અને હડતાલ વધુ અનર્થકારી હોય છે. જો કોઈ સમાજમાં ખેડૂતો આપસમાં જૂથબંધી કરીને અન્નના ભાવ સદા ઉચકાયેલા રાખે અથવા હડતાલ કરીને તે વેચે જ નહીં તો સમાજમાં મોટો અનર્થ થઈ શકે છે. જો સમાજ તેમની જૂથબંધી અને હડતાલથી સદા દબાયેલી રહે તો સમાજમાં સદા દુર્ભિક્ષ અને વિપર્યાસ રહે છે. અને જો સમાજ તેમને દબાવવાનો પ્રયત્ન કરે તો દેશમાં અશાંતિ થાય છે, નિત્ય વિપ્લવ થતા રહે છે, કોઈની શરીર સંપત્તિની સલામતી રહેતી નથી. બન્ને રીતે સમાજ વિપર્યસ્ત રહે છે. બધાં જ પેટની ચિંતાથી વ્યાકુળ રહે છે. આવી અવસ્થામાં ધર્મનું ભાન કોઈને રહી શકતું નથી. આથી ખેડૂતોની જૂથબંધી અને હડતાલ ન થવા દેવાં તે વિશાંપતિનું મુખ્ય કર્તવ્ય મનાય છે. પરંતુ આપણા ધર્મશાસ્ત્ર અનુસાર કોઈ વસ્તુનું બળપૂર્વક વેચાણ કરાવવું અથવા બળપૂર્વક કોઈ કામ કરાવવું એ નીતિ અને લોકવ્યવહાર વિરુદ્ધ ગણાય છે. આથી

આપણા અર્થશાસ્ત્ર અનુસાર ખેડૂતોની જૂથબંધી અને હડતાલ ન થવા દેવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે કુશૂલ પાલન અર્થાત પ્રત્યેક ગામ અને પ્રત્યેક નગરમાં અન્નની મોટી મોટી કોઠીઓ અને વખારો રાખવી.

કુશૂલ અર્થાત અન્નની કોઠી બે પ્રકારની હોય છે (૧) રાજકીય (સરકારી) (૨) શ્રેષ્ઠીય (શાહુકારોની).

બન્ને પ્રકારની કોઠીઓનો મુખ્ય આધાર રહેતો પોતાની ભૂમિમાં ઉત્પન્ન થયેલા અનાજ પર અને નહીં કે ખરીદેલા અનાજ પર . આથી રાજકીય કોઠી ભરવા માટે અનાજ ઉત્પન્ન કરતી ભૂમિનો કર અનાજરૂપે જ લેવામાં આવતો અને આ અનાજ સરકારી ભંડારોમાં સંગ્રહિત થતું. બાકીના કર દ્રવ્યરૂપે લેવામાં આવતા. અનાજરૂપે લેવાતો કર સારા અને ખરાબ પાકના મધ્યવર્તી પરિમાણથી લેવામાં આવતો. આ જ રીતે શાહુકારોની કોઠીઓમાં પણ અનાજ જમા થતું. આ ભંડારોનું પ્રયોજન રહેતું ખેડૂતોની જૂથબંધી તથા હડતાલ ન થવા દેવાં અને સસ્તા ભાવે અનાજ વેચવું, નહીં કે દ્રવ્ય પ્રાપ્ત કરવું. જ્યારે પણ ખેડૂતો જૂથબંધી કરીને હડતાલ દ્વારા અનાજના ભાવ વધારવા માગતા તો ભંડારોમાં તેમનો ભાવ નીચો કરી દેવામાં આવતો. આથી ખેડૂતોનું પોતાની આવશ્યકતા કરતાં વધારાનું અનાજ ઓછામાં ઓછું ભંડારોના ભાવે વેચાતું. આજે પણ એ જોવા મળે છે કે આપણા ભારતમાં કેટલાંયે સ્થાનો એવા છે જ્યાંના રહેવાસીઓ લગભગ બધા જ ખેડૂતો છે. પરંતુ ભંડાર ન હોવાને કારણે ત્યાં અનાજનો ભાવ સદા ઉંચકાયેલો રહે છે ; એથી ઉલટું કેટલાંય સ્થાનો એવાં છે કે જ્યાં ખેતી થતી નથી પરંતુ ભંડાર હોવાને કારણે ત્યાં અનાજ સદા સસ્તું મળે છે.

**(૫) પોતાના દેશને પરાન્નભોજી દેશો માટે અનાજનું બજાર ન થવા દેવો.**

વિભિન્ન પ્રકારના પ્રાકૃતિક સન્નિકર્ષોને કારણે વિભિન્ન દેશોમાં વિભિન્ન પ્રકારના પદાર્થો ઉત્પન્ન થતા હોય છે. અને તે અનુસાર ત્યાંના લોકોની શારીરિક રચના પણ હોય છે. આથી પોતપોતાના દેશમાં ઉત્પન્ન થયેલા પદાર્થો દ્વારા લોકોનો નિર્વાહ થવો તે સ્વભાવાનુકૂળ હોય છે. પરંતુ મનુષ્ય આ નિયમની મોટે ભાગે ઉપેક્ષા કરે છે. જ્યારે કાળક્રમે તેમના દેશનો અભ્યુદય થવા લાગે ત્યારે તે પોતાના દેશમાં ઉત્પન્ન થયેલા પદાર્થો છોડીને બીજા દેશોમાં ઉત્પન્ન થયેલા પદાર્થોમાં ભોજન કરવાનું શીખી જાય છે અને દેશોને પોતાને માટે એક પ્રકારે અન્નબજાર બનાવી દે છે. આથી બજારરૂપી દેશોમાં અનાજની ઉણપ અને ભાવની ચઢત રહે છે, જેથી ત્યાંના લોકો માટે સદા અનાજદુઃખ રહે છે. આથી પોતાના દેશને પરાન્નભોજી દેશો માટેનું બજાર ન બનવા દેવો એ આવશ્યક મનાય છે. આ જ રીતે પોતાના દેશ માટે બીજા દેશો પણ અન્નબજાર ન બનાવવા જોઈએ.

આનાથી વિપરીત કામ કરવાથી પોતાના દેશને પરાન્નભોજી થવાની કુટેવ પડી જાય છે જેને કારણે પોતાના દેશમાં ઉત્પાદકોની સંખ્યા ઓછી થઈ જાય છે અને દેશની આર્થિક સ્વતંત્રતા જતી રહે છે.

અર્થને આ રીતે વશમાં રાખવાથી ધર્મમાં બાધક અર્થદોષોનું નિવારણ થઈ જાય છે. અર્થાયામના વિષયમાં આપણા અર્થશાસ્ત્રમાં ઘણું બધું કહેવાયું છે. પરંતુ તેને વિષે અહીં આટલું જ કહેવું પર્યાપ્ત માનવામાં આવ્યું છે.

પ્લેટોના રિપબ્લિક અને એરિસ્ટોટલમાં પણ અર્થાયામની થોડી છાયા જોવા મળે છે.

પ્લેટોના મત અનુસાર સમાજમાં અન્નવસ્ત્ર પર્યાપ્ત હોવાં જોઈએ. અતિ દારિદ્ર્ય અને અતિ વૈભવ બન્ને સમાજ માટે અનર્થકર્તા હોય છે. દ્રવ્યનું માન અને પ્રભાવ હોવાથી લોકોને ધનસંગ્રહ કરવાનું દુર્વ્યસન થઈ જાય છે. આ વ્યસનને કારણે શ્રેષ્ઠ સમાજનું નિકૃષ્ટ સમાજમાં, રિપબ્લિકનું ટિરેનીમાં, સજ્જનોનું દુર્જનોમાં પરિવર્તન થઈ જાય છે. આથી ધનનાં માન અને પ્રભાવ વધવા ન દેવાં તે ધર્મ કહેવાય છે.

એરિસ્ટોટલના મત અનુસાર વ્યષ્ટિ અને સમષ્ટિ બન્ને માટે અર્થ અત્યાવશ્યક વસ્તુ છે. આથી પ્રાકૃતિક ઉપાયો દ્વારા અર્થોપાર્જન કરવું તે સારી વાત છે. પરંતુ પ્રાકૃતિક ઉપાયો દ્વારા અર્થોપાર્જનમાં અને દ્રવ્યોપાર્જનમાં ઘણુ અંતર છે. દ્રવ્ય ખૂબ આવશ્યક વસ્તુ નથી. કારીગરો અને વાણિજ્ય દ્વારા દ્રવ્યોપાર્જન કરવું અપ્રાકૃતિક કામ છે. કંત્રાટદારી અર્થાત કોઈ પદાર્થને વેચવાનો અધિકાર માત્ર નિયત વ્યક્તિઓને જ હોવો તે સમાજ માટે અનર્થકર્તા હોય છે. કંત્રાટદારીથી દ્રવ્યોપાર્જન કરનારાને રાજ્યમાંથી બહાર કાઢી મૂકવા જોઈએ. સમાજની આર્થિક અવસ્થા મધ્યવર્તી હોય એ યોગ્ય હોય છે. સમાજમાં ન તો ભોજન મેળવવા માટે દુઃખ હોવું જોઈએ કે ન તો ભોગવિલાસોની તૃષ્ણા હોવી જોઈએ. સમાજની ઉક્ત પ્રકારની આર્થિક અવસ્થા જાળવવી તે રાજ્યનું મુખ્ય કર્તવ્ય હોવું જોઈએ.

પરંતુ વર્તમાન પાશ્ચાત્ય દૈશિકશાસ્ત્રમાં અર્થાયામની ગંધમાત્ર નથી. તેમાં ઉધઈ લાગેલી છે. એવી ઉધઈ જેના પ્રભાવથી મોટા મોટા સમ્રાટોની જૂતાંની દુકાન ખૂલવા લાગી છે. મોટાં મોટાં રાજ્યોમાં જંગલનાં ઘાસ અને લાકડા માટે કંત્રાટો અપાય છે.

પૂર્વાપર અર્થશાસ્ત્રમાં મતૈક્ય થઈ શકતું નથી એનું કારણ એ છે કે પાશ્ચાત્ય અર્થશાસ્ત્ર વચ્ચે અર્થના પરિણામોના વિષયમાં, કૃત્રિમ આવશ્યકતાના વિષયમાં, કષ્ટસાધ્ય આજીવિકાના વિષયમાં, ભોજનના વિષયમાં, ભવિષ્યની ભાવનાના વિષયમાં, સ્વતંત્રતાના વિષયમાં મોટો મતભેદ છે.

### (૧) અર્થના પરિણામનો વિષય

પાશ્ચાત્યોના મત અનુસાર અર્થની ઉષ્ણતાથી જાતિને ઉત્તેજના મળે છે, પરંતુ આપણા આચાર્યોના મત અનુસાર અનિયંત્રિત અર્થને કારણે જાતિમાં ઉત્તેજનાને બદલે તમસ આવે છે. જાતિને ઉત્તેજના પ્રાપ્ત થાય છે ચિતિ અને વિરાટ દ્વારા, નહીં કે અર્થ દ્વારા.

### (૨) કૃત્રિમ આવશ્યકતાનો વિષય

પાશ્ચાત્યોના મત અનુસાર કૃત્રિમ આવશ્યક્તા ઓની વૃદ્ધિ અભ્યુદયની નિશાની મનાય છે, પરંતુ આપણા આચાર્યો અનુસાર આવશ્યકતા વધવાથી પરતંત્રતા વધે છે અને પરતંત્રતાની વૃદ્ધિ અધઃપતનનું ચિહ્ન મનાય છે.

### (૩) કષ્ટસાધ્ય આજીવિકાનો વિષય

યુરોપના મત અનુસાર આજીવિકા કષ્ટસાધ્ય હોવાથી જાતિમાં ઉદ્યમશીલતા ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રાચીન ભારત અનુસાર આજીવિકા કષ્ટસાધ્ય હોવાથી જાતિ પેટપાલક, લોકાયતિક અને નીચ પ્રવૃત્તિવાળી થઈ જાય છે.

### (૪) ભોજનનો વિષય

યુરોપનું ભોજન બહુધા અસ્વાભાવિક અને આપણું ભોજન સ્વાભાવિક હોય છે. ભોજનનો અર્થશાસ્ત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ છે. આથી આ પણ એક કારણ છે જેને લીધે બન્નેના આર્થિક સિદ્ધાંતોમાં ભેદ પડી ગયો છે.

### (૫) પરમાત્રિક વાણિજ્યનો વિષય

યુરોપના મત અનુસાર પરમાત્રિક વાણિજ્યને કારણે જાતિઓ પરસ્પર આધીન થવાથી તેમની વચ્ચે ઐક્ય થાય છે. આથી તેમનામાં યુદ્ધની શક્યતા નથી રહેતી. પરંતુ પ્રાચીન ભારત અનુસાર આ વાણિજ્યનું પરિણામ ભયંકર હોય છે અને પ્રતિક્ષણ યુદ્ધની સંભાવના રહે છે. અત્યાર સુધી એવું જ જોવામાં આવ્યું છે કે પરમાત્રિક વાણિજ્ય જ વિશ્વની વર્તમાન અશાંતિનું મૂળ કારણ છે.

### (૬) યુદ્ધનો વિષય

કાન્ટ વગેરે અનેક પાશ્ચાત્ય આચાર્યોના મત અનુસાર એક દિવસ એવો આવશે જ્યારે વિશ્વમાંથી યુદ્ધ નાબૂદ થઈ જશે. પરંતુ આપણા આચાર્યોના મત અનુસાર જયાં સુધી વિશ્વ છે ત્યાં સુધી યુદ્ધ રહેશે.

### (૭) પરદેશનો વિષય

યુરોપના મત અનુસાર વિશ્વના અન્ય દેશો સદાયે તેને આધીન રહેશે, તે આધીન દેશો તરફથી તેને સદા અન્ન વસ્ત્ર પ્રાપ્ત થતાં રહેશે. પરંતુ ભારતના મત અનુસાર આજે જે દેશો સ્વતંત્ર છે તેમણે કાલે પરતંત્ર થવાનું છે અને જે આજે ભોગ્ય છે તેમણે કાલે ભોક્તા

થવાનું છે. આથી એવી આશા ન રાખી શકાય કે કોઈ દેશને પરદેશથી અન્ન વસ્ત્ર સદા પ્રાપ્ત થતાં રહેશે.

**(૮) ભવિષ્ય ભાવનાનો વિષય**

પાશ્ચાત્યોના મત અનુસાર સદા શરદઋતુ રહેશે, કમળ સદા ખીલતાં રહેશે, તેમના દેશો સદા શ્રીનાં આનંદવનો બની રહેશે. આથી દુર્દિન તરફ તેમનું ધ્યાન જતું નથી. પરંતુ આપણા આચાર્યોના મત અનુસાર સંસાર પરિવર્તનશીલ છે. એમાં કોઈનાયે દિવસો એક સરખા રહેતા નથી. આથી તેમને હંમેશા દુર્દિનોનું ધ્યાન રહે છે.

**(૯) સ્વતંત્રતાનો વિષય**

પાશ્ચાત્યોના મત અનુસાર મનુષ્યને શાસનિક સ્વતંત્રતાથી જ પૂર્ણ સ્વતંત્રતા અને માત્ર દ્રવ્ય પ્રાચુર્યથી પૂર્ણ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ આપણા આચાર્યોના મત અનુસાર શાસનિક, આર્થિક અને સ્વાભાવિક સ્વતંત્રતાઓનો સંયોગ થયા વગર કોઈને પણ પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી, અને માત્ર દ્રવ્ય પ્રાચુર્યથી કોઈને આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી.

અત્યારે માન પાશ્ચાત્ય અર્થશાસ્ત્રનું જ છે. આપણા ભારતમાં પણ તેનું ગૌરવ તથા પઠન થવા લાગ્યું છે. હવે ભારત પોતાના એ પ્રાચીન સિદ્ધાંતને ભૂલવા લાગ્યું છે કે અગ્નિની જેમ જ અર્થ પણ ઉપયોગી હોય છે પરંતુ તેમાં સંયમ ન રહેવાથી તે અગ્નિની જેમ જ અનર્થકારી પણ થઈ જાય છે. એટલું જ નહીં, અર્થાયામને તે મૂર્ખતા માનવા લાગ્યું છે. જાગૃત ભારતને પોતની વર્તમાન ચિંતાજનક આર્થિક દશાનાં નિમ્નલિખિત કારણો ધ્યાનમાં આવવા લાગ્યાં છે.

(૧) યોગીઓનું બેકાર પડ્યા રહેવું અને પોતાનો બોજ ગૃહસ્થો પર નાખવો.

(૨) પર્વ, ઉત્સવ અને સંસ્કાર વિધિઓમાં ધનનો વ્યય થવો.

(૩) વાણિજ્યની ઉપેક્ષા કરીને કૃષિની પાછળ મચ્યા રહેવું.

(૪) ગાયોની બહુલતાને કારણે કૃષિયોગ્ય ભૂમિનો ગોચર માટે ઉપયોગ થવો.

(૫) સંચય કરવાથી કે આભૂષણ બનાવવાથી ધનનો સંચાર રુંધાઈ જવો.

દાસત્વને કારણે જે વ્યક્તિ અથવા જાતિની બુદ્ધિ આક્રાંત થઈ જાય છે તેમનામાં વિચારશક્તિ રહેતી નથી. તેને હેત્વાભાસ અને હેતુની પરખ રહેતી નથી. આથી હાલના સમયમાં ભારતના વિચાર આવા બને તે સ્વાભાવિક છે.

## ૪.
## વ્યવસ્થા ધર્મ

વિરાટના યોગક્ષેમ માટે વર્ણાશ્રમધર્મ, અર્થાયામ, દેશકાળવિભાગ ઉપરાંત વ્યવસ્થાધર્મની પણ આવશ્યકતા હોય છે. વ્યવસ્થાધર્મથી મનુષ્યોના પ્રત્યર્થી વલણોમાં સમતાની ધારણા થાય છે. અર્થાયામથી અર્થનો અભાવ અને પ્રભાવ બન્ને ઉદ્‌ભવતા નથી. દેશકાળવિભાગથી મનુષ્યોની ચેષ્ટા અને પરિવર્તનશીલ પ્રકૃતિના નિયમોમાં ઐક્ય થઈ જાય છે. વ્યવસ્થાધર્મથી સમાજમાં સ્વતંત્રતા અને સહાનુભૂતિનું ઐક્ય રહે છે.

વ્યવસ્થાધર્મ કોને કહે છે ?

પ્રાચીન ભારત અનુસાર વ્યવસ્થાધર્મ એ નિયમોને કહે છે જેમના દ્વારા સમાજનાં અભ્યુદય અને નિઃશ્રેયસ થાય. આવા નિયમોની ઓળખ શું ? કુનિયમો ચલાવનારા પણ એમ કહી શકે છે કે તેમના ચલાવેલા નિયમોથી સમાજનાં અભ્યુદય અને નિઃશ્રેયસ થશે. આથી ભગવાન મનુએ વ્યવસ્થાધર્મ તરીકે ઓળખાતા નિયમોનું લક્ષણ કહ્યું છે. એ છે લોકોનું સદાચાર સાથે સ્વહિત સાધ્ય કરી શકવું તે. આથી જે સમાજમાં અથવા જે રાજ્યમાં લોકો અસદાચારથી સ્વહિત સાધ્ય ન કરી શકતા હોય તે સમાજ અથવા તે રાજ્ય વ્યવસ્થાધર્મ રહિત ગણાય છે. કદાચ વ્યવસ્થાધર્મની આ જ ભાવનાને કારણે જર્મન આચાર્ય ફ્રેડરીક નિત્શે આપણી મનસ્મૃતિનું સન્માન કરતા હશે.

વ્યવસ્થાધર્મનું તત્ત્વ સમજવા માટે એ યાદ રાખવું જોઈએ કે વ્યવસ્થાધર્મનો ઉદ્દેશ છે સમાજમાં સ્વહિતની સાધના અને સદાચારનો સંયોગ કરવો. પરંતુ સ્વહિત સાધના સ્વતંત્રતા વિના થઈ શકે નહીં. આથી સમાજના અભ્યુદય અને નિઃશ્રેયસ માટે એ આવશ્યક છે કે સમાજમાં સ્વતંત્રતા અને સહાનુભૂતિનું ઐક્ય કરવામાં આવે, અર્થાત્ સમાજમાં એવા નિયમોનો પ્રચાર થાય જેનાથી બધા મનુષ્યોની સ્વતંત્રતાનું રક્ષણ થાય, કોઈ કોઈની સ્વતંત્રતાનું પ્રતિઘાતી ન થાય, પ્રત્યેક મનુષ્ય પોતાની શારીરિક અને સામાજિક યોગ્યતા અનુસાર સમાજની સેવા કરતો રહે અને એ સેવા કરવા માટે તેને પોતાને પહેલાં કરતાં વધારે યોગ્ય બનાવવો પડે. આ જ નિયમો આપણા ધર્મશાસ્ત્રમાં વ્યવસ્થાધર્મ કહેવાય છે. જે નિયમોમાં આ વાત નથી હોતી અથવા જેમાં આ વાતોમાંથી કોઈ એકમાં પણ વિઘ્ન આવે છે તે વ્યવસ્થાધર્મ કહેવાતા નથી. જર્મન આચાર્ય કાન્ટનો મત પણ લગભગ આવો જ છે. તેમના મત અનુસાર એવા સામાજિક નિયમો વ્યવસ્થાધર્મ કહેવાય છે જેમાં સ્વતંત્રતાના નિયમો અનુસાર મનુષ્યની વ્યક્તિગત ઈચ્છાઓનો સંયોગ બીજા મનુષ્યની વ્યક્તિગત ઈચ્છા સાથે કરવામાં આવે છે.

વ્યવસ્થાધર્મ પ્રેરકરૂપે અને નિવારકરૂપે એમ બે પ્રકારનો હોય છે.

પ્રેરકરૂપ વ્યવસ્થાધર્મ એને કહેવાય છે જે દ્વારા લોકો પાસે કામ્ય કર્મ કરાવવામાં આવે છે.

નિવારકરૂપ વ્યવસ્થાધર્મ એને કહેવાય છે જેના દ્વારા લોકોને નિષિદ્ધ કર્મો કરતા રોકવામાં આવે છે.

વ્યવસ્થાધર્મનું પ્રવર્તન ક્રમશઃ ચાર પ્રકારે કરવામાં આવે છે. વિનયાધાનથી, આદેશપત્રથી, પ્રાયશ્ચિતથી અને દંડથી.

વિનયાધાનથી બધા લોકોને એવા બનાવવામાં આવતા કે તેઓ વ્યવસ્થાધર્મને સારી રીતે જાણતા હતા, સમજતા હતા અને પોતે જ આનંદપૂર્વક તેનું પાલન કરતા હતા. જ્યારે કોઈ અજાણતાં તેનું પાલન કરતું નહીં તો આદેશપત્ર દ્વારા તેની ભૂલ અને તેનું કર્તવ્ય તેને સમજાવવામાં આવતાં હતાં. જ્યારે કોઈ કામક્રોધાદિને કારણે વ્યવસ્થાધર્મનું ઉલ્લંઘન કરતું તો પ્રાયશ્ચિત દ્વારા તેની શુદ્ધિ કરાવવામાં આવતી હતી. જ્યારે કોઈ આગ્રહપૂર્વક તેનું ઉલ્લંઘન કરતું તો તેને દંડ કરવામાં આવતો. આપણા આચાર્યોના મત અનુસાર વ્યવસ્થાધર્મનું સમષ્ટિગત જ્ઞાન કરાવ્યા વિના, અથવા એમ માનીને કે બધા લોકો વ્યવસ્થાધર્મને એમની મેળે જ જાણે છે, અથવા ભૂલથી વ્યવસ્થાધર્મનું ઉલ્લંઘન કરનારને દંડ દેવો, અથવા પ્રાયશ્ચિતને સ્થાને દંડનો ઉપયોગ કરવો અથવા અનુરૂપ દંડનો પ્રયોગ કરવો એ અધર્મ મનાતો હતો. દંડ કરતાં પ્રાયશ્ચિત અનેક ગણું શ્રેયસ્કર મનાતું કારણ કે પ્રાયશ્ચિતથી મનુષ્યનું હૃદય શુદ્ધ થાય છે જેથી તેના પૂર્વ અપરાધોની પુનરાવૃત્તિ થતી નથી. પરંતુ દંડને કારણે તેજસ્વી લોકોમાં ક્રોધાગ્નિ પ્રજવળે છે, જેને કારણે પૂર્વ અપરાધોની પુનરાવૃત્તિ અથવા વૃદ્ધિ થવાની વધારે શક્યતા રહે છે.

વ્યવસ્થાધર્મમાં સર્વત્ર ત્રણ વાતો હોય છે.

(૧) ઉદેશ્ય અર્થાત્ તે પ્રયોજન જેનાથી વ્યવસ્થાધર્મની સૃષ્ટિ થાય છે.

(૨) ઉપનય અર્થાત્ એ માની લીધેલી વાત જેને કારણે વ્યવસ્થાધર્મનું નિર્માણ થાય છે.

(૩) મૂળ અર્થાત્ એ પદાર્થ જેમાંથી વ્યવસ્થાધર્મની ઉત્પત્તિ થાય છે.

(૧) આપણા વ્યવસ્થાધર્મનો ઉદેશ્ય છે સ્વતંત્રતા અને સહાનુભૂતિના સંયોગ દ્વારા સમાજનાં અભ્યુદય અને નિઃશ્રેયસ સિદ્ધ કરવાં.

(૨) ઉપનયની બાબતમાં ત્રણ બાબતો નોંધવા જેવી છે

(ક) વિધિપૂર્વક પ્રચાર થયા વિના કોઈને વ્યવસ્થાધર્મનું જ્ઞાન થઈ શકતું નથી. (ખ) વાસ્તવિક શુદ્ધિ પ્રાયશ્ચિત્તથી થાય છે નહીં કે દંડ દેવાથી (ગ) અનાપ્ત મનુષ્યો બધા સ્ખલનશીલ હોય છે.

(૩) વ્યવસ્થાધર્મનું મૂળ શ્રુતિ છે.

આ પ્રકારના ઉદ્દેશ, ઉપનય અને મૂળથી આપણા વ્યવસ્થાધર્મની એ વિશેષતા બની ગઈ છે કે તેના નિયમ હંમેશા બુદ્ધિસંગત, સરળ, અલ્પસંખ્યક, વિદ્વદ્વિલાસવર્જિત, વસ્તુમૂલક, અપરિગ્રહી, વિરલદંડ, સમદર્શી, આમોકત અને મૂલાનુસારી હોય છે. જે નિયમોમાં આ વ્યવસ્થા નથી હોતી તે વ્યવસ્થાધર્મ હોઈ શકે નહીં. કારણ કે (૧) સમાજમાં વ્યવસ્થાધર્મ અનુસાર ચાલવું તે પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય હોય છે. શાસકનું કર્તવ્ય હોય છે વ્યવસ્થાધર્મનું ઉલ્લંઘન કરનારને પ્રાયશ્ચિત કરાવવું અથવા તેને દંડ દેવો. પરંતુ ન જાણેલી વાત અનુસાર કોઈ ચાલી શકે નહીં. અને અજાણી વાત માટે દંડ ભોગવવો અથવા દેવો બંન્ને અસ્વાભાવિક હોય છે. પરંતુ જે નિયમો બુદ્ધિસંગત હોતા નથી અથવા જટિલ હોય છે તેનું જ્ઞાન પ્રત્યેક મનુષ્યને થઈ શકતું નથી અને ન તો કોઈને તેમાં શ્રદ્ધા રહે છે. જે નિયમો બહુસંખ્યક હોય તેમાં ન તો પ્રત્યેક મનુષ્યની ગતિ હોય છે ન તો બધાને તે યાદ રહે છે. આથી આવા દુર્ગમ અને દુઃસ્મરણીય નિયમોથી સમાજ ક્યારેય સુપરિચિત થઈ શકતો નથી. જે વાતમાં વિદ્વદ્વિલાસ હોય છે તે વાત સાધારણ મનુષ્યની સમજ બહાર જતી રહે છે. જે વાત અવસ્તુમૂલક હોય છે તેને સારી રીતે સમજવી તથા ગ્રહણ કરવી તે આખા સમાજ માટે તો શું વિશેષ વ્યક્તિ માટે પણ શક્ય હોતી નથી. જે નિયમો લોકો નથી જાણતા, નથી તેનાથી પરિચિત થતા, નથી તેમને સમજતા, નથી તેમનામાં શ્રદ્ધા રાખતા, કે નથી તેને ગ્રહણ કરતા, એવા નિયમો અનુસાર તેઓ ચાલી શકતા નથી. આથી આવા નિયમો અનુસાર લોકોને ચલાવવા માટે સમાજમાં દંડ દ્વારા ત્રાસ ફેલવવો પડે છે. આ રીતે ત્રાસ દ્વારા ચલાવવામાં આવતા નિયમો આસુરી નિયમ કહેવાય છે. આવા નિયમોથી સર્જાતી શાંતિ ક્ષણભંગુર અને અનર્થકારિણી હોય છે.

તદ્દુપરાંત બુદ્ધિસંગત અને અવસ્તુમૂલક વાતોની ટેવ પડવાથી બુદ્ધિ આક્રાંત અને કુંઠિત થઈ જાય છે. વિદ્વદ્વિલાસ બહુધા વાસ્તવિક ઉદેશને ગૌણરૂપ આપીને પોતે મુખ્યરૂપ ધારણ કરી લે છે. અજ્ઞાત નિયમોનું પાલન કરવાને કારણે લાભ મળવાથી તથા તેનું ઉલ્લંઘન કરવાને કારણે દંડ મળવાથી સમાજમાં તે અજ્ઞાત નિયમોમાં ઘણી તોડમરોડ થતી હોય છે જેને લીધે સમાજમાં બુદ્ધિ કૌટિલ્ય ઉત્પન્ન થઈ જાય છે.

વ્યવસ્થાધર્મ પરિગ્રહી હોય અર્થાત્ તેના પ્રવર્તકને કોઈ પ્રકારના લાભ મળવાથી અથવા તેની કોઈ પ્રકારની કામના સિદ્ધ થતી હોય તો તે તેના ઉદ્દેશમાંથી ભ્રષ્ટ થઈને વ્યવસાયમાં પરિણત થવા લાગે છે. આમ થવાથી સમાજમાં વ્યવસ્થાધર્મને નામે લૂંટ થવા લાગે છે અને અધર્મનો વાવટો ફરકવા લાગે છે.

વ્યવસ્થાધર્મ સતતદંડ હોય તો લોકોમાં સ્વભાવિક રીતે તેના પ્રત્યે દ્વેષ થઈ જાય છે, અંતે રાજા અને પ્રજામાં વૈમનસ્ય થઈ જાય છે, આથી પ્રતિક્ષણે રાજ્યમાં વિપ્લવની શક્યતા રહે છે.

સમાજનો અભ્યુદય અને નિઃશ્રેયસ કરનારા, સ્વતંત્રતા અને સહનુભૂતિનો સંયોગ કરનારા તથા સદાચાર સાથે સ્વહિત સાધ્ય કરનારા નિયમો બનાવવા તે કોઈ રાગદ્વેષયુક્ત મનુષ્યનું કામ નથી. આથી આપણા ધર્મશાસ્ત્ર અનુસાર આ કામ તત્ત્વદર્શી, નિષ્કામ, અરણ્યવાસી બ્રાહ્મણોના હાથમાં રહેતું હતું, નહીં કે રાજાના હાથમાં, કારણ કે રાજસી પરિવેશને કારણે રાજા અથવા તેના અધિકારી વર્ગની બુદ્ધિમાં સ્વાર્થ અને પ્રમાદ ઉત્પન્ન થવો સ્વાભાવિક હોય છે. જેને કારણે તેમના સ્ખલનશીલ હોવાની ઘણી શક્યતા રહે છે. આથી વ્યવસ્થાધર્મ રચનામાં રાજાનો કોઈ હસ્તક્ષેપ રહેતો નહીં. જો કોઈ વ્યવસ્થાધર્મની રચનાની અથવા તેના કોઈ સિદ્ધાંતની વ્યાખ્યા કરવાની અથવા તેના કોઈ નિયમોમાં દેશકાળનિમિત્ત અનુસાર કંઈ પરિવર્તન કરવાની આવશ્યકતા રહેતી તો તે કામ શ્રુતિ અને ધર્મના જાણકાર ત્રણચાર મનુષ્યોની સભા અથવા એક આપ્તના હાથમાં રહેતું હતું. કહ્યું પણ છે

ચત્વારો વેદધર્મજ્ઞા પર્ષત્ ત્રૈવિદ્યમેવ વા ।
સા બ્રૂતે સ ય હિ ધર્મં સ્યાદેકો વા ધર્મવિત્તમઃ ॥

રોમન પંડિત સિસરોનો મત પણ લગભગ આવો જ છે. તેના મત અનુસાર વ્યવસ્થાધર્મની રચના માનસિક અને સામાજિક શાસ્ત્રના જ્ઞાતા તત્ત્વદર્શી લોકોના હાથમાં હોવી જોઈએ.ભગવાન મનુ અનુસાર

आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना
यस्तर्केणानुसंत्ते स धर्मं वेद नेतरः ॥

આથી આપણા ધર્મશાસ્ત્રમાં પૂર્વનિર્ણય પ્રમાણ મનાતો નથી. ફ્રાંસ, જર્મની વગેરે અનેક યુરોપીય દેશોમાં પણ લગભગ આમ જ હોય છે. માત્ર ઈંગ્લેંડ, અમેરિકા અને અર્વાચીન ભારતમાં રીતરસમોને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે.

આપણા વ્યવસ્થાધર્મની ઉત્પત્તિ થઈ છે શ્રુતિમાંથી. શ્રુતિ કહેવાય છે વેદોને. વેદ કોઈ એક મનુષ્ય દ્વારા કોઈ વિશેષ સમયગાળામાં બનાવેલા નથી. તે વિભિન્ન સમયમાં, જુદા જુદા ઋષિઓના સમાધિજન્ય જ્ઞાનના સંગ્રહ છે. તે સમાધિજન્ય જ્ઞાનના વિષયમાં સાંભળેલી વાતોનો વેદોમાં સંગ્રહ થયો હોવાથી તે શ્રુતિ અર્થાત્ સાંભળેલી વાત કહેવાય છે. જ્યારે શ્રુતિ ઘણી વધી ગઈ અને તેમાં અનેક શાસ્ત્રો અને અનંત વિદ્યાઓનો સંગ્રહ થઈ ગયો, જેથી શ્રુતિનો સમષ્ટિગત પ્રચાર થવો અશક્ય થઈ ગયો ત્યારે તેમાંથી વિભિન્ન વિષયો વીણી વીણીને જુદાં જુદાં શાસ્ત્રો બનાવવામાં આવ્યાં. સૌથી વધારે અને પહેલી આવશ્યકતા ઉભી થઈ ધર્મશાસ્ત્રની, અર્થાત્ મનુષ્યોના પ્રત્યર્થી ભાવોના સામ્યની ધારણા કરનારા શાસ્ત્રની. આથી ભગવાન મનુની આજ્ઞા અનુસાર શ્રુતિસાગરનું મંથન શરૂ થયું. એમાંથી જે પ્રથમ રત્ન પ્રાપ્ત થયું તે માનવધર્મશાસ્ત્ર હતું. આ શાસ્ત્ર સૂત્રબદ્ધ કરવામાં

આવ્યું. બધા તેને કંઠસ્થ કરવા લાગ્યા જેથી તેમને આ શાસ્ત્રની હંમેશાં સ્મૃતિ રહે. આથી આ શાસ્ત્ર મનુસ્મૃતિ નામથી ઓળખાયું. મનુસ્મૃતિમાં અનેક ધર્મોની મીમાંસા કરવામાં આવી. તે પછી મરીચિ વગેરે અનેક ઋષિઓએ માનવધર્મશાસ્ત્રમાં ઉપદેશ કરાયેલા એક એક ધર્મને લઈને જુદી જુદી સ્મૃતિઓની રચના કરી. કોઈએ જાતિધર્મ પર, કોઈએ દૈશિકધર્મ પર, કોઈએ વર્ણાશ્રમ ધર્મ પર, કોઈએ વ્યવસ્થાધર્મ પર તો કોઈએ આચારધર્મ પર. આ પ્રત્યેક સ્મૃતિ સૂત્રબદ્ધ હતી. આ બધી સ્મૃતિઓનો લોપ થઈ ગયો ત્યારે પંડિતોએ સ્મૃતિપરંપરાથી પ્રાપ્ત થયેલી આ પૂર્વ સ્મૃતિઓનો આધાર લઈને અને કેટલીક સામયિક વાતો પોતાના મનથી જોડીને તે પૂર્વસ્મૃતિઓના નામે શ્લોકબદ્ધ સ્મૃતિઓની રચના કરી. પાછળથી રચાયેલી આ શ્લોકબદ્ધ સ્મૃતિઓમાં મનુસ્મૃતિનું ગૌરવ સૌથી વધુ છે. મનુસ્મૃતિમાં ઉક્ત પ્રકારની પુનર્રચના કેટલીયે વાર થઈ ચૂકી છે. હવે તે પાછળથી બનેલી શ્લોકબદ્ધ મનુસ્મૃતિઓમાંથી પણ અનેક સ્મૃતિઓનો લોપ થઈ ગયો છે. હાલમાં માત્ર મનુ, યાજ્ઞવલ્ક્ય વગેરે ગણીગાંઠી સ્મૃતિઓ જોવા મળે છે. સમય નહીં બદલાય તો થોડા દિવસોમાં આમનો પણ લોપ થઈ જશે.

હવે ભારતરૂપી હિમસ્રોતમાં દૃશ્ય તદ્દન બદલાઈ ગયું છે. હવે તેના અનુપમ શુભ્ર ભૂમિ ભાગોમાં પ્રાતઃકાલીન સૂર્યદેવનાં ત્રાંસાં કિરણો પડેલાં નથી. હવે તેમાંથી ઝાકળ ઉડી ગયું છે. હવે અહીં વ્યવસ્થાધર્મનું નામ, તેની પરિભાષા, તેનાં લક્ષણ, તેનું તત્ત્વ, તેનો ઉદ્દેશ, ઉપનય, મૂળ અને વિશેષતા બધાં જ બદલાઈ ગયાં છે. હવે અહીં વ્યવસ્થાધર્મનું નામ લૉ (Law) અથવા કાયદો બની ગયું છે. લૉ અથવા કાયદો કહે છે શાસકના હુકમને. તેનું લક્ષણ છે સમાજમાં તેનું ઉલ્લંઘન ન થઈ શકવું તે. આથી તેનું તત્ત્વ છે પોઝીટીવનેસ (Positiveness) અર્થાત્ બળપૂર્વક પાલન કરાવવાની શક્તિ, તેને ન માનનારાને સજા. કાયદાના આ તત્ત્વનો હાલમાં ભારતમાં એટલો પ્રચાર છે કે સાધારણ લોકોના મતે બધા સરકારી હુકમ કાયદા ગણાય છે.

સાધારણ લોકોના વિચાર અને વકીલોના વિચારમાં એટલો જ ફેર છે કે વકીલોના મત અનુસાર કાયદો કહેવાતા સરકારી હુકમો વિધિવિધાનપૂર્વક લેજેસ્લેટિવ કાઉન્સિલમાં અર્થાત્ કાયદા ઘડનારી સભામાંથી પસાર થવા જોઈએ. પરંતુ સાધારણ લોકોના મતે આવી કોઈ આવશ્યકતા નથી. આવશ્યકતા એટલી જ હોય છે કે તે હુકમ આપનાર કોઈ સરકારી માણસ હોવો જોઈએ, પછી ભલે તે પટાવાળો હોય. વર્તમાન કાયદાઓનો ઉદ્દેશ છે રાજ્યના હિતનું યોગક્ષેમ કરવું. તેના ઉપનય છે - બધા લોકો કાયદાઓ પોતાની જાતે જ જાણી લે છે, અથવા એક વાર અંગ્રેજીમાં લખેલા ગેઝેટમાં છપાઈ જવાથી બધા લોકો કાયદાઓ જાણી લે છે. આથી કાયદાનું જ્ઞાન ન હોવાને કારણે કોઈ સજામાંથી મુક્તિ મેળવી શકતું નથી. શુદ્ધિનો એક માત્ર ઉપાય છે દંડ. રાજાથી ભૂલ થઈ શકતી નથી તેથી

રાજા કરે તે ન્યાય. આ કાયદાઆનું મૂળ છે રોમન ધર્મશાસ્ત્ર, પરંતુ તેમના શરીર પર જામો ચઢેલો છે ઈંગ્લેન્ડના વિચારોનો. પછી ભારતમાં ઉર્જા મેળવીને વખતો વખત, વાત વાત માટે નવી નવી શાખારૂપી કાયદા બનતા ગયા. પછી તેમાં પ્રિવી કાઉન્સીલ અને હાઈકોર્ટની રીતરસમનાં પર્ણો આવતાં જતાં રહે છે. આથી તેમાં સાધારણ લોકોની, સાધારણ લોકોની તો શું સાધારણ વકીલોની ચાંચ ડૂબવી પણ અઘરી થઈ ગઈ છે.

વર્તમાન કાયદાઓનાં આવાં તત્ત્વ, આવા ઉદ્દેશ, આવા ઉપનય, આવી ઉત્પત્તિને કારણે તેમની વિશેષતા થઈ ગઈ છે કે તે બહુધા અબુદ્ધિસંગત, જટિલ, બહુસંખ્યક, વિદ્વદ્વિલાસિક, અવસ્તુમૂલક, પરિગ્રહી, સતતદંડ, અસમદર્શી, અનામોક્ત અને પૂવકૃતાનુસારી હોય છે. આ વિશેષતાનાં ઉદાહરણો જ્યાં ત્યાં મળે છે. જેમ કે

૧. જે કરારપત્રમાં અનેક સાક્ષીઓના હસ્તાક્ષર નથી હોતા તેને સાધારણ ઋણપત્ર-કરજખત સમજવું, પછી ભલે તેમાં ગીરો રાખનાર અને એક સાક્ષીની સહી હોય તથા તે ગીરો ખતની નોંધણી પણ થઈ ગઈ હોય અને ગીરો રાખનાર તેનો સ્વીકાર પણ કરતો હોય.

૨. કોઈ રુક્કાનો, જેમાં ભૂલથી અથવા મળી ન શકવાથી એક આનાની ટીકીટ ન ચોંટાડી હોયતો સાક્ષી માટે સ્વીકાર ન થવો.

૩. કોઈ શાહુકારના, જે કાર્યવશાત્ બહારગામ ગયો હોય પરંતુ માંદગીને કારણે ત્યાં રોકાઈ ગયો હોય તે દરમિયાન તેના ઋણપત્રોની અવધિ પૂરી થઈ જાય તો, પૈસાનો દાવો ન થઈ શકવો.

૪. ઉગ્ર આરકન્દી ચરસને બદલે મધુર ચૌગર્થા ચરસનો ઉપયોગ કરનારને દંડ કરવો.

૫. પોતાની ગોશાળામાં પેધા પડેલા વાઘને બંદૂક લઈને મારનારનો આર્મ્સ એક્ટ (હથિયાર ધારા) અન્વયે દંડ કરવો.

આવા બીજા અનેક કાયદાઓ છે. તે બધાનો ઉલ્લેખ અહીં થઈ શકતો નથી. પરંતુ તે બધામાં આર્મસ એક્ટ અને કાયદા અવધિ એવાં છે જે વકીલો સિવાય કોઈનેય સમજાતાં નથી.

આવા બધા કાયદાઓની સંખ્યા કેટલી વધી ગઈ છે તેનું અનુમાન કોઈ સારા વકીલનું પુસ્તકાલય જોઈને થઈ શકે છે. તે પુસ્તકાગારને જોઈને બધાના મનમાં એક વાર તો એ વિચાર આવે જ છે કે જેટલા સમય અને જેટલા પરિશ્રમથી આ કાયદાઓનું જંગલ ખૂંદવામાં આવે છે તેટલા સમય અને તેટલા પરિશ્રમથી માણસ કંઈનો કંઈ થઈ શકે છે.

અંગ્રેજી કાયદાશાસ્ત્ર અનુસાર ન્યાય બે પ્રકારનો મનાય છે. એક પ્રાકૃતિક ન્યાય (Natural Justice) અને બીજો કાયદાકીય ન્યાય (Legal Justice) એમ પણ કહેવાય

છે કે સભ્ય સમાજમાં કાયદાકીય ન્યાય થતો હોય છે. આથી આજે ન્યાયાલયોમાં વિદ્વદ્વિલાસની આવશ્યકતા વધતી જાય છે.

દંડનો ઉપયોગ કર્યા વિના આવા કાયદાઓનો સમાજમાં પ્રચાર થઈ શકતો નથી. તે બહુધા સતતદંડ હોય છે અને જે દંડાત્મક નથી ગણાતા તેમાં પણ ક્યાંક ક્યાંક દંડની ઝલક જોવા મળે છે. જેમ કે સ્ટેમ્પ એક્ટ.

આ કાયદાઓની રચના અથવા તેમાં પરિવર્તન થાય છે શાસકની આજ્ઞાથી અથવા તેની પ્રતિનિધિ એવી કાયદા ઘડનારી સભા દ્વારા. આથી શાસક કાયદાથી શ્રેષ્ઠ મનાય છે. તે જે ઈચ્છે તે કરી શકે છે, જેવા ઈચ્છે તેવા કાયદા બનાવી શકે છે, જેવું ઈચ્છે તેવું તેમાં પરિવર્તન કરી શકે છે.

ભારતમાં આ કાયદાઓની ઉત્પત્તિ થઈ છે અંગ્રેજી રાજ્યથી. અંગ્રેજી રાજ્યમાં કાયદાઓની રચના થાય છે રોમન ધર્મશાસ્ત્ર અનુસાર. રોમન ધર્મશાસ્ત્રમાં શાસકની મરજી કાયદો મનાય છે. એનું કારણ એ છે કે પહેલાં જયારે રોમમાં રિપબ્લિક રાજ્ય હતું ત્યારે સેનેટ નામની સભા દ્વારા કાયદાઓનો મુસદ્દો બનતો હતો. તે મુસદ્દાના વિષયમાં ટ્રિબ્યુનેટ નામની પ્રજાપ્રતિનિધિ સભાની સંમતિ લેવામાં આવતી હતી. ઈમ્પીરિયમ નામના અધિકારી મંડળ દ્વારા તે કાયદાઓનો પ્રચાર કરવામાં આવતો હતો. પરંતુ સેનેટ અને ટ્રિબ્યુનેટના સભ્યો મોટે ભાગે નકામા, કુટિલ અને સ્વાર્થપરાયણ લોકો રહેતા. સેનેટને પ્રજાહિતના યોગક્ષેમ કરતાં પોતાના પદ અને અધિકારોને જાળવી રાખવાની ચિંતા વધુ રહેતી. ટ્રિબ્યુનેટ સેનેટની હા માં હા મેળવતી હતી. ઈમ્પીરિયમ હંમેશા ઉદ્યતદંડ રહીને ત્રાસ પ્રસરાવી દેતી હતી. સેનેટ, ટ્રિબ્યુનેટ અને ઈમ્પીરિયમની આવી કાર્યવાહીથી પ્રજા ખિન્ન થઈ ગઈ. રોમમાં અશાંતિ ફેલાઈ ગઈ. સેનેટ ડામાડોળ થઈ ગઈ. રિપબ્લિક ચાલુ રહેવું મુશ્કેલ થઈ ગયું. રાજ્યશૈલીમાં કેટલુંક પરિવર્તન કરવામાં આવ્યું. સલ્લા નામની એક વ્યક્તિને થોડા સમય માટે રોમની ડિરેક્ટર અર્થાત્ સ્વતંત્ર અધ્યક્ષ બનાવવામાં આવી. એની ડિરેક્ટરીના સમયમાં સેનેટ ઘણી સ્થિર થઈ. પ્રજામાં ફરી સેનેટનો ડંકો વાગવા લાગ્યો. પ્રત્યેક બિલનો સ્વીકાર થઈને કાયદાઓની ભરમાર થવા લાગી. આ કાયદાઓને કારણે પ્રજાના નાકમાં દમ આવી ગયો. એક એક ક્ષણ ભારે થતી ગઈ. પરિણામે રોમની દશા સુધરવાને બદલે વધારે બગડી ગઈ. ત્રણ તેજસ્વી પુરુષો સેનેટ વિરુદ્ધ ઉભા થયા. આ મહાપુરુષોનાં નામ હતાં પોમ્પિયસ, જુલિયસ અને ક્રેટસ. આ ત્રણ વીરોનું જૂથ રોમના ઈતિહાસમાં પ્રથમ ટ્રાયમ્બરેટ નામથી ઓળખાય છે. આ ટ્રાયમ્બરેટની મદદથી જુલિયસને રોમનો કૌન્સલ અર્થાત ઉપદેશક બનાવવામાં આવ્યો. જુલિયસ કૌન્સલ બનતાં જ સેનેટ દ્વારા બનાવેલા બધા કાયદા રદ કરવામાં આવ્યા. સેનેટ તદ્દન ફિક્કી અને નિર્બળ થઈ ગઈ. સમયાંતરે આ વીરોમાં ફૂટ પડી. તેઓ આપસમાં લડવા લાગ્યા. મેસોપોટેમિયામાં

ક્રેટસનું અને મિસરમાં પોમ્પિયસનું મૃત્યુ થયું. રહ્યો માત્ર જુલિયસ જેને આજન્મ રોમ સામ્રાજયનો ડીરેક્ટર બનાવવામાં આવ્યો. સેનેટના અધિકાર એક એક કરીને જુલિયસને મળવા લાગ્યા. તેના વધતા પ્રભાવ સામે સેનેટ નિસ્તેજ થઈ ગઈ. કાયદાની રચના કરતી વખતે સેનેટની પ્રવા ઘણી ઓછી થવા લાગી. જુલિયસ સીઝર પોતે ઈચ્છે તેવો કાયદો બનાવી લેતો હતો. અંતે તેના વિરુદ્ધમાં ષડયંત્ર રચાયું અને એક દિવસ સેનેટના સભાભવનમાં કેટલાક સરદારોને હાથે સીઝર માર્યો ગયો. એના મૃત્યુ પછી સેનેટને પોતાના ખોયેલા અધિકારો પુનઃ પ્રાપ્ત થયા પરંતુ રોમ સામ્રાજ્ય રિપબ્લિકન અને સીઝરિયન એમ બે જૂથોમાં વિભક્ત થઈ ગયું.

સેનેટનું પક્ષપાતી જૂથ રિપબ્લિકન અને સીઝરનું જૂથ સીઝરીયન કહેવાવા લાગ્યું. સીઝરિયન જૂથના ત્રણ નેતા હતા. સીઝરનો ઉત્તરાધિકારી ઓક્ટેવિયસ અને તેના બે મિત્રો એન્ટોનિયસ અને લિપિડસ. આ ત્રણ લોકોએ પોતાનું એક જૂથ બનાવીને સીઝરને મારનારા સરદારોનો બદલો લેવાનું વિચાર્યું. ફિલિપીના મેદાનમાં આ બંન્ને દળો વચ્ચે મોટું યુદ્ધ થયું, જેમાં રિપબ્લિકન દળ હારીને નષ્ટભ્રષ્ટ થઈ ગયું. કાયદા ઘડવાનો અધિકાર સેનેટના હાથમાંથી સરી જઈ ફરી આ ત્રણ વ્યક્તિના હાથમાં આવી ગયો. તે પછી પહેલાંની જેમ જ આ ત્રણ વ્યક્તિઓમાં પણ ફૂટ પડી ગઈ. લિપિડસ અને એન્ટોનિયસને ભાગ્યે યારી ન આપી. તેઓ જ્યાં ના ત્યાં વિલીન થઈ ગયા. ઓક્ટોવિયસ ઘણો ચતુર અને દૂરદર્શી હતો. તેણે મોનાર્કી એકદમ સ્થાપિત કરવાને બદલે ક્રમશઃ તેમ કરવું ઉચિત માન્યું. આથી તેણે સેનેટ અને ટ્રિબ્યુનેટની સંમતિથી સેના સંબંધી બધા અધિકાર પોતાના હાથમાં લઈ લીધા અને જુલિયસ સીઝરના વિરોધી જૂના સરદારોને પોતાના પક્ષમાં ભેળવી લીધા. તે પછી ઓક્ટોવિયસે સેનેટનું ઉપદેશક પદ જાતે જ છોડી દીધું જેના બદલામાં બધાએ ભેગા મળીને તેને આજન્મ સમસ્ત રોમન સામ્રાજયનો ટ્રિબ્યુન અને પ્રેટર બનાવી દીધો. ટ્રિબ્યુન તરીકે કાયદાઓનો સૂત્રપાત ઓક્ટોવિયસની ઈચ્છાનુસાર થવા લાગ્યો. પ્રેટર તરીકે તેની ઈચ્છા અનુસાર સેનેટમાં બિલ પસાર થવા લાગ્યાં. સેનાધિપતિ તરીકે બધાં પર તેની દહેશત બેસી ગઈ. કોઈનેય તેની આજ્ઞાનો ભંગ કરવાનું સાહસ થતું નહીં. અર્થાત્ ઓક્ટોવિયસ સીઝર ટ્રિબ્યુન તરીકે બિલ તૈયાર કરતો હતો, પ્રેટર તરીકે એનો સ્વીકાર કરતો હતો અને સેનાની તરીકે એનો પ્રચાર કરતો હતો. ક્રમશઃ આક્ટોવિયસ સીઝરનાં બધાં આજ્ઞાપત્રો કાયદા સમાન ગણાવા લાગ્યાં. સમયાંતરે તેનું પરિણામ એ આવ્યું કે રોમમાં શાસકનો હુકમ કાયદો મનાવા લાગ્યો. પોઝિટિવનેસ (Positiveness) અર્થાત્ બળપૂર્વક પાલન કરાવવાની શકિત કાયદાનું તત્ત્વ ગણાવા લાગી. અર્થાત્ રોમમાં એ સિદ્ધાંત મનાવા લાગ્યો કે 'રાજા કરે એ ન્યાય'.

કાયદાની આ કલ્પના એ બધા જ દેશોમાં પ્રસરી ગઈ જેમણે રોમ પાસેથી ધર્મશાસ્ત્રનું શિક્ષણ લીધું. આથી ઈંગ્લેન્ડમાં પણ કાયદાની આ જ કલ્પના માનવામાં આવે છે. ભારતમાં ઈંગ્લેન્ડનું રાજ્ય હોવાથી ત્યાં આ કલ્પના સોળે સોળ આના માનવામાં આવે છે.

ભારતમાં કાયદા ઘડવાના અધિકાર રાજાના પ્રતિનિધિ મોટા લાટ અને નાના લાટોને અપાયેલા રહે છે. એમને કામ ઘણું હોય છે. આથી તેમની મદદમાં તેમને એક એક કાયદા ઘડનારી સભા અપાયેલી હોય છે, જે લેજિસ્લેસ્ટિવ કાઉન્સિલ કહેવાય છે. પરંતુ આ લેજિસ્લેટિવ કાઉન્સિલ રોમની સેનેટ અથવા ઈંગ્લેન્ડના હાઉસ ઓફ લોર્ડ જેવી હોતી નથી. તે પૂર્ણ રીતે મોટા લાટ અને નાના લાટોને આધીન હોય છે. આ કાઉન્સિલોને પોતાના અધ્યક્ષ મોટા લાટ કે નાના લાટની ઈચ્છા અનુસાર કાયદા બનાવવા પડે છે. જ્યારે કોઈ નવો કાયદો બને છે અથવા જૂના કાયદામાં કોઈ પરિવર્તન કરવામાં આવે છે ત્યારે પહેલાં લેજિસ્લેટિવ કાઉન્સિલમાં બિલ અથવા મસૂદો પેશ કરવામાં આવે છે. પછી તે બિલ પર વાદ વિવાદ થાય છે. અંતે અધ્યક્ષની સંમતિથી જે વાત પાકી થાય છે તે કાયદા રૂપે બહાર પડે છે અને પછી તે સરકારી ગેઝેટમાં છાપવામાં આવે છે, અને એ માની લેવામાં આવે છે કે બધા લોકો તેનાથી પરિચિત થઈ ગયા છે. આ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં કોઈ કોઈ આપણા લોકોને પણ સામેલ કરવામાં આવે છે. પરંતુ આ શોભારૂપ સભ્યો દ્વારા કામ કશું થઈ શકતું નથી. તેઓ આજ સુધી ન તો એવા કોઈ કાયદા બનાવી શક્યા જે બનાવવા ભારત ઈચ્છે છે, અને ન તો એવા કાયદા રદ થઈ શક્યા જેને તે રદ કરવા ઈચ્છે છે. રાજાના પ્રતિનિધિ જેવા કાયદાઓનો સૂત્રપાત કરે છે અથવા જેવા તેઓ ઈચ્છે છે તેવા કાયદા બનાવવામાં આવે છે. આપણા સભ્યો માત્ર વિધવાવિવાહ સંબંધી કે આંતરવર્ણ વિવાહ સંબધી કાયદા જ બનાવી શકે છે. શાસન સંબંધી કાયદારચનામાં તેમની પિપૂડી ક્યાંય સાંભળવામાં આવતી નથી.

અર્વાચીન ભારતના કાયદાઓની મૂલ્યોત્પત્તિ અને ઉત્તરવૃદ્ધિનું થોડુંક જ વર્ણન થઈ શક્યું છે, જે પરથી સારી રીતે સમજી શકાય છે કે પ્રાચીન ભારતના વ્યવસ્થાધર્મ અને અર્વાચીન ભારતના કાયદાઓમાં કેમ આટલો ભેદ પડી ગયો છે. હવે આપણું રાજ્ય ન રહેવાથી આપણા વ્યવસ્થાધર્મનો લોપ થઈ ગયો છે. આપણો વિરાટરૂપી ચંદ્રમા અંતર્ધાન થયા પછી આમ થવાનું જ હતું, કારણ કે

शशिनासह याति कौमुदी
सह मेघेन तडित् प्रलीयते ।

## ૫.
## દેશકાળ વિભાગ

જગતમાં બધું જ દેશ કાળ અનુસાર થાય છે. દેશ કાળ અનુકૂળ હોય તો બધાં કામ સિદ્ધ થાય છે અને તે પ્રતિકૂળ હોય તો બધાં કામો નષ્ટ થાય છે. પરંતુ દેશકાળ તો નિત્ય બદલાતાં રહે છે. તે ક્યારેક અનુકૂળ તો ક્યારેક પ્રતિકૂળ હોય છે. આથી કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે અનુકૂળ દેશ કાળનો લાભ લેવો અને પ્રતિકૂળ દેશ કાળનો પ્રતિકાર કરવો આવશ્યક હોય છે. આમ કર્યા સિવાય કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકે નહીં. જે કામ પ્રયાગના ગંગાતીરે જેઠ મહિનામાં જે પ્રકારે થાય છે તે માનસરોવરતીરે મહા મહિનામાં તે રીતે થઈ શકતું નથી. ભગવતી પ્રકૃતિનાં બધાં કાર્યો દેશ કાળ વિભાગ અનુસાર જ થતાં હોય છે. વિરાટના યોગક્ષેમ માટે પણ ગુણશાસ્ત્રાનુસાર દેશવિભાગ અને જ્યોતિષશાસ્ત્રાનુસાર કાલવિભાગ હોવો અને પછી તે દેશ-કાળ-વિભાગ અનુસાર શાસનવ્યવસ્થા હોવી આવશ્યક છે. આમ થયા વિના ન તો વિરાટનો યોગક્ષેમ થાય છે ન તો વર્ણાશ્રમધર્મ નભી શકે છે અને ન તો અર્થાયામ થઈ શકે છે. શક્તિ, સમય અને અર્થનો વૃથા ક્ષય થાય છે.

દેશ કાળ વિભાગ અને તદનુરૂપ ચર્ચાના વિષયમાં આપણા આચાર્યોએ ઘણું કહી રાખ્યું છે. આપણાં ગુણશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રનું સર્જન આ જ હેતુથી થયું હતું. ગુણશાસ્ત્રનો તો હવે ક્યાંય પત્તો પણ લાગતો નથી. માત્ર વૈદક, નિઘંટુ અને યોગની ટિપ્પણીઓમાં ક્યાંક ઉલ્લેખ થયેલો જોવા મળે છે. જ્યોતિષશાસ્ત્ર હજી સુધી થોડું અસ્તિત્વમાં છે, પરંતુ જુદા જ રૂપે. આ પુસ્તકમાં દેશ કાળ વિભાગના વિષયમાં એક બે વાતો લખી શકાય એમ છે. સ્થાનાભાવને કારણે પૂરું વર્ણન થઈ શકે એમ નથી.

આપણા આચાર્યોના મત અનુસાર વિભિન્ન સ્થળોમાં સત્ત્વાદિગુણોની વિભિન્ન પ્રકારની માત્રા હોવાથી ત્યાંનાં જળ વાયુ અને અન્ન પણ વિભિન્ન પ્રકારનાં હોય છે. તે જળ વાયુ અને તે અન્નાદિ અનુસાર ત્યાંના મનુષ્યોનાં બુદ્ધિ, મન અને શરીર હોય છે. બુદ્ધિ, મન, શરીર અનુસાર કામ કરવાથી હિત અને તેનાથી વિપરીત કામ કરવાથી અહિત થાય છે. આથી આપણા દૈશિકાચાર્યોએ ગુણશાસ્ત્ર અનુસાર સત્ત્વાદિ ગુણોની માત્રાનો વિચાર કરીને સમસ્ત દેશને, પૃથ્વીને- અનેક આવર્તોમાં, પ્રત્યેક આવર્તને અનેક રાષ્ટ્રોમાં, પ્રત્યેક રાષ્ટ્રને અનેક પુરોમાં વિભક્ત કર્યું. પ્રત્યેક પુર અનેક ગામોથી વ્યાપ્ત રહેતું હતું. દેશની વિશેષતા ચિતિ મનાય છે અને તેના અધિષ્ઠાતા ઋષિઓ હતા. આવર્તની વિશેષતા આચાર મનાતો હતો અને તેના અધિષ્ઠાતા આચાર્ય હતા. રાષ્ટ્રની વિશેષતા વ્યવસાય મનાતી હતી અને તેનો અધિષ્ઠાતા વ્યવસાયી હતો. ગ્રામની વિશેષતા અર્થ હતો અને તેના અધિષ્ઠાતા અર્થ ઉત્પાદક

હતા. એક વિભાગની વિશેષતાઓનો લાભ બીજા વિભાગ સુધી પહોંચાડવો અને તેની ન્યૂનતાને તેના સહવર્ગીઓની વિશેષતાઓથી પૂરી કરવી તે રાજ્યનું મુખ્ય કર્તવ્ય મનાતું હતું.

આપણા દેશની સીમામાં જે રાષ્ટ્રો હતાં તે એટલાં શક્તિશાળી હતાં કે પોતાના પાડોશી રાજ્યને એકલા સહજતાથી પરાજિત કરી શકે. પરંતુ તેમ છતાં જ્યારે પણ કોઈ સ્વરાષ્ટ્રનું પરરાષ્ટ્ર સાથે યુદ્ધ છેડાતું તો તે યુદ્ધ સમસ્ત દેશનું મનાતું. બધાં જ રાજ્યો પોતપોતાની શક્તિ સાથે તે યુદ્ધમાં સમ્મિલિત થતાં હતાં. જ્યારથી આપણાં રાજ્યોની દેશ ધર્મનો ત્યાગ કરીને પોતપોતાની ટોપી સાચવી રાખવાની વૃત્તિ થવા લાગી ત્યારથી ભારતનો અવપાત થવા લાગ્યો.

રાષ્ટ્ર અનેક પ્રકારનાં હતાં. કોઈ મોટાં તો કોઈ નાનાં. મોટાં રાષ્ટ્રોની પુરસંખ્યા વિષે કોઈ નિયમ નથી, પરંતુ સૌથી નાના રાષ્ટ્રમાં ચાર પુર રહેતાં. પ્રત્યેક રાષ્ટ્રની મધ્યમાં એક પુર રહેતું જે રાષ્ટ્રનિધિ અથવા રાષ્ટ્રાધિષ્ઠાન કહેવાતું હતું. તેની ચારે બાજુ બીજાં પુરો રહેતાં. એક પુર બીજા પુરથી ઓછામાં ઓછું બાર ગવ્યૂતિ અર્થાત્ લગભગ અડતાલીસ માઈલના અંતરે અને વધુમાં વધુ ચોવીસ ગવ્યૂતિના અંતરે રહેતું. પુરની જનસંખ્યા ઓછામાં ઓછી દશ હજાર અને વધુમાં વધુ પાંચ લાખ રહેતી. પ્રત્યેક પુર વચ્ચે વચ્ચે આપણોમાં વિભક્ત થતું. એક આપણ બીજા આપણથી એટલા અંતરે રહેતું જેટલી બે પાસપાસેનાં આપણોની લંબાઈ રહેતી. એક આપણમાં લગભગ એક સો ઘર રહેતાં. આપણમાં બધાં ઘરો મોટેભાગે એક જ હાર તો ક્યારેક બે હારમાં બનાવેલાં રહેતાં. તે બધાં ઘરો સરખી ઊંચાઈનાં બનાવાતાં. પ્રત્યેક ઘરના આંગણાની પહોળાઈ તે ઘરની ઊંચાઈથી બમણી રહેતી. ઘરની સામેની જમીન આંગણું કહેવાય છે. પ્રત્યેક પુરની બહાર ચારે બાજુ વનભૂમિ રહેતી જે ઓછામાં ઓછી એટલી રહેતી કે જેમાં એ પુરના લોકો માટે બળતણ, એમની સંખ્યાથી બમણી ગાયો માટે ઘાસ, એ પુરની જનસંખ્યાના એક ચતુર્થાંશ લોકો માટે અર્થાત્ ત્યાંના બ્રહ્મચારી અને વાનપ્રસ્થો માટે આશ્રમ થઈ શકે. આ વનભૂમિ અકર રહેતી. તેમાંથી કોઈ પ્રકારનો કર લેવામાં આવતો નહીં. ઉલટું રાજ્યકોષમાંથી તેના રક્ષણ અર્થે દ્રવ્ય ખર્ચ કરવામાં આવતું. આ અકર ભૂમિની સાથે કૃષિવાટિકા, ઉપવન વગેરે માટે તેટલી જ સકર ભૂમિ રાખવામાં આવતી. આ ભૂમિ પુર અને અકર ભૂમિની વચ્ચે રહેતી.

આ સકર અને અકર ભૂમિની બહાર પુરની ચારે દિશાએ ગામો વસેલાં રહેતાં. ગામની જનસંખ્યા ઓછામાં ઓછી એક સો અને વધુમાં વધુ એક હજાર રહેતી. એક ગામ બીજા ગામથી ઓછામાં ઓછું અર્ધગવ્યૂતિ - ૨ માઈલ - અને વધુમાં વધુ બે ગવ્યૂતિ - ૮ માઈલ- ના અંતરે રહેતું. જે હિસાબે પુર માટે અકર અને સકર ભૂમિ

રાખવામાં આવતી તેના બે થી ત્રણ ગણા હિસાબે ગામો માટે પણ રાખવામાં આવતી.

પુર અને ગામની બાકી રહેલી જનતા માટે બીજાં પુર અને બીજાં ગામ વસાવવામાં આવતાં.

પ્રત્યેક આવર્ત, પ્રત્યેક રાષ્ટ્ર, પ્રત્યેક પુર અને પ્રત્યેક ગામની અવસ્થા એવી રહેતી કે આર્થિક રીતે તે બીજા કોઈને અધીન રહેતું નહીં. પ્રત્યેક સ્થાનની આવશ્યકતા અનુસાર બધા વિષયના વિદ્વાન, બધા પ્રકારના શિલ્પી, બધા પ્રકારના વ્યવસાયી તેમાં રહેતા. પ્રત્યેક સ્થાને વેપારનો એવો નિયમ રહેતો કે તેનો અતિપ્રયોજન, વિપ્રયોજન કે નિષ્પ્રયોજન માલ અર્થાત્ એવો માલ કે જે પ્રયોજન કરતાં વધારે હોય, જેનું પ્રયોજન ન રહ્યું હોય, અને જેનું ક્યારેય પ્રયોજન ન હોય, તેને બહાર કાઢીને એવા સ્થાને લઈ જવાય કે જ્યાં તેનું પ્રયોજન હોય, પરંતુ એવો વેપાર ક્યારેય કરવા દેવામાં આવતો નહીં જને લીધે ત્યાંના અન્નાદિ આવશ્યક પદાર્થ વાળીઝૂડીને બહાર લઈ જવાય અને ત્યાંથી નકામી વસ્તુઓ લાવીને ઘરમાં ભરવામાં આવે, અને ન તો એવો વેપાર કરવા દેવામાં આવતો જેને લીધે તે સ્થાન બીજા સ્થાનને અધીન થવા લાગે.

વ્યક્તિગત સુખસમૃદ્ધિ માટે પ્રત્યેક સ્થાન આર્થિક રીતે સ્વતંત્ર રાખવામાં આવતું હતું. પરંતુ સમષ્ટિગત સુખસમૃદ્ધિ માટે તે બધાં સ્થાનો દૈશિકરૂપે પરસ્પર પરતંત્ર રાખવામાં આવતાં હતાં, અને તે બધાં એક પરિષ્કૃતિરૂપી સૂત્રમાં ગૂંથાયેલાં રહેતાં હતાં.

દેશનાં વિભક્ત થયેલાં અંગોને એક સૂત્રમાં ગૂંથવા માટે આપણા આચાર્યોએ અનેક ઉપાય કહ્યા છે જેમાંથી કેટલાક નિમ્નલિખિત છે.

૧. દેશમાં એક સમ્રાટ હોવો, સમ્રાટપદ અન્યવાગત ન રહેતાં ગુણોત્કર્ષાનુસારી હોવું, અર્થાત્ જે રાષ્ટ્રનો શાસક રાષ્ટ્રવર્ધક સિદ્ધ થઈને દેશવર્ધક મનાય તે રાજયસૂયયજ્ઞ અને સામ્રાજ્યાભિષેક માટે યોગ્ય ગણાવો. રાષ્ટ્રવર્ધન સિદ્ધ થવા માટે રાજામાં નિમ્નલિખિત ગુણો હોવા જોઈએ. (૧) પ્રજાનુરાગ અને (૨) ક્ષાત્રબળ. આમાંથી કોઈ એક જ હોવાથી કોઈ રાજા રાષ્ટ્રવર્ધક મનાતો નહોતો, આથી જ શિશુપાલ, જરાસંધ જેવા રાજાઓ રાજસૂય યજ્ઞ ન કરી શક્યા.

૨. સામ્રાજ્યમાં દેશના સમસ્ત મહારથીઓનું, મહાપુરુષોનું, દૈશિકાચાર્યોનું, મોટા મોટા વિદ્વાનોનું કોઈ ને કોઈ પ્રકારે અર્થૈક્ય રહેવું.

૩. સમસ્ત રાષ્ટ્રો સામરાષ્ટ્રનાં અનુવર્તી હોવાં, અર્થાત્ જાતીય અને દૈશિક વિષયોમાં રાષ્ટ્રપતિઓની એક સભા હોવી અને સમ્રાટ તેનો અધ્યક્ષ હોવો.

૪. બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીઓ સમસ્ત દેશમાં સ્વજનો મનાવા, અને તેમણે પણ કોઈ એક સ્થાનની મમતા ન રાખતાં સમસ્ત દેશને પોતાનો જ સમજવો.

૫. પ્રત્યેક રાષ્ટ્રમાં એક જાતીય તીર્થ હોવું, એમાં કોઈ એક રાષ્ટ્રનો અધિકાર ન રહેતાં સમસ્ત દેશનું સ્વત્વ હોવું.

૬. ઓછામાં ઓછું એક વાર બધા લોકોએ તીર્થાટન કરવું.

૭. પરિવ્રાજકોએ પોતાના દેશમાં નિત્ય ભ્રમણ કરતા રહીને જાતીય ભાવનાઓ જાળવી રાખવી.

૮. કોઈ નિયત પર્વના દિવસે નિયત તીર્થસ્થાને જાતીય ધર્મમીમાંસા થવી અને તેમાં સમસ્ત રાષ્ટ્રના આચાર્ય વગેરે સમ્મિલિત થવા. આવા પ્રકારનાં મોટાં પર્વો આવર્તોમાં ફરતાં રહેવાં. આવાં પર્વોમાં હવે માત્ર કુંભ પર્વ જ શેષ છે.

૯. જાતીય મંત્ર અથવા પ્રાર્થના અને જાતીય સંસ્કાર વગેરે એક જ સંસ્કૃત ભાષામાં હોવા.

૧૦. સમસ્ત દેશમાં એક જ પ્રકારની વ્યવસ્થા અને એક જ પ્રકારના આચાર વ્યવહાર રહેવા. જાતીય પર્વો તથા ઉત્સવો સર્વત્ર મનાવવામાં આવવા.

જેમ વિભિન્ન સ્થળો વિભિન્ન પ્રકારનાં નિમિત્ત હોય છે તે જ રીતે વિભિન્ન સમયે પણ વિભિન્ન પ્રકારનાં નિમિત્ત ઉપસ્થિત થઈ જાય છે. તે નિમિત્તો વિનાપ્રયોજન હોતાં નથી. ભગવતી પ્રકૃતિનું કોઈ કામ વિનાક્રમ કે વિનાપ્રયોજન થતું નથી. જે વાત સદા અને સર્વત્ર એક જ નિયમ પ્રમાણે થાય છે તેને ક્રમ કહે છે, પરંતુ વિશ્વમાં પ્રતિદિન અનેક ઘટનાઓ એવી પણ હોય છે જેમાં કોઈ ક્રમ જણાતો નથી. જેમ કે જે કાર્યો દ્વારા કોઈ વ્યક્તિ અથવા જાતિનો ઉદય થાય છે, સમયાંતરે તે જ કામો દ્વારા તે વ્યક્તિ અથવા તે જાતિનો અવપાત થવા લાગે છે. પરંતુ વાસ્તવમાં આ અક્રમતા આભાસ માત્ર હોય છે, કારણ કે જ્યારે અનેક કારણોનો સંયોગ થાય છે ત્યારે જ એક કાર્ય ઉત્પન્ન થાય છે. પરંતુ જે કારણોનો સંયોગ એક વાર થઈ જાય તેનો સંયોગ વારંવાર થતો નથી. પૃથ્વીની આંતરિક્ષિક અને ખગૌલિક સ્થિતિમાં નિત્ય પરિવર્તન થતું રહેવાને કારણે પૃથ્વીના વિભિન્ન ભાગોના સન્નિકર્ષોમાં પણ પરિવર્તન થતું રહે છે. આ જ સન્નિકર્ષ ભેદને કારણે સન્નિપાતમાં પણ ભેદ થતો રહે છે.

આપણા જ્યોતિષશાસ્ત્ર અનુસાર આકાશ અનંત છે. તેના જુદા જુદા ભાગોમાં સત્ત્વાદિ ગુણોનું પ્રમાણ પણ જુદું જુદું હોય છે, જેમાંથી પૃથ્વીને પસાર થવું પડે છે. પૃથ્વીની આ ગતિ આંતરિક્ષિક ગતિ કહેવાય છે. આ અનંત આકાશમાં અનંત પ્રકારનાં નક્ષત્ર, તારા, ગ્રહો વિભિન્ન ગતિએ ફરતાં રહે છે, જેમની વચમાંથી પૃથ્વીને જવું પડે છે. પૃથ્વીની આ ગતિ ખગૌલિક ગતિ કહેવાય છે. આ ગતિને કારણે પૃથ્વીના વિભિન્ન ભાગોમાં વિભિન્ન પ્રકારની અસર પડે છે. જેમ કે મંગળ ઉદય થવાથી પૃથ્વી તરફ તેજના ઉષ્ણપ્રવાહો વહેવા લાગે છે, જેને કારણે વરાળ ઘનીભૂત થઈ શકતી

નથી. શુક્રનો ઉદય થવાથી પૃથ્વી શીતળ થાય છે. આથી વરાળ ઘનીભૂત થઈને વરસે છે. હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે મંગળનો ઉદય થવાથી હંમેશાં દુકાળ કેમ પડતો નથી અને શુક્રનો ઉદય થયા પછી હંમેશાં વરસાદ કેમ વરસતો નથી. એ પ્રશ્નનું સમાધાન એ છે કે વિભિન્ન ગ્રહોમાંથી વહેનારા વિભિન્ન પ્રકારના પ્રવાહો ભેગા થવાથી જે ઉદર્ક પ્રવાહ વહે છેં તે અનુસાર દુકાળ કે વર્ષા થાય છે. આથી મંગળનો ઉદય થવાથી ન તો હંમેશાં દુકાળ પડે છે અને ન તો શુક્રોદયને કારણે હંમેશાં વર્ષા થાય છે. પૃથ્વીની આંતરિક્ષિક અને ખગૌલિક ગતિમાં નિત્ય પરિવર્તન થતાં રહેવાને કારણે તેના વિભિન્ન ભાગોમાં પણ નિત્ય પરિવર્તન થાય છે જેને લીધે ત્યાં વિભિન્ન પ્રકારના સન્નિકર્ષ હોય છે. જ્યાં જેવા સન્નિકર્ષો હોય છે ત્યાં તેવી જ સ્થાવર જંગમ સૃષ્ટિ, તેવી જ તેમની અવસ્થા, તેવી જ ત્યાંના લોકોની બુદ્ધિ, પ્રકૃતિ અને ચેષ્ટાઓ હોય છે, અને આ જ સન્નિકર્ષો અનુસાર ત્યાંનાં ધનધાન્ય અને પ્રાણીઓની ઉત્પત્તિ પણ ન્યૂનાધિક થતી રહે છે. આ જ સન્નિકર્ષોને કારણે વિભિન્ન સમયે વિભિન્ન પ્રકારનાં કારણો ઉપસ્થિત થતાં હોય છે જે દ્વારા પૃથક પૃથક પ્રકારનાં કાર્યો થતાં રહે છે.

હવે એ વાત સમજી શકાય છે કે પૃથ્વીની આંતરિક્ષિક અને ખગૌલિક ગતિઓનું તથા તેમની અસરોનું જ્ઞાન હોવાથી ભવિષ્યનું ઘણું અનુમાન પહેલાંથી જ થઈ શકે છે, જેથી થોડું ઘણું અનાગતવિધાન અર્થાત્ પહેલેથી ઉપાય કરી લઈ શકાય છે.આથી જ પહેલાંના સમયમાં મોટાં મોટાં માનમંદિર, મોટી મોટી વેધશાળાઓ સ્થાપવી તથા ગુણશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રના સારા સારા વિદ્વાનો રાખવા તે રાજ્યનો ધર્મ માનવામાં આવતો હતો. આ રીતે પૃથ્વીની આંતરિક્ષિક અને ખગૌલિક ગતિનું જ્ઞાન પહેલાંથી થઈ જવાથી અર્થાયામમાં ઘણી મદદ મળે છે. આવશ્યકતાથી વધારે હોય તેવા અર્થની નિકાસ અને આવશ્યકતા કરતાં ઓછા રહેનારા અર્થની ભરપાઈનો ઉપાય પહેલેથી વિચારી લેવાતો હતો.

તદ્ઉપરાંત આપણા આચાર્યોના મત અનુસાર કાળ વિભાગ અનુસાર ચર્યા અને નિયમપૂર્વક રહેવાથી મનુષ્યનાં મન, બુદ્ધિ, શરીર સ્વસ્થ રહે છે જેથી સ્વધર્મ પાલન કરવામાં ઘણી સહાયતા મળે છે.

પહેલાંના સમયમાં આચાર્યો ગુણશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રની મદદથી વર્ષફળની સૂચના ઘણી વહેલી આપી દેતા હતા. આ રિવાજનો ઢોંગ નષ્ટ ભ્રષ્ટરૂપે આજે પણ થતો રહે છે. પ્રત્યેક સવંત્સર પ્રતિપદાને દિવસે પ્રત્યેક ઘરમાં સંવત્સર ફળ અર્થાત્ એ વર્ષમાં થનારી ગ્રહોની સ્થિતિનું, પૃથ્વીની આંતરિક્ષિક અને ખગૌલિક ગતિનું તથા તેને કારણે વિભિન્ન પ્રકારના સ્થાવર જંગમની ઉત્પત્તિમાં થનારી વધ ઘટનું અને મનુષ્યોની માનસિક અને શારીરિક ચેષ્ટાઓનું વર્ણન સંભળાવવામાં આવે છે.

## પંચમ અધ્યાય
# દૈવી સંપદ યોગક્ષેમ

### ૧.
### અધિજનન

રાજ્ય અને સમાજને શ્રેષ્ઠ બનાવવાં, અર્થાયામ કરવો, ધર્મસંગત વ્યવસ્થાની રચના કરવી, યથાયોગ્ય દેશકાળ વિભાગ કરવા એ આહાર નિદ્રા મૈથુન અર્થે જ કાર્ય કરતા અથવા ભયથી દબાતા, લોભથી લલચાતા લોકાયતિક લોકોનું કામ નથી. એ કામ તો શ્રેષ્ઠ પુરુષોનું છે. શ્રેષ્ઠ કાર્યો માટે શ્રેષ્ઠ પુરુષોની આવશ્યકતા હોય છે. શ્રેષ્ઠતા પુસ્તકો વાંચવાથી પ્રાપ્ત થતી નથી. તે પ્રાપ્ત થાય છે દૈવીસંપદાથી. યુનાનમાં દૈવી સંપદા ન હોવાને કારણે જ પ્લેટોને તેનું રિપબ્લિક પોતાના સમયમાં અશક્ય જણાયું. દૈવી સંપદા ન હોવાથી જ એરિસ્ટોટલના દૈશિક વિચાર કાર્યમાં પરિણત થઈ શક્યા નહીં. એના અભાવને કારણે ઈંગ્લેન્ડને ટોમસ મૂરનું "યુટોપિયા" (Utopia) અશક્ય જણાયું. એની ન્યૂનતાને કારણે યુરોપમાં સોશિયાલિઝમ ડોલાયમાન થઈ રહ્યું છે. આચાર્ય પ્લેટોના મત અનુસાર શ્રેષ્ઠ રાજ્ય ત્યારે જ થઈ શકે જ્યારે રાજ્યનો ઉત્તરાધિકારી તત્ત્વદર્શી હોય. આચાર્ય અરસ્તૂના મત અનુસાર કોઈ પણ સમાજની શ્રેષ્ઠતા માટે એ આવશ્યક છે કે તેમાં કેટલાક શ્રેષ્ઠ મનુષ્યો હોય. માત્ર રાજ્યના ઉત્તરાધિકારી તત્ત્વદર્શી હોવાથી રાજ્ય શ્રેષ્ઠ થઈ શકતું નથી. ન તો ગણ્યાગાંઠ્યા મનુષ્યો શ્રેષ્ઠ હોવાથી સમાજ શ્રેષ્ઠ થઈ શકે છે. રાજ્યની શ્રેષ્ઠતા માટે સમસ્ત રાજકુળ અને રાજ્યાધિકારીઓ અને સમાજની શ્રેષ્ઠતા માટે સમસ્ત લોકો શ્રેષ્ઠ હોવા આવશ્યક હોય છે.

હવે વિચારાસ્પદ વાત એ છે કે નાનકડું યૂનાન રાજ્યના એક ઉત્તરાધિકારી અને સમાજના ગણ્યાગાંઠ્યા લોકોને એવા ન બનાવી શક્યું તો વિશાળ ભારત સમસ્ત રાજકુળને અને સમસ્ત પ્રજાને એવાં કેવી રીતે બનાવી શક્યું ?

યુરોપને અત્યાર સુધી જાણ નહોતી, અને આજે પણ તે પૂર્ણતયા જાણતું નથી કે તત્ત્વદર્શી રાજા અને શ્રેષ્ઠ લોકો અર્થાત્ દૈવી સંપદાયુક્ત મનુષ્યો કેવી રીતે બનાવી શકાય છે. યુરોપના મત અનુસાર મનુષ્યોને દૈવી સંપદયુક્ત બનાવવાનો એક માત્ર મુખ્ય ઉપાય છે તેમને સુશિક્ષિત બનાવવા. પરંતુ આપણા આચાર્યોના મત અનુસાર માત્ર લખવા વાંચવાથી કશું થઈ શકતું નથી. એ એક કુશળતા માત્ર છે. સ્વાતિ બિંદુની જેમ જેવા પાત્ર સાથે તેનો સંગમ થાય છે તેવું જ તેનું ફળ હોય છે. શ્રેષ્ઠ પુરુષ સાથે જવાથી એ કુશળતા સારા કાર્યમાં લઈ શકાય છે. મધ્યમ પુરુષ સાથે જવાથી તેનું ફળ પણ મધ્યમ હોય છે અને નીચ પુરુષનો સંગ થવાથી તેનું ફળ નીચ હોય છે. સ્વાધ્યાયથી માત્ર વાંચતી વખતે જ મનુષ્યના મનમાં દૈવી સંપદ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે. પરંતુ તે ઈચ્છા સફળ ત્યારે જ થાય છે જ્યારે મનુષ્યની માનસિક અને શારીરિક રચના તેને અનુકૂળ હોય. શાસ્ત્રપાઠ જેમનો એક માત્ર ગુણ હોય છે, પરંતુ જેમના શારીરિક અને માનસિક સંસ્કાર અનુકૂળ હોતા નથી તેમની શ્રેષ્ઠ કાર્યો કરવાની ચેષ્ટા વિડંબના માત્ર હોય છે. પોપટ અને મેનાઓ દ્વારા દૈશિક અને સામાજિક કાર્યો સાધ્ય થઈ શકતાં નથી. આવાં કાર્યો માટે જોઈએ વીર પુરુષરત્ન, જેમના સંસ્કાર આજન્મ અને મરણપર્યંત દૈવીસંપદામય હોય છે.

આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર મનુષ્ય સંસ્કારમય હોય છે. અર્થાત જેવા તેના સંસ્કાર હોય છે તેવો તે સ્વયં હોય છે. તેનાથી લેશ માત્ર વધારે કે ઓછો નહીં.

સંસ્કાર ચાર પ્રકારના હોય છે. (૧) જન્માંતર (૨) સહજ (૩) કૃત્રિમ () અન્વયાગત.

જન્માંતર સંસ્કાર એ કહેવાય છે જેને લઈને શરીરી એક શરીરનો ત્યાગ કરીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આ જ સંસ્કારો અનુસાર તે બીજા લોકમાં જઈને તેનાં કૃતકર્મોનો ઉપભોગ કરે છે. ત્યાં તેનાં કર્મોનો ઉપભોગ થઈ ગયા પછી તે પુનઃ તે જ સંસ્કારો અનુસાર અમૈથુનિક તન્માત્રિક શરીર ધારણ કરે છે. ત્યાં અનુકૂળ નિમિત્ત અને સન્નિકર્ષો મળતાં તે કોઈ શરીરીના શરીરમાં પ્રવેશ કરીને બિન્દુમય શરીર ધારણ કરે છે, જ્યાં તે કેટલાક નવીન સંસ્કારો પ્રાપ્ત કરે છે. આ જ ત્રણ સંસ્કારો લઈને તે આ જગતમાં જન્મ લે છે, અને પ્રતિક્ષણ નવા નવા સંસ્કારો પ્રાપ્ત કરતો રહે છે. આ જ બધા સંસ્કારો અનુસાર તેનાં મન, બુદ્ધિ અને કર્મ થતાં હોય છે. આ બધા સંસ્કારોમાં જન્માંતર સંસ્કાર પ્રબળ હોય છે, જે અનેક જન્મો સુધી શરીરી સાથે સંલગ્ન રહે છે. તેમનો નાશ અથવા પરિવર્તન નિર્વિકલ્પ સમાધિ સિવાય કોઈ પણ પ્રકારે થઈ શકતાં નથી. આ સંસ્કારોના વિષયમાં પાશ્ચાત્ય બાયોલોજિસ્ટો હજુ પૂર્ણ અનભિજ્ઞ છે.

સહજ સંસ્કાર એ સંસ્કારોને કહેવાય છે જે તન્માત્રિક શરીરને બિંદુ અવસ્થા અને ગર્ભાવસ્થામાં પ્રાપ્ત થાય છે અને તે પંચમહાભૂત શરીર ન છૂટે ત્યાં સુધી રહે છે. આ સંસ્કાર અનેક રૂપે પ્રગટ થાય છે. તેમાં ત્રણ રૂપ અર્થાત્ યોનિસંસ્કાર, જાતિ સંસ્કાર અને વર્ણસંસ્કાર મુખ્ય મનાય છે.

જે સહજ સંસ્કારોમાં યોનિની વિશેષતા હોય છે તે યોનિસંસ્કાર કહેવાય છે. જે સહજ સંસ્કારોમાં જાતિની વિશેષતા રહે છે તે જાતિસંસ્કાર કહેવાય છે. જે સહજ સંસ્કારોમાં વર્ણની વિશેષતા હોય છે તે વર્ણસંસ્કાર કહેવાય છે.

કોબીજ અને દૂધીનાં બી રૂપેરંગે એક સરખાં હોય છે. પરંતુ જ્યારે વૃક્ષરૂપમાં તેનું રૂપાંતર થવા લાગે છે ત્યારે તેમના સહજ સંસ્કારો જુદા જુદા હોવાને કારણે તે એકબીજાથી તદ્દન ભિન્ન પ્રકારનાં થઈ જાય છે. મનુષ્ય અને પશુનાં બિંદુ પણ લગભગ એક સરખાં હોય છે. પરંતુ ગર્ભાવસ્થામાં જ્યારે તેમની ઉત્તરવૃદ્ધિ થવા લાગે છે ત્યારે સહજ સંસ્કારોની ભિન્નતાને કારણે તે એકબીજાથી તદ્દન ભિન્ન થઈ જાય છે. એક જ પાત્રમાં એક જ પ્રકારની માટીમાં વિભિન્ન રંગોની શેવંતીનાં બી વાવવામાં આવે અને એક સાથે જ તેમની સિંચાઈ વગેરે પણ કરવામાં આવે તો તેમના છોડ પણ એક જ પ્રકારના થાય છે. પરંતુ તેમના સહજ સંસ્કારોના ભેદને કારણે તેમનાં ફૂલ એકબીજાથી તદ્દન ભિન્ન પ્રકારનાં હોય છે. આ જ પ્રમાણે બે મનુષ્યોનાં બે બાળકો એક જ સ્થાને એક સન્નિકર્ષોમાં રાખવામાં અને ઉછેરવામાં આવે તો પુખ્ત થયા પછી તેમના સહજ સંસ્કારોની ભિન્નતાને કારણે તેમના ભિન્ન પ્રકારના ગુણો દેખાવા લાગે છે. આવા બીજા પણ અનેક પ્રકારના ભેદ જોવા મળે છે. તે બધાનું કારણ સહજ સંસ્કાર હોય છે. આ સંસ્કાર પણ સમાધિ સિવાય અન્ય કોઈ પ્રકારે નષ્ટ અથવા પરિવર્તિત કરી શકાતા નથી.

કૃત્રિમ સંસ્કાર એ સંસ્કારોને કહેવાય છે જે બાહ્યાભ્યન્તરિક સન્નિકર્ષોને કારણે અથવા દીર્ઘાભ્યાસને કારણે ઉત્પન્ન થાય છે.

સન્નિકર્ષો દ્વારા ઉત્પન્ન થયેલા કૃત્રિમ સંસ્કારને સન્નિકર્ષ સંસ્કાર કહે છે.

અભ્યાસથી ઉત્પન્ન થયેલા કૃત્રિમ સંસ્કારોને અભ્યાસ સંસ્કાર કહે છે.

વિભિન્ન પાત્રોમાં, વિભિન્ન પ્રકારની માટીમાં, વિભિન્ન પ્રકારે વાવેલાં અને વિભિન્ન પ્રકારનાં ખાતર પાણી પાયેલાં એક જ સેવંતીના બીજમાંથી ઉત્પન્ન થયેલા છોડ અને તેમનાં ફૂલોમાં જે તફાવત જોવામાં આવે છે અથવા એક જ મનુષ્યનાં બે યમજ બાળકોમાં વિભિન્ન સન્નિકર્ષોમાં ભિન્ન પ્રકારે ઉછેરવાથી જે ભિન્ન પ્રકારના ગુણો પ્રગટ થાય છે, અથવા કોઈ મનુષ્યને બરાબર એક જ પ્રકારની ભાવના

આપવામાં આવતાં તેની સ્વાભાવિક પ્રવૃત્તિમાં, વલણમાં જે પરિવર્તન થઈ જાય છે, અથવા કોઈ વૃક્ષની વારંવાર એક જ પ્રકારે કલમ કરવામાં આવતાં તેનાં પાંદડાં વગેરેમાં જે રૂપાતંર થાય છે તે બધાનું કારણ કૃત્રિમ સંસ્કાર હોય છે. જે સ્તરના સન્નિકર્ષ અને અભ્યાસથી આ સંસ્કાર ઉત્પન્ન થાય છે તે જ સ્તરના પ્રતિકૂળ સન્નિકર્ષ અને અભ્યાસથી તે નષ્ટ અથવા પરિવર્તિત કરી શકાય છે.

પિતૃવંશ અને માતૃવંશ તરફથી જે સંસ્કાર અપત્યને વારસાગત રૂપે મળે છે તેને અન્વયાગત સંસ્કાર કહે છે.

જે સંસ્કાર અન્વયાગત હોય છે તે પૂર્વજોના સહજ સંસ્કાર અથવા તીવ્ર કૃત્રિમ સંસ્કાર હોય છે. જન્માંતર સંસ્કાર અન્વયાગત હોતા નથી.

અન્વયાગત સંસ્કારો વારસાગત થવાના નિયમ ત્રણ છે.

(૧) ચૌદ પેઢી સુધી પિતૃવંશી પૂર્વજોના અને પાંચ પેઢી સુધી માતૃવંશી પૂર્વજોના નિઃશેષ સહજ અને માત્ર તીવ્ર કૃત્રિમ સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે.

(૨) દૂરસ્થ પૂર્વજો કરતાં નજીકના અંતેવાસી પૂર્વજોના સંસ્કારોનું પ્રાધાન્ય રહે છે.

(૩) પિતૃવંશી પૂર્વજોના શારીરિક સંસ્કારો અને માતૃવંશી પૂર્વજોના માનસિક સંસ્કારોનું પ્રાધાન્ય રહે છે.

પરંતુ અપત્યના જન્માંતર સંસ્કાર અને જન્માંતરના કર્મોદયને કારણે તેનામાં તેના પૂર્વજોના સંસ્કારોનો ક્યારેક તદ્ભાવ, ક્યારેક અન્યીભાવ, ક્યારેક આવિર્ભાવ અને ક્યારેક તિરોભાવ થાય છે. આથી અપત્યમાં કયારેક પિતાના સંસ્કારોના, ક્યારેક માતાના સંસ્કારોના, ક્યારેક કોઈ પિતૃવંશી પૂર્વજના સંસ્કારોના, ક્યારેક માતૃવંશી પૂર્વજના સંસ્કારોના, ક્યારેક અનેક પૂર્વજોના સંસ્કારોના થોડા થોડા સંયોગનું પ્રાધાન્ય રહે છે. તો ક્યારેક તેમના સંસ્કારોની માત્ર છાપ પડેલી રહે છે. વારસાગત રૂપે પૂર્વજો તરફથી પ્રાપ્ત થયેલા સંસ્કારોમાંથી અપત્યમાં માત્ર એવા જ સંસ્કાર વ્યક્ત રહે છે જે તેના જન્માંતર સંસ્કાર અને જન્માંતર કર્મોદયને અનુકૂળ હોય છે. જે તેનાથી પ્રતિકૂળ હોય છે તે અવ્યક્ત રહે છે. આ જ કારણે અપત્યમાં પૂર્વજોના સંસ્કાર નિપાત નિયમથી પ્રાપ્ત થયા હોય તેમ દેખાય છે.

જે જે પૂર્વજોના સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે તેમની પેઢીઓના વિષયમાં આપણા આચાર્યોમાં થોડા મતભેદ છે. પરંતુ મૂળ આધિજીવિક સિદ્ધાંતોમાં બધાનું મતૈક્ય છે.

આધિજીવિક શાસ્ત્રના આ જ સિદ્ધાંતોના આધારે આપણાં આધિજનિક શાસ્ત્રોમાં નિમ્નલિખિત વાતો મુખ્ય માનવામાં આવી છે.

(૧) વંશના પરંપરાગત સંસ્કારો ઉચ્ચ હોવા.
(૨) દંપતિઓનો જાતિ અને વર્ણ એક હોવાં પરંતુ ગોત્ર અને પિંડ ભિન્ન હોવાં.
(૩) દંપતિઓના ગુણોમાં સામ્ય હોવું.
(૪) પિતાનું બ્રહ્મચર્ય અને માતાનું પતિદૈવત્વ હોવું.
(૫) સંતોનાત્પાદન માત્ર પૂર્ણ યૌવનમાં જ થવું.
(૬) ગર્ભાધાન સંસ્કાર થવા.
(૭) દોહદ પૂરણ થવું.
(૮) પુંસવન સંસ્કાર થવા.
(૯) અનવલોભન હોવું.
(૧૦) સીમન્તોન્નયન સંસ્કાર થવા.
(૧૧) ગર્ભભૃતિ થવી.
(૧૨) જાતકર્મ સંસ્કાર થવા.
(૧૩) શૈશવસંસ્કાર થવા.

**(૧) ઉભયવંશના પરંપરાગત સંસ્કારો ઉચ્ચ હોવા**

એ પહેલાં કહેવાઈ ચૂક્યું છે કે ચૌદ પેઢી પિતૃવંશી અને પાંચ પેઢી માતૃવંશી પૂર્વજોના નિઃશેષ સહજ સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે. આના આધારે જ આપણા આધિજનનિક શાસ્ત્રનો એ સિદ્ધાંત બની ગયો છે કે શ્રેષ્ઠ મનુષ્ય ઉત્પન્ન કરવા માટે ઉભયવંશમાં પરંપરાગત સંસ્કાર ઉચ્ચ હોવા જોઈએ.

પાશ્ચાત્ય યુજિનિક્સ અનુસાર પણ અભીષ્ટ સંતાન ઉત્પન્ન કરવા માટે અભીષ્ટ દંપતિ પસંદ થવાં જોઈએ. પાશ્ચાત્ય બાયોલોજિસ્ટોના મત અનુસાર પ્રત્યેક જીવમાં બે સંસ્કાર હોય છે. એક વેરિએશન (Variation) અને બીજો મૉડિફિકેશન (modification). આ જ બે સંસ્કારોના સંયોગથી મનુષ્યોનો સ્વભાવ બને છે.

વેરિએશન એ સંસ્કારોને કહે છે જે બિંદુ અર્થાત્ જર્મપ્લાઝમ (Germ Plazm) માં અસ્તિત્વમાં રહેતા સંસ્કારોનું પરિણામ હોય છે. એમનું પ્રભુત્વ એ સમયે વ્યક્ત થાય છે જ્યારે બે જીવોના સન્નિકર્ષો અને નિમિત્ત બિલકુલ સમાન હોવા છતાં પણ તેમનામાં ભિન્ન ભિન્ન પ્રકારના ગુણ ઉત્પન્ન થાય છે. વેરિએશનને કારણે જ તેમનામાં ગુણભેદ થાય છે. જન્મ ધારણ કરતાં પહેલાં જ જીવને વેરિએશન પ્રાપ્ત થયેલાં હોય છે.

મોડિફિકેશન એ સંસ્કારોને કહે છે જે જીવના બાહ્ય સન્નિકર્ષજન્ય સંસ્કારોનું પરિણામ હોય છે. એમનું પ્રભુત્વ એ સમયે વ્યક્ત થાય છે. સન્નિકર્ષોના ભેદ અનુસાર

જીવોની પ્રવૃત્તિ અને વલણમાં પણ ભેદ હોય છે. મોડિફિકેશનને કારણે જ એક પ્રકારના જીવોમાં ભિન્ન પ્રકારના ગુણ ઉત્પન્ન થાય છે. મોડિફિકેશન જીવને જન્મ ધારણ કર્યા પછી પ્રાપ્ત થાય છે.

બધા પાશ્ચાત્ય બાયોલોજિસ્ટોના મત અનુસાર પ્રત્યેક જીવને વેરિએશન તેના માતા પિતા તરફથી વારસારૂપે મળેલાં હોય છે. જર્મન બાયોલોજિસ્ટ બીજમાનના મોટા મોટા લેખો એક પ્રકારે આ જ સિદ્ધાંતની વ્યાખ્યા છે. કેટલાક બાયોલોજિસ્ટોના મત અનુસાર મોડિફિકેશન પણ અપત્યને વારસરૂપે મળે છે. આ વિષયમાં બાયોલોજિસ્ટોમાં મતમંતાતર છે. એ બધાનું મંથન કરીને એ સાર કાઢી શકાય છે કે મોડિફિકેશનો અપત્યને વારસારૂપે મળવા બાબતમાં થોડાંક આનુમાનિક પ્રમાણ મળે છે.

પાશ્ચાત્ય બાયોલોજીના મત અનુસાર વેરિએશન અને મોડિફિકેશન ઉપરાતં ત્રણ પ્રકારના બીજા સંસ્કાર પણ હોય છે જે મ્યુટેશન (mutation), રીર્વશન (reversion) અને રીકોમ્બિનેશન (recombination) કહેવાય છે.

મ્યુટેશનથી જીવના સહજ ગુણોમાં થોડું પરિવર્તન થાય છે.

રીર્વશનથી અપત્યમાં કોઈ એક પૂર્વજના સંસ્કાર જે તેમના માતાપિતામાં દેખાતા નહોતા તે દેખાય છે.

રીકોમ્બિનેશનથી અપત્યમાં તેના અનેક પૂર્વજોના સહજ ગુણોનો સંયોગ થઈ જાય છે.

આ ત્રણ પ્રકારના સંસ્કારોને કારણે જ એક જ દંપતિનાં સંતાનોમાં બધાનો સ્વભાવ જુદો જુદો હોય છે.

આ તો થયું કાર્ય. પરંતુ એનું કારણ પાશ્ચાત્ય બાયોલોજિસ્ટ જાણી શક્યા નહીં. આપણા આચાર્યોના મત અનુસાર એ બધાનું કારણ છે જન્માતંર સંસ્કાર અને જન્માંતર કર્મોદય.

પાશ્ચાત્ય બાયોલોજીના આ સિદ્ધાંતો વિશે આપણા આચાર્યો ખૂબ પહેલેથી જાણતા હતા. આ જ સિદ્ધાંતો અનુસાર આપણી વિવાહ પદ્ધતિ ચાલી આવે છે.

આમ આપણા આધિજીવિક શાસ્ત્ર અને પાશ્ચાત્ય બાયોલોજી બન્નેના મત અનુસાર શ્રેષ્ઠ મનુષ્ય ઉત્પન્ન કરવા માટે એવાં દંપતિ પસંદ થવાં જોઈએ જેમના વંશમાં પરંપરાથી શ્રેષ્ઠ સંસ્કાર ચાલ્યા આવતા હોય.

### (૨) દંપતિઓની જાતિ અને વર્ણ એક હોવાં પણ ગોત્ર અને પિંડ ભિન્ન હોવાં

પહેલાં કહેવાઈ ચૂક્યું છે કે જાતિની વિશેષતા હોય છે ચિતિ, અને એ પણ કહેવાયું છે કે માતાપિતાના વિશેષ સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે. એટલે ચિતિ

સંસ્કાર પણ અપત્યને વારસારૂપે મળવા જોઈએ. ભિન્ન ભિન્ન જાતિનાં સ્ત્રી પુરુષોના મિથુનથી જે અપત્ય ઉત્પન્ન થાય છે, તેમને વારસારૂપે પિતા તરફથી એક ચિતિ અને માતા તરફથી બીજી ચિતિ મળતી હોય છે. પરંતુ આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર બે ભિન્ન ચિતિ એક સાથે રહી શકતી નથી. એક ચિતિ બીજી ચિતિનો નાશ કરી નાખે છે. જો બન્ને ચિતિઓ સમાન સંવેગથી મળતી હોય તો તે પરસ્પર લડીને એક બીજાને નષ્ટ કરી નાખે છે. જો તેમાંની એક ચિતિ વધુ સંવેગની અને બીજી ન્યૂનસંવેગની હોય છે તો તેમના પરસ્પર અસ્વીકારમાં વધુ સંવેગવાળી ચિતિમાંથી ન્યૂન સંવેગવાળી ચિતિ જેટલો અંશ ઓછો થઈ જાય છે. અથવા જયારે બે ભિન્ન ચિતિઓ સમાનસ્તરની હોવાને કારણે લડતી ન હોય, તો એમના સંયોગમાંથી એક ત્રીજી વિકૃત ચિતિ ઉત્પન્ન થઈ જાય છે, જેથી સમાજમાં જાતીય અને દુષ્પ્રવૃત્તિવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે. ઉત્તરપક્ષે સમાજમાં ભ્રષ્ટ અને દુષ્પ્રવૃત્તિવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે. આ જ આધિજીવિક નિયમ અનુસાર બે ભિન્ન જાતિનાં પશુઓથી જે સંકર પેદા થાય છે તે મોટે ભાગે નપુંસક અને દુ:શીલ હોય છે. આથી એક ચિતિ અન એક વિરાટયુક્ત સંતાન ઉત્પન્ન કરવા માટે દંપતિની એક જાતિ હોવી જોઈએ.

આ જ સિદ્ધાંત અનુસાર વર્ણ વિશેષતાયુક્ત સંતાન ઉત્પન્ન કરવા માટે દંપતિનો વર્ણ પણ એક જ હોવો જોઈએ.

જાતિ અને વર્ણની વિશેષતા જાળવી રાખવા માટે દંપતિઓનાં જાતિ અને વર્ણ એક હોવાં જોઈએ, પરંતુ સત્ત્વશાળી સંતાન ઉત્પન્ન કરવા માટે દંપતિઓનાં પિંડ અને ગોત્ર ભિન્ન હોવાં જોઈએ. આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર સગોત્રી અને સપિંડોનાં મૈથુન થવાથી બિંદુ અને રજ સત્ત્વહીન થઈ જાય છે જેથી એ સ્ત્રીપુરુષોને સંતાન થતાં નથી અને થાય તો પણ તે નિ:સત્ત્વ અને નિસ્તેજ થઈ જાય છે.

પાશ્ચાત્ય બાયોલોજિસ્ટોનો પણ હવે એવો મત થઈ રહ્યો છે કે (breed in to fix type and breed out to secure vigour) અર્થાત્ સંતાનમાં વિશેષતા જાળવી રાખવા માટે તેનાં માતા પિતામાં સાદૃશ્યતા હોવી જોઈએ અને તેનામાં સત્ત્વ રહેવા માટે તેના માતા પિતામાં ભિન્નતા હોવી જોઈએ. અર્થાત્ વિશેષતાયુક્ત સત્ત્વશાળી સંતાન ઉત્પન્ન કરવા માટે દંપતિ એવાં હોવાં જોઈએ જે ન તો તદ્દન દૂરનાં હોય અને ન તો નજીકનાં બાંધવ હોય. તદુપરાંત પાશ્ચાત્ય બાયોલોજીના મત અનુસાર અત્યંત નજીકના એટલે કે અંતિક બાંધવોના મિથુનથી જે સંતાન ઉત્પન્ન થાય છે તે બળહીન હોય છે, અને કેટલીક પેઢીઓ સુધી આવા બળહીન, સગોત્રીઓના મિથુનથી સંતાન ઉત્પન્ન થતાં રહેવાથી સમયાંતરે તેમનાં સંતાનોમાં વાંઝિયાપણું ઉત્પન્ન થઈ જાય છે.

આથી આપણા આધિજીવિક શાસ્ત્ર અને પાશ્ચાત્યોની બાયોલોજી બંનેના સિદ્ધાંતાનુસાર તેજસ્વી, વિરાટયુક્ત, સ્વધર્મપરાયણ સંતાન ઉત્પન્ન કરવા માટે દંપતિઓમાં જાતિ તથા વર્ણ એક પરંતુ ગોત્ર અને પિંડ ભિન્ન હોવાં જોઈએ.

**(૩) દંપતિઓના ગુણોમાં સામ્ય**

આપણા આધિજનનિક શાસ્ત્ર અનુસાર ભગવતી પ્રકૃતિએ ભિન્ન ભિન્ન કાર્યો માટે પુરુષોને એક પ્રકારના ગુણોમાં, તો સ્ત્રીઓને બીજા પ્રકારના ગુણોમાં વિશેષતા આપી છે. પુરુષોને તેણે તેજ, ત્યાગ, તર્ક, પ્રતિભા, યોગશક્તિ અને માનસિક સહિષ્ણુતા વગેરે ગુણોમાં વિશેષતા આપી છે અને સ્ત્રીઓને તેણે ક્ષમા, પ્રેમભાવ, ધારણાશક્તિ અને શારીરિક સહિષ્ણુતા વગેરે ગુણોમાં વિશેષતા આપી છે. આથી સ્ત્રીના આદર્શ ગુણ પુરુષના આદર્શ ગુણોના પૂરક હોય છે, નહીં કે પ્રતિરૂપ. સ્ત્રી પુરુષના ગુણો એક બીજાને પૂરક હોવા તે સામ્ય કહેવાય છે. જે સ્ત્રી પુરુષના ગુણોમાં સામ્ય હોતું નથી, અથવા જે સ્ત્રી પુરુષના વિપરીત ગુણ હોય છે અર્થાત્ સ્ત્રીમાં પુરુષના ગુણ અને પુરુષમાં સ્ત્રીના ગુણ હોય છે, તેમનાં સંતાનોમાં કંઈકને કંઈક વિકૃતિ રહે છે. સામ્યકરણ વિધિ આપણા સામુદ્રિક શાસ્ત્રનું એક અંગ હતું. હાલના ફલ જ્યોતિષમાં જે સામ્યકરણ વિધિ છે, તેનો વાસ્તવિક આધાર સામુદ્રિક શાસ્ત્ર જ હતો.

**(૪) પિતૃબ્રહ્મચર્ય અને માતૃપતિદૈવત્વ**

પહેલાં એ કહેવાઈ ચૂક્યું છે કે આપણા આધિજીવિક શાસ્ત્રાનુસાર શરીરી જ્યારે કોઈ શરીરમાં પ્રવેશ કરીને બિંદુમય શરીર ધારણ કરે છે ત્યારે એ અવસ્થામાં તે કેટલાક સંસ્કારો પ્રાપ્ત કરે છે, તે પછી ગર્ભમાં જ્યારે રજ સાથે તેનો સંયોગ થાય છે, ત્યારે તે બીજા કેટલાક નવીન સંસ્કારો પ્રાપ્ત કરે છે. બિન્દુ અવસ્થા અને ગર્ભાવસ્થામાં પ્રામ કરાયેલા આ સંસ્કારો અનુસાર જ જીવનાં મન, બુદ્ધિ, કર્મ, શરીર થતાં હોય છે. આ સંસ્કાર ખૂબ પ્રબળ હોય છે અને જીવનું પંચમહાભૂતનું બનેલું શરીર છૂટે ત્યાં સુધી રહે છે. સમાધિ સિવાય બીજી કોઈ રીતે તેને અન્યથા કરી શકાતું નથી. જીવ જેવા સન્નિકર્ષોમાં રહે છે તેવા જ તેનામાં સંસ્કાર ઉત્પન્ન થઈ જાય છે. આ બે સિદ્ધાંતોનો સંયોગ કરવાથી એ સિદ્ધ થાય છે કે બિંદુ અવસ્થામાં જીવને જેવું શુક્ર મળે છે તેવા તેનામાં સંસ્કાર ઉત્પન્ન થઈ જાય છે. આપણાં યોગશાસ્ત્ર અને વૈદકશાસ્ત્ર અનુસાર બ્રહ્મચર્યથી શુક્રમાં તેજ ઉત્પન્ન થઈ જાય છે. જેમ જેમ બ્રહ્મચર્યમાં નિષ્ઠા થતી જાય છે તેમ તેમ શુક્રમાં તેજની વૃદ્ધિ થતી જાય છે, એટલે સુધી કે અંતે તેનામાં દાહકશક્તિ ઉત્પન્ન થઈ જાય છે. આવા તેજોમય સન્નિકર્ષોમાં પાંગરેલા બિંદુમાં પણ તેવા જ તેજોમય સંસ્કાર ઉત્પન્ન થઈ જાય છે. આથી આપણા ધર્મશાસ્ત્ર અનુસાર તેજસ્વી સંતાન ઉત્પન્ન કરવા માટે પિતાનું બ્રહ્મચર્ય અત્યાવશ્યક મનાયું છે.

પરંતુ તેજોમય બિંદુને ધારણ કરવા માટે રજ પણ તેવું જ શ્રેષ્ઠ હોવું જોઈએ. સાધારણ રજ તેજોમય બિંદુને ધારણ કરી શકતું નથી. પહેલાં તો વિષમ બિંદુ અને રજનો સંયોગ થતો જ નથી અને કદાચિત થાય તો બિંદુના તેજને કારણે રજ પીગળી જાય છે અને કદાચ જો આમ ન થાય તો થોડા દિવસોમાં જ ગર્ભપાત થઈ જાય છે. સાધારણ સ્ત્રી તેજોમય ગર્ભ ધારણ કરી શકતી નથી. જો કદાચ ગર્ભ રહે તો પણ બાળકમાં એક પ્રકારે ગુણવૈષમ્ય થઈ જાય છે. ઉત્તમ બિંદુ સંસ્કારને કારણે તેનામાં તેજ અને વીરતા તો રહે જ છે, પરંતુ સાધારણ રજોસંસ્કારને કારણે વ્યવસાયાત્મક બુદ્ધિ ન હોવાથી તેનો વિકાસ થઈ શકતો નથી. તેજોમય બિંદુ માત્ર સ્ત્રીની સંકલ્પશક્તિથી ધારણ કરી શકાય છે. જે સ્તરનું બિંદુમાં તેજ હોય છે તે જ સ્તરની સ્ત્રીમાં સંકલ્પશક્તિ હોવી જોઈએ. સ્ત્રીમાં આ શક્તિ આવે છે પતિદૈવત્વથી. પતિમાં અનન્યભાવથી સન્નિવિષ્ટ થયેલી સ્ત્રીના ચિત્તમાં મહાસંકલ્પશક્તિ ઉત્પન્ન થઈ જાય છે, જેના બળે તે તેજોમય બિંદુને અનાયાસ ધારણ કરી લે છે. આ સંકલ્પશક્તિના પ્રતાપે જ સતી ચિતાગ્નિને તુચ્છ સમજે છે. યુગોના અખંડ બ્રહ્મચર્યને કારણે ભગવાન પશુપતિનું શુક્ર એટલું તેજોમય થઈ ગયું હતું કે જેને પૃથ્વી, અગ્નિ, ગંગા, કોઈ પણ ધારણ કરી શક્યાં નહીં. તેને ધારણ કરી શકી ममात्र भावैक रसं मनः स्थितं,

न काम वृत्तिर्वचनीयमीक्षते કહેનારી માત્ર ઉમા. તારકાસુરનો વધ કેવળ આવા ઉત્તમ બિંદુ અને રજના સંયોગથી ઉત્પન્ન થયેલા કુમાર સિવાય બીજું કોઈ કરી શક્યું નહીં. અસ્ખલિતવીર્ય પિતા અને પતિદૈવતા માતાથી ઉત્પન્ન થયા સિવાયનો કોઈ પણ મનુષ્ય મહાન કાર્ય કરી શકતો નથી. આમ તો જ્યાં સુધી મનુષ્ય રહેશે ત્યાં સુધી રાજા, મંત્રી, શેઠ, શાહુકાર થતા રહેશે પરંતુ સાધુઓનું પરિત્રાણ, દુષ્ટોનો નાશ, ધર્મની સંસ્થાપના કરનારા વીર પુરુષરત્ન ત્યારે જ ઉત્પન્ન થશે જ્યારે પુરુષોના બ્રહ્મચર્ય સાથે સ્ત્રીઓના પતિદૈવત્વનો સંયોગ થશે.

પાશ્ચાત્ય બાયોલોજીના સિદ્ધાંત અનુસાર પણ પ્રત્યેક જીવનો પોતાના સન્નિકર્ષો સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. અર્થાત્ જેવા સન્નિકર્ષો હોય છે, તેવી જ તેમની માનસિક અને શારીરિક રચના હોય છે અને તેવા જ તેનામાં ગુણ ઉત્પન્ન થાય છે. બાયોલોજીનો આ જ સિદ્ધાંત એમ્બ્રિયોલોજીમાં વિસ્તારપૂર્વક એ રીતે કહેવાયો છે કે મનુષ્ય માતાના ગર્ભમાં આવતાં પહેલાં પિતાના શરીરમાં બિન્દુરૂપે રહે છે. તેના કેટલાક ગુણ અને વલણો બિંદુ અવસ્થામાં અને કેટલાક ગર્ભાવસ્થામાં જ બની જાય છે. પાછળથી તેમાં ઘણું ઓછું પરિવર્તન થાય છે. અર્થાત્ જીવ જયારે બિન્દુ અવસ્થામાં વિરાજમાન હોય છે, ત્યારે જ તેનાં ઘણાં બધાં વલણો બની જાય છે. જેમ જેમ તે ગર્ભરૂપમાંથી શિશુરૂપમાં, બાળરૂપમાં અને મનુષ્યરૂપમાં પરિવર્તિત થતો રહે

છે તેમ તેમ બિંદુઅવસ્થામાં પ્રાપ્ત કરેલાં વલણોનો તેનામાં વિકાસ થતો જાય છે. આથી પાશ્ચાત્ય બાયોલોજી અને એમ્બ્રિયોલોજીથી પણ એ જ સિદ્ધ થાય છે કે જીવને જેવાં શુક્ર અને રજ મળે છે તેવા જ તેનામાં ગુણ ઉત્પન્ન થાય છે. અર્થાત્ શ્રેષ્ઠ જીવ ઉત્પન્ન કરવા માટે શુક્ર અને ગર્ભ શ્રેષ્ઠ હોવાં જોઈએ.

તદુપરાંત બ્રહ્મચર્યથી પુરુષમાં તીવ્ર શ્રદ્ધા અર્થાત્ શ્રેષ્ઠ ગુણો પ્રત્યે તીવ્ર સ્વરસવાહિની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે, અને પતિદૈવત્વથી સ્ત્રીમાં તીવ્ર લજ્જા અર્થાત્ નીચ કર્મો પ્રત્યે તીવ્ર સ્વરસવાહી સંકોચ ઉત્પન્ન થાય છે. અને પહેલાં જ કહેવાઈ ગયું છે કે માતાપિતાના તીવ્ર સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે. આથી પિતાના બ્રહ્મચર્ય અને માતાના પતિદૈવત્વથી અપત્યમાં શ્રદ્ધા અને લજ્જા આવે છે. જે સમાજમાં શ્રદ્ધા અને લજ્જાનું જેટલું આધિક્ય હોય છે તે સમાજ તેટલો જ શ્રેષ્ઠ હોય છે, અને જે સમાજમાં તેમની જેટલી ન્યૂનતા હોય છે તે સમાજ તેટલો નીચ હોય છે, અને તેમાં સુખશાંતિનો તેટલો જ અભાવ હોય છે. વાસ્તવમાં સમાજનું પાલન શ્રદ્ધા અને લજ્જાથી થાય છે. આથી જ દેવતાઓએ ભગવતીની સ્તુતિ આ પ્રમાણે કરી છે.

श्रद्धा सतां कुलजनप्रभवस्य लज्जा ।
ता त्वां नताः स्म परिपालय देवि विश्वम् ॥

આમ શ્રેષ્ઠ કાર્યો પ્રત્યે સ્વતઃ પ્રવૃત્ત થનારા અને નીચ કાર્યોથી સ્વતઃ સંકોચ કરનારા પુરુષોને ઉત્પન્ન કરવા માટે પણ પુરુષોના બ્રહ્મચર્ય સાથે સ્ત્રીઓના પતિદૈવત્વનો સંયોગ થવો અત્યાવશ્યક માનવામાં આવે છે.

### (૫) સંતાનોત્પાદન માત્ર પૂર્ણયૌવનમાં જ થવું

આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર પ્રાણીઓમાં તેજ, ત્યાગ વગેરે ગુણોનો પૂર્ણ વિકાસ માત્ર યૌવનમાં જ થાય છે. તેની પહેલાં એ ગુણો અપરિપક્વ હોય છે, અને તે પછી એ ગુણો ક્ષીણ થવા લાગે છે. તેથી પૂર્ણ યૌવન પહેલાં અને પછી ઉત્પન્ન થયેલાં સંતાનોમાં તેજ, ત્યાગ વગેરે ગુણોની ન્યૂનતા રહે છે. આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર સંતાનોત્પાદન સમયે માતા પિતાના જેવા ભાવ, જેવા વિચાર હોય છે, તેવા જ ભાવ અને તેવા જ વિચાર તેમનાં સંતાનોમાં પણ હોય છે. લેમાર્ક વગેરે પશ્ચિમી બાયોલોજિસ્ટોનો મત પણ બરાબર આવો જ છે. આથી જ આપણા ધર્મશાસ્ત્રાનુસાર યૌવન પહેલાં કોઈ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકતું નહીં અને યૌવન વીતી ગયા પછી કોઈ ગૃહસ્થાશ્રમમાં રહી શકતું નહીં.

### (૬) ગર્ભાધાન સંસ્કાર

પહેલાં બે બાબતો કહેવાઈ ગઈ છે. એક એ કે માતાપિતાના તીવ્ર સંસ્કાર અપત્યને વારસારૂપે મળે છે. બીજી એ કે ગર્ભમાં જેવા સન્નિકર્ષ હોય છે તેવી જીવની

પ્રવૃત્તિ બની જાય છે. આધિજનનિક શાસ્ત્રમાં એક ત્રીજી વાત પણ કહેવામાં આવી છે કે સ્ત્રી રજસ્વલા થાય તે પછી લગભગ એક પખવાડિયા સુધી ગર્ભાધાન થતું હોય છે. આ ત્રણે વાતો એકત્ર કરતાં એ સિદ્ધાંત મેળવી શકાય છે કે રજસ્વલા થયા પછી લગભગ એક પખવાડિયા સુધી સ્ત્રીના ચિત્તના જેવા સંસ્કાર હોય છે, જેવા એના આચારવિચાર અને આહાર વિહાર હોય છે, જેવી તેના ગર્ભાશયની અવસ્થા હોય છે તેવા જ ગર્ભસ્થ જીવના ગુણો હોય છે. તેથી આધિજનનિક શાસ્ત્રમાં ઋતુમતી સ્ત્રી માટે વિશેષ પ્રકારની ચર્યા, વિશેષ પ્રકારની ઔષધિઓ અને વિશેષ પ્રકારનું ભોજન કહેવાય છે. તે પછી ગર્ભધારણ દિવસથી પ્રસવ થતાં સુધી ગર્ભવતી સ્ત્રી માટે ભિન્ન ભિન્ન મહિનાઓમાં વિભિન્ન વિધિપૂર્વક વિભિન્ન પ્રકારની ઔષધિઓ અને વિશેષ પ્રકારનું ભોજન દર્શાવેલું છે, જેનો થોડો ઘણો ઉલ્લેખ આપણા વૈદકશાસ્ત્ર અને સંસ્કારવિધિમાં મળી રહે છે.

પાશ્ચાત્ય બાયોલોજીનો પણ હાલમાં એ મત થઈ રહ્યો છે કે જીવની અધિકાંશ પ્રવૃત્તિ તેની ગર્ભાવસ્થાની રચનાસંબંધી (mechanical), રસસંબંધી (Chemical), શરીર સંબંધી (Physical) અને સત્ત્વસંબંધી (vital) સન્નિકર્ષોના સંયોગથી બનેલી હોય છે. કેટલાક પાશ્ચાત્ય બાયોલોજિસ્ટોનો એવો પણ મત છે કે ગર્ભવતી સ્ત્રીની તીવ્ર વાસનાનો ગર્ભસ્થ જીવના ચિત્ત પર ઘણો પ્રભાવ પડે છે. એમનો એ સિદ્ધાંત બની રહ્યો છે કે મનુષ્યનો સ્વભાવ એ ગર્ભના સંસ્કારોનો માત્ર વિકાસ હોય છે. એ સમયે એ વલણો અને પ્રવૃત્તિઓ સૂક્ષ્મ સંસ્કાર રૂપે રહે છે. જીવના આ ગર્ભાવસ્થાના સંસ્કારોનો સંયમ કરવાથી તે જેવો જોઈએ તેવો બનાવી શકાય છે. ગર્ભસ્થ જીવના સંસ્કારોનો સંયમ કરવાનો એક માત્ર ઉપાય છે તેના સન્નિકર્ષોનો સંયમ કરવો. આ વાતોથી એ સિદ્ધ થાય છે કે પાશ્ચાત્ય યુજિનિક્સ દ્વારા આપણા આધિજનનિક શાસ્ત્રના ઉક્ત સિદ્ધાંતોની પુષ્ટિ થઈ રહી છે.

### (૭) દોહદપૂરણ

આપણા આધિજનનિક શાસ્ત્ર અનુસાર જ્યારે ગર્ભસ્થ જીવનું હૃદય તૈયાર થવા લાગે છે ત્યારે જન્માંતર સંસ્કારો અનુસાર એ બની રહેલા હૃદયમાં કંઈક ઇચ્છા ઉત્પન્ન થાય છે, જેનું પ્રતિબિંબ ગર્ભવતી સ્ત્રીના હૃદયમાં પડે છે. જેથી તે ઇચ્છા ગર્ભવતી સ્ત્રીના હૃદયમાં જાગૃત થાય છે. આપણા આધિજનનિક શાસ્ત્ર અનુસાર આ ઇચ્છા યેનકેન પ્રકારે પૂર્ણ થવી જોઈએ, નહીં તો ગર્ભસ્થ જીવના કોઈને કોઈ અંગ અથવા નાડીમાં વિકૃતિ આવી જાય છે, જેને કારણે પાછળથી જીવના સ્વભાવમાં પણ વિકૃતિ આવી જાય છે. આપણા સામુદ્રિક શાસ્ત્ર અનુસાર અંગ અને નાડીઓનો સ્વભાવ સાથે અતિઘનિષ્ઠ સંબંધ હોય છે.

### (૮,૯,૧૦,૧૧) પુંસવન, અનવલોભન, સીમંતોન્નયન અને ગર્ભભૃતિ

આપણા આધિજનનિક શાસ્ત્ર અનુસાર ગર્ભ પ્રગટ થયા પછી પહેલા, બીજા અથવા ત્રીજા મહિનામાં પુંસવન, ચોથા મહિનામાં અનવલોભન, છઠ્ઠા અથવા સાતમા મહિનામાં સીમન્તોન્નયન સંસ્કાર અને પ્રત્યેક મહિનામાં ગર્ભભૃતિ કહેવાયેલી છે. આ વિભિન્ન પ્રકારની સંસ્કારવિધિઓ અને ગર્ભભૃતિની ઔષધિઓ વડે જીવના બધા પ્રકારના સન્નિકર્ષ શ્રેષ્ઠ બનાવવામાં આવે છે, જેને કારણે પ્રસવ સુંદર, બળવાન, રૂપવાન અને દૈવીસંપદયુક્ત થાય છે. પ્રસવનો દિવસ સમીપ આવતાં પ્રસૂતિગૃહ પણ વિશેષ રીતે તૈયાર કરવામાં આવે છે, જેની વિધિ આધિજનનિક શાસ્ત્રમાં આપવામાં આવી છે.

### (૧૨) જાતકર્મ

આપણા આધિજીવિક શાસ્ત્રાનુસાર ગર્ભાવસ્થામાં શિશુ નાળ દ્વારા ભોજન કરે છે અને જન્મ પછી ત્રણ, ચાર દિવસ સુધી તેના હ્રહયની ધમનીઓ ખુલતી નથી. આથી નાળ કાપતાં પહેલાં બાળકને વિશેષ પ્રકારની ઔષધિ ચટાડવી જોઈએ, જેમાંની એક ઔષધિ ઐન્દ્ર, બ્રાહ્મ, શંખપુષ્પી અને વેખંડના ચૂર્ણને મધ, ઘી અને સુવર્ણમાં મેળવવાથી બને છે. ઉક્ત ઔષધને ચટાડ્યા પછી થોડીક સંસ્કારવિધિપૂર્વક નાળ કાપવી જોઈએ. પછી ત્રણ ચાર દિવસ સુધી બાળકને વિશેષ પ્રકારની ઔષધિઓ સિવાય કંઈ ન ખવડાવવું જોઈએ. આ ઔષધો અને આ સંસ્કારવિધિઓથી બાળકના હૃદય અને શરીરમાં કેટલાંક એવાં રાસાયણિક અને અન્ય પ્રકારનાં પરિણામ થાય છે જેનાથી બાળક તેજસ્વી, બુદ્ધિમાન અને નીરોગી થાય છે. આ વિષયમાં પાશ્ચાત્ય બાયોલોજિસ્ટોનો સિદ્ધાંત પહેલાં કહેવાયેલો છે, જે દ્વારા આપણા આધિજનનિક શાસ્ત્રના ઉક્ત સિદ્ધાંતનું સમર્થન થાય છે.

આ ઉક્ત ઉપાયો વડે જે આજન્મ શુદ્ધ શાસકો ઉત્પન્ન થતા હતા તે ભગવાન વિષ્ણુના અવતાર મનાતા હતા. આ ઉપાયો દ્વારા બનેલા રાજા અને આ જ ઉપાયો દ્વારા બનેલી પ્રજામાં પરસ્પર પ્રેમ અને વિશ્વાસ રહેતો હતો. આવા રાજાના રાજયમાં રાજયતંત્રવાદી અને પ્રજાતંત્રવાદી બંનેનો હેતુ સિદ્ધ થઈ જતો હતો. પ્રત્યર્થી વિષયોનો સંયોગ કરવો તે આપણા દૈશિકશાસ્ત્રની વિશેષતા છે. જેવી રીતે તેણે વર્ણાશ્રમધર્મ દ્વારા અનેક વિપરિતાર્થી વિષયોનો મેળ કરી દીધો હતો તે જ રીતે તેણે આધિજનનિક શાસ્ત્ર દ્વારા મોનાર્કી અને નિહિલિઝમનો મેળ પણ કરી દીધો હતો.

હાલમાં પાશ્ચાત્ય દેશોમાં જો કે શિક્ષણનો પ્રચાર દિનપ્રતિદિન વધી રહ્યો છે, વિભિન્ન વિદ્યાઓની વૃદ્ધિ થઈ રહી છે, વિવિધ કલાઓનો આવિષ્કાર થઈ રહ્યો છે, પરંતુ મનુષ્યોની પ્રવૃત્તિમાં, વલણમાં કોઈ પણ પ્રકારે ઉન્નતિ થઈ રહી નથી. આથી

યુરોપ અને અમેરિકાના કેટલાક વૈજ્ઞાનિક એવા શાસ્ત્રની શોધ કરવામાં વ્યસ્ત છે જે દ્વારા મનુષ્યના સહજગુણોમાં ઉન્નતિ થઈ શકે, જેના પ્રયોગથી શ્રેષ્ઠ મનુષ્ય ઉત્પન્ન કરી શકાય. ફ્રાન્સિસ ગાલ્ટન નામની એક વ્યક્તિએ આવા શાસ્ત્રને સૂત્રબદ્ધ કરવાનો કંઈક પ્રયત્ન કર્યો છે, જે આજે યુજિનિક્સ નામથી ઓળખાય છે, પરંતુ પશ્ચિમમાં આ યુજિનિક્સરૂપી શુક્રનો પ્રકાશ ફેલાયો તેની ખૂબ પહેલાં જ પૂર્વમાં આધિજનનિક શાસ્ત્રરૂપી સૂર્યનો ઉદય થઈ ચૂક્યો હતો, જેની છાયા આ લેખનમાં થોડી ઘણી દર્શાવવામાં આવી છે.

## ૨.
## અધ્યાપન

### બાલશિક્ષણ

ઉત્તમ આધિજીવિક સંસ્કારયુક્ત અપત્યને પૂર્ણતયા શ્રેષ્ઠ બનાવવા માટે તેવા જ ઉત્તમ અધ્યાપનિક સન્નિકર્ષ પણ પ્રાપ્ત થવા જોઈએ. અધ્યાપન (અધિ+યા+ણિચ્) નો અર્થ છે ઉન્નતિના પંથે લઈ જવું, અર્થાત્ ધર્મને સમજવાની અને તેનું પાલન કરવાની શક્તિ ઉત્પન્ન કરવી, નહીં કે માત્ર લખતાં વાંચતા શીખવવું. માત્ર લખવા વાંચવાથી કોઈને પણ ધર્મપાલનની શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. અંગ્રેજ પંડિત હકસલેના મત અનુસાર પણ માત્ર પુસ્તકો વાંચવાથી કોઈની મૂર્ખતા અથવા ધૂર્તતા ઓછી થઈ શકતી નથી. આપણા આચાર્યોના મત અનુસાર ધર્મ સમજવાની અને તેનું પાલન કરવાની શક્તિ બાળપણથી જ મન, બુદ્ધિ અને શરીર વિશેષ પ્રકારના બીબામાં ઢાળવાથી ઉત્પન્ન થાય છે. તેની વિધિ આપણા અધ્યાપન શાસ્ત્રમાં આપવામાં આવી છે. આ શાસ્ત્ર અનુસાર શિક્ષણના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. (૧) બાળ શિક્ષણ કાળ (૨) માધ્યમિક શિક્ષણ કાળ (૩) સામાવર્તિક શિક્ષણ કાળ.

બાળ શિક્ષણ કાળ માટે નિમ્નલિખિત નિયમ કહેવામાં આવ્યા છે.
(૧) સાત્ત્વિક આહાર (૨) અનામય (૩) ઔપક્રમિક બ્રહ્મચર્ય (૪) પ્રેમાચરણ (૫) ક્રીડા (૬) બુદ્ધિ ઉદ્‌બોધન (૭) શીલોત્પાદન (૮) આદર્શ જનન (૯) ઔદાર્ય શિક્ષણ (૧૦) ગાર્હસ્થ્ય શિક્ષણ (૧૧) સ્વાધ્યાય.

### સાત્ત્વિક આહાર

બધાં જ પ્રાણીઓનું વલણ અને ચેષ્ટા તેમની બુદ્ધિ પર નિર્ભર હોય છે. બુદ્ધિ હોય છે મસ્તિષ્ક, હૃદય અને શરીર અનુસાર. આ ત્રણ હોય છે ભોજન અનુસાર. ભોજન સાત્ત્વિક, રાજસિક કે તામસિક જેવું હોય તેવાં મસ્તિષ્ક, શરીર અને હૃદય થતાં હોય છે. આથી આપણા અધ્યાપનશાસ્ત્રમાં ગર્ભાવસ્થાથી જ સાત્ત્વિક આહાર માટે આગ્રહ કરવામાં આવ્યો છે. સાત્ત્વિક આહારમાં ગાયનું દૂધ અને હવિષ્યાન્ન સૌથી શ્રેષ્ઠ મનાયું છે.

**અનામય**

ધર્મપાલન માટે શરીર જ મુખ્ય વસ્તુ માનવામાં આવે છે. કહ્યું પણ છે "શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્." આથી આપણાં શાસ્ત્રોમાં અનામયને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. અનામયના યોગક્ષેમ માટે ત્રણ વાતો આવશ્યક માનવામાં આવે છે.

(૧) પથ્ય ભોજન (૨) વ્યાયામ (૩) બ્રહ્મચર્ય.

પથ્ય ભોજન એ કહેવાય છે જે સાત્ત્વિક હોય, ભોક્તાની પાચનશક્તિને અનુકૂળ હોય, જેમાં વિષમ પદાર્થોનો સંયોગ ન હોય, અને જે દેશકાળ નિમિત્તને અનુકૂળ હોય.

વ્યાયામનું મુખ્ય પ્રયોજન છે શરીરનાં કરણો, નાડી, ધમની વગેરેનાં કાર્યો યોગ્ય રીતે ચાલતાં રાખવાં, મળ સંચય થવાને કારણે તેમને શિથિલ ન થવા દેવાં તથા શરીરને સુંદર, સુડોળ અને સ્ફૂર્તિલું બનાવવું. આથી આપણા અધ્યાપન શાસ્ત્રમાં વ્યાયામના નિમ્નલિખિત નિયમો કહેવાયા છે.

(અ) વ્યાયામમાં કોઈ પણ પ્રકારનો સંક્ષોભ ન થવો જોઈએ.

(આ) તે શક્તિ અને ભોજનને અનુરૂપ હોવો જોઈએ.

(ઈ) તે એવો હોવો જોઈએ કે અનિચ્છા થતાં જ છોડી દઈ શકાય. અધ્યાપન શાસ્ત્ર અનુસાર સવારે યોગાસન કરવાં અને સાંજે ફરવા જવું, અને સાંજે ફરી આવ્યા પછી યોગાસન અને નાડી શોધન કરવું તે ઉત્તમ પ્રકારનો વ્યાયામ માનવામાં આવે છે.

**ઔપક્રમિક બ્રહ્મચર્ય**

આપણા આચાર્યોના મત અનુસાર બધા જ ધર્મોનો આધાર છે બ્રહ્મચર્ય. આથી તેમણે જીવનનો એક તૃતીયાંશ તેને માટે જુદો રાખ્યો છે. બાળશિક્ષણ કાળમાં બ્રહ્મચર્યના બધા નિયમો પાળવાની કોઈ આવશ્યકતા નથી હોતી. માત્ર એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે બાળકના આહાર, વિહાર, સંસ્કાર અને સન્નિકર્ષ બ્રહ્મચર્યને અનુકૂળ હોય. પ્રતિકૂળ કારણો તેની સમીપે ન આવવા દેવાં જોઈએ. જેમ યૌવન નજીક આવતું જાય તેમ તેમ સાવધાની અને વ્રતની કઠોરતા પણ વધારતા રહેવું જોઈએ.

**પ્રેમાચરણ**

ગુરુજનોએ બાળક સાથે એવો વ્યવહાર કરવો જોઈએ જેથી બાળકોને તેમની સાથે રહેવામાં આનંદ પ્રાપ્ત થાય. તેમની વાણી બાળકોના કોમળ ચિત્તમાં અંકિત થઈ જાય. પાંચ છ વર્ષ સુધી મારવાનો પ્રયોગ ન થવો જોઈએ. જ્યારે જ્યારે બાળક સારું કામ કરે ત્યારે તેનો ઉત્સાહ વધારવો જોઈએ.

### ક્રીડા

શૈશવમાં મનુષ્ય જે પ્રકારની રમતો રમે છે તે જ પ્રકારનું યૌવનમાં તેનું ચારિત્ર્ય થાય છે. વસ્તુતઃ શૈશવની રમતોથી યૌવનના ચારિત્ર્યનો પાયો નંખાઈ જાય છે. બાળકના સ્વભાવમાં ભર્યા પડેલા રમતરસ રૂપી જળને વહેવા માટે માર્ગ બનાવી આપવો જોઈએ. બાળકને એવા પ્રકારની રમતોમાં પરોવવું જોઈએ જેમાં કોઈ પણ પ્રકારનો ક્ષોભ ન હોય, શરીર અને બુદ્ધિની સમૃદ્ધિ પરસ્પર સમતુલ્ય થતી રહે, અર્થાત્ શારીરિક બળ અને સ્ફૂર્તિની સાથે સાથે કલ્પનાશક્તિ અને સહૃદયતાનો આવિર્ભાવ પણ થતો રહે. છ વર્ષનું બાળક જે પણ રમત રમે તેમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ, પરંતુ તેને રાજસિક અને તામસિક સન્નિકર્ષોથી બચાવવું જોઈએ.

### બુદ્ધિ ઉદ્બોધન

જ્યારે બાળકને થોડી સમજણ આવવા લાગે છે ત્યારે તેને ખુલ્લાં રમણીય સ્થળોએ લઈ જઈને પુષ્પ, પક્ષી વગેરે દેખાડીને તેની નિરીક્ષણ શક્તિ વધારતા રહેવું જોઈએ. તે પછી જીવજંતુઓનાં, પછી મનુષ્યોનાં ચિત્રો દેખાડીને અને ફરીથી કોઈ ફૂલ વગેરે દેખાડીને તેનું વિશ્લેષણાત્મક વર્ણન સંભળાવીને બાળકને નિરીક્ષણ અને અન્વીક્ષણનો અભ્યાસ કરાવવો જોઈએ. તે પછી પ્રાકૃતિક ઉપાયો દ્વારા બાળકમાં અનુમાન શક્તિ ખીલવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે પછી લોમ વિલોમ પદ્ધતિથી કાર્યકારણના સંબંધમાં ધ્યાન આપતાં શીખવવું જોઈએ. આ રીતે બાળકની તર્કશક્તિ વધારતા રહેવું જોઈએ.

### શીલોત્પાદન

કોઈ પણ વ્યક્તિ કે સમષ્ટિનો અભ્યુદય અને નિઃશ્રેયસ ત્યારે જ થાય છે જ્યારે તેનામાં શીલનો ઉદય થાય છે. શીલ અંતર્હિત થતાં જ તેનાં અભ્યુદય અને નિઃશ્રેયસ તિરોહિત થઈ જાય છે. શીલ કહે છે પ્રિયાચાર યુક્ત ધર્મનિષ્ઠાને. આપણા અધ્યાપન શાસ્ત્રમાં શીલોત્પાદન માટે આ પ્રમાણે ઉપાય દર્શાવવામાં આવ્યો છે. ઉર્ધ્વ પ્રવૃત્તિક આધારાન્તિકરણ વિધિ દ્વારા રાગાત્મક સંસ્કારોને ક્ષીણ કરવા તથા દઢીકરણ વિધિ દ્વારા દ્વેષાત્મક સંસ્કારોને નષ્ટ કરવા (આ વિધિઓનું બાલશિક્ષાશૈલી નામના પુસ્તકમાં વિસ્તારપૂર્ણક વર્ણન કરવામાં આવ્યું છે), અભ્યાસ દ્વારા ત્યાગ અને પરાક્રમના સંસ્કારો ઉત્પન્ન કરવા, આયુર્વેદોક્ત વિધિ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરવી, શસ્ત્રના શિક્ષણ દ્વારા અને સ્વતંત્ર આજીવિકાના અનુશાસન દ્વારા સ્વયંમાં ભરોસો ઉત્પન્ન કરવો. પરંતુ વર્તમાન સમયમાં શીલનો અર્થ અને તેને ઉત્પન્ન કરવાના ઉપાય બદલાઈ ગયા છે. આજે શીલ કહે છે વિનયયુક્ત ઉદાસીનતાને તથા શીલોત્પાદનનો ઉપાય મનાય છે ઉપદેશ સાંભળવો તથા પુસ્તકો વાંચવાં.

**આદર્શનજનન**

ચિત્તમાં વ્યાપ્ત આદર્શ અનુસાર જ મનુષ્યની પ્રત્યેક ચેષ્ટા થતી હોય છે. આથી બાળપણથી જ સ્વજાતીય મહાપુરુષોનાં ચિત્રો દેખાડીને તથા તેમની કથા સંભળાવીને બાળકનો આદર્શ ઉચ્ચ બનાવવો જોઈએ. તેની સમક્ષ કોઈ આસુરી સંપદા કે નીચ ગુણવાળા મનુષ્યનાં વખાણ ન કરવાં જોઈએ, ભલે તે કેટલોય ધનવાન અને પ્રભાવશાળી કેમ ન હોય. તેમ જ બાળકનું સાહચર્ય એવા લોકો સાથે ન થવા દેવું જોઈએ જે આસુર વગેરે નીચ સંસ્કારયુક્ત હોય અને જે ધનના મદમાં ઉન્મત્ત થયા હોય.

**ઔદાર્ય શિક્ષણ**

આપણા આધ્યાપનિક શાસ્ત્ર અનુસાર ઉદારતા ઉત્પન્ન કરવાનો સૌથી સારો ઉપાય છે બાળકના હૃદયમાં ચિત્તપ્રસાદનના સંસ્કાર સીંચવા તથા તેને નાનીમોટી વાતોમાં આત્મત્યાગ કરવાની ટેવ પાડવી.

**ગાર્હસ્થ્યશિક્ષણ**

લગભગ બધા જ ધર્મોનો આધાર છે ગૃહસ્થાશ્રમ. જ્યાં સુધી આ ધર્મનું યથાર્થ રીતે પાલન થાય છે ત્યાં સુધી બધા ધર્મો સ્થિત રહે છે. ગૃહસ્થધર્મરૂપી સૂર્ય અંતર્હિત થતાં જ અન્ય ધર્મો રૂપી કમળો તરત જ બીડાઈ જાય છે. આથી આપણા દૈશિક આચાર્યોએ ગાર્હસ્થ્ય શિક્ષણને ઘણું મહત્ત્વ આપ્યું છે. તેમના મત અનુસાર પૌરુષ, ત્યાગ અને વિવેક સિવાય ગૃહસ્થાશ્રમનું યોગ્ય રીતે પાલન થઈ શકતું નથી. પૌરુષાદિ ગુણો પ્રાપ્ત થાય છે અનુશીલનથી, નહીં કે ઉપદેશથી. આથી મનુષ્યનું લાલન પાલન આવા જ સન્નિકર્ષો વચ્ચે થવું જોઈએ. આ ગુણોથી યુક્ત મહાપુરુષોનાં રંગીન ચિત્રો તેને દેખાડતાં રહેવું જોઈએ. તેના ચિત્તમાં રાગદ્વેષ અને ભયના સંસ્કાર પડવા દેવા ન જોઈએ. પાંચમા અથવા છઠ્ઠા વર્ષથી બાળકને પોતાની કુલવૃત્તિના કામમાં લગાડીને તેનાં મૂળ તત્ત્વોનું વ્યાવહારિક જ્ઞાન કરાવવું જોઈએ. થોડો મોટો થતાં તેને કૃષિ અને ગોરક્ષાનું પણ થોડું ઘણું વ્યાવહારિક જ્ઞાન આપવું જોઈએ, ભલે તેને આગળ જતાં તેનું કોઈ પ્રયોજન ન રહે. બાળકની વૃત્તિ અનુસાર તેને એક બે કામ એવાં શીખવવા જોઈએ જે સંકટ સમયે તેને મદદરૂપ થઈ શકે. તેરમા વર્ષથી બાળકને જાતિ સંબંધી અને દેશસંબંધી વિષયોથી પરિચિત કરાવી દેવું જોઈએ.

**સ્વાધ્યાય**

ઉક્ત શિક્ષણની સાથે સાથે જ બાળકમાં જ્યારે થોડી ઘણી ધારણાશક્તિ આવી જાય ત્યારે અરુંધતી દર્શન ન્યાયે લખતાં વાંચતાં શીખવાડીને કોઈ લલિત અને મનોહર કાવ્ય દ્વારા તેના હૃદયનો વિકાસ કરવો જોઈએ. પૃથક પૃથક પ્રકારના ગણિત દ્વારા તેની બુદ્ધિ તીવ્ર કરવી જોઈએ. ચિત્રકળા દ્વારા તેની દૃષ્ટિ સૂક્ષ્મ કરવી જોઈએ. પ્રાકૃતિક વિજ્ઞાન

દ્વારા તેની નિરીક્ષણ અને અન્વીક્ષણ શક્તિની વૃદ્ધિ કરવી જોઈએ. ભૂગોળ અને ઈતિહાસ દ્વારા તેના લૌકિક જ્ઞાનની વૃદ્ધિ તથા લોકશિક્ષણ દ્વારા તેની સંકીર્ણતાનો નાશ કરવો જોઈએ.

**માધ્યમિક**

આ રીતે બાળશિક્ષણ પૂર્ણ થઈ ગયા પછી બાળકની બુદ્ધિ અને શરીર બ્રહ્મચર્ય માટે યોગ્ય ગણાવા લાગે ત્યારે કોઈ શુભમુહુર્ત જોઈને તેના ઉપનયન સંસ્કાર કરવામાં આવતા. તે દિવસે બાળકને કોઈ શ્રેષ્ઠ આચાર્યને ત્યાં મોકલવામાં આવતો જયાં તે મનસા, વાચા, કર્મણા સ્વયંને આચાર્યનાં ચરણોમાં સમર્પી દેતો હતો. આચાર્ય વિદ્યાર્થી પાસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવડાવીને તથા બદલામાં આશીર્વાદ આપીને વિદ્યાર્થીને પોતાના હૃદયમાં સ્થાન આપતા અને ત્યારથી તેમની વચ્ચે ગુરુશિષ્યનો સંબંધ બંધાતો. તે દિવસથી માધ્યમિક શિક્ષણનો પ્રારંભ થતો. ત્યાર પછી વિદ્યાર્થીના સન્નિકર્ષો તદ્દન બદલી દેવાતા હતા. તે દિવસથી તે બટુ કહેવાતો. તેને વસ્ત્ર આભૂષણો વગેરે ભોગવિલાસની વસ્તુઓનો ત્યાગ કરીને ચર્મ, મેખલા, સૂત્ર, દંડ, કમંડલ ધારણ કરવા પડતાં હતાં. માનાપમાનમાં સમદષ્ટિ થવા બટુને ભિક્ષા માગવી પડતી હતી. ભવિષ્યમાં તેની થનારી પત્ની સિવાય સંસારની બધી સ્ત્રીઓ પ્રત્યે માતૃવત્ ભાવના રાખવી પડતી હતી. ભિક્ષા માગવાના શબ્દોમાં પોતાના વર્ણની સૂચના પણ આપી દેવી પડતી હતી. ભિક્ષા આહાર કરતાં વધારે લઈ શકાતી નહીં, અને તે પણ અનેક ઘરોમાંથી, એક ઘરમાંથી નહીં. જે કંઈ ભિક્ષા મળતી તે બધી જ ગુરુજીને અર્પણ કરી દેવાતી. વનમાં જઈને યજ્ઞ માટે કુશ, સમિધા અને ઈંધણ લાવવા પડતાં. રહેવા માટે પર્ણકુટી, સૂવા માટે ઘાસની પથારી તથા દીવા માટે ઈંગુદીના તેલનો ઉપયોગ કરવો પડતો હતો. બટુને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું વ્રત ધારણ કરવું પડતું હતું, તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાનનો અભ્યાસ કરવો પડતો હતો. આ સાર્વભૌમ મહાવ્રતોમાં સ્થિતિ થવી તે કોઈ સાધારણ વાત નથી. તેનું પાલન કરવા માટે સંસારને રંગભૂમિ તથા જીવન મરણને પડદો ઉંચકાવા ને પડવા સમાન ગણવા પડતાં. પરંતુ વિષયસુખ કરતા અધિક આનંદદાયી હોય એવી કોઈ બાબતનું પ્રત્યક્ષ જ્ઞાન ન થાય ત્યાં સુધી આવી ભાવના બને નહીં. સમાધિસુખ જ એવી વસ્તુ છે જેનો લેશમાત્ર પણ અનુભવ થઈ ગયા પછી વિષયસુખ તુચ્છ જણાવા લાગે છે. અને જેમ જેમ સમાધિનો અભ્યાસ થતો જાય છે તેમ તેમ યમ નિયમમાં પણ વધુ સ્થિતિ થતી જાય છે. આથી માધ્યમિક શિક્ષણકાળમાં બટુને સમાધિ અભ્યાસ કરાવવામાં આવતો જેને લીધે બટુના ચિત્તમાંથી વાસના દૂર થઈ જતી. અનેક પ્રસુપ્ત નાડીઓ જાગૃત થઈ જતી. બુદ્ધિ અને પૌરુષનો અભ્યુદય થઈ જતો અને બુદ્ધિ એવી તીક્ષ્ણ થઈ જતી કે કોઈ પણ શાસ્ત્ર તેને અઘરું જણાતું નહીં.

સાથે સાથે જ બટુને સંપૂર્ણ માનવધર્મશાસ્ત્રનું અનુશીલન, અધિભાવ શાસ્ત્ર અને અધ્યભાવ શાસ્ત્રનું અધ્યયન, અધ્યાત્મ શાસ્ત્રનું જ્ઞાન, સમસ્ત લૌકિક શાસ્ત્રનું તત્ત્વજ્ઞાન, નિઃશેષ વિદ્યાઓનો પરિચય, પોતાના દેશકાળની જાણકારી, પોતાના વર્ણધર્મમાં કુશળતા અને દૈશિકશાસ્ત્રની સમજણ આપવામાં આવતી હતી.

આવા શિક્ષણ માટેનું સ્થાન એવું રહેતું જ્યાં રાજકુમારોથી માંડીને અકિંચન બટુ સુધી બધાની દિનચર્યા, આહાર વિહાર, રહેણી કરણી એક જ પ્રકારનાં રહેતાં. જ્યાં નાના મોટામાં કે ધનવાન ગરીબમાં ભેદભાવ થતા નહીં, જ્યાં ઋષિમુનિઓના કલ્યાણકારી સંકલ્પને કારણે સમસ્ત સ્થાન સત્ત્વમય રહેતું, જ્યાં સાંજ સવાર વેદાધ્યયનનો સુંદર ધ્વનિ અને યજ્ઞની પવિત્ર ગંધ ચિત્ત પ્રસન્ન રાખતી, જ્યાં હરણાં નિઃશંક અને પક્ષી નિર્ભયતાથી હાથમાંથી ચારો લઈ જતાં અને આખો દિવસ અતિથિ સત્કાર થયા કરતો. સંક્ષેપમાં આચાર વિચાર, શ્રેષ્ઠ શિક્ષણ, ઉચ્ચ આદર્શ, રમણીય સ્થાન અને મનોહર દશ્યો વિરાજમાન રહેતાં હતાં.

**સામાવર્તિક શિક્ષણ**

આ રીતે માધ્યમિક શિક્ષણ સમાપ્ત થઈ ગયા પછી બટુની પ્રવૃત્તિ અનુસાર તેને એક બે શાસ્ત્રોમાં પૂર્ણ પાંડિત્ય પ્રાપ્ત કરાવવામાં આવતું જેથી તે જાતિની સાથે જ સ્વહિત પણ સાધ્ય કરી શકે. તે પછી તે શાસ્ત્રોમાં પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે બટુને થોડા સમય માટે અન્ય આચાર્યો પાસે મોકલવામાં આવતો. આ રીતે કોઈ શાસ્ત્રમાં પૂર્ણ પાંડિત્ય પ્રાપ્ત કરવા માટે અનેક ગુરુકુળોમાં, અનેક આચાર્યો પાસે જવું તે નૈષ્ઠિક તીર્થાટન કહેવાતું. નૈષ્ઠિક તીર્થાટન કરીને પાછા ફર્યા પછી બટુ પુનઃ થોડા દિવસ માટે પોતાના ગુરુકુળમાં રહીને ગુરુની સેવા શુશ્રૂષા કરતો. તે પછી ગુરુ આશીર્વાદ આપીને તેને વિધિપૂર્વક સ્નાન કરાવતા. તે પછી બટુ સ્નાતક કહેવાતો હતો. તે પછી બટુ પોતાની શક્તિઅનુસાર ગુરુ દક્ષિણા આપીને ગુરુદેવની આજ્ઞા તથા આશીર્વાદ લઈને સ્વગૃહે પાછો ફરતો હતો. કોઈ કોઈ બટુ સ્વેચ્છાથી કે ગુરુની આજ્ઞાથી આજન્મ બ્રહ્મચર્યવ્રત ધારણ કરતા હતા. આવા બટુ નૈષ્ઠક બ્રહ્મચારી કહેવાતા હતા. મોટાં ગૃહોમાં હજુ સુધી ઉપનયનના દિવસે માધ્યમિક અને સામાવર્તિક શિક્ષણ પદ્ધતિનો કર્મકાંડ કરવામાં આવે છે. એક જ દિવસમાં દંડધારણથી સમાવર્તન સુધી બધું પૂર્ણ થઈ જાય છે. સ્વગૃહે પાછા ફરતાં પહેલાં સ્નાતકને રાજા પાસે જઈને પોતાના સ્નાતક થવાની સૂચના આપવી પડતી હતી. કારણ કે રાજાને સ્નાતકોની સૂચિ રાખવી પડતી હતી, કેમ કે જાતિનું ભવિષ્ય આ જ સ્નાતકો પર નિર્ભર રહેતું.

આ પ્રકારનું શિક્ષણ મેળવેલા લોકો કેવા હોઈ શકે અને એમના દ્વારા બનેલો સમાજ કેવો હોઈ શકે તેનું અનુમાન કરી શકાય છે. આ પ્રકારે શિક્ષણ મેળવેલા લોકો ગૃહસ્થાશ્રમમાં કમળપત્ર પરના જળબિંદુની જેમ નિઃસંગ રહેતા હતા. તેમનું મન યોગ

અને તપોવનમાં રાચતું. વાર્ધક્યમાં પદાર્પણ થતાં જ ગૃહસ્થીનો ત્યાગ કરીને તેઓ તપોવનમાં જતા રહેતા. આથી સમાજમાં કોઈપણ પ્રકારના વિષમ સંસ્કાર ફેલાતા નહીં. જર્મન કવિ ગટે પણ આ જ પ્રકારના શિક્ષણને આદર્શ શિક્ષણ માનતા હતા.

પ્રજાને શિક્ષણની ઉપેક્ષા કરવા ન દેવી, શિક્ષણ સંબંધિત કાર્યોમાં તેની સહાયતા કરવી, પ્રત્યેક સ્થાન પર વિદ્વાન બ્રાહ્મણોનું પ્રાચુર્ય જાળવી રાખવું, દેશકાળ નિમિત્ત શિક્ષણને અનુકૂળ રાખવાં, સ્થળે સ્થળે શિક્ષણસંસ્થાઓ અને ગુરુકુળો સ્થાપવાં, સ્નાતકો અને આચાર્યોનું યોગક્ષેમ કરવું, સર્વતઃ તેમના ઉત્સાહને વૃદ્ધિંગત રાખવો તે રાજાનું કર્તવ્ય મનાતું હતું. જે રાજાના રાજયમાં ઉક્ત અધ્યાપન શૈલીનો પ્રશસ્ત પ્રચાર થતો હતો તે ધર્મરાજ તો કહેવાતું હતું, અને જે રાજાના રાજયમાં ઉક્ત અધ્યાપન શૈલીની ઉપેક્ષા થતી હતી તે ધર્મચ્યુત મનાતો.

આ શિક્ષણવિધિઓનું સવિસ્તર વર્ણન સમયાનુસાર ઓછું વધતું કરીને કેટલાક વ્યાવહારિક સંકેતો સહિત "બાલશિક્ષણ શૈલી" "માધ્યમિક શિક્ષણ શૈલી" તથા "સામાવર્તિક શિક્ષણ શૈલી" નામનાં પુસ્તકમાં કરવામાં આવ્યું છે. "બાલ શિક્ષણ શૈલી" નામનું પુસ્તક છપાઈ ચૂક્યું છે.

**સ્ત્રી શિક્ષણ**

સમાજનો મુખ્ય આધાર છે ગૃહસ્થાશ્રમ. ગૃહસ્થાશ્રમરૂપી પૃથ્વીના સ્ત્રી અને પુરુષ બે ધ્રુવ છે. આ બે ધ્રુવોની શક્તિથી જગતની ધારણા થાય છે. ગૃહસ્થાશ્રમના આ બે ધ્રુવોની માનસિક અને શારીરિક રચનામાં ભલે થોડું સાદશ્ય હોય પરંતુ અનેક વાતોમાં અંતર પણ ઘણું છે. આ જ અંતરને કારણે તેમનામાં ભિન્ન ભિન્ન પ્રકારની વિશેષતા થઈ ગઈ છે. પહેલાં કહેવાઈ ગયું છે તેમ પુરુષની વિશેષતા હોય છે તેજ અને ત્યાગમાં, સ્ત્રીઓની વિશેષતા હોય છે ક્ષમા અને પ્રેમમાં. સ્ત્રી પુરુષોમાં રહેલા તેમના વિશેષ ગુણોને સમૃદ્ધ કરીને પુરુષોને કર્મયોગી બનાવવા અને સ્ત્રીઓને પતિપરાયણ બનાવવી તે અધ્યાપનનું મુખ્ય લક્ષ્ય મનાય છે. તેથી સ્ત્રીઓ અને પુરુષો માટે અધ્યાપન શૈલી ભિન્ન ભિન્ન પ્રકારની હોવી જોઈએ. પુરુષોનું અધ્યાપન થવું જોઈએ તેજોમય અને ત્યાગમય સન્નિકર્ષા વચ્ચે અને સ્ત્રીઓનું અધ્યાપન થવું જોઈએ ક્ષમામય અને પ્રેમમય સન્નિકર્ષો વચ્ચે. ભગવતી અનસૂયાના કહેવા અનુસાર

એકે ધર્મ એકે વ્રતનેમા
કાય વચન મન પરિપદપ્રેમા ।

સ્ત્રીશિક્ષણ સંબંધી આ સિદ્ધાંતની સાથે માનવહૃદયના વલણનો વિચાર કરીને એ માનવું પડે છે કે સ્ત્રી શિક્ષણ પાઠશાળાઓમાં થઈ શકે નહીં. સ્ત્રીશિક્ષણ માટે પિતૃગૃહ સિવાય બીજું કોઈ પણ સ્થાન ઉપયુક્ત હોઈ શકે નહીં. આપણા અધ્યાપન શાસ્ત્ર અનુસાર

સ્ત્રીઓમાં ક્ષમા અને પ્રેમના સંસ્કારોનું સિંચન કરવા માટે દેવાર્ચન, વ્રતધારણા, કથાશ્રવણ, ગૃહસ્થ કર્માભ્યાસ એ જ મુખ્ય ઉપાય છે. આ ઉપાયોથી બાલિકાઓમાં પતિપરાયણતાના સંસ્કાર ઉત્પન્ન થાય છે. જૂનાં મોટાં ઘરોમાં આજે પણ આવું શિક્ષણ આપવામાં આવે છે.

**લોકમત પરિષ્કાર**

આપણા દૈશિકશાસ્ત્ર અનુસાર લોકમતપરિષ્કાર પણ અધ્યાપનશાસ્ત્રનું એક અંગ મનાતું હતું, કારણ કે જેવી લોકમતની હવા હોય છે તેવા જ લોકો ઉત્પન્ન થાય છે. લોકમત સમક્ષ મોટા મોટા મહાત્માઓને પણ માથું ઝુકાવવું પડે છે. ભગવાન રામચંદ્રજીને પણ "અવૈમિ ચૈનામનઘેતિ કિન્તુ લોકાપવાદો બલવાન મતો મે" કહીને સીતાજીનો ત્યાગ કરવો પડ્યો હતો. આ જ લોકમત અને લોકાપવાદે સમીરૂપ ભારતને લજ્જાવતીરૂપ બનાવી દીધું છે. આ ચિંતાજનક રૂપાંતર આપણા શિક્ષિત સમાજમાં વિશેષ રૂપે દેખાઈ આવે છે. આ લોકમત અને લોકાપવાદરૂપી શુંભ અને નિશુંભ આપણા શિક્ષિત સમાજરૂપી બ્રહ્મા દ્વારા જ ઉત્પન્ન થયા છે. નિર્વિરાટ લોકોના મત અને વાદને મહત્ત્વ આપવાથી મોટે ભાગે આવું જ ચિંતાજનક પરિણામ આવે છે. પુસ્તકોના કીડા હોવાને કારણે જ કોઈનો મત અને વાદ માનાર્હ નથી થઈ શકતો. જ્યારે નિરક્ષર મૂર્ખાઓની વચમાં શિક્ષિત મૂર્ખાઓનો ડંકો વાગે છે ત્યારે લોકમત અને લોકવાદ અત્યંત નીચ અને ભ્રષ્ટ થઈ જાય છે. તેથી આપણા દૈશિકશાસ્ત્ર અનુસાર લોકમત અને લોકાપવાદનો પરિષ્કાર થવો એ અત્યાવશ્યક મનાયું છે. આ કાર્ય પરિવ્રાજક અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓને સોંપાયેલ છે. તેમના આ કાર્યમાં સહયોગ આપવો તે રાજા અને શેઠોનું કામ છે.

આપણી આ અધ્યાપન શૈલીનો હવે લોપ થઈ ગયો છે. વર્તમાન શિક્ષણ શૈલી સાથે તેનું કોઈ પણ વાતમાં સાદૃશ્ય નથી. તેમાં સાદૃશ્ય માત્ર એક વાતનું છે કે તે બન્ને શૈલીઓ અદ્વિતીય છે. આ બન્ને શૈલીઓ જેવી અધ્યાપન શૈલી વિશ્વમાં ક્યાંય પણ નથી. તેમાં ભેદ એ છે કે આપણી પ્રાચીન શિક્ષણ શૈલીનું અનેક જાતિએ અનુકરણ કરવા ઈચ્છયું પરંતુ તેઓ તેમ કરી શક્યા નહીં અને અર્વાચીન શૈલીનું અનુકરણ અનેક જાતિઓ કરી શકે છે પરંતુ તે તેમ કરવા માગતી નથી.

### ૩.

### અધિલવન

આ પુસ્તકના બીજા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે કે જાતિ સહજ, સજીવન અને સાવયવ પદાર્થ છે. અન્ય સજીવ પદાર્થોની જેમ જ વિશેષરૂપે મોટા ઉદ્‌ભિજની જેમ જાતિ પણ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થાય છે. તેમની જેમ જ જાતિની પણ શાખા, પત્ર, ફૂલ અને ફળ હોય છે. ભગવતી પ્રકૃતિ કોઈ કાર્યવિશેષ માટે એક જાતિને ઉત્પન્ન કરે છે અને

જ્યારે તે કાર્ય પૂરું થઈ જાય છે ત્યારે તે જાતિ પ્રાકૃતિક રીતે જ પોતાના કારણમાં વિલીન થઈ જાય છે. વનસ્પતિની જેમ જ જાતિઓનો પણ વૃદ્ધિકાળને ક્ષયકાળ હોય છે. આ બે કાળ દરમિયાન જાતિઓમાં વિભિન્ન પ્રકારનાં ભાવ અને ચેષ્ટાઓ હોય છે. આ ભાવ અને ચેષ્ટાઓ પરથી જાતિઓના ઉદય-અવપાતનું અનુમાન ઘણું પહેલાંથી થઈ જાય છે. ક્ષયકાળમાં પ્રત્યેક જાતિની ચિતિ અંતર્લીન અને વિરાટ ખંડિત થઈ જાય છે. જેને લીધે તેની અનેક શાખાઓ નિઃસત્ત્વ ઉત્પન્ન થવા લાગે છે. તે વૃક્ષનાં રસ અને સત્ત્વને શોષી લે છે. રસભરી શાખાઓ નીરસ અને નિઃસત્ત્વ થઈને સુકાઈ જાય છે. દૂષિત શાખાઓને કારણે સર્વત્ર દોષનો સંચાર થાય છે. પરંતુ જો વખતોવખત વૃક્ષાદન કરીને દૂષિત શાખાઓ વીણી વીણીને અલગ કરી દેવામાં આવે તો જાતિરૂપી વૃક્ષમાં વિરાટરૂપી પ્રાણનો પુનઃ પ્રાદુર્ભાવ થવા લાગે છે. વૃક્ષ સુકાઈ જતું નથી અને પહેલાંની જેમ જ હર્યુંભર્યું થઈ જાય છે. આ રીતે જાતિરૂપી વૃક્ષમાં અનભીષ્ટ અંશને ઉત્પન્ન ન થવા દઈને તેમ જ ઉત્પન્ન થયેલા અનભીષ્ટ અંશને કાઢી નાખીને તેને અવપાતથી બચાવી રાખવું તેને આપણા દૈશિકશાસ્ત્રમાં જાતીય લવન કહેવાય છે. જાતીય લવન વિના કોઈ જાતિ લાંબા સમય સુધી હરીભરી રહી શકતી નથી. બહુ જલદી તેનો ક્ષયકાળ ઉપસ્થિત થઈ જાય છે. આથી જાતિલવન આધિજીવિક ધર્મ કહેવાય છે.

આપણા દૈશિકશાસ્ત્રમાં જાતીયલવનના અનેક પ્રકાર છે. તેમાં ત્રણ પ્રકાર મુખ્ય માનવામાં આવ્યા છે.

(૧) બાલબ્રહ્મચર્ય (૨) વાનપ્રસ્થપ્રથા (૩) યુદ્ધ.

**બાલબ્રહ્મચર્ય**

જેમ ચતુર ખેડૂત અથવા કુશળ માળી કોઈ છોડ અથવા વૃક્ષના દેખાવ પરથી, તેની ચેષ્ટાથી, તેના સંસર્ગો અને સન્નિકર્ષો પરથી તેના બીજનું અનુમાન કરી લે છે, જેમ નિપુણ ગોવાળ બળદનું શરીર અને ચામડું જોઈને જાણી લે છે કે તે બળદ દ્વારા કેવા વાછરડા ઉત્પન્ન થશે તે જ રીતે પ્રાચીન કાળમાં કેટલાક લોકો મનુષ્યનાં અંગો અને ચેષ્ટાઓ જોઈને તેનાં સંતાનોના વિષયમાં ઘણું અનુમાન કરી લેતા હતા. આપણા દેશમાં સામુદ્રિકશાસ્ત્ર નામની એની વિદ્યા હતી જે દ્વારા મનુષ્યનાં સંતાનો અનભીષ્ટ હોવાનું અનુમાન થતું અને તેને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નહીં. તેને આજન્મ બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું પડતું હતું. આથી ગુરુની આજ્ઞા વિના કોઈ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકતું નહીં. જર્મન આચાર્ય નિત્શેના મત અનુસાર પણ ડૉક્ટર કે પાદરીની આજ્ઞા વિના કોઈ પણ મનુષ્યનો વિવાહ થવો જોઈએ નહીં. વિવાહ ફક્ત એનો જ થવો જોઈએ જે આત્મિક તથા શારીરિક રીતે યોગ્ય હોય. અયોગ્ય મનુષ્યોની સંતાનોત્પત્તિ રોકવા મોટા કાયદા બનાવવા જોઈએ. અમેરિકાના કેલિફોર્નિયા વગેરે અનેક પ્રાંતોમાં આવા

કાયદા ઘડાઈ પણ રહ્યા છે પાશ્ચાત્ય આચાર્યો જે કાર્ય કાયદાનો ત્રાસ પ્રસરાવીને, અયોગ્ય મનુષ્યને દંડ, ઘૃણા તથા હાંસીપાત્ર બનાવીને કરવા માગે છે તે જ કાર્ય આપણા આચાર્યોએ બાલબ્રહ્મચર્ય પ્રથા વડે બ્રહ્મચારીને ત્યાગનું રસાસ્વાદન કરાવીને, તેને અદ્વિતીય ગૌરવનું પાત્ર બનાવીને કર્યું. પાશ્ચાત્યોને કાયદાઓ દ્વારા ત્રાસ પ્રસરાવવા સિવાય કંઈ સૂઝતું જ નથી. કાયદા ઘડવાથી ભલે એક તરફ અનભીષ્ટ સંતાનોની ઉત્પત્તિ અટકી જાય પણ બીજી તરફ ગૃહસ્થીમાં પ્રવેશથી વંચિત રાખવામાં આવેલા મનુષ્યો વિષણ્ણ, કામોદ્વિગ્ન, છૂપાં આચરણોથી યુક્ત અવશ્ય થશે. પરંતુ બ્રહ્મચર્ય પ્રથા દ્વારા એક તરફ અનભીષ્ટ સંતાનોની ઉત્પત્તિ અટકી જાય છે તો બીજી તરફ પ્રસન્નચિત્ત, જિતેન્દ્રિય, બાલ બ્રહ્મચારી સમાજની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

જાતીય લવન માટે માત્ર બાલબ્રહ્મચર્ય જ પર્યાપ્ત થતું નથી. કારણ કે આપણા આધિજીવિક શાસ્ત્ર અનુસાર યૌવન પછી ઉત્પન્ન કરાયેલું સંતાન પણ સમાજ માટે અનભીષ્ટ હોય છે. ભલે તે મનુષ્યનું હોય, તિર્યકજાતિનું હોય કે ઉદ્ભિજનું. આથી માળીઓ જૂના વૃક્ષનું બીજ રાખતા નથી અને ગોવાળો ઘરડા સાંઢને ગાયો સાથે રહેવા દેતા નથી. આ જ આધિજીવિક સિદ્ધાંત અનુસાર વાર્ધક્ય આવતાં મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં રહી શકતો નહીં. તેને વાનપ્રસ્થ થઈ જવું પડતું હતું. આ પ્રથાને કારણે સમાજમાં માત્ર અનભીષ્ટ સંતાનોની ઉત્પત્તિ જ અટકતી નહીં પણ સમાજમાં આસુરી ભાવના પણ પ્રવેશ કરી શકતી નહીં. કારણ કે ગૃહસ્થીમાં વધુ આસક્તિ થવાથી મનુષ્ય તૃષ્ણાની જાળમાં બંધાઈ જાય છે. તૃષ્ણાને કારણે તેનામાં લોભ, ક્રોધ વગેરે ઉત્પન્ન થઈ જાય છે. લોભ, ક્રોધાદિને કારણે મનુષ્યમાં આસુરી ભાવ ઉત્પન્ન થઈ જાય છે. પરંતુ જો મનુષ્ય પહેલેથી જ સમજી જાય કે ગૃહસ્થીમાં તેણે થોડા જ દિવસ રહેવાનું છે, વાર્ધક્યનું પદાર્પણ થતાં જ વાનપ્રસ્થમાં પ્રવેશ કરવાનો છે તો ગૃહસ્થીમાં તેની આસક્તિ થતી નથી. તેના વિચાર, આદર્શ સદા ઉચ્ચ રહે છે. મનુ ભગવાન અનુસાર વાર્ધક્યનાં ચિહ્ને દષ્ટિગોચર થયા પછી મનુષ્ય

॥ अग्निहोत्रं समादाय गृहं चाग्निं परिच्छदम्
ग्रामादरण्यं निःसृत्य निवसेन्नियतेन्द्रियः ॥
અને પુનઃ તે જ દંડ, તે જ મેખલા, તે જ
विरोधि सत्त्वोज्झित पूर्वमत्सरम्
द्रुमैरभीष्ट प्रसवार्चिताततिथि
नवोढजाभ्यंतरसम्भृता नलम् ॥

વાનપ્રસ્થપ્રથા દ્વારા પણ પૂર્ણ જાતીય લવન થઈ શકતું નહીં. કારણ કે મોટેભાગે એવું જોવા મળે છે કે કેટલાક સમય પછી પ્રત્યેક ઉદ્ભિજની પ્રાણશક્તિ અંતર્લીન થવા લાગે છે. તેમાં ગુણહીન પ્રસવ ઉત્પન્ન થવા લાગે છે. તેની શાખાઓ સ્વયં અથવા

સંસર્ગદોષને કારણે સડવા લાગે છે. તેનામાં પ્રતિકારશક્તિ રહેતી નથી. પરંતુ કલમ કર્યા પછી તેનામાં પુનઃ પ્રાણસંચાર થવા લાગે છે. પુનઃ તેવી જ પ્રતિકારશક્તિ ઉત્પન્ન થઈ જાય છે. આ નિયમ માત્ર ઉદ્‌ભિજ માટે જ નહીં પરંતુ પ્રત્યેક આધિજીવિક સૃષ્ટિ માટે સનાતન નિયમ છે. પહેલાં કહેવાઈ ચૂક્યું છે કે જાતિ પણ આધિજીવિક સૃષ્ટિ છે. આથી જાતિઓમાં પણ થોડા મય પછી વિરાટ અંતર્લીન થવા લાગે ચે, તેમાં ગુણહીન મનુષ્યો ઉત્પન્ન થવા લાગે છે. સ્વયં અથવા સંસર્ગદોષને કારણે તેના અનેક કુળોનું પતન થવા લાગે છે. તેનામાં પ્રતિકારશક્તિ રહેતી નથી. પરંતુ લવન કર્યા પછી જાતિઓમાં પુનઃ વિરાટનો ઉદય થવા લાગે છે. તેનામાં પુનઃ તેવાં જ વીર સંતાનો ઉત્પન્ન થવા લાગે છે. પુનઃ તેવી જ પ્રતિકારશક્તિનો આવિર્ભાવ થવા લાગે છે. કલમ કરાયા પહેલાં કે પછી કોઈ વૃક્ષને અથવા દાવાનળ લાગતાં પહેલાંના કે પછીના વનને જોવાથી ઉક્ત આધિજીવિક સિદ્ધાંત સારી રીતે સમજી શકાય છે.

આથી આપણા દૈશિકાચાર્યોએ યુદ્ધ રોકીને શાંતિસ્થાપના કરવાની ચેષ્ટા ક્યારેય ન કરી. ઉલટું યુદ્ધનો જાતીય લવનના કામમાં ઉપયોગ કરીને તેના દ્વારા આધિજીવિક લાભ ઉઠાવ્યો. અર્થાત્ યુદ્ધ દ્વારા તેમણે જાતિરૂપી વૃક્ષના અનભીષ્ટ અંશને કાઢી નાખીને વિરાટને અંતર્હિત થવા દીધો નહીં. આ પ્રકારે ઉપયોગમાં લેવાયેલું યુદ્ધ આપણા દૈશિકશાસ્ત્રમાં આધિલવનિક યુદ્ધ કહેવાય છે. આપણા આચાર્યોના મત અનુસાર પ્રત્યેક જાતિ માટે આવું યુદ્ધ પરમ ઉપયોગી હોય છે, વિશેષતઃ એ જાતિ માટે જેનો વિરાટ ખંડિત થવા લાગે છે. આથી યુદ્ધને રોકવાનો પ્રયત્ન ક્યારેય ન કરવો જોઈએ. મનુષ્યના રોકવાથી યુદ્ધ રોકાતું નથી. જાતિઓમાં યુદ્ધ થવું તે ભગવતી પ્રકૃતિનો સનાતન નિયમ છે. આ પ્રાકૃતિક નિયમ બદલીને અખંડ શાંતિ સ્થાપવાની ચેષ્ટા કરવી તે ઢોંગ અથવા મૂર્ખતા છે. વિશ્વમાં જેટલી અશાંતિ ઢોંગ અથવા કૂટનીતિ દ્વારા થાય છે તેની સોમા ભાગની અશાંતિ પણ યુદ્ધ દ્વારા થતી નથી. યુદ્ધજનિત અશાંતિ વિદ્યુત્પાત જેવી ક્ષણભંગુર અને એકદેશીય હોય છે. તેના પછી પરમહિતકારી વિરાટઉદયરૂપી પર્જન્ય વરસે છે. પરંતુ કૂટનીતિજનિત અશાંતિ અવર્ષણની જેમ ચિરસ્થાયી અને સર્વવ્યાપી હોય છે. તેની પછી મહાઅનર્થકારી દુષ્કાળ ઉપસ્થિત થાય છે.

પાશ્ચાત્ય દૈશિકાચાર્યોએ યુદ્ધ રોકવાની ચેષ્ટા કરી અને તે માટે હેગ કોન્ફરન્સની સ્થાપના કરવામાં આવી. પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે અંગ્રેજોએ બોડો સાથે યુદ્ધ છેડી દીધું. ચીનમાં પાશ્ચાત્ય શાંતિવાદીઓની તોપો ગરજવા લાગી. રશિયા અને જાપાન વચ્ચે તલવારો તણાઈ ગઈ. દલાઈ લામાના મઠ ઉપર અંગ્રેજોની મશીનગન વરસવા લાગી. ટ્રીપોલી તુર્કો પાસેથી છિનવાઈ ગયું. વાલ્કન રિયાસતો ઉસ્માની સલ્તનનતોને વીંખવા લાગી. તે પછી અમેરિકાએ પણ વિશ્વવ્યાપી શાંતિસ્થાપનાનું બીડું ઉઠાવીને

આર્બિટ્રેશન કોર્ટ (પંચાયતી અદાલત)ની સ્થાપના કરવા ઈચ્છયું પરંતુ પરિણામ એ આવ્યું કે અમેરિકા અને મેક્સિકો વચ્ચે રણભેરી વાગવા લાગી. તે પછી ઈંગ્લેન્ડના એડવર્ડ સાતમાએ પણ વિશ્વમાંથી યુદ્ધપ્રથાનો સંપૂર્ણ સફાયો કરવા ઈચ્છયું પરંતુ તેના પરિણામ રૂપે આ મહાયુદ્ધ થયું જેણે લગભગ બધા જ દેશોને સપડાવ્યા છે અને સર્વત્ર અશાંતિ ફેલાવી છે. એ વાત કોઈનાથી પણ છૂપી રહી નથી કે પાશ્ચાત્ય શાંતિવાદે ભગવતી કમલાનાં અનેક આનંદવનોને ઉજ્જડ કરી નાખ્યાં છે. અને જાતિઓની પરિષ્કૃતિનો લોપ કરી નાખ્યો છે. અનેક સિંહાસનોનો નાશ કરી નાખ્યો છે. અનેક દેશોની કલા કારીગરી નષ્ટ કરી નાખી છે અને અનેક જાતિઓનો સમૂળગો નાશ કરી નાખ્યો છે.

આથી સિદ્ધ થાય છે કે યુદ્ધ પ્રથા બંધ થઈ શકતી નથી. યુદ્ધ પ્રથા બંધ કરીને વિશ્વવ્યાપી શાંતિનું બીડું ઉઠાવવું તે માત્ર વિડંબના છે. આથી જ આપણા આચાર્યોએ યુદ્ધપ્રથાનો નાશ કરવાની ચેષ્ટા તો ન કરી પરંતુ યુદ્ધની યોજના ધર્મમાં કરી દીધી, અર્થાત્ યુદ્ધ જાતીયલવન માટે ઉપયોગમાં લેવામાં આવ્યું. એના દ્વારા દુષ્ટોનો નાશ અને સાધુઓનું પરિત્રાણ કરવામાં આવ્યું. આવા યુદ્ધ માટે જાતિનો એક ચતુર્થાંશ ભાગ અલગ રાખવામાં આવ્યો. ધર્મશાસ્ત્રમાં આવું યુદ્ધ ધર્મયુદ્ધ કહેવાય છે. આવા જ યુદ્ધ માટે ગીતામાં કહેવાયું છે કે -

धर्म्याद्धि युद्धाच्छ्रेयाऽन्यत्
क्षत्रियस्य न विद्यते

પરંતુ બધાં યુદ્ધો ધર્મયુદ્ધ નથી હોતાં, અર્થાત્ બધાં જ યુદ્ધો દ્વારા જાતિઓનું લવન, દુષ્ટોનો નાશ અને સાધુઓનું પરિત્રાણ થતાં નથી, જેમ ખરાબ રીતે કલમ કરાયેલું વૃક્ષ બિલકુલ કલમ ન કરાયેલા વૃક્ષ કરતાં પણ વધુ નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. આથી સારી, યોગ્ય રીતે વૃક્ષોની કલમ કરવા માટે ચતુર માળીની આવશ્યકતા હોય છે, જે સારી રીતે જાણે છે કે વૃક્ષની કઈ શાખાઓને અને ક્યાં મૂળોને કલમ કરવાં જોઈએ. તે જ રીતે ખરાબ રીતે યુદ્ધમાં લડેલી જાતિ બિલકુલ ન લડેલી જાતિ કરતાં પણ વધુ નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. પ્રાચીન કાળમાં આપણા ભારતમાં ધનુર્વેદ વગેરે અનેક એવાં શાસ્ત્રો હતાં જેમાં એ દર્શાવાયું હતું કે ક્યા યુદ્ધમાં ક્યા મનુષ્યોએ કેવી રીતે લડવું જોઈએ. જેમણે મહાભારત વાંચ્યું છે તેઓ જાણી શકશે કે તે સમયે ભારતમાં જાતીય લવનની ઘણી આવશ્યકતા હતી. આથી જ ભગવાન શ્રીકૃષ્ણ યુદ્ધના પક્ષે હતા. પરંતુ તે સમયે તેમણે યુદ્ધ ટાળવાની ચેષ્ટ કરી કારણ કે તે સમયે નિમિત્તો કંઈક એવાં થઈ ગયાં હતાં જેને કારણે અધિલવન શાસ્ત્રનું અનુસરણ થઈ શકે તેમ નહોતું, અને થયું પણ તેમ જ. એનું પરિણામ એ આવ્યું કે મહાભારત પછી આપણી જાતિમાં વિરાટ ખંડિત થવા લાગ્યો. લોકોમાં સ્વાર્થવૃદ્ધિ થવા લાગી. વૃષ્ણિઓમાં ઉદ્ધતાઈ આવી ગઈ. કોઈનામાં તેમને વશમાં રાખવાની શક્તિ રહી

નહીં. સમસ્ત જાતિમાં વૃષ્ણિઓના દોષનો સંચાર થવા લાગ્યો. સર્વત્ર જાતીય પતનનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. ભગવાન દ્વારકાધીશથી આ વાત સહન થઈ શકી નહીં. આથી તેમણે પોતાની જાતિની રક્ષા અર્થે પોતાના વૃષ્ણિઓને પરસ્પર યુદ્ધમાં કપાવી નાખીને તેમનો નાશ કરી દીધો. તે સમયે તો જાતિ પતનમાંથી બચી ગઈ, પરંતુ તે પછી થોડા સમયમાં કલિ ઉપસ્થિત થઈ ગયો. ધર્મ અંગહીન થઈ ગયો. પૃથ્વીને દુ:ખ થવા લાગ્યું. જો કે પરીક્ષિતે થોડા સમય માટે કલિનો પ્રભાવ રોકી રાખ્યો, છતાં તેને સુવર્ણમાં રહેવાની આજ્ઞા તો મળી જ ગઈ. અંતે સુવર્ણદોષને કારણે જ રાજા પરીક્ષિતની મતિ ભ્રષ્ટ થઈ ગઈ. પરીક્ષિત પછી જનત્મેજયના રાજયમાં દોષી લોકોને છોડી મૂકવામાં આવતા અને એમના બદલે નિર્દોષ લોકોને સજા મળવા લાગી. શાસ્ત્રોની વિસ્મૃતિ થવા લાગી. તેમના પૂર્ણ જ્ઞાતા ખૂબ થોડા રહી ગયા. દિગ્વિજયની પ્રથાનો નાશ થયો. જાતીયલવન થવું બંધ થઈ ગયું. જાતિરૂપી વૃક્ષમાં સડો પેસી ગયો. નીરોગી શાખાઓ નીરસ થઈને સુકાવા લાગી અને વિરાટ અંતર્લીન થઈ ગયો. આથી જ આપણા દૈશિક શાસ્ત્રમાં અધિલવન શાસ્ત્રને ઘણું મહત્ત્વ અપાયું છે. જયારથી આ શાસ્ત્રની ઉપેક્ષા થવા લાગી ત્યારથી આપણી જાતિનો વિરાટ ખંડિત થવા લાગ્યો છે. જે જાતિનો વિરાટ ખંડિત થઈ જાય છે તે જાતિ માટે આધિલવનિક યુદ્ધ જેવી હિતકર બીજી કોઈ વાત હોઈ શકે નહીં. આવા જ યુદ્ધમાં સમાવિષ્ટ થનાર માટે કહેવાયું છે

हतो वा प्राप्स्यसि स्वर्गं
जित्वा वा भोक्ष्यसे महीम् !

અત્યારે આપણા આ અધિલવન શાસ્ત્રનું કોઈ નામ પણ જાણતું નથી. જો કોઈ તેનું નામ જાણતું હોય તો પણ શું થવાનું હતું ? જેવો નિરાદર આપણાં બીજાં શાસ્ત્રોનો થઈ રહ્યો છે તેવો જ તેનો પણ થાત. વાસ્તવમાં જે જાતિનો વિરાટરૂપી ચંદ્રમા અસ્ત થઈ જાય છે તેનાં શાસ્ત્રો નિસ્તેજ થઈ જાય છે. કોઈને પણ તે ગમતાં નથી. યોગ્ય જ કહ્યું છે

अन्तर्हिते शशिनि सैव कुमुद्वतीयं
दृष्टिं न नन्दयति संस्मरणीय शोभा ।।